સોવિયેત સંઘમાં ઉછેર

[પારણાથી પુખ્તવય સુધી]

પીપલ્સ બુક હાઉસ

Scanned with OKEN Scanner

મિરિયમ મૉર્ટન

સોવિયેત સંઘમાં ઉછેર

[પારણાથી પુખ્તવય સુધી]

પીપલ્સ બુક હાઉસ પ્રકાશન

Scanned with OKEN Scanner

Miriam Morton.
Growing up in the Soviet Union.
From the Cradle to
Coming of Age. (Gujarati)

અનુવાદક : રણછોડભાઈ વાયડા (પત્રકાર)

પ્રથમાવૃત્તિ. જાન્યુઆરી ૧૯૮૮

કિંમત : રૂા. ૧૦-૦૦

પ્રકાશક : એ. યુ. વ્હોરા
પીપલ્સ બુક હાઉસ,
ઘીકાંટા ચાર રસ્તા, પથ્થરકૂવા,
રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન નં. ૩૪૨૯૯૫.

મુદ્રક : ચિંતામણ પાજનકર
અજય ઘોપ પ્રિન્ટિંગ પ્રેસ,
હાથીખાઈ બસસ્ટેન્ડ પાસે,
જી. એમ. ખાન માર્ગ,
ગોમતીપુર, અમદાવાદ–૩૮૦૦૨૧

Scanned with OKEN Scanner

અનુક્રમણિકા

પ્રાસ્તાવિક રૂપે	૧
બાળપણની શરૂઆત	
— પારણામાંથી શાળાની પાટલી સુધી	૭
"મારું અમારું છે, અમારું મારું છે"	
ચાસ્લી-સાદ સામૂહિકતા	૮
"અભ્યાસક્રમ"	૧૧
વાલીઓ અને પૂર્વ પ્રાથમિક શાળા	૧૨
કીવમાં સરેરાશ ચાસ્લી-સાદ ખાતે	૧૬
આરારાતની પછીત તરીકે શીખરેવાળી	
પૂર્વ પ્રાથમિકશાળા	૨૧
Little star (zirochka)	
નાનો તારો (ઝિરોચકા) ખાતેના મોટા કાર્યો	૨૪
૪ કરોડ ૪૦ લાખ માટેની શાળા	૨૮
૧૦ હજાર પદાર્થ પાઠ	૨૯

Scanned with OKEN Scanner

વર્તમાન પર પ્રકાશ પાડવા
ભૂતકાળમાં પ્રવેશ ૩૧
સાંસ્કૃતિક ક્રાંતિ — સોવિયેત ભાત ૩૩
સાંસ્કૃતિક વિવિધતા સાથે
સ્ટાન્ડર્ડ અભ્યાસક્રમ ૩૫
કિરગીઝીઆમાં સામાન્ય સ્કૂલની ભીતરમાં ૩૮
"વિશિષ્ટ વૃત્તિ" સાથેની શાળા ૪૪
મોલ્દેવીઆની સામાન્ય શાળાઓમાં
કલા સંબંધી કેળવણી ૫૩
મારી બક્ષિસ ૫૭
સોવિયેત શિક્ષક — ફરજો અને દરજ્જો ૬૧
શાળામાં શિસ્તની બાબત ૬૨
સામાન્ય શાળામાં વિદ્યાર્થીઓનાં
સંગઠનો — ઈસ્ટોનીઆ ૬૬
સારાંશ ૬૮
વ્યવસાયી શાળાઓ ૭૦
ગીત દેવીઓ અને મુઝીકોના પ્રપૌત્રો ૭૩
સુંદરતા અને માનવીયતા ૭૪
કલા તો છોટે લોકની પણ છે જ ૭૮
સામાન્ય શાળા અભ્યાસક્રમમાં કલાઓ ૮૦
બુદ્ધિશાળી તથા ચતુર બાળકો
માટેની ખાસ શાળા ૮૧
૨૬ પૂરા સમયની સંગીત શાળાઓનો એક નમૂનો ૮૪

Scanned with OKEN Scanner

બોલ્શોઈ ખાતે બાળકોની
કોરીઓગ્રાફીક (નૃત્યકલાની) શાળા ૮૮
બાળકો અને દૃશ્ય કલાઓ ૯૩
સાત વર્ષની પૂરા સમયની કલા શાળા ૯૪
સોનેરી સાંકળનો અંકોડો ૯૮
તેઓ જ્યાં જાય ત્યાં તેમને
સંગીત મળશે જ ૧૦૧
બાળકો અને કિશોરો માટે
સામુદાયિક માધ્યમો ૧૦૫
ટેલિવિઝન અને યુવાન પ્રેક્ષક ૧૦૭
"બાળકોને મારું હૈયું આપું છું" ૧૧૭
યુવાનો માટે રેડિયો ૧૧૯
જાદુઈ પડદા વાટે—
બાળકો અને કિશોરો માટેનું થિયેટર ૧૨૦
ઊર્મિઓની શાળા તરીકે રંગમંચ ૧૨૩
આર્મેનિયાના યેરેવાનમાં યુવાનોની રંગભૂમિ ૧૨૫
ઈસ્ટોનિયાના તાલીનમાં યુવાન રંગભૂમિ
"પપેટના નાજુક ખભા ઉપર" ૧૨૭
—સોવિયેત સંઘમાં પપેટ્રી (પુતળીના ખેલ) ૧૩૦
બાળકો માટેનું પહેલું મ્યુઝિકલ થિયેટર ૧૩૧
કવિતા અને તખ્તો—"સમન્વયની રંગભૂમિ" ૧૩૨
યુવાનો માટેની ફિલ્મો ૧૩૪
પુસ્તકોની સખાવત ૧૪૩

Scanned with OKEN Scanner

સોવિયેત કિશોર સાહિત્યની અજોડતા ૧૪૪
અનુપમ લાયબ્રેરી પદ્ધતિ ૧૫૦
નાનાં વાચક માટેના પુસ્તકોમાં
માનવ મૂલ્યો ૧૫૨
બુદ્ધિશાળી યુવા વાચક ૧૫૪
રાષ્ટ્રોના રાષ્ટ્રમાં બાળકો અને પુસ્તકો ૧૫૭
શક્તિનો ઉષ:કાળ — શાળાની પ્રવૃત્તિઓ
પછીથી શોધ, વિકાસ અને મોજ ૧૬૪
દરેક રસવૃત્તિ માટે Kruzhki ૧૬૪
લેનિનના વારસદારો માટેનાં "મહેલો"
રાજકુમારો માટેના નહિ ૧૬૭
નવો શહેરી જિલ્લો અને
તેની ક્લબ "Enthusiast" ૧૭૪
યુવાન ટેકનિશ્યનો માટે ખુલ્લાં દ્વારના દિવસો ૧૭૬
કલાઓની મોહિની ૧૮૪
સોવિયેત રમત-ગમતોના વિશ્વમાં
બાળકો અને કિશોરો ૧૯૧
લાયકાત અને આનંદ માટે વ્યાયામ ૧૯૧
રમતગમતોની શાળાઓ ૧૯૮
ચેસ શાળાઓ ૨૦૦
યુવાનો માટેના રમતગમતોના વિભાગો ૨૦૧
ટીમોથી ઉભરતા પાછલા વાડાઓ
અને રેતીના વિભાગો ૨૦૩

બાળકો અને નિસર્ગ—
એક જીવંત ગાંઠ ૨૦૮
નિસર્ગના ચાહકો અને મિત્રો તરીકે Yunnaty ૨૦૯
સસલું નહિ અને નોળિયો નહિ—
તો એ શું છે? પૂસ્નેલ્ગા – ના! ૨૧૨
આપણે સૌ યુન્નાત કુટુંબના મિત્રો છીએ ૨૧૫
યુવા સોવિયેત આંતરરાષ્ટ્રીયવાદીઓનું શિક્ષણ ૨૨૦
બધાં જ શાંતિના હિમાયતીઓ ૨૨૨
આંતરરાષ્ટ્રીય મૈત્રીની કલબો (KIDS) ૨૨૪
ઘણાં રાષ્ટ્રોવાળા સોવિયેત કુટુંબમાં
યુવા આંતરરાષ્ટ્રીયતાવાદીઓ ૨૨૯
માતાઓ અને બાળકોની આરોગ્ય સંભાળ ૨૩૧
શ્વાસ રોકી નાંખે એવા
આંકડાઓ અને હકીકતો ૨૩૨
"સંભવિત વાલીઓ માટેની શાળાઓ"
અને "તંદુરસ્ત બાળકો માટેના વર્ગો" ૨૩૩
બાળકો અને આરોગ્ય માટે શિક્ષણ ૨૩૫
બે નાના સોવિયેત પ્રજાસત્તાકોમાં
બાળકો અને આરોગ્ય પર દષ્ટિપાત ૨૩૬
માતૃત્વને મળતો આવતો વ્યવસાય ૨૩૯
ખામીઓવાળાની સંભાળ અંધો અને
લગભગ અંધો માટે બોર્ડિંગ શાળા ૨૪૦
દષ્ટિવિહિનોની પ્રેમ દષ્ટિથી સભર સંભાળ ૨૪૧

Scanned with OKEN Scanner

શાળાની ભીતરમાં જ અસાધારણ
સંગીતશાળા મજા, આનંદ અને રસવૃત્તિની કલબો ૨૪૩
જટિલ મોઝેકમાંના રત્નોની માફક
યુવાનો માટેની સંસ્કૃતિના અજોડ પ્રકટીકરણો ૨૪૫
બાળકો અને યુવાન માટે રાજ્ય
સંગીત થિયેટરનું નવું ઘર ૨૪૫
વાંચન માટેનું "મંદિર" – પ્રજાસત્તાક
બાળકોની કીવમાંની લાયબ્રેરી ૨૫૦
ત્રણ ગીત કવાઓ – વિલ્નીઅસમાં
બુદ્ધિશાળી બાળકો માટેની શાળા ૨૫૫
હર્મીટેજના વારસદારો–
મ્યુઝિયમનો બાળ વિભાગ ૨૫૯
યેરેવાન ખાતે બાળકોની કલા ગેલેરી ૨૬૩
યુવા લોકોની અપેક્ષાઓ ૨૬૬
ભાવિનું આશાવાદી દર્શન ૨૬૭
ભાવિમાંની નોકરી ૨૬૮
ઉપસંહાર ૨૭૧

Scanned with OKEN Scanner

પ્રાસ્તાવિક રૂપે

હું બાળક છું.
મારા આગમનની રાહ આખી દુનિયા જોઈ રહી છે.
આખી દુનિયા રસપૂર્વક હું શું બનીશ તે જોવા
મથી રહેલ છે.
સંસ્કૃતી ત્રાજવે ચઢી છે.
કારણ કે હું શું છું, અને આવતી કાલે શું બનીશ.
હું તમને વિનવું છું કે મારા સુખ માટેની ચીજો
મને આપો.
હું વિનવું છું કે મને એવી રીતે કેળવો કે
હું વિશ્વને આશીર્વાદ રૂપ બનું.
—"ચાઈલ્ડસ અપીલ"માંથી
મેમી જેને કોલે દ્વારા

સોવિયેત બાળકો, કિશોરો વગેરેની દુનિયામાં જેને માટે છેલ્લા બબ્બે દાયકા સુધી સાતત્યયુક્ત રસવૃત્તિ બતાવ્યા કરી છે તેની ચરમ સીમારૂપે આ પુસ્તક રજૂ કર્યું છે. આ રસવૃત્તિ ૧૯૬૧ની સાલમાં એક નસીબવંતી સાંજ તરફ દોરી લઈ જાય છે, તે વખતે બાળકોના સાહિત્ય પરત્વે એક આગેવાન અધિકૃત વ્યાખ્યાતા અને કેલિફોર્નિયા યુનિવર્સિટીના પ્રોફેસર ફ્રાન્સીસ કલાર્ક સેયર્સે આપેલા વ્યાખ્યાનમાં મેં હાજરી આપી હતી. તેઓ સોવિયેત સંઘની એક માસની મુલાકાત લઈને તે વખતે જ પાછા ફર્યા હતા. તેણીએ એ દેશના બાળ સાહિત્ય વિશે, બાળ લાયબ્રેરીઓ વિશે અને ખુદ યુવાન વાચકો વિશે પણ મર્મ-સ્ફોટક વ્યાખ્યાન આપ્યું

હતું. ઓડિટોરિયમના તખ્તા પર તેણીએ ૨૦૦ પુસ્તકો પાથરેલા હતાં. યુનિવર્સિટીના બાળ સાહિત્યના ખાસ સંઘરા માટે તેઓ આ પુસ્તકો પાછા લાવ્યા હતા.

સોવિયેત છોકરો કે છોકરીના વ્યક્તિત્વ વિશે ભારે ઉત્સાહ બતાવી તેઓ બોલતા હતા. આ બાળકો પુખ્ત વયના લોકો પ્રત્યે, પરદેશીઓ પ્રત્યે અસાધારણ રીતે મૈત્રીભર્યો વર્તાવ રાખતા હતા અને વીસમી સદીના કિશોરો માટે તેઓ અ-સામાન્ય રીતે હળવાશવાળું વલણ ધરાવતા હતા. અસંખ્ય બાબતોમાં તેઓ સક્રિય રીતે રસ ધરાવતા હતા. પોતાના સમાજ અને દેશને માટે તથા વ્યાપક રીતે તો વિશ્વ માટે કશુંક હાંસલ કરવા અને ફાળો આપવાના તેઓના ઊંચા મનોરથો હતા. આ હોંશિલા પ્રાણીઓ, તેણીની માન્યતા પ્રમાણે, સુખી, તંદુરસ્ત બાળપણના નમૂનાઓ આવા મોહક જાદુગરો કેમ છે તે ખોળી કાઢવા માટે એ દેશમાં તેણી રહી શક્યા નહિ તેનો તેમને અફસોસ હતો, એમ તેમણે જણાવ્યું હતું, પણ આ જાણવાનું તેણીને રહસ્યભર્યું લાગ્યું હતું.

પોતાના વાર્તાલાપના અંત વખતે મને પણ તે પુષ્કળ રહસ્યભર્યું લાગ્યું હતું. રશિયન ભાષાનું મારું જ્ઞાન, સમાજવાદી અખતરામાંનો ઊંડો રસ, એક સામાજિક કાર્યકર અને મુલાકાતી શિક્ષિકા તરીકે બાળકોમાંનો વ્યવસાયિક રસ તથા બે નાની બાલિકાઓની માતા તરીકેનો રસ અને તરી આવતી તે સાંજે એવા નિર્ણય પર આવી ચૂકી કે સંજોગો મળતાં જ સોવિયેત સંઘનો મારે પ્રવાસ કરવો જોઈએ કે જેથી કરીને આ અધ્યાપકોની મૂંઝવણનો ઉત્તર હું ખોળી શકું અને સાથે સાથે મારી પોતાની સહેતુક જિજ્ઞાસાને પણ સંતોષી શકું. અને કેલિફોર્નિયાના યુનિ-વર્સિટી પ્રેસે ૧૯૬૩માં પૂર્વ પ્રાથમિક બાળકનો ક્લાસીક અભ્યાસ જે કોર્નેઇ ચુકો-વસ્કીએ આપ્યો હતો તેને પ્રકટ કર્યો. આ પુસ્તકનું શીર્ષક છે From Two to Five (ot dvukh do piati) હતું. એ પછી તરત જ એ જ પ્રકાશકે રશિયન બાળ સાહિત્યનો સંગ્રહ તૈયાર કરવાનું કામ મને સોંપ્યું. પરદેશી બાળ સાહિત્યનો અંગ્રેજીમાં એ પહેલો સંગ્રહ હતો.

આ યોજનાએ મને, લાંબા વખતથી સોવિયેત સંઘ જવાની તકની હું રાહ જોતી હતી તે પૂરી પાડી. ૧૯૬૫ના પાનખરમાં હું રવાના થઈ અને ત્યાં સાત અઠવાડિયા સુધી રહી અને સામગ્રીઓ તથા સો ચુનંદા સગ્રહ માટેની અસરો ભેગી કરવા માંડી. એનું શીર્ષક છે: A Harvest of Russian Children's

Literature : A Treasury for All Ages, ૧૯૬૭માં તે પ્રકટ થયો, મારા અનુવાદોમાં યુવાન વાચકો માટેની અલગ કૃતિઓ લીઓ ટોલ્સ્ટોય, એન્ટોન ચેખોવ, મિખાઈલ સોલોખોવ અને બીજાઓની કૃતિઓનું પ્રકાશન થયું.

સંશોધન, વાતચીતો, કેળવણીની સંસ્થાઓની મુલાકાતો, બાળકો સાથેની બેઠકોમાં મારા સંગ્રહના સંદર્ભમાં અઠવાડિયાઓ પસાર કર્યા. પછીથી સોવિયેત બાળકો અને બાલિકાઓના જીવનમાં વાંડ્મયિક શિક્ષણના અનુપમ કાર્યક્રમથી હું વાકેફ થઈ. શાળાની પ્રવૃત્તિઓની બહાર યુવાનો માટે રમતગમતની અસાધારણ તકોથી હું પરિચિત થઈ. મોટાં શહેરોમાં અનેક સંશોધનનાં પ્રવાસો ખેડીને અને રાષ્ટ્રીય પ્રજાસત્તાકોમાં જઈને ત્રણ વધારે પ્રકાશિત પુસ્તકોનું સર્જન કર્યું : The Arts And The Soviet Child; Pleasures And Palaces : the After School Activities Of Soviet Children; And The Making Of Champions, આ પુસ્તકો પણ આગેવાન અમેરિકન પ્રકાશકોએ બહાર પાડયા હતા.

૧૯૭૭માં મેં બે હજાર સોવિયેત પાયોનિયર્સ સાથે કાળા સમુદ્ર પર આંતર-રાષ્ટ્રીય કેમ્પ આર્ટેક ખાતે પાંચ અઠવાડિયા ગાળ્યાં. "હંમેશાં સૂર્યપ્રકાશ હોજો" એવા સૂત્ર સાથે તેઓ મળ્યા હતા, શાંતિ અને મિત્રતા માટેનો આ પહેલો બાળો-ત્સવનો આંતરરાષ્ટ્રીય મેળો હતો, એમાં ૧૦૨ દેશોમાંથી તેઓના ૨,૦૦૦ સમો-વડિયાઓ આવ્યા હતા. સોવિયેત બાળકોને આંતરરાષ્ટ્રીયતાવાદીઓ તરીકે નિરખવાનો આ એક અજોડ મોકો હતો. તેઓ અહીં સક્રિય શાંતિના હિમાયતીઓ બની ગયા હતા. આ બનાવની મારા ઉપર પડેલી છાપ Paths To Peace નામના પુસ્તકમાં આપવામાં આવી છે.

બીજાં પ્રવાસો પણ મોસ્કોમાં આંતરરાષ્ટ્રીય બાળ ફિલ્મોત્સવમાં હાજરી આપવા માટે યોજવામાં આવ્યા હતા અને બાળકોના તખ્તાનો સંપૂર્ણ અભ્યાસ કરવા માટેનો પણ આમાં સમાવેશ થતો હતો.

સોવિયેત ભૂમિની છેલ્લી મુલાકાત, જે મારી આ જાતના પ્રવાસ સાહસની ૧૩મી મુલાકાત હતી, તે સીધે સીધી રીતે આ વર્તમાન પુસ્તકના જ સંબંધની હતી. મેં દેશભરમાં પ્રવાસ કર્યો, ચાર વધુ રાષ્ટ્રીય પ્રજાસત્તાકોની મુલાકાતો લીધી, બાળકોની જુદી જુદી શૈક્ષણિક, મનોરંજન, સામુદાયિક માધ્યમ અને આરોગ્ય સંસ્થાઓ તથા પ્રસ્તુત ખાતાં વગેરેની ૪૦ મુલાકાતો લેવામાં આવી હતી.

Scanned with OKEN Scanner

આ પુસ્તકમાં હું વાચકોને મારી જાણકારી અને છાપની સાથે સહભાગીદાર કરવા માંગુ છું, બાળકોના સોવિયેત વ્યતિક્રમના સમગ્ર પ્રાકટ્ય દરમ્યાન આ અસરો મેં એકઠી કરી છે.

આ પુસ્તકનું શીર્ષક, The Growing Up in The Soviet Union, From The Cradle To Coming Of Age, ફરીને એવો ફરક સૂચવે છે કે જે સમાજવાદી દેશ અને વિકસિત પશ્ચિમી દેશો વચ્ચે જોવા મળતો હોય છે. સોવિયેત સંઘમાં મનોવિજ્ઞાનીઓ અને કેળવણીકારો એવું માનતા જ નથી કે છ વરસની ઉંમર સુધીનાં વરસો જ, ખાસ કરીને, ઘડતરનાં વરસો છે. એટલે બાળકોના શારીરિક, બૌદ્ધિક, ઉર્મિલ અને નૈતિક વિકાસને માટે સતત પ્રયાસો ચાલુ રાખવામાં આવતા હોય છે અને તે ૧૮ વરસની ઉંમરના યુવાનો માટેયે ચાલુ રહેતા હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો કિશોરાવસ્થા અને યૌવનના વરસોને પણ ચાવીરૂપ વિકસિત તબક્કાઓ તરીકે જોવામાં આવે છે. અલબત્ત સમકાલીન વાતાવરણમાં આવા વિકાસની વધતી જતી સભાનતા તથા વેગીલાપણાની સભાનતા દેખાવા લાગી છે. આ વિસ્તૃત ખ્યાલમાં ઘડતરનાં વરસો સમાયેલાં છે, એને લઈને આ પુસ્તકને લખવાની મારી કામગીરીને વધારે મોટું પરિમાણ આપે છે. વૃદ્ધિ અને વિકાસના જે પાસાઓ વ્યાપક ઉંમરની કક્ષામાં સમાવવામાં આવેલ છે તેથી વધારે પાસાઓને પણ મારે આવરી લેવાના હતા. પરિણામે, મારે મુખ્યત્વે કરીને આ પુસ્તકના મર્યાદિત કદની ભીતરમાં રહીને મુખ્ય ચાવીરૂપ બાબતો વધારે સંપૂર્ણતાથી ખોળવાની હતી અને તે પણ ઘણી બાબતોની ઉપેક્ષા કર્યા વગર જ કરવાનું હતું.

હું એવી આશા રાખું છું કે વાચક મારી સાથે સંમત થશે જ કે આવા પ્રકારના પુસ્તકનું મૂલ્ય છે. દુનિયાના ઘણાખરા ભાગમાં [વિકસિત દેશોમાં] બાળ સંભાળના પ્રશ્નોથી ઘેરાયેલા છે: તેઓને ખવડાવવા, તાજા રાખવા અને તેઓને પ્રાથમિક કેળવણી આપવી. પણ આ અગાધ અને આત્માને થકવી નાંખે એવી બાબતો હોવા છતાં વિકસિત દેશોમાં પોતાની રીતે એ ચાવી રૂપ પ્રશ્નો છે. ઘણા દેશોમાં ગરીબીના પ્રશ્નો ઉપરાંત બાળકોમાં વ્યક્તિત્વની વધુ મોટી સ્થિરતાની જરૂરિયાતો આમાં રહેલી છે. અભ્યાસનો વધારે સારો ઉદ્દેશ અને જીવનમાં સૂચક લક્ષ્યાંકો આંબવા માટે પોતાના સામાન્ય જીવનમાં રચનાત્મક તત્ત્વોમાં ભાગ લેવાની ઈચ્છાની જરૂર રહે છે.

Scanned with OKEN Scanner

યુવાન પેઢીને માટે આટલી બધી વ્યાપક ચિંતાઓ અને પડકારો સાથે એવું માની શકાય કે સોવિયેત સંઘ જેવો એક આગેવાન સમાજવાદી દેશ પોતાના બાળકોની સંભાળમાં કેવી રીતે સફળ થયો, તે જાણવામાં પ્રાણભૂત લાભો રહેલાં છે, આ બાળકોને સાર્વત્રિક રીતના નિર્ધારિત ધ્યેયો ભણી દોરવામાં તેણે જે હાંસલ કર્યું છે તે જાણવું મહત્ત્વનું છે.

સોવિયેત સંઘ સામે મૂડીવાદી જગતના આટલા બધા ભાગમાં બદબોઈનો જે ધોધ વહ્યા કરે છે તેનાથી આ સમાજના બાળ ઉછેરની રીતિને ઘેરી લેવામાં આવી છે અને એને વિકૃત બનાવી દેવામાં આવી છે. યુવાન પેઢીની કળવણી અને આબાદી માટેની અસામાન્ય નિષ્ઠા માટેની આદર્શવાદી—માનવતાવાદી પાયાની જ આમાં ઉપેક્ષા થતી નથી પણ સાથેસાથે આ ક્ષેત્રમાં ૬૦થી વધુ વર્ષ સુધીની પ્રગતિશીલ સિદ્ધિના ઈતિહાસનીયે ઉપેક્ષા કરવામાં આવે છે. આમાં એના અપરિમેય પ્રસ્થાપિત સામુદાયિક શિક્ષણ અને પ્રબુદ્ધતાનું ધોરણ રહેલું છે, એટલે વાતને સીધે સીધી સાફ રીતે પેશ કરવાના એક વધુ ફાળા તરીકેની આ તકને હું આવકારું છું.

હું જાણું છું કે મને પ્રસંગોપાત શ્રેષ્ઠ વસ્તુ જ બતાવવામાં આવી છે. પણ, તે એવો નિર્દેશ કરે છે કે શ્રેષ્ઠ વસ્તુ આટલી બધી સારી છે, તેમાં મહેચ્છાના આટલાં સુંદર ધોરણો રહેલાં છે, શાશ્વત સમાજવાદી હરીફાઇ અને અનુકૃતિના માળખાની અંદર ચઢિયાતી વસ્તુ સક્રિય રીતે બીજાઓને અનુસરવા માટેના મોડેલ તરીકે કામ આપે છે. મારા પ્રવાસો દરમ્યાન રશિયન ફેડરેશનમાં જે પંદર વરસ સુધીના સમય ગાળાનો છે. આમાં આઠ બીજાં પ્રજાસત્તાકોનો પણ સમાવેશ થાય છે. મેં તો વારંવાર સુધારા થતા જોયા છે, નોંધપાત્ર આગેકૂચો જોઈ છે અને સરેરાશને સરસાઈની ગુણવત્તા સુધી ઊંચે લાવવામાં આવી છે. સામાજિક અને વ્યાવસાયિક સભાનતા અને શિક્ષકનો સર્જનાત્મક મિજાજ, કેળવણીકાર, કલબના નેતા, લેખક, બાળ મનોવિજ્ઞાની, ફિલ્મ બનાવનાર, નાટય લેખક અને યુવાન પેઢીના ઉછેરકો અને વાલીઓ એમાંના મોટા મોટા ભાગનાને સિદ્ધિવંતા બનાવે છે.

આટલી બધી રાષ્ટ્રીયતાઓના અને જાતિઓના યુવાન લોકો એક જ બૃહત્તર સમાજમાં પોતાની સાંસ્કૃતિક અલગતાઓ ગુમાવ્યા વિના કેવી રીતે એકાકાર થઈ ગયા તે જાણવામાં મને તીવ્ર રસ હતો. એકતામાં વિવિધતાની આ સોવિયેત ઘટના

Scanned with OKEN Scanner

નથી, સોવિયેત સંઘમાંની હકીકતોની ચાલુ નોંધ તથા મારી અસરો એના તરફ મેં એટલી બધી વ્યાપક છે કે આવા પુસ્તકમાં એનું અલગ નિરૂપણ થઈ શકે તેવું વિશિષ્ટ ધ્યાન આપેલું છે.

આ પુસ્તક બાળકો સાથે ઓતપ્રોત થયેલા ઘણા પુખ્ત લોકોના સહકારથી શક્ય બન્યું છે. આ લોકો પોતે જ પાછા યુવાનો છે, તેઓની સંખ્યા એટલી બધી મોટી છે કે એમનો હું નામોલ્લેખ કરી શકું તેમ નથી.

એ બધા પ્રત્યે હું મારો સંપૂર્ણ આભાર વ્યક્ત કરું છું. પણ, સૌથી વિશેષ તો હું અગાઉથી જ વાચકનો આભાર માની લઉં છું કારણ કે તેઓએ આ પુસ્તક પ્રત્યેનો ખુલ્લા મનનો અભિગમ બતાવ્યો છે.

Scanned with OKEN Scanner

બાળપણની શરૂઆત
— પારણામાંથી શાળાની પાટલી સુધી

આમાં તો સૌ કોઈ સર્વસામાન્ય રીતે સંમત થશે કે સમાજની ચાવીરૂપ માનવતાવાદી સંસ્કૃતિની સપાટી તે બાળકો પ્રત્યે કેવા પ્રકારની સંભાળ અને દરકાર દાખવે છે તેમાં રહેલ છે. તેઓ ગર્ભમાં હોય ત્યારથી માંડીને આ સંભાળ અને દરકાર રાખવામાં આવે છે તે આમાં અભિપ્રેત છે. આ ચકાસણીમાં સોવિયેત સંઘ બીજા કોઈ પણ દેશ કરતા મોખરે આવીને ઊભો રહે છે. સગર્ભા માતાની જન્મ પહેલાની સંભાળ અને તત્પશ્ચાત્ બાળક અને માતાની માવજત, ત્યાર બાદ પૂર્વ પ્રાથમિક સંભાળ અને બાળ ઉછેર, વગેરે બધું માનવ ઈતિહાસમાં આવા પ્રકારનો સૌથી વધુ વિસ્તૃત કાર્યક્રમ બની રહેલ છે. વધુમાં આ કાર્યક્રમ વેગમાં, અવકાશમાં અને સંભારમાં વધ્યા જ કરતો રહે છે.

નાનાં બાળકોની આબાદી માટે સામાજિક જવાબદારી ખુદ સોવિયેત પ્રજાસત્તાકના જન્મથી જ શરૂ થઈ છે. ઓકટોબર ક્રાંતિ પહેલાં સગર્ભા સ્ત્રીઓને માટે કોઈ કલીનીકો નહોતા, શ્રમજીવી માતાઓના બાળકો માટે બાળ સંભાળના સાધનો નહોતા અને માત્ર થોડાંક જ ખાનગી કિંડરગાર્ટનો હતા. ક્રાંતિ પછીથી માતાઓ અને બાળકો માટેની તબીબી સારવારમાં વૃદ્ધિ થવા પામી છે તેમજ પૂર્વ પ્રાથમિક શાળાની સંસ્થાઓમાં પણ વધારો થવા પામ્યો છે. ફાસિસ્ટ ધાડાઓ સામેના મહાન દેશભક્તિના યુદ્ધ દરમ્યાન દેશમાં જે વિનાશ થયો તે દરમ્યાન આમાં વિક્ષેપ આવ્યો હતો.

માતાઓ અને બાળકો માટેની વિસ્તૃત તબીબી સેવાઓ અંગે ૧૯૭૭માં સોવિયેત સંઘનું જે બંધારણ બનાવવામાં આવ્યું છે તેમાં એનો ખાસ ઉલ્લેખ છે, તેમ બીજી

વૈધાનિક જોગવાઈમાં પણ એનો ઉલ્લેખ છે. દરેક પંચવર્ષીય યોજનામાં વધારાની પૂર્વ પ્રાથમિક શાળાના બાંધકામની જોગવાઈ થયા કરતી હોય છે.

૧૯૮૭માં એક કરોડ ચાલીસ લાખ બાળકો પૂર્વ પ્રાથમિક શાળાઓમાં નોંધાયેલા હતા. દરેક બીજુ શહેરી બાળક એમાં હાજરી આપે છે અને દરેક ચોથું ગ્રામ્ય બાળક એમાં જાય છે. ૧૯૬૦ની આસપાસથી માંડીને પૂર્વ પ્રાથમિક શાળા સંસ્થાઓની પ્રચલિત ઢબ યાસ્લી સાદ (yasli sad) (બાળ સંભાળ — કિન્ડરગાર્ટન) પ્રકારની હતી. કમ્યુનિસ્ટ પક્ષની મધ્યસ્થ સમિતિ અને સોવિયેત પ્રધાન મંડળના ઠરાવે યાસ્લી-સાદની સ્થાપના કરી છે. એ સાથે જ શારીરિક સંભાળ માટેના નવા અને નિશ્ચિત કાર્યક્રમના વિકાસની પણ જોગવાઈ કરી હતી, નૈતિક દોરવણી અને શિક્ષણનું અનુસરણ તમામ પૂર્વ પ્રાથમિક સંસ્થાઓમાં કરવામાં આવતું હતું. શૈક્ષણિક વિધાનોની એકેડેમી અને તબીબી વિજ્ઞાનોની એકેડેમીને એવી સત્તા સુપરત કરવામાં આવી કે તેઓએ સંયુક્ત રીતે આવો કાર્યક્રમ ઘડી કાઢવો. તેઓએ એક માર્ગ-દર્શનપોથી બહાર પાડી જેને શાળાના ડિરેકટરો તથા શિક્ષકોએ અનુસરવાની હતી. એ પછીથી વધુ અભ્યાસ અને અખતરાઓ કરવામાં આવ્યા છે કે જેથી કરીને પૂર્વ પ્રાથમિક તથા સામાન્ય શાળા વચ્ચે વધારે સારું સંયોજન થઈ શકે.

પોતાના બાળકો યાસ્લી-કિન્ડરગાર્ટનમાં મોકલવાનું વાલીઓ માટે મરજિયાત રાખવામાં આવ્યું છે. શિક્ષણ ફી માસિક ૭ થી ૧૨ રૂબલ છે, મોટા કુટુંબોવાળા વાલીઓ અથવા તો નાની આવકોવાળાઓ ઓછી ફી ભરે છે. રાજ્ય દર વરસે પ્રત્યેક પૂર્વ પ્રાથમિક માટે ૪૫૦ રૂબલની પુરવણી કરે છે.

"મારું અમારું છે, અમારું મારું છે"— યાસ્લી-સાદ સામૂહિકતા

જે કાર્યક્રમ મુકરર કરવામાં આવ્યો છે તે પૂર્વ પ્રાથમિકની શરૂઆતથી માંડીને સામાન્ય શાળામાં સફળ કારકિર્દી માટેનો છે. બાળકની આવડતો, સંવેદનો, ટીમ ભાવના અને આત્મશિસ્ત કેળવવાની પ્રક્રિયા દ્વારા આ હાંસલ કરવામાં આવે છે.

Scanned with OKEN Scanner

અને વિકાસના દરેક તબક્કાને માટે તે સુયોગ્ય હોય છે; તથા એના નૈતિક મૂલ્યો સાથે પણ સુયોગ્ય હોય છે. માર્ગદર્શિકામાં એવી વારંવાર દોરવણી આપવામાં આવતી હોય છે કે એમાં બિન-ઉપદેશાત્મક પદ્ધતિઓનો ઉપયોગ કરવો કે જેથી કરીને યુવાન નાના બાળકમાં મોટેરાઓ પ્રત્યેના આદર ભાવ, આજ્ઞાધારકતા, આત્મ-સંયમ, સારી રીતભાત વગેરે ગુણો દાખલ થાય, પ્રેક્ટીકલ કામગીરી તેઓ રચે, રસપૂર્વક કરે અને ટીમ ભાવના દેખાડે, વર્તનના અને વલણોના ધોરણો જે બાળકના સમગ્ર શિક્ષણમાં સર્વસામાન્ય રીતે અથવા તો વિશિષ્ટ રીતે માધ્યમિક શાળાઓમાં ભારપૂર્વક ચાલુ જ રહેતા હોય છે તેનો આગોતરો અમલ કરવામાં આવે છે, અને આ બધુ સુયોગ્ય સંદર્ભમાં કરવામાં આવતું હોય છે. શાળા પછીની જુદી જુદી પ્રવૃત્તિઓમાં જતાં બાળકોની સંસ્થાઓમાં પણ આના ઉપર ભાર મૂકવામાં આવતો હોય છે. આ સાતત્ય કાળજીપૂર્વક ટકાવી રાખવામાં આવતું હોય છે, એનો આરંભ યાસ્લી-સાદથી થતો હોય છે, અને સોવિયેત શિક્ષણનું એ એક વ્યાવર્તક લક્ષણ છે. સોવિયેત શાળા ઉછેરનું એક બીજું સૂચક લક્ષણ સામૂહિક ચેતનાને ઈરાદાપૂર્વક પોષવામાં આવે છે અને આ કામ છેક બાળપણથી જ શરૂ થતું હોય છે. ગ્રુપ પ્લેપેન (Group playpen) જે નાના ઓરડાના કદનું હોય છે અને છ બાળકો માટે તે પૂરતું મોટું હોય છે. આ સ્થળે નાનાં ભૂલકાઓને પોતાના જીવનના પહેલા અર્થમાં સામૂહિક જીવનની દીક્ષા આપવામાં આવે છે. ક્રમિક ગતિએ બાળક સામૂહિક જીવનનો અનુભવ લેતું થાય છે અને તે જેમ મોટું થતું જાય છે તેમ વધુ ને વધુ વિસ્તૃત પ્રમાણમાં પોતાની શાળાની દુનિયામાં આદાન-પ્રદાનમાં ભાગીદાર બનતું ચાલે છે. પોતાના પૂર્વ પ્રાથમિક શાળાવાળા સહ-બાળકો સાથે તથા એમની આસપાસના પુખ્ત વયનાઓ સાથે આવું બધું આદાન-પ્રદાન થતું હોય છે.

આ આદાન-પ્રદાન સહકાર સાથે સંકળાયેલ હોય છે. બાળકોને એકસાથમાં કામ કરવાની દોરવણી આપવામાં આવે છે કે જેથી કરીને તેઓ એકમેકને મદદ કરતા રહે અને એકમેકની શિસ્ત માટે પણ તેઓ જવાબદાર બનતા હોય છે. "મારું અમારું છે; અમારું મારું છે," પૂર્વ પ્રાથમિક શાળામાં આ મુદ્રાલેખ લટકાવવામાં આવ્યો હોય છે અને શિક્ષક પણ તે વાંચવા તથા જૂથમાં બોલવા માટેનો સમય કાઢતો હોય છે. એકસાથમાં જ સામૂહિકતા ઉપર ભાર અને સહભાગ લેવામાં તથા સહકાર ઉપર ઝોક અપાતો હોય છે, અને બાળકને આત્મ-નિર્ભરતા શીખવવામાં આવે

છે. બાળકો છેક પહેલી ઉંમરથી પોતાની જાતે જ બધું કરતા રહે એવું શીખવવામાં આવતું હોય છે. ૧૮મા મહિનાની ઉંમરે તેઓને કપડાં પહેરતા શીખવવામાં આવે છે અને જાતે ખાતાં શીખવવામાં આવે છે. ત્રીજે વરસે તેઓ બીજી સાદી કામગીરીમાં મદદ કરતાં થાય છે, જેમ કે રમકડાં દૂર રાખવા, સાફસૂફી કરવી, ગાર્ડનીંગ કરવું, બરફને પાવડાથી ખસેડવો, ટેબલ ગોઠવવું.

ભૂલકાઓમાં ઉપયોગી કામ પ્રત્યે વિધાયક વલણ રાખવાની બાબતનો વિકાસ કરવામાં આવે છે, એને કેન્દ્રીય ઉદ્દેશ તરીકે રાખવામાં આવે છે અને તે છેક શરૂઆતથી જ શીખવવામાં આવે છે. બાળક બોલતું થાય કે તરત જ આ ધ્યેયને રમતગમતો વાટે અનુસરવામાં આવે છે, અને જુદી જુદી કામગીરીઓ કરવાનું કહેવામાં આવે ત્યારે પણ એને અનુસરવામાં આવે છે, જેમ કે પ્રેક્ટીસ કરવી, વેપાર અને વ્યવસાયનાં સ્થળો, સ્ટોરોની અને પ્લાંટોની મુલાકાતો લેવામાં આવતી હોય છે. અહીં કામદારો પોતાના કામ પર કામ કરતા હોય તેઓનું નિરીક્ષણ કરવાનું બાળકોને કહેવામાં આવતું હોય છે. સહેજ મોટી ઉંમરના કિન્ડરગાર્ટનીઓ પોતાના નાનેરા બાળમિત્રો માટે રમકડાં બનાવવાનો સંતોષ માણતા હોય છે.

વિસ્તૃતીકરણની એક અસમાન્ય પદ્ધતિ, અને તે પણ વિધાયક રીતે, એ છે કે નાના બાળકોને પોતાનાથી મોટી ઉંમરના લોકોની દુનિયામાં પરિચય કરાવવામાં આવે છે, એને Shevstvoની સંસ્થા તરીકે ઓળખવામાં આવે છે. આ શબ્દનો અક્ષરશઃ અર્થ "પોતાની દેખરેખ હેઠળ લેવું" એવો થાય છે, જો કે આ શબ્દનો વ્યવહારુ અર્થ તો "સામૂહિક અપનાવણી"* એવો થાય છે. કોમમાંનું એક જૂથ જેવી કે પડોશની જનરલ સ્કૂલ, ફેક્ટરી કે પ્લાંટ, જેમ કે ગામડામાં યાસ્લી-સાદનું Sovkhoz અથવા સાંસ્કૃતિક સંસ્થા પોતાના લત્તાની પૂર્વ પ્રાથમિક શાળાને દત્તક લે છે. Shevstvoના સભ્યો પૂર્વ પ્રાથમિક શાળાની સામૂહિક મુલાકાત લે અને બાળકોની ઓળખાણ કરે છે, તેઓ માટે ફર્નિચર તથા રમકડાં બનાવે છે. કન્સર્ટો કરે છે અને પપેટ શો યોજે છે, તેઓને બહાર ફરવા લઈ જાય છે અને પોતાની શાળાઓમાં તેઓને આમંત્રણ આપે છે તથા કામના સ્થળોએ બોલાવે છે,

---

* રશિયન ભાષાની એસ. ઓઝેગોવની ડિકશનરી આ શબ્દની વ્યાખ્યા આપતા જણાવે છે કે "સામાજિક કામગીરી જેમાં સાંસ્કૃતિક, રાજકીય અને બીજી કોઈ મદદનો સમાવેશ થતો હોય."

Scanned with OKEN Scanner

નાના ભૂલકાઓને મદદ તથા મોડેલોમાં સેવા આપે છે, મોટેરાં બાળકો તથા પુખ્ત વયનાઓ આમ બહુ નાનકાઓને મદદ કરવાની પોતાની સામાજિક ફરજ અદા કરે છે.

"અભ્યાસક્રમ"

નાનું બાળક પોતાના જીવનના પ્રથમ વરસોમાં કેટલું શીખી શકે તેનું અમે બધાએ નિરીક્ષણ કર્યું છે. પૂર્વ પ્રાથમિક શાળામાં શિક્ષણનો કાર્યક્રમ એની ગુંજાશની હદ સુધીના એના શિક્ષણની બાંયેધરી આપે છે, એની પોતાની માદરે વતનની ભાષામાં એને શુદ્ધ બોલતાં શીખવવામાં આવે છે. એણે જે કાંઈ જોયું કે સાંભળ્યું હોય તેનું સુસંગત વર્ણન કરવાનું તેને કહેવામાં આવે છે, વાંચતાં અને ગણતાં શીખવવામાં આવે છે અને સાદા પ્રશ્નોનો જવાબ આપતા શીખવવામાં આવે છે. પોતાના નાના પ્રાણીઓ અને ઝાડવાંને ચરાવાનું તથા તેની માવજતનું શીખવવામાં આવે છે. કલાની પ્રાથમિક કક્ષા સાથે તેમની ઓળખ કરાવવામાં આવે છે. નૈસર્ગિક ઘટનાઓનું નિરીક્ષણ કરતાં શીખવવામાં આવે છે અને એ બધાને સાદા ચિત્રકામમાં ઉતારવાનું કહેવામાં આવે છે. પહેલાં તો તે માત્ર રેખાઓ જ દોરે છે અને વર્તુળો દોરે છે, પણ પછી તે જે કાંઈ દોરે છે તે આકૃતિઓને મળતું આવે છે. માટીના મોડેલો તમામ બાળકોમાં પ્રિય હોય છે. તેઓ એમાંથી રકાબીઓ, પ્યાલા, મોટરો, નાનાં પ્રાણીઓ બનાવતા રહે છે. તેઓના સંગીતના વર્ગોમાં તેઓ ગીતો શીખે છે અને તેઓને નૃત્યો શીખવવામાં આવે છે.

પૂર્વ પ્રાથમિક અભ્યાસક્રમમાં સંગીત સૌથી ઊંચામાં ઊંચા સ્થાનમાં હોય છે. સંગીતના કાર્યક્રમો વિકસાવનારી આગેવાન સંસ્થાઓ અને પ્રાયોગિક અભ્યાસો માટે પૂર્વ પ્રાથમિક કેળવણીની સંશોધન સંસ્થાઓ હોય છે અને તે શૈક્ષણિક વિજ્ઞાનોની એકેડેમી હેઠળ કામ કરે છે. બાળકોમાં સંગીત પ્રકાશક Myzeka (music) પણ આમાં સામેલ હોય છે. કિન્ડરગાર્ટનોમાંનું સંગીત-કાર્ય કેળવાયેલા સંગીત શિક્ષકો કરતા હોય છે.

Scanned with OKEN Scanner

નાના બાળકોમાં નૈતિક વલણો દાખલ કરવામાં સંગીતને સૌથી વધુ મહત્ત્વનું ગણવામાં આવે છે, તેમ બૌદ્ધિક તીવ્રતાનું ઉદ્દીપન કરવામાં પણ તે સૌથી વધુ મહત્ત્વનું ગણાય છે. સંગીતને ખાસ કરીને તો એટલા માટે મૂલ્યવાન ગણવામાં આવે છે કે બાળકોમાં એનાથી ભલાઈની લાગણીઓનું ઉદ્દીપન થાય છે. એનાથી ઉમદા લાગણીઓ પ્રકટ થાય છે, તેમ વિધાયક કૃત્યો પણ ઊભાં થાય છે. સંગીત-તાના બે સૌથી વધુ મહત્ત્વના અંગો — ઉર્મિલ, પ્રતિભાવ અને સંગીત માટેની સારી શ્રાવણેન્દ્રીય છે, આ બંને અંગો વિશે એવું માનવામાં આવે છે કે વહેલામાં વહેલી રીતે વિકસાવવા જોઈએ અને તમામ બાળકોમાં તેઓની નૈસર્ગિક બક્ષિસો ગમે તે હોય તોયે એનો વિકાસ થવો જોઈએ, એટલે કે : પૂર્વ પ્રાથમિક બાળકોમાં સંગીતના વિકાસના મુખ્ય ધ્યેયો એ હોવા જોઈએ કે સંગીતમાં પ્રતિભાવનો વિકાસ કરવો; એમાં રસ અને પ્રેમ જગાડવો; એ સાથે જ તેઓને વિવિધરંગી રચનાઓ પૂરી પાડવી અને તેઓમાં સંગીતનાં સૌથી વધુ પ્રાથમિક ખ્યાલો દાખલ કરવા; તેઓમાં લયના માધુર્યની પરખ દાખલ કરવી; સંવાદિતા, તાલ, વગેરેનો પણ આમાં સમાવેશ થાય છે અને અભિવ્યક્તિ, રૂપગાન, લય, તાલબદ્ધ, હિલચાલ, વગેરેની તેઓને તાલીમ આપવી અને સાથે સાથે સાદામાં સાદા બાળ વાજિંત્રો વગાડતા તેઓને આવડવા જોઈએ; આ માટે તેઓને ઉત્તેજન આપવું અને સારા સંગીત માટેનો આસ્વાદ કેળવવો જોઈએ.

એવાં કિન્ડરગાર્ટનો છે જેઓ પાસે સમગ્ર નાના ઓરકેસ્ટ્રા પણ છે. અહીં કેટલાંક બાળકો એવા વાજિંત્રો વગાડતા હોય છે જેનાથી મધુર લય ઊભો થતો હોય છે. બીજાઓ તાલ વાદ્યોથી તાલ આપતા હોય છે. આમ સંગીત રચવામાં આવે છે અને તે આવા કિન્ડરગાર્ટન ઓરકેસ્ટ્રા માટે પ્રકટ કરવામાં આવતું હોય છે. લોક ગીતોનો વ્યાપક રીતે ઉપયોગ કરવામાં આવે છે.

વાલીઓ અને પૂર્વ પ્રાથમિક શાળા

સોવિયેત કેળવણીકારો અને મનોવૈજ્ઞાનિકો બાળકોને કેવી રીતે શ્રમ કરવો જોઈએ તે પરત્વે કાંઈક અજોડ ખ્યાલ ધરાવતા હોય છે. વાલીની સ્વયંભૂત લાગણીને

Scanned with OKEN Scanner

બાળ ઉછેર માટે વિશ્વસનીય માર્ગદર્શન તરીકે ગણવામાં આવતી નથી. બાળ ઉછેરને એક એવી પ્રક્રિયા ગણવામાં આવે છે જે વિજ્ઞાન તેમજ કલાને મળતી આવે છે બાળક પોતાના સમાજમાં છેવટે જે ભાગ ભજવવાનો છે એ એના ઉછેર માટે એટલું બધું ચાવીરૂપ ગણવામાં આવે છે કે જેને એકલાં માતા કે પિતા પર છોડી દેવું ન જોઈએ, કારણ કે બાળ ઉછેરમાં તેઓ તાલીમ પામેલા હોતા નથી. એટલે પ્રત્યેકે પ્રત્યેક યાસ્લી-સાદ વાલીઓ સાથે વ્યાખ્યાનો અને સંવાદોના કાર્યક્રમોની પણ ગોઠવણ કરે છે. પૂર્વ પ્રાથમિક શાળા તેઓ માટે પ્રસ્તુત લાયબ્રેરી પણ રાખે છે. દરેક સંસ્થામાં એક એવો "Parents Corner" પણ રાખવામાં આવતો હોય છે કે જ્યાં પત્રિકાઓના બોર્ડમાં માહિતીઓ અને સૂચનો આપવામાં આવ્યા હોય છે.

દરેક કુટુંબે બાળ ઉછેરના પોતાના અનેકવિધ પ્રયાસોમાં પૂર્વ પ્રાથમિક શાળાને પોતાના અનુભવોમાં સામેલ કરવી પડે છે, આ કામ સામૂહિક સમાજના એક કાર્યકારી સભ્ય તરીકે કરવાનું હોય છે. આ સમાજે પોતાના બુનિયાદી મૂલ્યોનું આંતરીકરણ કરેલું છે. આમ કુટુંબની શૈક્ષણિક અસર બાળકના જાહેર શિક્ષણ સાથે ઓતપ્રોત થઈ જાય છે. બાળકને આનાથી કેવો લાભ થાય છે તે તો આપણે સહેલાઈથી જોઈ શકીએ છીએ કારણ કે બાળકને તો એનાથી એના વિકાસ પરત્વે એકીકૃત સુસંગત અભિગમ સાંપડે છે – વિરોધાભાસી કે ભિન્નતાવાળો નહિ.

વાલી શિક્ષણનો આ એક પ્રચંડ કાર્યક્રમ અને ગજબનો નિર્ધાર છે. પૂર્વ પ્રાથમિક શાળાના આ સામુદાયિક ઉછેરના આ સૌથી વધુ સર્વગ્રાહી સાહસની સફળતાની આમાંથી બાંયેધરી ઊભી થાય છે. સોવિયેત યાસ્લી-સાદ પદ્ધતિએ આ પ્રકારનું સાહસ ઊભું કરેલું છે. જે દેશમાં જ્યાં ૧૨ કરોડ ૬૦ લાખ કામદારોમાં અરધોઅરધ સ્ત્રીઓ છે ત્યાં આ કરોડો લોકો પોતાના નાનાં બાળકો માટે બાળ સંભાળનાં કેન્દ્રોનો ઉપયોગ કરતા હોય છે અને પૂર્વ પ્રાથમિક શાળા સાથેનું આદાન-પ્રદાન અજોડ મહત્ત્વ ધારણ કરે છે.

મુક્ત કાયદેસરના ગર્ભપાતની પ્રાપ્યતાથી એવી બાંયેધરી ઊભી થાય છે કે જન્મેલું બાળક માતાને માટે આવકારદાયક છે અને એનો સમાજ પણ એને ખરેખર આવકારે છે; અને સમાજ એને માટે જોગવાઈ કરવામાં તત્પરતા દાખવતો હોય છે.

Scanned with OKEN Scanner

દરેક સગર્ભા સ્ત્રી ચાર મહિના ચઢતા પગારની રજાનો હક્ક ધરાવે છે (૫૬ દિવસ બાળજન્મ પહેલા અને ૫૬ દિવસ બાળકના જન્મ બાદ) અને જો તેણી બાળ જન્મ પછીથી એક વરસ સુધી કામ બંધ રાખવા માગતી હોય તો કાયદો એવી બાંયેધરી આપે છે કે એની નોકરી તેણી માટે ખુલ્લી રહેશે. અત્યારના ચાર મહિનાની ચઢતા પગારની રજામાં વધારાની અર્ધા પગારની રજાનો ઉમેરો કરવામાં આવે છે.* નાના બાળકોવાળી માતાઓના કામના કલાકોમાં ક્રમિક ઘટાડો કરવામાં આવે છે. નવા બંધારણની ૩૫મી કલમમાં આ ધ્યેયને મૂર્ત કરવામાં આવેલ છે.

બાળ સંભાળનો પ્રશ્ન ખાસ કરીને બાળક જયારે એક વરસનું હોય ત્યારે અને એની માતા કામ પર ચઢવા માગતી હોય ત્યારે ઊભો થવા પામે છે; તમામ કામદાર માતાઓને માટે હજી સુધી પૂરતા પ્રમાણમાં યાસ્લી—સાદ કિન્ડરગાર્ટન શાળાઓ નહોતી એટલે દાદીમાં આ ખોટ પૂરતા હતા, માતા વધારે લાંબા સમય સુધી કામ પર ન જતાં ઘેર રહેતી હતી. પણ મોટા પ્લાંટો, બાંધકામની યોજનાઓ, રાજ્ય અને સામૂહિક ખેતરો પોતાના બ્લ્યુ પ્રિન્ટમાં તથા પ્લાંટોમાં યાસ્લી-સાદની જોગવાઈઓ કરે છે. પ્રસ્થાપિત સાહસો પોતાના રાજ્ય તથા સામાજિક ભંડોળોમાંથી આને માટે રકમોની ફાળવણી કરે છે. આનો અર્થ એ થયો કે આ ફાળવણીઓ રાજ્ય માટેનાં ભંડોળોમાંથી રીતસર કાપી લેવામાં આવે છે. આ બધુ કામદારોની કમાણીમાંથી આવતું હોતું નથી. ભાવિ માટેની એ સંભાવના છે કે પ્રત્યેક બાળકને માટે વાલીઓ નામ નોંધાવવા માગતા હોય તો પૂર્વ પ્રાથમિક શાળા હોવી જોઈએ.

એકંદર રીતે શૈક્ષણિક પદ્ધતિનો એ પ્રસ્થાપિત ઉદ્દેશ છે કે પ્રત્યેક બાળકને માટે પૂર્વ પ્રાથમિક શાળાની સ્થાપના કરવી. એવું આવશ્યક માનવામાં આવે છે કે સામાન્ય શાળામાંનો વાજબી વિકાસ એની સફળ કારકિર્દી સાથે સંકળાયેલ હોવો જોઈએ.

અત્યારે પૂર્વ પ્રાથમિક શાળાના બાળકો જેઓ યાસ્ત્રી-સાદમાં હાજરી આપતા ન હોય તેમના કુટુંબોની મુલાકાત લેવામાં આવે છે અને તેઓને માર્ગદર્શન

---

* સીપીએસયુ મધ્યસ્થ કમિટી અને સોવિયેત સરકારે એક ફરમાન બહાર પાડયું છે: બાળકોવાળા કુટુંબોની રાજ્ય મદદમાં વધારો કરવો. ૧૯૮૧ના માર્ચનો આ કાયદો છે. આ ઉપરાંત વગર પગારની છ માસની રજા મળે; પછીથી તે એક વર્ષની થાય અને નોકરી ચાલું ગણાય.

આપવામાં આવે છે. આ બધું કામ વ્યાવસાયિક પૂર્વ પ્રાથમિક શાળાઓના કર્મચારીઓ કરતાં હોય છે. પહેલા ધોરણોમાં પોતાના બાળકને મોકલવાની જે કુટુંબ તૈયારી કરતું હોય છે તેમને પણ માર્ગદર્શન આપવામાં આવે છે.

પૂર્વ પ્રાથમિક શાળામાં હાજરી આપનારા બાળકોની આટલી જંગી સંખ્યા હોઈ આ નાનકડા નાગરિકો પ્રત્યેની સામાજિક જવાબદારી પણ મોટી હોય છે. એ જોવા માટેના પુષ્કળ પ્રયાસો થતા હોય છે કે જેઓ યાસ્લી-સાદનો હવાલો સંભાળતા હોય છે. તેઓ સારા કેળવાયેલા હોય અને બાળકો માટે ખરેખર પ્રેમ ધરાવતા હોય. શિક્ષકોની કોલેજોમાં પૂર્વ પ્રાથમિક શાળાનાં શિક્ષકોની તાલીમ માટે ખાસ ખાતાઓ કામ કરતા હોય છે અને એ જ હેતુ માટે ખાસ ત્રણ વર્ષની શાળાઓ કામ કરતી હોય છે. પૂર્વ પ્રાથમિક શાળામાંના શિક્ષકોનો ૮૦ ટકાથી વધુ ભાગ આવી વિશિષ્ટ તાલીમ લીધેલો હોય છે.

સામાન્ય રીતે યાસ્લી-સાદ રોજ ૧૨ કલાક કામ કરતી હોય છે અને તે સવારના ૭થી સાંજના ૭ સુધી કામ કરે છે. પણ એવીયે કેટલીક સંસ્થાઓ છે જેઓ રવિવાર સિવાય રાત્રે પણ બાળકને રાખે છે. પણ એવે વખતે કુટુંબના સંયોગોને એ માફકસર આવવું જોઈએ. આમાં શિક્ષકોને (Nianias) જેઓને બાળકો આન્ટી કહેતા હોય છે, તેમની મદદ મળતી હોય છે. તેઓ બિનશૈક્ષણિક ફરજોમાં મદદ કરે છે. કર્મચારીઓની રોજ બે પાળીઓ હોય છે.

અસંખ્ય પ્રજાસત્તાકોમાં આશરે ડઝનેક શાળામાં મેં પૂર્વ પ્રાથમિક શાળાઓની મુલાકાતો લીધી છે. આમાં અનુસરવામાં આવેલી પદ્ધતિ મોટે ભાગે એક સરખા પ્રકારની જ હતી. આમાં વાતાવરણના અને સ્ટાફની સંવેદનશીલતાના ફરકો હતા, તેમ પ્રવૃત્તિઓમાં પણ વિવિધતાઓ હતી. પણ મેં નિરીક્ષણ કર્યું છે તેમ કોઈ પણ સંસ્થા આડેધડ ચાલતી નહોતી કે એના વાતાવરણમાં બિન-આકર્ષકતા નહોતી.

મુલાકાતી ઉપર બહારની અને અંદરની સ્વચ્છતાની અસર પડતી હતી, આમાં સુઘડતા, વ્યવસ્થા, ઉજાસનો પણ સમાવેશ થતો હતો આકર્ષક રમતની સામગ્રી, રમકડાંની સાચવણી જોઈ શકાય છે અને કર્મચારીઓના ઉમંગનો પ્રતિભાવ આપવા તે તત્પર બને છે. વાતાવરણ શાંત હોય છે અને બાળકોમાંયે તંગદિલીનો અભાવ હોય છે. પૂર્વ પ્રાથમિક શાળામાં પરદેશી મુલાકાતીનયે સ્પષ્ટ સમજાઈ જાય છે કે આ શાળા પોતાની સંભાળ હેઠળના બાળકોમાં બાળપણનો

Scanned with OKEN Scanner

કિલ્લોલ ચાલુ રાખવાને વરેલી છે અને પાછળથી વિધાયક અનુભવ માટે તેઓને તૈયાર કરવામાં સહાય કરી રહેલી છે.

દરેકે દરેક યાસ્લી-સાદો, જ્યાં હું મુલાકાતે ગઈ હતી ત્યાં, તેનું કાંઈક ને કાંઈક આગવું લક્ષણ તો ધરાવતી જ હતી, અને તે લક્ષણ એના સુધારાપ્રેમી ડિરેક્ટરે દાખલ કરેલું હોય છે, અથવા તો એમાં એકતાનું વિશિષ્ટ ક્ષેત્ર હતું. કેટલેક સ્થળે તો સૌથી વધુ નોંધપાત્ર તફાવત તો એ જણાતો હતો કે ડિરેક્ટરમાં જ અસાધારણ રીતે ગતિશીલતાભર્યું વ્યક્તિત્વ જોવા મળતું હતું અથવા તો સંસ્થાના વડા અને સ્ટાફ વચ્ચે નોંધપાત્ર ટીમ ભાવના હતી.

બાળકોનું નિરીક્ષણ કરતા એવું જોવા મળ્યું કે આબાદી તથા આસપાસ વીંટળાયેલા પુખ્ત વયનાઓની દરકારમાં વિશ્વાસનું વાતાવરણ હતું.

કીવમાં સરેરાશ યાસ્લી-સાદ ખાતે

મારા તાજેતરના સોવિયેત સંઘના ૧૩ સંશોધન પ્રવાસો દરમ્યાન (૧૯૮૦ના માર્ચ અને એપ્રિલ) મેં કીરઘિઝીઆ, આર્મેનીઆ, યુક્રેન, વગેરેના મુખ્ય નગરોમાં અને સામૂહિક ખેતરોમાં એમ બન્નેના યાસ્લી-સાદોની મુલાકાતો લીધી છે. અગાઉના વરસોમાં મેં લેનિનગ્રાદ, મોસ્કો, કીશીનેવ (મોલ્ડાવીઆ) અને તાલીન (ઈસ્ટોનીઆ, બાલ્ટીક સોવિયેત પ્રજાસત્તાક) વગેરેમાં કિન્ડરગાર્ટનોનું નિરીક્ષણ કર્યું હતું. મારી પાસે જે મર્યાદિત જગ્યા છે તેમાં યુક્રેનના પાટનગર કીવમાં યાસ્લી-સાદ નં ૫૭૫ના નિરીક્ષણનો વાંચકને નિચોડ આપીશ. એનું નામ "સૂર્ય પ્રકાશિત" (Sunny) છે. જે જિલ્લામાં આ પૂર્વ પ્રાથમિક શાળા આવેલી છે તેમાં રશિયન પ્રજાની વસ્તીનું પ્રાધાન્ય છે. અહીં અભ્યાસક્રમ રશિયન ભાષામાં ચલાવવામાં આવે છે, પણ અઠવાડિયામાં ચાર વખત બે વરસની ઉંમરના બધા બાળકોને યુક્રેનિયન ભાષામાં પાઠ આપવામાં આવે છે અને એ ભાષામાં તેઓ પોતાને વ્યક્ત કરી શકે એવું શીખવવામાં આવે છે. નાની કાવ્ય પંક્તિઓ તેઓ યાદ રાખતા હોય છે. જૂની

Scanned with OKEN Scanner

લોક કથાઓ અને ગીતો શીખે છે. આમાં તેઓને વધારે અભિવ્યક્તિપૂર્વક પુનરુચ્ચારણ કરવાની તાલીમ આપવામાં આવે છે. "અમે બાળકોને ભાષાના ઉચ્ચાર કરતાં શીખવીએ છીએ," એવો ખુલાસો ડિરેકટરે કર્યો હતો. મૌખિક અભિવ્યક્તિથી એને કેળવીએ છીએ; વાર્તા, અંતકડીઓ, વિચારવાનું શીખવીએ છીએ અને નવી પરિસ્થિતિઓ બનાવવાનું કહીએ છીએ.

રશિયન બાળકોને યુક્રેનિયન ભાષા શીખવવાનો આ કાંઈ એક જ માર્ગ નથી. પૂર્વ પ્રાથમિક શાળામાં યુક્રેનિયન સંસ્કૃતિ પ્રચલિત છે. દરેક ઓરડો જુદા જુદા વર્ષના જૂથો માટે સુસજજ રાખવામાં આવે છે જ્યાં યુક્રેનિયન બાબતો, રમકડાં, યુક્રેનિયન લોક શણગાર, વગેરેમાં એનો ઉપયોગ કરવામાં આવે છે. યુક્રેનિયન જાજમ ઉપર બાળકો બેસતા હોય છે (વાર્તા કહેવા માટે અથવા બીજી બેઠક પ્રવૃત્તિઓ માટે તેઓ આનો ઉપયોગ કરતા હોય છે), આ મોટા પ્રજાસત્તાકમાં ભિન્ન ભિન્ન પ્રદેશોને પોતાની લોક પ્રણાલિકાઓ છે, તેમ તેઓની પોતાની લોક કલા-કૃતિઓ છે. મેં કેટલાય કબાટના ખાનાઓ રમકડાઓથી એવા તો ભરપૂર જોયા કે એની કારીગરી આવી બધી વિવિધતાઓનું પ્રતિનિધિત્વ ધરાવતી હતી. એના આલેખનમાં, ચિત્રકામમાં, મોડેલીંગમાં બાળકો આ બધાનો ઉપયોગ કરે છે અને જુદા જુદા પ્રદેશોને યોગ્ય નામ સાથે ઓળખી બતાવવાનું શીખતા હોય છે.

બીજા વિષયોની જેમ કલાનું શિક્ષણ કાળજીભરી રીતે શ્રેણીયુક્ત હોય છે: બે વરસની ઉંમરે ભૂલકાઓ પ્લાસ્ટરના ગાંગડાઓ તથા પોતાના રમકડાં માટે સામગ્રી બનાવે છે; ત્રણ અને ચાર વરસની ઉંમરે તેઓ ફળોની આકૃતિઓ અને પ્યાલા, રકાબીઓ બનાવે છે, તેઓ પ્રાણીઓ અને લોકોની આકૃતિઓ પણ બનાવતા હોય છે. એવો જ કાળજીભર્યો અભિગમ એ "વર્ગો"માંયે જોવા મળે છે જ્યાં છ વરસની ઉંમરનાઓ વાંચન કરતા હોય છે અથવા તો પ્રારંભિક ગણિત ભણતા હોય છે.

૩૪૦ બાળકોને સંખ્યાબંધ જૂથોમાં વિભાજિત કરવામાં આવે છે અને તે નક્કી કરેલી વય-મર્યાદા પ્રમાણે હોય છે. દરેક જૂથને પોત પોતાનું "ગૃહ" હોય છે એટલે કે, પોતાનો આગવો ઓરડો હોય છે. એમાં ટોઈલેટની સગવડો હોય છે, ઊંઘવાની પણ સગવડો હોય છે. અમુક જૂથના બાળકો અને તેઓના શિક્ષક તથા આન્ટી—એક "કુટુંબ" તરીકે કાર્ય કરે છે. છ વર્ષની ઉંમરનાઓ માટેનો બહુ મોટો ઓરડો રમવાનો વિસ્તાર ધરાવતો હોય છે. એમાં નૈસર્ગિક ખૂણાઓ, નાની પાટલીઓની હારમાળા અને બેઠકોની વ્યવસ્થા હોય છે. ભોજનના સમયે એને

Scanned with OKEN Scanner

ટેબલોમાં ફેરવી નાંખવામાં આવે છે. અને એના ઉપર ટેબલ કલોથ પાથરવામાં આવે છે. સુવાના ખાટલાને જાળિયામાં લઇ જવામાં આવે છે અને સુતી વખતે એને નીચે લાવવામાં આવે છે.

અમે ચૂપકીથી બે ત્રણ વર્ષની ઉંમરના બાળકોના સુવાના ઓરડામાં ગયા. તેઓ હમણાં જ ઊઠવાની તૈયારીમાં હતા કાં તો બેઠા થયા હતા અથવા તો આડા પડયા હતા અથવા તો આંખો ચોળતા હતા. સાદડીઓની પથારીઓની હાર ખડકવામાં આવી હતી અને એને સ્વચ્છ ભૂરા રંગના કામળાઓથી ઢાંકવામાં આવ્યા હતા. આ સાદડીઓ બરફીલા સફેદ રંગની બનેલી હતી. ઓરડો ઘણો મોટો ઊજાસવાળો હતો, દીવાલોની બારીઓમાંથી પ્રકાશ આવતો હતો, દીવાલો રંગરોગાનવાળી હતી, કામળાને મળતો આવતો આસમાની રંગવાળો એ હતો અને જમીન ઉપર કાળી ભૂરી શેતરંજીઓ વાપરવામાં આવી હતી. બધું જ અફલાતૂન રીતે સ્વચ્છ હતું.

ઊંચા બારીઓમાં અત્યંત સ્વચ્છ સફેદ પડદાઓ લટકતા હતા. બારીઓની છતમાં ફૂલઝાડની રેખાઓ હતી. આપણે એમ સહેલાઈથી માની લઈએ કે જો આ કોઈ બીજો દેશ હોત તો નજીકના કારખાનાના કામદારોના બાળકોને બદલે આ તો કરોડપતિઓના બાળકોની માવજત થઈ રહી છે એવું લાગે આ કારખાનું વજન જોખવાના સાધનોનું ઉત્પાદન કરે છે. Solnechnyi પૂર્વ પ્રાથમિક શાળા હજી તો થોડાં વરસ પહેલાં જ સ્થાપવામાં આવી છે અને તે કામદારોના કુટુંબો માટેની જ છે.

જ્યારે નાનાં ભૂલકાઓ પથારીમાંથી બેઠા થઈને બહાર આવ્યા ત્યારે તેઓ લાકડાના કોતરેલા મંચ ઉપર એક હારમાં ગોઠવવાના કામે લાગી ગયા. આ તેઓનો રોજ-બ-રોજનો કાર્યક્રમ હતો. પછી તેઓ પાટલીઓ ઉપર બેઠા અને પોતાનાં કપડાં, પહેરણ, વગેરે પહેરવા લાગ્યા. આમાં કેટલી બધી સલુકાઈ હતી? આમાં તેઓને કોઈ મદદ કરતું નહોતું. કોઈએ તેઓને ત્વરા કરવાનું કે ઠપકો આપવાનું કર્યું નહોતું. દરેક ભૂલકું પોતાના બે નાનકડા હાથમાં મોજું પહેરતું હતું અથવા તો કપડાં પહેરતું હતું, ત્યારે શાબાશીના વેણ ઊચાર્યા કરાતા હતા. આ પ્રશંસામાં ડિરેકટર પણ જોડાયા હતા. તેઓ દરેક બાળકોને નામથી ઓળખતા હોય એમ લાગતું હતું અને કદાચ પુષ્કળ બીજું ઘણું જ જાણતા પણ હોવા જોઈએ.

Scanned with OKEN Scanner

આ જૂથનો નજીકનો "કૌટુંબિક" ઓરડો પુષ્કળ પ્રમાણમાં શૈક્ષણિક અને મોટા ખસેડી શકાય એવા રમકડાં તથા બીજી સામગ્રીથી સુસજ્જ હતો કે જેથી બાળકોની રમત રમવાની જરૂરિયાતો પૂરી પાડી શકાય. પુખ્ય વયનાઓનાં પોશાકો દરેક કદના હતા, પાયાની બનાવટી મૂછો પણ હતી, સામૂહિક રમતો માટેનાં રમકડાં પણ હતાં, બનાવટી બાંધકામનાં પ્રોજેક્ટો, માનસિક પડકારો તથા મુક્ત રમતો માટે નરી મજાકની પણ આમાં સગવડો હતી.

દરેક વય-જૂથને પોત પોતાના નાનકડા તખલુસ્સો હતા જે કાંઈક પ્રાણી જંતુને ઓળખવા માટે વાપરવામાં આવતા હોય છે: "નાનાં ઉંદર" (little mice), "નાનાં શિયાળ" (Little fox), "નાની ખિસકોલી" (Little Squirrels), વગેરે પણ આવા નામોને બદલે પણ સૌથી મોટી વયના (સાત વરસની વયનાઓ) માટેના ઓરડાને (The Biloved City) નામ આપવામાં આવ્યું હતું.

આ જૂથ વૉટર કલરથી કામ કરે છે અને તે પણ બહુ જ સફાઈથી. તેઓ હાર્ડબોડની પ્લેટો પર યુક્રેનિયન મૌલિક રંગીન આકૃતિઓ બનાવે છે. અમે રોજ-બ-રોજના જીવનમાં બાળકોમાં સૌંદર્ય પ્રત્યેની અભિરૂચી કેળવવા માગીએ છીએ, એમ ડિરેક્ટરે ખુલાસો કર્યો હતો. છોકરીઓ પણ સાદું ભરત-ગૂંથણ કરે છે.

મોટામાં મોટા વય-જૂથને અઠવાડિયામાં બે વાર વાંચન અને ગણિતનો ૩૦ મિનિટનો પીરિયડ હોય છે. મેં આ બન્ને પીરિયડોમાં હળવાશનું નિરીક્ષણ કર્યું હતું. બહુ જ ધીમેથી શિક્ષણ અપાતું હતું આ ટૂંકા વિધિપૂર્વકના પીરિયડો દરમ્યાન બાળકો પોતાની બેઠકો પર બેસી રહેતા હોય છે અને પોતાનું નામ ન બોલાય ત્યાં સુધી શાંતિ જાળવી રાખતા હોય છે. તેઓ જ્યારે રીતસર શાળાનો આરંભ કરે ત્યારે તેઓએ આ કરવું પડશે એવી આમાં અપેક્ષાઓ હોય છે મુક્ત પીરિયડોમાં તેઓ કાં તો ચિત્રકામ, રંગનું કામ, વાંચવાનું, મૉડેલ બનાવવાનું, રમકડાં રમવાનું કામ કરે છે. એ બધું તેમની વ્યક્તિગત પસંદગી મુજબનું હોય છે. તેઓ ચાલવાનું પણ કરે છે, છતાં અવાજ કરવાનો હોતો નથી. તેઓ આસપાસ છૂટથી હરતાં ફરતાં હોય છે, પણ દોડતાં હોતાં નથી કે કોઈની પાછળ પડતાં હોતાં નથી. બીજા શબ્દોમાં કહીએ તો આ પૂર્વ પ્રાથમિક બાળક છ વર્ષનું થાય ત્યાં સુધી તે આત્મ-શિસ્ત પાળતું હોય છે. સોવિયેત સંઘમાં પહેલા ધોરણનાં શિક્ષકોની ઈર્ષા આવે

Scanned with OKEN Scanner

છે કારણ કે તે કિન્ડરગાર્ટન શાળામાંથી સારી પેઠે તૈયાર થયેલી "ગ્રેજ્યુએટ" શિક્ષિકા હોય છે.

"Solnechnyi" માં સંગીત અને શારીરિક કસરતનો ઓરડો છે અને તે સ્ટાન્ડર્ડ ૧૧૮ ચો. મીટરનાં કદનો છે. અહીં પણ દરેક વસ્તુ આકર્ષક, સ્વચ્છ, રંગબેરંગી અને સુઘડ હોય છે. સંગીતના વર્ગો માટે આ ઓરડાનો ઉપયોગ થાય છે, ઉપરાંત નૃત્યનાં શિક્ષણ તથા કસરત માટે પણ તે વાપરવામાં આવે છે.

Solnechnyiને ફીઝીઓ-થેરેપીનો ઓરડો પણ છે અને છેક અદ્યતન સામગ્રીથી તે સુસજ્જ હોય છે. બાળકોને સ્નાયુની નબળાઇ હોય તેઓને માટે તે વાપરવામાં આવે છે અથવા તો હાડકાની કે બીજી નબળાઈ હોય તો તે માટે ખપમાં લેવાય છે. અહીં નાના બાળકોની વખતોવખત સંપૂર્ણ તબીબી પરીક્ષા લેવામાં આવે છે. આ તપાસણીનું કામ પેડીઆટ્રીશીઅન સ્ટાફ દ્વારા થાય છે. એક દાંતનો ડૉક્ટર મહિનામાં કેટલાય દિવસો સુધી અહીં રહેતો હોય છે, અને બાળકોની સારવાર કરે છે અને જે ભૂલકાં ગંભીર માંદગી પછીથી શાળાએ પાછાં ફર્યા હોય છે તેમની પણ સારવાર કરે છે. એવા પણ ઓરડા રાખવામાં આવ્યા હોય છે જ્યાં ધીમી ગતિનું શિક્ષણ અને રમત વગેરેનું કામ થતું હોય છે અને અહીં ઊંઘવાનું હોતું નથી. સમગ્ર દેશને માટેનો અભ્યાસ એવું બતાવી આપે છે કે જે બાળકો યાસ્લી-સાદમાં હાજરી આપતાં હોય છે તેઓ વારંવાર માંદા પડતા હોતા નથી. એટલે કે, ઘરમાં ઊછરેલા બાળકો જેટલા તેઓ વારંવાર બીમાર પડતા હોતા નથી. દાદીમાની તથા બિન-અનુભવી માતાઓની વધુ પડતી દેખભાળના જીદ્દી અભિપ્રાયથી ઊલટી જ રીતે આવા બાળકો બહુ સરદી-સળેખમ તથા એવા રોગોને કારણે કિન્ડરગાર્ટનમાં આવતા હોતા નથી. માતાઓ કેટલાય દિવસો સુધી કામ પર ચઢતા પગારે રજા પાડે છે અને બાળકોની સંભાળ લેતી હોય છે.

Solnechnyi"ની મારી બોધપ્રદ મુલાકાત પાંચથી છ વર્ષની વયનાઓએ જે સંગીત અને નૃત્યનો કાર્યક્રમ આપ્યો તેની સાથે પૂરી થવા પામી હતી. આ જીવંત સંગીતનો કાર્યક્રમ શારીરિક શિક્ષણના ઓરડામાં આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ મારા લાભ અને આનંદ માટે હતો. તેઓએ યુક્રેનિયન અને રશિયન ગીતો ગાયા. બાળકો અને બાળિકાઓના જૂથોએ યોગ્ય પોશાકોમાં સુંદર રીતે, ચોકસાઈપૂર્વક અને કાંઈક મુગ્ધતાથી નૃત્ય કર્યું હતું. જ્યારે તેઓને બંને સંસ્કૃતિઓ માટેનાં રાષ્ટ્રીય નૃત્યો કરવાનું કહેવામાં આવ્યું ત્યારે તેઓએ સારી પેઠે

શણગારોની સુસજ્જતા બતાવી હતી. આ કાર્યક્રમનો ઉપસંહાર શાંતિની એક પંક્તિથી થયો હતો, શાંતિ આ વિશ્વમાં સૌથી વધુ કિંમતી ચીજ છે. આ પછીથી તેઓએ એકસાથમાં મારી સાથે પાછા લઈ જવા માટેનો સંદેશો આપ્યો કે પુરાણા કીવના બાળકો તમારા દેશના બાળકોને અભિવાદન મોકલે છે અને તેઓનું સુખી બાળપણ ઈચ્છે છે. મેં સ્મિત કર્યું અને અશ્રુભીની આંખે મેં તેઓને વચન આપ્યું કે તમારી શુભેચ્છાઓ મારા નાના અમેરિકન દેશ ભાઈઓને હું પહોંચાડીશ. તે વખતે યુનાઈટેડ સ્ટેટ્સમાં જે ઠંડા યુદ્ધનું વાતાવરણ ચાલતું હતું તે વિચારને લઈને આંખમાંથી આંસુ સરકી પડયા કારણ કે આ ઠંડા યુદ્ધના દુશ્મનાવટની અસર બાળકો ઉપર પણ થતી હતી. સોવિયેત નાના ભૂલકાઓ નિખાલસતાપૂર્વક મૈત્રીથી સાથે રહેવા ઈચ્છતા હતા.

આરારાતની પછીત તરીકે શીખરોવાળી પૂર્વ પ્રાથમિક શાળા

યાસ્લી–સાદ નં ૧૫૯ યેરેવાનના સરેરાશ વસવાટી પરગણામાં છે. તે આર્મેનિયન સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાકનું પાટનગર છે. આ પ્રજાસત્તાક કોકેસસમાં આવેલું છે. ડિરેકટર વેરોનીકા ગેવોર્કીઅનની સક્રિય આગેવાની હેઠળ ૪૨૦ બાળકો, ૨૮ શિક્ષકો, ૩૮ આન્ટીઓ અને સદા યુવાન વડા શિક્ષણશાસ્ત્રી આર્મિક માનુચારીઅનની અદમ્ય ઉત્સાહી આગેવાની હેઠળ આ બધા એક મહત્ત્વનો અખતરો કરી રહ્યા છે. આ પૂર્વ પ્રાથમિક શાળા એ એવું વિશિષ્ટ વલણ છે કે તેઓ અસંખ્ય ટેકનિકલ તરકીબોનો ઉપયોગ કરી રહેલ છે, તેઓ ઓડિયો–વિઝયુઅલની મદદોનો ઉપયોગ પુષ્કળ પ્રમાણમાં કરે છે અને બાળકોના વિકાસ તથા ભણતરની પ્રક્રિયામાં સુધારા કરી રહેલ છે.

આ પૂર્વ પ્રાથમિક શાળા ટેક્નોલોજીની સામગ્રીથી સુસજ્જ છે: સ્લાઈડો, ટેપરેકર્ડરો, ફિલ્મ કેમેરાઓ, પ્રોજેકટરો, ફિલ્મોના પટ્ટાઓવાળી લાયબ્રેરીઓ, રેકર્ડીંગો

Scanned with OKEN Scanner

અને ક્લોઝડ સરકીટ, ટેલિવીઝન, રેડિયો, ઈલેક્ટ્રોનિક બોર્ડ છે જેના ઉપર અક્ષરો અને સંગીતના સૂરો અભ્યાસની બેઠકોમાં ચમકાવવામાં આવે છે. વિશિષ્ટ રંગો તથા ધ્વનિ અસરોનો ઉપયોગ કરવા માટેની તરકીબો ઉજવણીનાં દૃશ્યો દરમ્યાન ખપમાં લેવામાં આવે છે.

વર્ગોમાં જ્યાં રીતસરનાં અભ્યાસ વર્ગો જૂનામાં જૂના કિન્ડરગાર્ટન વિદ્યાર્થીઓ માટે ચાલતાં હોય છે ત્યાં વાચન તથા ઉચ્ચારણો તથા સંગીતનાં મુદ્રણોનું પ્રાથમિક જ્ઞાન અપાતું હોય છે. આ બધું ઈલેક્ટ્રોનિક બોર્ડની મદદથી શીખવવામાં આવતું હોય છે. દરેક બાળક પાસે એના ટેબલ પર આવી તરકીબ પડેલી હોય છે. નાના ટ્રાન્ઝીસ્ટરના કદનું એ હોય છે, અને અક્ષરોને બોર્ડ પરના અક્ષરો, ધ્વનિઓ, વગેરે પર જ્યારે કહેવામાં આવે છે ત્યારે એનો ઉપયોગ તે કરે છે કે જેથી કરીને સ્વરમુક્ત વર્ણને ઓળખી કાઢી શકાય અને શબ્દ સંખ્યાઓ, સંગીતના વાક્યો, વગેરે રચી શકાય. શિક્ષિકા એનો બીજી રીતે ઉપયોગ કરે છે. આવી તરકીબોવાળો અખતરો એવું પુરવાર કરી શકયો છે કે આમાં વિદ્યાર્થીનું ધ્યાન ૧૦ થી ૧૫ મિનિટથી વધારે લાંબું રોકી શકાય છે. આ તરકીબ વિના માત્ર ૭ થી ૮ મિનિટ જ રોકી શકાય છે. વધુમાં, અમુક પીરિયડમાં આપેલા પાઠનું જ્ઞાન બાળકો વધારે સારી રીતે પચાવી શકે છે અને વધારે સમય સુધી તે જીરવી શકે છે. આ ટેક્નોલોજી સાવચેતીપૂર્વક સાથે વાપરવામાં આવતી હોય છે કે જેથી કરીને બાળકને આમાં નુકસાન કરતાં લાભ વધારે થાય અને શિક્ષક સાથેનો સંપર્ક તે ખોઈ બેસતું નથી. શિક્ષક તો હંમેશાં હાજર જ રહે છે અને બાળકો સાથે આદાન-પ્રદાન કર્યા કરે છે.

આ પૂર્વ પ્રાથમિક શાળામાંથી પાસ થયેલા બાળકો સામાન્ય શાળામાં જાય છે. આ સામાન્ય શાળા પણ શિક્ષણની ટેકનોલોજીથી સુસજ્જ પ્રાયોગિક શાળા જ હોય છે. આમ હોઈ આ પૂર્વ પ્રાથમિક શાળાના ૮૦ ટકા બાળક અને બાલિકાઓ પાછળથી આ પ્રાયોગિક શાળામાં નમૂનેદાર કક્ષાઓ પ્રાપ્ત કરે છે.

સંગીત, કલા અને વિધિપૂર્વકનું શિક્ષણ ખાસ કરીને તો તાલીમ પામેલા શિક્ષકો દ્વારા આપવામાં આવતું હોય છે. આ પૂર્વ પ્રાથમિક શાળા તેના પપેટ અને છાયા દૃશ્યો માટે વિખ્યાત છે. વાલીઓની મદદ એમાં લેવાય છે. સામાન્ય રીતે તો આવી શાળા અનેક રીતે અસામાન્ય હોય છે કારણ કે એમાં વાલીઓને

Scanned with OKEN Scanner

પણ સામેલ કરવામાં આવે છે કે જેથી કરીને શાળાનાં કાર્યક્રમોને માતબર બનાવવામાં આવતા હોય છે અને ટેકનોલોજીની સાથે કામ લેવામાં આવે છે અને બાળકો સમક્ષ એને ભજવી બનાવવામાં આવે છે. વાલીઓની આવા પ્રકારની ભાગીદારી જે પૂર્વ પ્રાથમિક શાળામાં ઉપયોગમાં લેવાતી હોય છે તેનાથી ઘર અને કિન્ડરગાર્ટન વચ્ચે વિધાયક સાંકળ ઊભી કરવામાં આવે છે અને આમાં દરેક બાળકના લાભમાં અભિવૃદ્ધિ થતી હોય છે.

બાળકોની નોંધણી ચૂસ્ત રીતે પ્રાદેશિકા, વસવાટી, પાયા ઉપર થતી હોય છે. તમામ પ્રાથમિક શાળાની જેમ ભણતરનું કામ તો લઘુતમ જ હોય છે.

શાળા અને શૈક્ષણિક કાર્યક્રમની આંતરિક સુવિધાઓ છાપ પાડે તેવી હોય છે કારણ કે એમાં ટેકનોલોજીના સાથનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. મને તો આ સુવિધાઓની ભૂમિકા તથા એનો ઉપયોગ મેની શરૂઆતથી ઓકટોબરના અંત સુધી વધારે નોંધપાત્ર લાગ્યો છે. શાળાની મોટા ભાગની પ્રવૃત્તિઓ અને ખુદ વર્ગો બહાર ખુલ્લામાં ચલાવવામાં આવે છે. એની આસપાસ મેદાનો, ત્રણ માળવાળા મકાનો અને પુષ્કળ પ્રમાણમાં કુદરતી દશ્યો વગેરે હોય છે, ઝાડની ઘટાઓવાળા વિસ્તારો અને ખુલ્લી જગ્યા હોય છે.

અહીં ફરસ બાંધીવાળો વિસ્તાર પણ હોય છે અને તે બનાવટી શહેર યા ટ્રાફિક ગલીઓનું પ્રતિનિધિત્વ કરે છે. આ બધું ટ્રાફિકના નિયમોને આધારે તૈયાર કરવામાં આવતું હોય છે. બાળકો પોતાની રમકડાની ગાડીઓમાં અહીં આમ તેમ ધૂમે છે : બાઈસીકલો, બસો, ટ્રકો વગેરે બધા જ ટ્રાફિક લાઈટોને આધીન રહે છે, તેમ દિશાસૂચક સંકેતોને પણ તેઓ માન આપે છે. તેઓ આ રીતે ટ્રાફિક સલામતી વિશેનું જ્ઞાન પ્રાપ્ત કરે છે અને રાહદારીઓએ કેવી સંભાળ લેવી જોઈએ તેનું જ્ઞાન તેઓ પ્રાપ્ત કરે છે. શહેરનાં ભૂલકાઓ માટે આ બધું ખૂબ જ જરૂરનું છે અને આ શિક્ષણ બહુ વહેલું આરંભ થયેલું ન કહેવાય.

પરીકથા વિભાગમાં (Fairy-Tale Lane) મનુષ્ય અને પ્રાણીઓના પાત્રોનાં લઘુક પૂતળાં રાખવામાં આવ્યા હોય છે. તેઓની વાર્તાઓના વાતાવરણમાં એ મૂકવામાં આવ્યા હોય છે. આ ગલીને નાકે એક નાનું અર્ધ વર્તુળાકાર થિયેટર હોય છે. અહીં બાળકો વાર્તાકથન સાંભળે છે અને દશ્યો ભજવી બતાવે છે તથા નિહાળે છે. આકર્ષક હાથીના રૂપમાં ત્રિસ્તરીય સ્લાઈડો હોય છે. એક

Scanned with OKEN Scanner

પાણીનો ઝરો હોય છે જે ઉનાળામાં ઝાપટાનો દેખાવ ઊભો કરતો હોય છે. ડૉ. હર્ટનું (Ouch-it-Hurts) દવાખાનું (Clinic) છે. અહીં ભૂલકાઓ પોતાના બીમાર ઢીંગલીઓને અને બીમાર પાળેલાં જાનવરોને લાવે છે. એક નાનકડું અનાજનું ખેતર હોય છે, જેનું વાવેતર કરવામાં આવે છે અને ભૂલકાઓ માવજત કરતાં હોય છે. રોટી એ જીવનનો ખોરાક હોઈ એ રીતે તેના પ્રત્યે સાવચેતીપૂર્વક વલણ વિકસાવવામાં આવતું હોય છે. એક લઘુક બેકરી પણ હોય છે. એવી જ રીતે બાળકોનો એક ભવ્ય રેલ્વે રોડ હોય છે, એના ડબ્બાઓ એટલા મોટા હોય છે કે જેમાં કેટલાય બધા રઘવાટિયા ઊતારુઓને બેસાડવામાં આવે છે અને એમાં એન્જીન પણ હોય છે; નસીબદાર ઈજનેર એ ચલાવે છે. રમતો માટે અને કસરતો માટેનું મેદાન પણ હોય છે. વળી રેલ્વે માર્ગે ત્રણ સ્ટેશનો પણ હોય છે.

અને જ્યારે ઠંડી ઋતુ આવે છે અને બાળકો બહાર રમતો માણી શકતા નથી ત્યારે અંદરના ભાગમાં શિયાળુ બાગ પણ હોય છે અને બહારના વાતાવરણના વિસ્તરણ માટે ધાબા પરનાં હોલ તથા છતો પર ઊભય બાજુએ સાંકડી બનાવટી ઘાસની લોનો પણ હોય છે અને નૈસર્ગિક ખૂણાઓ હોય છે જેમાં સાચા છોડવા પણ હોય છે.

આપણા ઉપર એવી છાપ પડે છે કે ૧૫૯ નંબરની પૂર્વ પ્રાથમિક શાળામાં એવી સતત પ્રક્રિયા ચાલુ જ રહ્યા કરતી હોય છે કે જેમાં સુધારા વધારા થયા જ કરે છે અને વધુ ને વધુ ઊંચી એષણાઓ એમાં રહેતી હોય છે કે પૂર્વ પ્રાથમિક શાળાના ઉછેરના સીમાડાઓ વિસ્તારતા જ જવામાં આવે છે. એ એક સુયોગ્ય વસ્તુ છે કે આ આલ્હાદક યાસ્લી-સાદને આરારાત પહાડની પછીતનાં શિખરો છે. આ શાળા નમૂનેદારપણાના શિખરો સર કરવાનાં પ્રયત્નો કરી રહેલ છે.

Little Stare (Zirochka)
નાનો તારો (ઝિરોચકા)
ખાતેના મોટા કાર્યો

માર્ચની ૧લી તારીખની ઠંડી ઢળતી સાંજે મને કીવથી બહાર ૩૦ માઈલ દૂર હંકારી લઈ જવામાં આવી હતી, અને હું Kalita (posyolock)

(કેટલાય ગ્રામ્ય-સમૂહોનું એક સ્ટેટ-ફાર્મ) ખાતેની પીગ ફેક્ટરી પરની પૂર્વ પ્રાથમિક શાળાની મુલાકાતે ગઈ હતી. અહીંનો ભીષણ ઈતિહાસ યાદ આવે તેવો છે, અમે જેમ જેમ આ વિસ્તારમાં હંકારતા ગયા તેમ તેમ ને યાદ આવ્યા કરતો હતો. નાઝીઓ સાથેના યુદ્ધ પહેલાં એમાં ૧૫૦૦ ઝૂંપડા હતા, એમાંથી માત્ર ૨૦૦ જ રહેવા પામ્યા હતા, જર્મનોએ બાકીના બાળી નાંખ્યા હતા. તેઓએ ૧૯૪૧ના નવેમ્બરમાં આ વિસ્તારનો કબજો લીધો હતો અને આ ભૂમિને ખેદાન-મેદાન કરીને ત્રણ વરસ સુધી તેઓ અહીં રહ્યા હતા. અહીંની પ્રજાની પ્રત્યે ખૂની "ઘાતકીપણું" દાખવવામાં આવ્યું હતું. મારા સાથીદારોએ મને જણાવ્યું હતું કે ખેતરોનો આ અગાધ વિસ્તાર સોવિયેત સંઘ માટે અન્નનો સારો એવો ભાગ ઉત્પન્ન કરી રહેલ છે. તેઓ એના પાકનું વર્ણન કરતા હતા અને સૂર્ય વાદળમાંથી બહાર આવતો ગયો, અને અમે "Zirochka" યાસ્લી-સાદ પર આવી પહોંચ્યા ત્યારે તે આશીર્વાદના પ્રકાશ અને હૂંફમાં । જાણે બહાર આવ્યું હોય એમ લાગતું હતું.

સ્ટેટ ફાર્મના ડિરેક્ટર તથા જિલ્લા શાળાના સુપરીન્ટેન્ડન્ટ મને મળ્યા. "ઝીરોચકા"ના ડિરેક્ટર પણ તુરત જ અમારી મંડળીના સ્વાગતમાં જોડાયા. અમે ઓરડામાંથી પસાર થયા એટલે બાળકોએ જુસ્સાભેર "શાંતિ અને મિત્રતા"ના પોકારો કર્યા. તેઓને કહેવામાં આવ્યું હતું કે અમેરિકામાંથી એક આન્ટી આપણા મહેમાન તરીકે આજે સવારે આવ્યા છે. મારા મગજમાંથી એક એવો વિચાર ઝબકી ગયો, તે આ નાનાં શાંતિ પ્રેમી બાળકોના દાદા-દાદીઓ આ યુદ્ધમાં નાશ પામેલા હોવા જોઈએ કે જેથી કરીને તેઓ જીવનમાં આનંદ વ્યક્ત કરે અને પોતે પોતાના સુંદર દેશમાં મોટા થઈ શકે.

આ સ્ટેટ ફાર્મમાં ૩૧૦૦ની વસતી છે. એમાં બે પૂર્વ પ્રાથમિક શાળાઓ છે અને એમાં કુલ ૮૩૦ બાળકો છે. આ ખેતરમાં કામ કરનારાઓના કુટુંબના જ આ બધા બાળકો છે. "little Star"માં ૨૮૦ ભૂલકાઓ છે. એની પાસે એનું પોતાનું મકાન છે, વિશાળ ઓરડાઓ, અફલાતૂન વિશુદ્ધ સરંજામ છે. સ્ટાન્ડર્ડ કાર્યક્રમને તે અનુસરે છે અને એવું કરવા માટે એની પાસે બધી જ સુવિધાઓ છે. બાળકના જન્મ પછીથી ફાર્મ પરની શ્રમિક માતા શહેરી શ્રમિક માતાની જેવા જ બધા જ વિશિષ્ટાધિકારો ભોગવે છે. સોવખોઝને "કોમ્બીનાત" કહેવામાં આવે છે પોતાના ઢોરો માટેનો બધો ચારો તે પોતે જ પેદા કરે છે, તેમ માનવ વસતીને માટે અનાજ, ખોરાક, શાકભાજી વગેરે પણ પેદા કરે છે. જો કે એમાં પુષ્કળ

યાંત્રીકરણ થયું છે છતાં એના વૃદ્ધિદરને વધુ ને વધુ પ્રમાણમાં માનવીય શ્રમની જરૂરિયાત રહ્યા જ કરે છે, એની વિક્રમયુક્ત ઉત્પાદકતા માટે આ જરૂરિયાત રહે છે. નાનાં બાળકોની મોટા ભાગની માતાઓ બાળ જન્મ પછી એક વરસમાં કામે ચઢી જાય છે અગર તો આથીયે પહેલી કામ પર ચઢી જતી હોય છે. આમાંની પસંદગી તેઓએ જ કરવાની હોય છે.

ફાર્મની સામાન્ય શાળા અને "litte star"ની પૂર્વ પ્રાથમિક શાળા વચ્ચે ગાઢ સાંકળ હોય છે. યંગ પાયોનિયરો ઘણીવાર બાળકો સાથે રમવા આવતા હોય છે, તેઓ માટે નાટકો કરે છે તેઓ માટે બનાવેલા રમકડાં લાવે છે. તેઓમાં એવી લાગણી ઊભી કરવામાં આવતી હોય છે કે જેમાં શિક્ષકો અને શિક્ષિકાઓ સહભાગીદાર હોય છે. આ નાનકડા નાગરિકોને ઊછેરવાનું મહત્ત્વનું કાર્ય અને એ પ્રક્રિયામાં તેઓને સુખી કરવાનું કાર્ય તેઓ બજાવ્યા કરતાં હોય છે.

little star શાળાના પ્રથમ ઘંટની રજા સપ્ટેમ્બરની ૧લી તારીખે પાળે છે, તે વખતે સામાન્ય શાળાનું સત્ર શરૂ થતું હોય છે. કિન્ડરગાર્ટન શાળાઓનાં શાળાના સૌથી મોટાં બાળકોને આ મકાનમાં લાવવામાં આવે છે. અહીં તેઓ નિરીક્ષણ કરે છે. અને પ્રથમ ગ્રેડમાં આવનારાઓથી મુગ્ધ થાય છે. તેઓ આ ઊમંગીલા બાળક–બાળાઓને જુએ છે, હાથમાં ફૂલની કલગી લઈને તેઓ જતા હોય છે અને પોતાની શાળાના ગણવેશમાં તેઓ સજ્જ હોય છે, ઝાંપા પાસે જ શાળાના ડિરેક્ટર તથા શિક્ષકો તેમનું સ્વાગત કરતાં હોય છે. દરેક નવા બાળકને ૧૦મા ધોરણની હરોળમાં લઈ જવામાં આવે છે અને એક સરઘસ કાઢવામાં આવે છે, એમાં એક ૧૦મા ધોરણનો અને એક નવો વિદ્યાર્થી એક સાથમાં હાથમાં હાથ મીલાવી કૂચ કરે છે અને મકાન ભણી જાય છે. તેઓ મોટા વિદ્યાર્થીઓને પુષ્પો અર્પણ કરે છે અને મોટા વિદ્યાર્થીઓ પહેલા ધોરણના શિક્ષકને ફૂલો આપે છે. કિન્ડરગાર્ટનીઆઓ પહેલા ધોરણના ઓરડાની બારીમાંથી આ બધાનું નિરીક્ષણ કરે છે અને બીજા ધોરણવાળાઓ નવા આગંતુકોને બાળપોથીઓ અર્પણ કરે છે તે જુએ છે. આ બધાનો ઉદ્દેશ તો એ હોય છે કે જૂના કિન્ડરગાર્ટનીઆઓને સફળતાથી પાસ થવા માટે સાચી શાળામાં જવાનું તેઓ શરૂ કરે એ માટે તેઓને ઉત્સુક બનાવવામાં આવતા હોય છે.

સોવિયેત પ્રાથમિક શાળાની દુનિયા સાથેની મારી નોંધપાત્ર ઓળખાણ બાદ મૈત્રી-કુટુંબમાં એક ખાસ સૂચકતાપૂર્વક મેં નીચેનું દશ્ય નિહાળ્યું.

આગ્રહી કિન્ડરગાર્ટનીઆએ પોતાની મોટી બેનને એવી વિનવણી કર્યા જ કરી કે એને નવી બોલપેન વાપરવાની છૂટ આપો, તેણીએ ના પાડી પણ બાળકોએ તો હઠ લીધી, છેવટે તેણીએ એને જણાવ્યું કે એવીને એવી જ હાલતમાં પાંચ જ મિનિટમાં મને પાછી સોંપી દે તો જ એ તને આપું.

"હું પાયોનિયર વચન આપું છું," તેણે કહ્યું, આ કંઈક અકાલીન પરિપકવતા હતી.

"ના એ ના ચાલે, તારામાં હજી પાયોનિયરપણું આવ્યું નથી."

"ભલે, હું Oktyabryataનાં સોગંદ પર વચન આપું છું." (Octyabryata –૭ થી ૯ વર્ષના બાળકોની સંસ્થા છે અને તે ઑક્ટોબર ક્રાંતિના સ્મરણાર્થે ઊભી થયેલી છે.)

એ બહેનને તોયે સંતોષ ન થયો, "તું હજી સાત વરસનો થયો નથી કે જેથી કરીને તું એનો સભ્ય બની શકે."

"વારુ, તો હું કિન્ડરગાર્ટનીબાના નામથી વચન આપું છું."

તેણીએ એ પેન એને પાંચ મિનિટ માટે આપી. દેખીતી રીતે જ આ કિન્ડરગાર્ટનીઆના દરજ્જાનો તે દેખીતી રીતે જ વાંધો કાઢી શકે તેમ ન હતું. આમ સુસંવાદિતાપૂર્વક એનો વિકાસ થયો હતો. આ નાનું બચ્ચું પોતાના શબ્દનું પાલન કરી શકે તેમ હતું અને એ રીતે એ કેળવાયું હતું કે તેણે પોતાના વચનનું પાલન કર્યું જ.

Scanned with OKEN Scanner

૪ કરોડ ૪૦ લાખ માટેની શાળા

"આપણા બાળકોના સુસંવાદી વિકાસ"ના પવિત્ર શબ્દો સાંભળ્યા વિના તમે સોવિયેત શૈક્ષણિક ક્ષેત્રમાં બહુ આગળ વધી શકતા નથી. તમે ઈચ્છતા હો કે નહિ કારણ કે તમને તુરત જ ખબર પડી જશે કે આ કોઈ ગોખી રાખેલી શબ્દાળુતા નથી. આ એક એવો ખાસ ખ્યાલ છે જે શૈક્ષણિક પદ્ધતિને ઈપ્સિતાર્થ કિનારા સુધી માર્ગદર્શન આપતી દીવાદાંડી તરીકે કામ કરે છે, તેમ તમે શાળા પદ્ધતિ વિશે બેસુમાર સૈદ્ધાંતિક અને કાર્યક્રમાત્મક સામગ્રીમાં બહુ ચંચુપાત કરી શકતા નથી અથવા કેળવણી (Obrazovanie), શિક્ષણ (Obuchenic) અને ઉછેર (Vospitanie) જેવા શબ્દો વારંવાર આવ્યા વિના શૈક્ષણિક સત્તાવાળાઓ સાથે વાત પણ કરી શકતા નથી. એકંદર ધ્યેયના ભાગ તરીકે બાળકનો સુસંવાદી વિકાસ માટે આ ત્રિપુટ અલગ રીતે કામ કરે છે, તેમ સામગ્રીમાં ઓતપ્રોત થઈ જાય છે.

કેટલાક સોવિયેત પ્રજાસત્તાકોમાં ૧૦ વરસ કે ૧૧ વરસની સર્વસામાન્ય શાળા આ ત્રણે ચાવીરૂપ બાજુઓ પ્રત્યેક સોવિયેત બાળકના શિક્ષણને માટે મોટે ભાગે જવાબદાર છે. ૫ કરોડ, ૨૮ લાખ સોવિયેત શાળાના બાળકોમાંથી ૭ થી ૧૭ વરસની ઉંમરના ૪ કરોડ, ૪૨ લાખ બાળકોએ ૧૯૮૦માં આ પ્રકારની શાળામાં હાજરી આપી છે. આ એક અતિશય મહત્ત્વની સંસ્થા છે અને તે સાર્વત્રિક શિક્ષણની ફરજિયાત યોજના હેઠળ કામ કરે છે. આવી કે એના સમોવડી શૈક્ષણિક સંસ્થામાંથી બાળકે પસાર થવું જ પડે. સોવિયેત સંઘ જે વિશ્વભરમાં સૌથી વધુ શાળાયુક્ત રાષ્ટ્ર છે તેમાંની આ બુનિયાદ છે અને એને લઈને જ સોવિયેત સંઘ સૌથી વધુ શાળાયુક્ત રાષ્ટ્ર બની શક્યું છે અને સૌથી વધુમાં વધુ ભણેલાઓની સંખ્યા, પ્રબુદ્ધોની સંખ્યા અને નૈતિક સભાનતાવાળા બાળક-બાળિકાઓની સંખ્યા ત્યાં છે. શાળાને માત્ર જ્ઞાનમાં પાસ થવાના કે મનની તાલીમ તરીકે જ ગણવામાં આવતી નથી. બહુવિધ અને આંતર પ્રતિભાવાત્મક હેતુ તરીકે કામ કરવાનો પણ

Scanned with OKEN Scanner

એનો મનોરથ હોય છે; અને તે શ્રમની નીતિશાસ્ત્રની ભાવનાને પોષે છે; સારા નાગરિકો વિકસાવવા અને કલા માટે રસવૃત્તિનું ઉદ્દીપન કરવું, એવા લોકો બહાર પાડવા જે સમાજવાદી પદ્ધતિને ચલાવવામાં મદદરૂપ થવાની બાબતને વરેલા હોય. માતૃભૂમિ માટેનો બુદ્ધિગમ્ય પ્રેમ પોષવો અને આમરણાંત એનું રક્ષણ કરવાની તત્પરતાનું એમાં સિંચન કરવામાં આવે છે. તમામ સોવિયેત જાતિઓ, રાષ્ટ્રીયતાઓના સભ્યોનો સમાન તરીકે સ્વીકાર કરવો અને આંતરરાષ્ટ્રીયતાનો પુરસ્કાર કરવો અને રાષ્ટ્રો-રાષ્ટ્રો વચ્ચે શાંતિની તથા મિત્રતાની ભાવનાને સક્રિયતાથી આગળ વધારવી.

એવી બે શરતો છે જે સામાન્ય સ્કૂલની સુસંગત અને દેશવ્યાપી અસરકારકતાની બાંયેધરી આપે છે. પહેલી, સોવિયેત બંધારણ મફત સાર્વજનિક ફરજિયાત માધ્યમિક શિક્ષણ પૂરું પાડવાની બાંયેધરી પૂરી પાડે છે. બીજી, સાર્વત્રિકતા સમાવિષ્ટતામાં મૂર્ત થાય છે એટલું જ નહિ પણ સમગ્ર દેશમાં અભ્યાસક્રમની એકવાક્યતામાંયે મૂર્ત થાય છે. એનો અર્થ એ થયો કે માત્ર રશિયન ફેડરેશનમાં જ નહિ (અહીં રાષ્ટ્રીય જૂથોની બહુવિધતા હોય છે) પણ રાષ્ટ્રીય પ્રજાસત્તાક, સ્વાયત્ત પ્રજાસત્તાક, જાતીય પ્રદેશો સમેત જેમાં શહેર, કસબા, ગામડાના ભેદભાવો વિના આને હલ કરવામાં આવે છે. સોવિયેત સંઘના કેળવણી પ્રધાન મિખાઇલ પ્રોકોફિએવે આ સાર્વત્રિકતા અને એકવાક્યતા ઉપર ચર્ચા કરતાં જણાવ્યું છે કે :

"જાહેર શિક્ષણ પરત્વેની પ્રગતિશીલ લોકશાહી વિચારસરણીની પ્રણાલિકા અને સોવિયેત શૈક્ષણિક સિદ્ધાંત અને વ્યવહાર સિદ્ધિઓએ સંયુક્ત થઈને સોવિયેત સંઘમાં એક અખંડિતતામાં સાકારતા બતાવી છે અને નાની પેઢીની કેળવણી તથા ઉછેર માટે સુસંગત પદ્ધતિમાં એણે મૂર્તતા હાંસિલ કરી છે.

૧૦ હજાર પદાર્થ પાઠ

આટલા સંક્ષિપ્ત વિધાનને મનમાં રાખીને આપણે સામાન્ય સ્કૂલના અભ્યાસક્રમ પર નજર નાંખીએ. શાળાઓ અઠવાડિયામાં છ દિવસ વર્ગો ચલાવે છે જેમાં ચાર પ્રાથમિક ધોરણોમાં પાંચથી છ સુધીની ઉંમરના બાળકો માટે દરરોજ ચાર અભ્યાસના કલાકો હોય છે. અને ઉચ્ચતર ધોરણોમાં પાંચથી છ કલાકો હોય છે.

Scanned with OKEN Scanner

શાળાના બાળકોને ૧૦ વરસ સુધીની શાળાનો ક્રમ પૂરો કર્યા પછી ૧૦ હજાર પદાર્થપાઠો મળતાં હોય છે અને જેટલીવાર કહેવામાં આવે તેટલીવાર બાળકે તૈયાર રહેવું પડે છે. નીચેના કોઠામાં દરેક ૧૦ ધોરણવાળી શાળામાં કેવી રીતે વિષયો તૈયાર કરવામાં આવે છે તે બતાવવામાં આવ્યું છે.

વિષય	ધોરણોમાં શૈક્ષણિક કલાકોની સંખ્યા (સામાહિક)									
	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
માતૃભાષા	૧૨	૧૦	૧૦	૬	૬	૩	૩	૨	૧	—
સાહિત્ય	—	—	—	૨	૨	૨	૨	૩	૪	૩
ગણિતશાસ્ત્ર	૬	૬	૬	૬	૬	૬	૬	૬	૫	૫
ઈતિહાસ	—	—	—	૨	૨	૨	૨	૩	૪	૩
સમાજ વિજ્ઞાન	—	—	—	—	—	—	—	—	—	૨
નિસર્ગ અભ્યાસ	—	૨	૨	૨	—	—	—	—	—	—
ભૂગોળ	—	—	—	—	૨	૩	૨	૨	૨	—
જીવશાસ્ત્ર	—	—	—	—	૨	૨	૨	૨	૧	૨
ભૌતિકશાસ્ત્ર	—	—	—	—	—	૨	૨	૩	૪	૫
ખગોળશાસ્ત્ર	—	—	—	—	—	—	—	—	—	૧
ડ્રાફ્ટમેનશીપ	—	—	—	—	—	૧	૧	૧	—	—
વિદેશીભાષા	—	—	—	—	૪	૩	૩	૨	૨	૨
રસાયણશાસ્ત્ર	—	—	—	—	—	—	૨	૨	૩	૨
લલિતકલા	૧	૧	૧	૧	૧	૧	—	—	—	—
ગીત સંગીત	૧	૧	૧	૧	૧	૧	૧	—	—	—
શારીરિક શિક્ષણ	૨	૨	૨	૨	૨	૨	૨	૨	૨	૨
વ્યવસાયી શિક્ષણ	૨	થ	૨	૨	૨	૨	૨	૨	૨	૨
જરૂરી કુલ શૈક્ષણિક કલાકો	૨૪	૨૪	૨૪	૨૪	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦
વૈકલ્પિક શૈક્ષણિક કલાકો	—	—	—	—	—	—	૨	૪	૬	૬
કુલ	૨૪	૨૪	૨૪	૨૪	૩૦	૩૦	૩૨	૩૪	૩૬	૩૬

Scanned with OKEN Scanner

આપણે આ કોઠા પરથી જોઈ શકીએ છીએ કે દરેક બાળકને એની માતૃભાષામાં કેવી ગંભીરતાપૂર્વક શિક્ષણ આપવામાં આવ્યું છે. આમાં ભાષા, સાહિત્ય વિજ્ઞાન, ઈતિહાસ ભૂગોળ, લલિતકલાઓ વગેરેનો સમાવેશ થાય છે, સાથે સાથે ઉપયોગી શ્રમ, શારીરિક કેળવણી, પણ આવી જાય છે. શિક્ષણ વિભાગીય (Departmentalized) હોય છે, એટલે કે વિશિષ્ટ રીતે કેળવાયેલા શિક્ષકો દરેક વિષયનું શિક્ષણ આપતા હોય છે, અને તે ચોથા ધોરણથી થતું હોય છે. વધુમાં, (આ બાબત કોઠામાં બતાવવામાં આવી નથી) વધુ ને વધુ શાળાઓ વૈકલ્પિક વિષયો (પસંદગીના) શીખવે છે અને એનો અભ્યાસક્રમ અસંખ્ય વિષયનો હોય છે. અમુક વિષયો શાળાની વસતીના હિતો કે રસવૃત્તિ અનુસારનાં હોય છે. આ હેતુ માટે અઠવાડિયાના ૩૬ કલાક ઉપરાંત બે વધારાના કલાકોનો ઉમેરો કરવામાં આવે છે: ભૂસ્તરશાસ્ત્ર, પદાર્થ વિજ્ઞાન, ઈતિહાસ, કલા, દર્શન, મોટરકાર, એન્જિનિયરીંગ અને એવા બીજા વિષયોમાં આ વૈકલ્પિકતા હોય છે. વિષયોનું સંગઠન વડા શિક્ષક કરે છે, પણ ઘણીવાર વિશેષજ્ઞો અને અતિથિ વ્યાખ્યાતાઓ શીખવતા હોય છે.

જ્યારે ફરજિયાત શાળાની હાજરીને ૧૦ વર્ષ સુધી લંબાવવામાં આવી (૧૯૭૬માં) ત્યારે અભ્યાસક્રમમાં ધરમૂળનો સુધારો કરવામાં આવ્યો હતો કે જેથી કરીને એને અગાઉની દુનિયાની વાસ્તવિકતાની નજીક લાવી શકાય, દા.ત. ગણિતશાસ્ત્રમાં હવે કલન ગણિત, યામ-ભૂમિતિ, અને કોમ્પ્યુટીંગ ટેકનિકનો સમાવેશ થાય છે; જે નિસર્ગ વિજ્ઞાન,ઈજનેરી જેવા આધુનિક અભ્યાસ માટે જરૂરી છે. અભ્યાસક્રમને સૌથી વધુ પ્રાણભૂત આવડતો તથા વ્યવસાયો સાથે સાંકળવાથી વિદ્યાર્થીઓને ભણવા માટે પ્રોત્સાહન રહે છે કારણ કે એનાથી એને પોતાના ભાવિ માટેની સલામતીની ભાવના પૂરી પડી રહે છે.

વર્તમાન પર પ્રકાશ પાડવા
ભૂતકાળમાં પ્રવેશ

દરેક સાત ધોરણમાં, એટલે કે, જ્યાથી ૧૦મા ધોરણ સુધી બાળકને ઈતિહાસ શીખવવામાં આવે છે. બીજા દેશોમાં શહેર સ્કૂલ પદ્ધતિમાં છે તેની સર-

Scanned with OKEN Scanner

ખામણીમાં આ અસામાન્ય કહેવાય. આ વિષયને બુનિયાદી ગણવામાં આવે છે કારણ કે એમાં ખુદ માનવજાતની આત્મરક્ષા હોઈ એને બોધપ્રદ ગણવામાં આવે છે. એનાથી વર્તમાન તથા ભવિષ્ય ઉપર પ્રકાશ પડે છે. તે સામાજિક અભ્યાસનું હાર્દ છે.

દરેક ધોરણમાં જુદા જુદા ઐતિહાસિક સમય ગાળાઓ ભણાવવામાં આવે છે, એમાં એનાં પાઠય પુસ્તકનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હોય છે. સાત વરસના ગાળા દરમ્યાન બાળક સમગ્ર માનવ ઈતિહાસનો અભ્યાસ કરી લે છે: આદિ-સમયથી માંડીને પુરાણા ગ્રીસ, રોમ, ચીન, છેક મધ્યયુગ ભણી પ્રબોધ કાળ, આધુનિક યુગ અને સમકાલીન સમય ગાળો. આ અસાધારણ ક્ષેત્રથી મારી ઉપર બહુ જ અસર થવા પામી હતી અને કેટલાક પાઠય પુસ્તકો મેં મેળવ્યા કે જેથી કરીને એમાંનો સંભાર હું તપાસી શકું.

બે ભાગવાળું પાઠય પુસ્તક: "ધ હિસ્ટરી ઓફ ધ યુએસએસઆર" અને "ધ મોસ્ટ રિસન્ટ હિસ્ટરી," જે ૧૯૭૯માં પ્રસિદ્ધ કરાયું છે, તે ૧૦મા ધોરણ માટે પ્રકટ થયેલ છે, એમાં ૧૯૩૮ થી ૧૯૭૮ના સમયગાળાને આવરી લેવામાં આવેલો છે, બધા ખંડોમાંના દેશોને અસર કરનારા બનાવોનો એમાં સમાવેશ થાય છે. ચાર ચાર નાજુક કટોકટીભર્યા દાયકાના બનાવો એમાં છે. બીજા ભાગમાં — ધ મોસ્ટ રિસન્ટ હિસ્ટરી" — બીજા વિશ્વ યુદ્ધને આવરી લેવામાં આવ્યું છે, સાથે સાથે વિશ્વ સમાજવાદી પદ્ધતિનો આરંભ અને વિકાસ; બીજા યુદ્ધ પછીથી મોટા મૂડીવાદી દેશો; એશિયા અને આફ્રિકાના દેશોના મુક્તિ જંગનું ઘનિષ્ઠીકરણ અને સાંસ્થાનિક પદ્ધતિનો નાશ; દક્ષિણ અમેરિકાના રાષ્ટ્રોનો શાહીવાદ-વિરોધી જંગ; બીજા વિશ્વ યુદ્ધ પછીના આંતરરાષ્ટ્રીય સંબંધો; શાંતિ આંદોલન; આંતરરાષ્ટ્રીય કોમ્યુનિસ્ટ અને કામદાર આંદોલન વગેરેનો એમાં સમાવેશ કરવામાં આવેલ છે.

જુદી જુદી વયના બાળકો સાથેની મારી વાતચીતો દરમ્યાન ભૂતકાળ અને અને ચાલુ બનાવોના તેઓનાં જ્ઞાનથી મારી ઉપર સારી છાપ પડી હતી. તેઓએ જ્યારે લોક લડતોનું વર્ણન કરવા માંડયું ત્યારે પીડિત લોકો પ્રત્યેની તેઓની સહાનુભૂતિ બહાર તરી આવતી હતી, તેઓ તેનાથી સારી પેઠે સુમાહિતગાર હતા અને ઉર્મિલ રીતે લાગણીશીલ હતા.

Scanned with OKEN Scanner

સાંસ્કૃતિક ક્રાંતિ-સોવિયેત ભાત

યુરી ગાગારીન, પહેલો અવકાશયાત્રી, એવું કહેતો હતો કે પોતાના ચક્રવર્તી ઉડ્ડયન માટે સમાજવાદ આધાર સ્તંભ હતો. તેમણે સોવિયેતની સામાન્ય ગ્રામ્ય શાળામાં કેળવણીનો આરંભ કર્યો હતો. તેઓ દેખીતી રીતે તો સામાન્ય પ્રકારના બાળક હતા અને સરેરાશ ખેડૂત કુટુંબમાં જન્મ્યા હતા. સમાજવાદ હેઠળ એવા શિક્ષણના લાભો મેળવ્યા જેનાથી છેવટે તેઓ પહેલા અવકાશયાત્રી તરીકે વિશ્વ વિક્રમનું માન ખાટી ગયા. પોતાના ઉડ્ડયનના મથકની વ્યાખ્યા આપતા તેમણે એવું ભારપૂર્વક જણાવ્યું હતું કે ક્રાંતિ પહેલા કામદાર કે ખેડૂતના બાળકને માટે શાળાની તકોનો અભાવ હતો.

ઝારના રશિયામાં ઓકટોબર ક્રાંતિને ટાંકણે પ્રજાનો ૪/૫ ભાગ તો સંપૂર્ણ રીતે નિરક્ષર હતો. બિન-રશિયન પ્રદેશોમાં માત્ર ૧ ટકો જ વસતી લખી વાંચી શકતી હતી; આ અલ્પ સંખ્યામાંયે સ્ત્રીઓ કે છોકરીઓ તો બિલકુલ જ નહોતી, ઘણી ઘણી રાષ્ટ્રીયતાઓ અને જૂથો પાસે તો પોતાની આગવી કોઈ લેખિત ભાષા પણ નહોતી. રશિયામાં શાળાની ઉંમરના તમામ બાળકોનો આશરે ૪/૫ ભાગ શાળાએ જતો જ નહોતો. મોટા ભાગના શિક્ષકો તેઓ ગમે તેટલું સારું ભણાવે તોયે બિન પગારી હતા અને તેઓમાંથી થોડાક જ તાલીમ પામેલા હતા.

મબલખ સાંસ્કૃતિક પ્રવૃત્તિ જે આજે સોવિયેત પ્રજાના શરીર-મનને પોષણ આપે છે અને બધી જાતિઓ અને રાષ્ટ્રીયતાઓના જુસ્સાને પુષ્ટિ આપે છે તે લેનિનના માનવતાવાદી વિચારોનું ફળ છે. ઓકટોબર ક્રાંતિ પછી સામાજિક ભૂમિમાં ઊથલો આવ્યો અને એમાં જે વાવેતર થયું તેનું એ ફળ છે. લેનિનની અનિવાર્ય સાંસ્કૃતિક ક્રાંતિના પ્રકાર વિશેની એ સમજ હતી. જે સોવિયેત પ્રાપ્ત કર્યા બાદ અનિવાર્ય રીતે તેનું આગમન થવાનું જ હતું. ઊંચી સાંસ્કૃતિક સપાટી તથા ઔદ્યોગિક વિકાસની ઊંચી સપાટી સફળ સમાજવાદી ક્રાંતિની પૂર્વશરતો છે એ ખ્યાલથી ઉલટી જ રીતે લેનિને એવું જણાવ્યું હતું કે :

> "સમાજવાદ રચના માટે સંસ્કૃતિની અમુક ચોક્કસ સપાટીની આવશ્યકતા હોય તો (જો કે એ ચોક્કસ સપાટી કોને કહેવાય તે તો આજે

Scanned with OKEN Scanner

કોઈ પણ માણસ કહી શકે તેમ નથી કારણ કે દરેક પશ્ચિમ–યુરોપીય દેશમાં એમાં ભિન્નતા રહેલી હોય છે) આપણે કામદારો અને કિસાનોની સરકારની મદદથી અને સોવિયેત પદ્ધતિથી બીજા દેશોને શા માટે આંબી શકીએ નહિ ?"*

લેનિન એવું માનતા હતા કે દેશની પછાત અવસ્થાનું મારણ કરનારી સાંસ્કૃતિક ક્રાંતિ છે, જેણે ચોક્કસ સ્વરૂપ ધારણ કરવું જોઈએ, તદનુસાર સાંસ્કૃતિક ક્રાંતિ રશિયાની અંદર અને બહાર અસ્તિત્વ ધરાવતી તમામ સંસ્કૃતિઓથી વિચલિત થવામાં રહેલી નથી. "માનવજાતે જે સંસ્કૃતિ સંચિત કરી છે તેનો સર્વથા અસ્વીકાર કરવાનું એમાં જણાવવામાં આવ્યું નથી." લેનિનની બાહ્ય દૃષ્ટિ તદ્દન વિરોધી દિશામાં જઈ પહોંચી. રશિયા પાસે કલા અને વિજ્ઞાનમાં ભારે કેળવાયેલા સ્ત્રી-પુરુષોનો એક સ્તર છે. તેઓએ એવું સર્જન પ્રદાન કર્યું છે જેની વિશ્વભરમાં પ્રશંસા થાય છે. પણ તો આમાં એક એવી ઊણપ રહી જવા પામી છે કે, અને તે, સંખ્યાની દૃષ્ટિએ ભણેલાઓનો નાનકડો વર્ગ અને અગાધ નિરક્ષર પ્રજા. આ બે વચ્ચેનું અંતર સૌથી વધારે શોચનીય હતું.

લાક્ષણિક પ્રતીતિ અને આશાવાદથી લેનિને એક યોજના આગળ ધરી હતી જે દેશના સાંસ્કૃતિક પરિવર્તન માટેની હતી, જેમાં નાનકડી કેળવાયેલી લઘુમતી તથા રાજસત્તા ધારણ કરનારાઓની જમાવટ કરીને તે હાંસલ કરવાનું હતું. તેઓ એમ માનતા હતા કે સાંસ્કૃતિક ક્રાંતિએ લોક સમુદાયના સ્વતંત્ર સાંસ્કૃતિક વિકાસને ઉદ્દીપન પૂરું પાડવું જોઈએ. આ ક્રાંતિએ લોક સમુદાયોને છીછરું જ્ઞાન પૂરું પાડવું જોઈએ નહિ, પણ તેઓને વિચાર કરવાની શક્તિ પૂરી પાડવી જોઈએ, વધુ પડતા સરલીકૃત બનાવટી સંસ્કૃતિથી નહિ પણ (જે તુરત જ સંસ્કૃતિ તરીકે મટી જતું હોય છે) એવા સાંસ્કૃતિક મૂલ્યો પૂરાં પાડવા જોઈએ કે જેનાથી મન અને હૈયું પુષ્ટિ પામે. આમાં એમની જાહેર શિક્ષણની આવેશયુક્ત હિમાયત નિષ્પન્ન થતી હતી અને આમાં સર્વોચ્ચ પાયા પરની તાલીમનોયે સમાવેશ થતો હતો. સંસ્કૃતિની શાળાનો સૈદ્ધાંતિક પાયો, જેમાં બધા જ બાળકોને આવરી લેવાના હતા તેમાં વિશાળ, સામાન્ય અને પોલિટેકનિકલ કેળવણી સામાજિક રીતે ઉપયોગી હતી, નૈતિક અને શારીરિક કેળવણી સાથે એને સંયોજિત કરવાની હતી.

---

* વી. આઈ. લેનિન, કલેક્ટેડ વર્ક્સ વૉ, ૪૫, પા. ૩૮૧.

હવે છ દાયકા અને થોડાં વધુ વર્ષો બાદ, જે તે વખતે તો લગભગ અશક્ય સ્વપ્નું જ લાગતું હતું તે, સમાજવાદી વાસ્તવિકતા બની ચૂકી છે. ૪ કરોડ ૪૨ લાખ બાળક-બાલિકાઓને આજની સામાન્ય સ્કૂલોનાં લાખો તાલીમ પામેલા શિક્ષકો દ્વારા ભણાવવામાં આવે છે જેઓને સારો પગાર આપવામાં આવે છે. આ શિક્ષકો એવા છે જેમનો વ્યવસાય ભારે આદરપાત્ર ગણાય છે. રાજ્ય તરફથી આવી શાળાઓમાંના પ્રત્યેક બાળક દીઠ આર્થિક ૧૮૦ રૂબલ ખર્ચવામાં આવે છે. અને પોલિટેકનિકલ કેળવણી અંગે તો એટલું જ કહેવું જોઈએ કે તમામ સોવિયેત શાળાઓનું આ એક વ્યાવર્તક લક્ષણ છે, શ્રમ-તાલીમ વર્ગોમાં આ જોવા મળે છે; અને તમામ ધોરણો માટે ફરજિયાત છે. બાળકો ક્રમિક ગતિએ અમુક એવી શ્રમ આવડતો પ્રાપ્ત કરે છે જે તેઓને પોતાના વેપાર કે વ્યવસાયની પસંદગીમાં સહાયભૂત થઈ શકે. શ્રમ-તાલીમ વર્ગો ઔપચારિક રીતે ચલાવવામાં આવે છે અને અમુક ઠરાવેલા કાર્યક્રમને તે અનુસરે છે. એ કાંઈ માત્ર વર્કશોપ પીરિયડો જ નથી, જેમાં બાળકો નાનકડાં પદાર્થો બક્ષિસો આપવા માટે બનાવતા હોય અથવા તો નાનકડા ગૃહ શણગાર માટે બનાવતા હોય. વર્ગોના ઓરડાઓ, ઓજારો તથા મશીનોથી સજ્જ છે અને એમાં વિશિષ્ટ શિક્ષકો અને કાબેલ કારીગરો વિદ્યાર્થીઓને શિક્ષણ આપતા હોય છે. સુપર ગ્રેડના વિદ્યાર્થીઓ પ્લાંટો અને ફેક્ટરીઓમાં પોતાની શ્રમ-તાલીમ લે એ કાંઈ અસામાન્ય બાબત નથી. લગભગ દરેક સામાન્ય શાળા કોઈક ને કોઈક આર્થિક સાહસ સાથે સંકળાયેલી તો હોય જ છે. દા.ત. મોસ્કોમાં ચાઈકા નામનું કારખાનું રેડિયો, મુદ્રણ, વીજળી, શીવવાના તથા બીજા વર્કશોપ ધરાવે છે અને આમાંના શ્રમ શિક્ષણમાં સંતોષકારક તાલીમ લેવામાં આવે તો વિદ્યાર્થીને દક્ષતાનું પ્રમાણપત્ર મળે છે.

સાંસ્કૃતિક વિવિધતા સાથે સ્ટાન્ડર્ડ અભ્યાસક્રમ

જે રીતે સોવિયેત બાળકોને કેળવવામાં આવે છે તથા ઉછેરવામાં આવે છે તેની અસરો સંગ્રહિત કરતા મને બહુવિધ જાતીય અને દેશની એકંદર વસતીના

Scanned with OKEN Scanner

બહુરાષ્ટ્રીય પ્રકારમાં તીવ્ર રસ પડયો હતો. બિન-રશિયન વંશના આશરે અર્ધા બાળકો અને મોંગોલિયન જાતીય મિશ્રણના ૧/૪ ભાગથી વધારે બાળકો હોઈ મેં આ પ્રશ્નને ખૂબ જ મહત્ત્વનો ગણ્યો હતો, ખાસ કરીને તો એટલા માટે કે રાષ્ટ્રોના બિન-સમાજવાદી સમાજના બીજા બધા બહુવિધ સમાજો પોતાના લઘુ-મતીના બાળકોની બાબતમાં નિષ્ફળ જઈ રહેલ છે.

સંસ્કૃતિઓની વિવિધતાને આદર કરીને સોવિયેત સંઘમાં સામાન્ય શાળામાંનુ શિક્ષણ ૫૭ ભાષાઓમાં સમાવવામાં આવે છે અને એમાં પાઠ્ય પુસ્તકો પ્રકટ થયેલા છે. અને તે ઘણાં ખર્ચને ભોગે કરવામાં આવ્યું છે. સોવિયેત સંઘમાં, ૧૦૦થી વધુ રાષ્ટ્રીયતાઓ અને તળપદી ભાષાઓ હોઈ તેઓને સમાન ગણવામાં આવે છે અને તળપદી સંસ્કૃતિઓને વિકસાવવામાં મદદ કરવામાં આવે છે. વધુમાં રશિયન ભાષા અને સાહિત્ય તમામ શાળાઓમાં શીખવવામાં આવે છે. તે એક સંકલ્પનાત્મક સાંસ્કૃતિક પરિબળ તરીકે કામ કરે છે. રશિયન ભાષા ઉપર કાબૂ મેળવવાથી બિન-રશિયન યુવાનોને વધુ ઉચ્ચ શિક્ષણમાં વધુ જૂની અને વિકસિત સંસ્થાઓમાં ભણવાની સમાન તકો પ્રાપ્ત થાય છે, આવી સંસ્થાઓ રશિયન ફેડ-રેશનના શહેરી વિસ્તારમાં આવેલી હોય છે. એનાથી તેઓને પોતાની આવડતો અને વ્યવસાયોને પોતાની પસંદગીના સ્થળોએ અજમાવવાની સગવડ પ્રાપ્ત થાય છે અને એમાં ભાષાનો અંતરાય આડે આવતો નથી. એનાથી તેઓ આસાનીથી અખિલ યુનિયનની વ્યાવસાયિક, મનોરંજનાત્મક, રમત-ગમત, અને સહકારી પ્રવૃત્તિઓમાં ભાગ લેતા થઈ જાય છે.

પ્રત્યેક રાષ્ટ્રીય પ્રજાસત્તાકમાં એવી શાળાઓ હોય છે જ્યાં બધુ જ શિક્ષણ સ્થાનિક ભાષા ઉપરાંત રશિયન ભાષામાં આપવામાં આવે છે. વાલીઓએ નક્કી કરવાનું હોય છે કે તેમના બાળકો રાષ્ટ્રીય શાળામાં દાખલ થાય કે સ્થાનિક ભાષામાં શિક્ષણ આપતી શાળામાં દાખલ થાય. આ પસંદગી ખાસ કરીને મિશ્ર લગ્નોવાળા કુટુંબોને ખાસ આવકારપાત્ર હોય છે. કરોડોની સંખ્યામાં આ બધાનો ફેલાવો થતો રહ્યો છે.

એવી પણ કોમો છે જ્યાં આપણે અનેક એવી શાળાઓ જોઈ શકીએ છીએ જેમાં ભિન્ન ભાષાઓમાં શિક્ષણ અપાતું હોય કે જેથી સ્થાનિક બહુ-રાષ્ટ્રીય વસતીને તે ફાવી શકે. હું તો યુનાઈટેડ સ્ટેટ્સમાંથી આવતી હોઈ યુનાઈટેડ સ્ટેટ્સમાં તો વિશાળ હિસ્પાનીક લઘુમતીમાંના બાળકોનું દ્વિભાષી શિક્ષણ હજી ભાગ્યે જ થઈ

થયું છે. એટલે મને તો સોચી ખાતે (એ કોઈ મોટું શહેર પણ નથી, એની વસતી આશરે ૩ લાખની છે અને તે રશિયન ફેડરેશનમાં આવેલું છે) જોઈને મને આશ્ચર્ય થયું કે તે એક એવી સામાન્ય શાળા છે જે બધા જ વિષયો જયોર્જીઅન ભાષામાં શીખવે છે, બીજી શાળા આબાઝીઅન શીખવે છે (જયોર્જીઅમાંની આ એક ભિન્ન ભાષા છે), ત્રીજી શાળા આર્મીનીઅનમાં. રશિયન શાળાઓ ઉપરાંતની આ શાળાઓ છે. મેં આબાઝીઅન અને રશિયન શાળાઓની મુલાકાત મેના પાછોતરા ભાગમાં એક આહ્‌લાદક દિવસે લીધી, આશ્ચર્ય-મુગ્ધ થઈ જવાય એવી બહુભાષી સોવિયેત શાળા પદ્ધતિનો મારો આ પ્રથમ જ અનુભવ હતો. હું બીજી બે શાળાઓના ડિરેક્ટરો સાથે પણ વાતો કરવા માગતી હતી પણ કાળો સમુદ્ર આસ્માની અને વધુ પડતો આવકારદાયક હતો, અને હું વેકેશન ઉપર હતી.

આ અગાઉ હું ઉઝબેકિસ્તાનમાં હતી અને મને કોલ્ખોઝ સામૂહિક ખેતીની સામાન્ય શાળાની મુલાકાતે જવાની તક મળી. મકાનમાં પ્રવેશતાં જ મેં આસપાસ નજર નાંખી અને દીવાલ પરના સૂત્રો તથા મુદ્રાલેખો વાંચવાનો પ્રયાસ કર્યો. મેં એવી આશા રાખી હતી કે કેટલાક રશિયન ભાષામાં હશે; કારણ કે હું તે વાંચી શકું છું, પણ તે રશિયન ભાષામાં તો નહોતા જ એટલું જ નહિ તે બધા ઉઝબેક ભાષામાં પણ નહોતા જેને હું તે ઓળખી શકત. મને આસપાસ ફરવા લઈ જનારા ડિરેક્ટરને મેં પૂછયું કે આ કઈ ભાષા છે? એ બોલતા હતા ત્યારે મેં જોયું. જો કે તેઓ પૌરસ્ત્ય દેખાતા હતા, અને મોટા ભાગના ઉઝબેકીઓ આવા જ હોય છે, પણ એમનામાં ભિન્ન મિશ્રણ હતું. મારું કુતૂહલ વધી ગયું એમણે મને જણાવ્યું કે આ શાળામાં જે ભાષામાં વિષયો શીખવવામાં આવે છે તે કોરિયન છે. અને એમણે એનો એવો ખુલાસો કરવા માંડયો હતો કે સો વર્ષ પહેલા કોરિયામાં ભયાનક દુકાળ પડયો હતો. હજારો માણસો ખોરાકની શોધમાં પોતાનો દેશ છોડી ગયા. જો કે થોડા સમય બાદ ભૂખે મરતી મોટા ભાગની પ્રજાને નાસી જતી અટકાવવા માટે સત્તાવાળાઓએ પકડાતા હિજરતીઓને માટે મોતની સજા દાખલ કરી.

આ ધમકી હોવા છતાં ઘણા ખરા નાસી ગયા અને જંગલોમાં અટવાતાં પશ્ચિમમાં છેક ઉઝબેકિસ્તાનના પ્રદેશ સુધી પહોંચી ગયા. તેઓ ફળદ્રુપ ભૂમિ ઉપર આવી વસ્યા અને છેવટે તેઓ કપાસ ઉગાડનારા બન્યા. સોવિયેત

Scanned with OKEN Scanner

સત્તાના આગમન સાથે તેઓએ સહકારી ખેતીની સ્થાપના કરી. એમાંથી આ એક તાશ્કંદના છેડા પર છે તે નમૂનેદાર સંગઠન બની ગઇ, ઉત્પાદકતા અને કોમી જીવનમાં પણ નમૂનેદાર બની ગઇ. કોરિયન ભાષા અને સંસ્કૃતિને જાળવી રાખવામાં આવ્યા છે અને શાળામાં સાક્ષી રૂપે બની રહેલ છે. આ અજબ કથા સાંભળીને હું તો આશ્ચર્યચકિત થઇ ગઇ. અને હું હજીયે "સફેદ સોનું" (૩) એમના ડિરેકટરે મને આપ્યુ હતું તેનો અમુક ભાગ સંઘરી રાખી શકી છું અને મારી મુલાકાતનાં સ્મરણિકા તરીકે મેં રાખેલ છે.

લિથુઆનિયામાં મોટા ભાગની શાળાઓ સ્થાનિક ભાષામાં શિક્ષણ આપે છે ત્રણ.સામાન્ય શાળાઓ પણ અહીં છે જ્યાં બધાં વર્ગો પોલીશ ભાષામાં ચાલે છે જે પોલીશ કુટુંબોની સેવા કરે છે. જે આ દેશમાં અહીં કાયમના વસવાટી બન્યા છે. પોલીશ ભાષાની શાળાઓના પાઠય પુસ્તકો સાપેક્ષ રીતે નાની આવૃત્તિઓમાં અનિવાર્ય રીતે પ્રકટ કરવામાં આવે છે. લિથુઆનિયન સરકારને સ્થાનિક ભાષા કરતા તે વધારે ખર્ચાળ છે, પણ મને લિથુઆનિયન કેળવણી પ્રધાને એવી ખાતરી આપી હતી કે આ પાઠય પુસ્તકો પૂરા પાડવામાં કોઇ સંકોચ રખાતો નથી. આવા જ દાખલાઓ મોટા ભાગનાં રાષ્ટ્રીય પ્રજાસત્તાકોમાં જ્યાં વસતી બહુરાષ્ટ્રીય છે ત્યાં ટાંકી શકાય છે.

કીરગીઝીઆમાં
સામાન્ય સ્કૂલની ભીતરમાં

નજીકથી જોઈએ તો આવા પ્રકારની શાળા પછી ભલે ગમે તે પ્રદેશમાં હોય તો પણ અને ગમે તે ભાષા કે સંસ્કૃતિ ઉપર એ ભાર મૂકતી હોય તોયે એમાં એકવાકયતાનું પ્રતિબિંબ પડે છે, એટલું જ નહિ પણ એથીયે કેટલીક વધારાની ખાસિયતો ધરાવતી હોય છે, જે અમુક શાળા કે અમુક રાષ્ટ્રીયતા માટે લાક્ષણિકતા હોય છે. આ બાબતને લઇને આવી શાળાઓની મારી મુલાકાત રશિયન ફેડરેશનમાં અને સ્વાયત્ત રાષ્ટ્રીય પ્રજાસત્તાકોમાં રસપ્રદ અને લાભદાયી બની ગઇ. મારું

Scanned with OKEN Scanner

અમુક રીતે હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું અને હું મેળવી શકું એટલી બધી જ માહિતી મને આપવામાં આવી હતી.

કીરગીઝ સોવિયેત પ્રજાસત્તાક (દ. પશ્ચિમ સોવિયેત એશિયામાં)ના પાટનગર ફ્રુન્ઝમાં મેં ૫મા નંબરની શાળાની મુલાકાત લીધી. હું ત્યાં એવી માહિતી સાથે ગઈ હતી કે એના ભરવાડ લોકો ક્રાંતિ પૂર્વની રશિયાની ઊંડી કંગાલિયત અને ગુલામીમાં રહેતા હશે અને ત્યાં રીતસર સંપૂર્ણ નિરક્ષરતા હશે. કીરગીઝીયાના કમ્યુનિસ્ટ પક્ષની મધ્યસ્થ સમિતિના પ્રથમ સેક્રેટરી તુર્ડાકુન ઉસુબાલીવે વર્ણન કર્યું છે તેમ ભૂતકાળમાં વેરવિખેર થયેલાં ભરવાડોના કૂબાઓમાં (Yurtas) તંગી અને ઝંઝા ફૂંકાયા કરતા હતા. હું જાણતી હતી કે કિરગીઝ પ્રજા સોવિયેત રાષ્ટ્ર બન્યું તે પહેલા તેઓ પાસે પોતાના મૂળાક્ષરો પણ નહોતા. માતબર જમીનદારોના બાળકો માટેની થોડી ઘણી શાળાઓ અરબી મૂળાક્ષરોનો ઉપયોગ કરતી હતી. છેક ૨૦મી સદીની પહેલી પચ્ચીસી સુધી તો કીરગીઝીયાએ પોતાના મૂળાક્ષરો પણ અપનાવ્યા નહોતા. આ પછીથી કેળવણીએ પ્રચંડ આગેકૂચો કરી છે અને રાષ્ટ્રે આ પ્રચંડ હરણફાળોની સંગાથમાં સામંતશાહી દશામાંથી અત્યારનો ભારે વિકસિત ઔદ્યોગિક દરજ્જો પ્રાપ્ત કર્યો છે. આ પ્રદેશ ખેતી, ચારો, સંસ્કારનું કેન્દ્ર બની ગયેલ છે. કીરગીઝીયામાં કેળવણી અને સંસ્કારિતાની અત્યારની હાલતની હકીકતો ભારે અસરકારક છે.

કીરગીઝીયામાં ૬૦ વરસની ઉંમર સુધી કોઈ નિરક્ષર નથી. નવી ક્રાંતિ પહેલાં પુખ્ત કામદારોમાં હજારે ૦.૬ ટકા અરબી અક્ષરો વાંચી શકતા હતા. અત્યારે હજાર કામદારે ૬૩૪ને ૧૦ વર્ષનું સામાન્ય શાળા શિક્ષણ મળેલું છે અને ૯૯ ટકાએ ૮ ધોરણની શાળા પૂરી કરેલી છે. નિરક્ષર માણસો ખોળવા માટે આપણે ૨૦૦ થી ૩૦૦ કિલોમીટરનો પ્રવાસ કરવો પડે.

ભારે યુદ્ધ સમયમાં આ પ્રજાસત્તાકમાં સોવિયેતના પશ્ચિમના પ્રદેશોમાંથી ભારેમાં ભારે સ્થળાંતર થયું હતું, જેમ જેમ રાષ્ટ્રનો વિકાસ થતો ગયો તેમ તેમ કુશળ કારીગરો અને સાંસ્કૃતિક કાર્યકરોની જરૂરિયાત વધતી ગઈ, સાનુકૂળ આબોહવાને કારણે ૮૦થી વધુ સોવિયેત રાષ્ટ્રીયતાઓ કીરગીઝીયામાં આકર્ષાઈને આવી છે. આમાં રશિયન ભાષી લોકોનો મોટો ભાગ છે. તો પણ, કીરગીઝ ભાષા હાર્દમાં રહેલ છે. મોટા ભાગની શાળાઓ તળપદી ભાષામાં શિક્ષણ આપે છે અને ઘણી ઘણી શાળાઓ પાસે તો શિક્ષણના પૂરેપૂરા બેવડા કાર્યક્રમો છે, એટલે

કે, કીરગીઝીયા અને રશિયન ભાષામાં આ શિક્ષણ અપાય છે, ઉપરાંત એવી પણ શાળાઓ છે જે ઉઝબેકમાં શિક્ષણ આપે છે, બીજી કેટલીક તાજીકમાં અને કેટલીક શાળાઓ ડંગાનમાં શિક્ષણ આપે છે. આ જાતીય જૂથની વસતી ૨૦ હજારની છે અને તેઓ બિન—તુર્કી ભાષા વાપરે છે. બીજી સોવિયેત એશિયાઈ પ્રજાઓ તુર્કી ભાષા વાપરે છે. આ બધી ભાષાઓમાં પાઠ્ય પુસ્તકો પૂરા પાડવામાં આવે છે. ગણિતશાસ્ત્ર, વિજ્ઞાન, ઈતિહાસ, રાજકીય, આદર્શવાદી અભ્યાસક્રમો જેવા વિષયો માટે રશિયનમાંથી પાઠ્ય પુસ્તકોનો અનુવાદ કરવામાં આવે છે બીજા બધા પુસ્તકો જે ભાષામાં શિક્ષણ અપાય છે તેમાં પ્રકટ કરવામાં આવે છે. ૧૯૮૦માં શાળાનાં પુસ્તકો પહેલાં પાંચ ધોરણોને મફત પૂરા પાડવામાં આવતા હતા; ૧૯૮૩ સુધીમાં શૈક્ષણિક પુસ્તકો સામાન્ય માધ્યમિક શાળાના બધા બાળકોને મફત પૂરા પાડવામાં આવશે.

સ્ટાન્ડર્ડ સામાન્ય શાળા ઉપરાંત સ્પેશિયલ ૧૦ ધોરણની શાળાઓ પણ હોય છે. એમાં પરદેશી ભાષા ઉપર ભાર મૂકવામાં આવે છે: જેવી કે અંગ્રેજી, જર્મન, વગેરે. સંગીતની બક્ષિસવાળાઓ માટે બોર્ડિંગ શાળાઓ, ૬૦ રમતગમતની શાળાઓ માનસિક રીતે નબળા અથવા તો શારીરિક ખામીઓવાળા બાળકો માટે ૧૫ બોર્ડિંગ શાળાઓ છે.

પ્રજાસત્તાકના સાંસ્કૃતિક ઈતિહાસની તથા નોંધપાત્ર સિદ્ધિઓની નવી પ્રાપ્ત થયેલી ચેતનાને લઈને મને તો ખાસ કરીને પાંચમા નંબરની શાળાની મુલાકાતે જવાનો ખાસ અભરખો હતો અને આ ઈતિહાસનું એમાં કેવું પ્રતિબિંબ પડે છે તે જાણવાની મારી ઈંતેજારી હતી. આતિથ્યના રાબેતા મુજબના સંકેત સાથે શાળાના દરવાજાના પગથિયા પાસે જ મને માર્ચની વહેલી સવારે જ શાળાના ડિરેક્ટર અને એના વડા શિક્ષક મળ્યા, આમાં ફ્રુંઝની સામાન્ય શાળા પદ્ધતિનો વહીવટ કરનારા બહેન પણ હતા. મેં તરત જ મકાનનું નિરીક્ષણ કરી લીધું, એની પુરાતનતા જોઈ લીધી. અત્યંત સાફ બારી-બારણાઓ હતા અને ભોંય તળિયાને પણ અત્યંત વાળીને સ્વચ્છ બનાવવામાં આવ્યું હતું. દીવાલો સુઘડતાથી રંગવામાં આવી હતી અને છતને પણ આંતરે આંતરે રંગવામાં આવી હતી. એમાં સારું રીપેર કામ પણ કરવામાં આવ્યું હતું. ઈમારત પોતેયે એવી દેખાતી હતી કે એમાં જાણે કે કોઈ પડકાર રહેલો હોય; અને તે સાંસ્કૃતિક દૃષ્ટિએ ઉપેક્ષિત સામંતશાહી લોકોના સાંસ્કૃતિક સ્તરને ઊંચી લાવવાનો હતો; અને તે સાંસ્કૃતિક સિદ્ધિઓના શિખર સુધી લઈ

જવાનું કપરું કાર્ય હતું. એમાં એવું જણાતું હતું કે એણે જાણે કે નિવૃત્ત ઘડપણમાં નિવૃત્તિ વેતનનો અધિકાર મેળવ્યો હોય.

અંદરના ભાગમાં ત્રણ પ્રાથમિક કક્ષાના બાળકોના પ્રતિનિધિ મંડળે મારું સ્વાગત કર્યું. તેઓની પાસે લાલ રંગના ફુલના ગજરા હતા. મને તે અર્પણ કરતા તેઓએ અંગ્રેજીમાં કહ્યું "મહેરબાની કરીને અમેરિકન બાળકોને અમારી શુભેચ્છાઓ કહેશો." (અફઘાનિસ્તાનના કટોકટી પછી તુરત જ આ બનવા પામ્યું હતું. અમેરિકાએ એ કટોકટીનો સ્ફોટક પ્રતિભાવ પાડયો હતો) મારા નાના નાના દેશભાઇઓને આ અભિવાદન પહોંચાડવાનું મેં વચન આપ્યું. મારા યજમાનો અને હું આગળ વધતા હતા ત્યારે મેં નજરે ચઢે એવો એક મુદ્રાલેખ જોયો : "મિત્રતા અને ભાઈચારો અમારી સમૃદ્ધિ છે." રશિયન ભાષામાં એનો લય આ પ્રમાણે છે : "Druzhba i Bratsvo Nashe Bogatstvo". મને પાછળથી જાણવા મળ્યું કે ઘણી સોવિયેત રાષ્ટ્રીયતાઓ માટે આનો ખાસ સંદર્ભ છે. આ બધાએ કીરગીઝીયામાં પોતાનું માદરે વતન બનાવ્યું છે અને તેઓ પોતાના નાના બાળકોનો ઉછેર આંતરરાષ્ટ્રીયતાની ભાવનામાં કરી રહ્યા છે.

બીજા ત્રણ કલાક માટે, ડિરેકટર આપ્સાલબેક નિયાઝોવને એવું લાગ્યું હતું કે એમની શાળાની સમગ્ર અસરો હું ભેગી કરી શકીશ. તેઓ શાંત, હાજર જવાબી અને આનંદી સ્વભાવના માણસ છે. દેખીતી રીતે તેઓ પોતાના કાર્યની સાથેના પ્રેમમાં ગુલતાન છે. ડિરેકટરશીપના એમના ૩૦ વરસ દરમ્યાન તેમણે ગજબની રીતે કામ કર્યું છે અને ઘણી ઘણી સિધ્ધિઓ હાંસલ કરી છે. તેઓ તળ કીરગીઝીયન છે અને એ જ પ્રજાસત્તાકની યુનિવર્સિટીમાંથી તેઓ સ્નાતક થયા છે અને લેનિનગ્રાદ યુનિવર્સિટીમાંથી જાહેર શિક્ષણની ડૉકટરની પદવી તેમણે પ્રાપ્ત કરેલી છે. તેઓ પોતાની ફરજો પ્રત્યે ઊંડી રીતે નિષ્ઠા ધરાવે છે. વિદ્યાર્થીઓ અને તેમના શિક્ષકોના તેઓ સુંદર મોવડી છે. ૧૩૦૦ની સંખ્યાની નોંધણી ડબલ પાળી પર ચાલે છે. પણ એક નવી શાળા જેમાં ઇમારતો, રમત ગમતોના મેદાનો, તરવાના હોજો અને ઓડિયો વિઝયઅલ પુષ્કળ સરંજામનો સંકુલ છે એ બધું હવે સંપૂર્ણ થઈ જવાની અણી ઉપર છે. આ સમગ્ર સંસ્થા માટે પૂરતા પ્રમાણમાં ધોરણોની જગ્યાની છત રહેશે અને બધું એક જ પાળીમાં ચાલશે. [મને હવે વધુ ને વધુ પ્રમાણમાં કાપકૂપની અછતનું ભાન થતું જતું હતું તથા સદોદિત વિકાસ જ તથા બાંધકામ ચાલ્યા કરતું જણાતું હતું. સોવિયેત સંઘમાં સર્વસામાન્ય રીતે આ

બધું ચાલ્યા જ કરતું રહેતું હોય છે. આમાં શાળાઓનો પણ સમાવેશ થઈ જાય છે.
દર પંચવર્ષીય યોજના હજારો વધારાના વર્ગના ઓરડાઓની જોગવાઈ કરતી રહેતી
હોય છે.। આ શાળાના ૮૦ શિક્ષકોએ પાંચ વરસનું શિક્ષણ ઉચ્ચ તાલીમી સંસ્થામાં
લીધેલું છે અને અમુક મુકરર વિષયોમાં તેઓએ વિશિષ્ટીકરણ પ્રાપ્ત કરેલું છે.

આ શાળાને નોંધપાત્રભર્યા વિદ્વતાનો ઈતિહાસ છે. એ જ ઈમારતમાં (એની હસ્તીના ૫૨ વર્ષનો આ ઈતિહાસ છે) એણે ૭ હજાર સ્નાતકો બહાર પાડ્યા છે, એમાંના બે હજારે તો પાછળથી શિક્ષણનો વ્યવસાય સ્વીકાર્યો છે, ૨૩ યુનિવર્સિટી પ્રોફેસરો બન્યા છે. ૧૪૦ જણાયે પાશ્ચાત્ય ડૉકટર જેવી જ પદવીઓ પ્રાપ્ત કરી છે, એક સ્નાતક અત્યારે કીરગીઝ સાયંસ એકેડેમીમાં સભ્ય છે, બીજો સુપ્રિમ સોવિયેતનો સભ્ય છે અને હજીયે ત્રીજો યુનિવર્સિટીનો ડૉકટર છે. છ સહકારી પ્રધાનો થયા છે. એક સભ્યે માનચાંદ મેળવ્યા છે એટલે કે માનવંતા કલાકાર અથવા સાંસ્કૃતિક નેતાની પદવી પ્રાપ્ત કરી છે.

'ઉછેર'ના પ્રશ્ન પરત્વે પ્રશ્નો પૂછવામાં આવતા ડૉ. નિયાઝોવે પોતાની નાની નમણી ચળકતી આંખોથી જણાવ્યું કે "છેલ્લા પાંચ વરસમાં ગંભીર શિસ્ત ભંગનો એક પણ કિસ્સો બનવા પામ્યો નથી; શિક્ષણ પ્રત્યેની, અભ્યાસ પ્રત્યેની, ઉપેક્ષા જોવા મળી નથી. હું તો એવા દેશમાંથી આવતી હતી જ્યાં પુષ્કળ પ્રમાણમાં હિસાખોરીની સ્વીકૃત અંધાધૂંધી પ્રવર્તે છે અને એની શાળાઓમાં નિષ્ફળતા જોવા મળે છે. એટલે હું તો એ જાણવામાં રસ ધરાવતી હતી કે પાંચમા નંબરની શાળાએ આકર્ષક પ્રેરક ઈતિહાસ કેવી રીતે સર્જ્યો છે. નિયાઝોવે કહ્યું, સાવ સાદું છે. "અમારા રાષ્ટ્રમાં પુખ્ત વયનાઓ પ્રત્યે આદરભાવની મજબૂત પ્રણાલિકા છે અને અમારી શાળામાં વિદ્યાર્થી પ્રત્યે આદરભાવની પ્રણાલિકા છે.

જે બાળક અનિચ્છનીય વર્તનની ઢબ બતાવે અને ઉર્મિલ અસ્થિરતા દાખવતું હોય તેના તરફ શિક્ષક અથવા તો કોમસોમોલ નેતા તરફથી ખાસ ધ્યાન આપવામાં આવતું હોય છે.

ફ્રુન્ઝ શહેર પાસે હજી આવી બક્ષિસવાળાઓ માટે અથવા સંગીતના ખાસ શોખીન માટે સ્પેશિયલ સંગીતની શાળા ન હોઈ પાંચમા નંબરની શાળાએ પોતાની ઈમારતમાં પાર્ટ ટાઈમ સંગીત શાળા રાખી છે અને તેનું સંચાલન પણ ડિરેક્ટર નિયાઝોવ કરે છે. એના શિક્ષકો કલાની બક્ષિસવાળા વિદ્યાર્થીઓ માટે દસ વરસની

Scanned with OKEN Scanner

માધ્યમિક શાળામાંથી લેવામાં આવે છે. પીઆનો, વાયોલીન, ઓરકેસ્ટ્રા, લોક વાજિંત્રો વગેરે ત્રણ સાપ્તાહિક પાળીઓમાં રાખવામાં આવ્યા છે અને દરેક પાળી ત્રણ ત્રણ કલાક ચાલે છે. અને આ પ્રોગ્રામમાં દાખલ થયેલાં વિદ્યાર્થીઓએ એક જ જલસો કરી બતાવ્યો હતો. આ જલસો સાવચેતીપૂર્વકના એના સૂરમાં અસરકારક હતો અને ભજવનારાઓ પણ સંગીતમાં લીન હતા.

બે વર્ષ પહેલાં આ સામાન્ય સ્કૂલમાં લલિતકલાના શિક્ષણનો એક પ્રાયોગિક કાર્યક્રમ દાખલ કર્યો હતો. આમાં કેટકેટલીય કલાઓનો ઇતિહાસ અને તેની કદર તેમજ શૃંગાર અને રીતભાતની કલાઓનો પણ સમાવેશ થતો હતો. અહીં પરદેશી ભાષા અંગ્રેજી છે. આ ભાષાના વર્ગો પાંચમાંથી દસમા ધોરણ સુધી ચાલતા હોય છે. અને તે છ કલાક માટેનાં હોય છે.

ડિરેક્ટર નીયાઝોવ આ બેવડી પાળીને પહોંચી શકે છે. પાર્ટ ટાઇમ સંગીત શાળા, પ્રાયોગિક કાર્યક્રમો અને અસાધારણ રીતે ઉચ્ચ વિદ્વતૂ ધોરણની જાળવણીનો આમાં સમાવેશ થાય છે. એમની શાળા કીરગીઝના વિદ્યાર્થીઓના અમુક ભાગને બધા વિષયોમાં શિક્ષણ આપે છે. બીજા ભાગના વિદ્યાર્થીઓ રશિયન ભાષામાં બધા વિષયો શીખે છે. આ બધું હાંસલ કરવા માટે એમની પાસે ૮૦ શિક્ષકોનો સ્ટાફ છે, આમાં સંગીત શાખાનો સમાવેશ થતો નથી. દેખીતી રીતે જ, આવા જટિલ કાર્યક્રમમાં સફળ થવા માટે વર્ગોને સાપેક્ષ રીતે નાના રાખવામાં આવે છે.

શાળાના બાળકો અને કિશોરો, જેમને ડિરેક્ટર અને શિક્ષકો આદરભાવ બતાવવા વરેલા છે, તેઓએ મારા ઉપર એવી છાપ પાડી છે કે તેઓ આને પાત્ર છે તેઓની સુઘડતા, દેખાવ, દિદાર પોતાની શાળાનું ગૌરવ આ બધું તેઓ જે સારા ગુણાંક મેળવે છે તેમાંથી તો જોઈ જ શકાય છે જ પણ તેઓની સ્વચ્છતા અને વ્યવસ્થા જે તેઓ બતાવે છે તેમાં પણ જોઇ શકાય છે. મેં એવી પણ રીતભાત જોઇ કે જેમાં શિક્ષકો બાળકોને ગૌરવના ભાવથી સંબોધતા હોય અન ડિરેક્ટરની અભિવ્યક્તિ રૂપ આંખોના ગૌરવના ઝળકાટમાં પણ એ જોઇ શકાતું હતું, તેમ બાળકો અને બાલિકાઓ પ્રત્યે પોતાનો પ્રેમ અને આદરભાવ દર્શાવતા હતા. મેં જ્યારે વિદાય લીધી ત્યારે મેં મૌનપૂર્વક આ જૂની ઈમારતને છોડી. આમાં કેટલા બધાં બાળકોનો સમાવેશ થતો હતો ! આ બાળકો જ્ઞાનમાં અને માનવતામાં એની ટકાઉ દીવાલોનાં ભીતરમાં અર્ધી સદી માટે આશ્રય પામીને ઊછરી રહ્યા છે.

Scanned with OKEN Scanner

"વિશિષ્ટ વૃત્તિ" સાથેની શાળા

બીજે દિવસે પ્રવાસ ખેડીને હું સોવખોઝની ૧૦ ધોરણની શાળામાં ગઈ, એટલે કે, આ સ્ટેટ ફાર્મ છે અને એના સંચાલક, સ્ટાફ તથા કામદારોને માટેની એ શાળા છે. આ ફાર્મ દૂધ પેદા કરે છે અને માંસ માટે ઢોર ઉછેર કરે છે, કીર-ગીઝીઆના પાટનગરથી એ આશરે ૩૦ કી.મી. પર આવેલું છે. મોટા ભાગના વિદ્યાર્થીઓ ફાર્મ ઉપર રહે છે અને બીજાઓ ડુંગરાળ તથા ઘાસીયા જમીન વિસ્તારમાં ાં છેક ૮ કિલોમીટર દૂરથી અહીં આવે છે. આ ફાર્મની વસતી ૯૦૦ પુખ્ત વયના અને ૮૫૦ બાળકોની છે. સામાન્ય સ્કૂલમાં ૫૩૧ બાળકો નોંધાયેલા છે અને ૪૦ની સંખ્યાનો શિક્ષક સ્ટાફ છે.

શાળાની વિશિષ્ટ વૃત્તિ એના બાળકોને કુશળતાની તાલીમ આપવાની છે કે જેથી કરીને તેઓ ખેતી, ઢોર ઊછેર વગેરેના વ્યવસાયની તાલીમ પામી શકે અને ખેતીના યંત્રો ચલાવી શકે. તેઓને પૂરા ધોરણનો અભ્યાસક્રમ શીખવવામાં આવે છે. મને એ જાણીને આશ્ચર્ય થયુ કે એનું સ્થાન તથા ગ્રામ્ય વિદ્યાર્થીઓની સંખ્યા હોવા છતાં આ શાળામાં પણ એવો સમગ્ર અભ્યાસક્રમ શીખવવામાં આવે છે કે તે રશિયન અને કીરગીઝીઅન ભાષામાં અલગ અલગ હોય છે. પરદેશી ભાષા જર્મન છે.

આ શાળામાં મારી સાથે તથા સમગ્ર સોવખોઝમાં એના યુવાન અને સ્પષ્ટ રીતે નિષ્ણાત ડિરેકટર સાકેન નુર્માંમેતોવ હતા. તેમણે જીવવિજ્ઞાનમાં ડોકટરેટ મેળવી છે અને તેઓ કીરગીઝીઆની સુપ્રીમ સોવયેતના સભ્ય છે. એમની સહૃ-દયતા, નમ્રતા અને ઉત્સાહશીલતા સૌથી વધુ અસરકારક હતા, તેમ તેઓ આકર્ષક ભાવવાહી મુદ્રા પણ ધરાવતા હતા. અહીં મુલાકાતે આવનારી હું પહેલી અમેરિકન હતી અને એમની અને શાળાની સ્ટાફની આતુરતા જોઈને લાગણી થઈ આવે એવું હતું. આ આતુરતા મારા વાટે આ સમગ્ર સાહસની સિદ્ધિઓનો અને મહેચ્છા-ઓનો સંદેશો પહોંચાડવા માટેની હતી. આમાં એમની શાળાનો પણ સમાવેશ થઈ જાય છે. ફરીને મને પૂરેપૂરી માહિતી પૂરી પાડવામાં આવી. આ શાળાના પ્રિન્સી-પાલ અને અભ્યાસક્રમના વિકાસના અધિકારી એક મહિલા બહેન હતા અને ઉછેરના મદદનીશ ડિરેકટર આ શિક્ષણ આપવામાં મુખ્ય ડિરેકટરને સહાય કરતા હતા. આ

માણસે પોતાના સમયના ચાર કલાક આ અમેરિકન મહેમાનને માટે ફાજલ પાડયા હતા અને કેવા પ્રકારની કેળવણી બાળકો લઈ રહ્યા છે તે વિશેની મને જોઈતી માહિતી પૂરી પાડી હતી અને હું સંપૂર્ણ ધ્યાનથી તેમાં પરોવાઈ ગઈ હતી.

વિદ્યાર્થીઓની સંખ્યામાં આઠ રાષ્ટ્રીયતાઓનું પ્રતિનિધિત્વ છે : કીરગીઝીબન, રશિયન, યુક્રેનિયન, બ્યેલો-રશિયન, કાઝાખ, લિઝીગીની (કેકેસિઅસની એક પ્રજા) ઉઝબેક અને તાજીક. અને તો હજી માત્ર અધકચરી રીતે જ સમગ્ર પ્રજાસત્તાકની વસતીની બહુરાષ્ટ્રીયતા તથા બહુજાતીયતાનું અધકચરું પ્રતિબિંબ છે.

એવી પ્રત્યેકે પ્રત્યેક સાબિતી છે કે આ ગ્રામ્ય શાળાએ સ્ટાન્ડર્ડ અભ્યાસક્રમનું અનુકરણ કર્યું છે. મેં તેઓના ઈતિહાસના વર્ગો વિશે પૂછયું અને મને પણ અહીં જણાયું કે આ વિષય પહેલો શરૂ થાય છે એટલે જથા ધોરણથી આરંભાય છે અને સોવિયેત સંઘના ઈતિહાસની શરૂઆત થાય છે. પાંચમા ધોરણની શરૂઆત કરતાં સમગ્ર ક્ષેત્રને આવરી લેવામાં આવે છે— આદિ સમાજોથી માંડીને ગુલામી, સામંતશાહી સમય, મૂડીવાદી સમાજવાદી અને કોમ્યુનિસ્ટ વિકાસ સુધી. આ બધાનો અભ્યાસ ગ્રીસ, ઈજિપ્ત અને ચીનના સંદર્ભમાં થાય છે. આ પછી આગળ દસમા ધોરણમાં બીજા. વિશ્વ યુદ્ધ પહેલાંનો સમય છેક ૧૯૭૮ના વર્ષ સુધી લઈ જવામાં આવે છે. એ જાણવું રસપ્રદ હતું કે ગ્રામ્ય પૂર્વભૂમિકાવાળા આ બાળકો અને શહેરી સાંસ્કૃતિક મથકોથી દૂર રહેનારાઓ આ બધું શી રીતે પચાવી શકે છે? આ તો અઘરો એકેડેમીક અભ્યાસક્રમ હતો. જવાબ એ મળ્યો કે ૯૯.૧ ટકાને ચોથો ગ્રેડ (સારો આવકાર) અથવા પાંચમો ગ્રેડ (નમૂનેદાર) મળ્યો હતો. કેટલાક નાપાસ થનારાઓ પણ હતા ૧૯૭૯માં માત્ર ચાર અને એનું કારણ માંદગીનું હતું. આ અસાધારણ શૈક્ષણિક વિક્રમ વિસ્તૃત અભ્યાસક્રમ બહારની પ્રવૃત્તિઓની મદદથી હાંસલ કરવામાં આવેલ છે. આવી પ્રવૃત્તિઓને શાળા ઉત્તેજન આપતી હોય છે અને સોવખોઝનાં સંચાલકો પણ ઉત્તેજન આપે છે. એ કહેવાની જરૂર નથી કે આમાંની કેટલીક પ્રવૃત્તિઓ કેળવણીમાં ફાળો આપે છે, એટલું જ નહિ પણ ચારિત્ર્ય બાંધવામાંયે ફાળો આપે છે.

શ્રમ પ્રત્યેનો આદરભાવ કેળવીને બુનિયાદી ચારિત્ર્ય ઘડતર કરવામાં આવે છે. ગામડાનાં બાળકોને શ્રમ તથા ખેતી માટે જરૂરી આવડત તરફ આકર્ષવાની આવશ્યકતા છે. આ ઉદ્દેશોનું અહીં સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું છે. ૯મા-૧૦મા ધોરણના તમામ વિદ્યાર્થીઓ (૧૬ અને ૧૭ વર્ષના બાળકો અને બાળ-

Scanned with OKEN Scanner

કામ) આવી આવડતો શીખતા હોય છે. બાળકો ટ્રેક્ટર હાંકવાનું, રીપેર કરવાનું અને બન્ને સંયોજિત કાર્ય શીખે છે; છોકરીઓ દોહવાના યંત્રો ચલાવવાનું શીખે છે. અઠવાડિયામાં ચાર કલાક આ પ્રકારના શાળા કાર્યક્રમને આપવામાં આવે છે અને તે વિધિપૂર્વક શીખવવામાં આવે છે, આમાં પ્રેક્ટીસના પીરિયડોનો પણ સમાવેશ થતો હોય છે. ૧૧ થી ૧૫ વર્ષના બાળકો માટે વર્કશોપના વર્ગો હોય છે. અઠવાડિયામાં બે કલાક લાકડા કામ, ધાતુ કામ, ગૃહ સજાવટ, ઉપયોગિતાના માળખામાં જ આ બધું ચલાવવામાં આવતું હોય છે કે જેથી કરીને ફાર્મ માટે જરૂરી ઉપયોગી આવડતો પ્રાપ્ત થઈ શકે. શાળામાં લટકાવવામાં આવેલો એક સામાન્ય મુદ્રાલેખ ખરેખર અર્થસભર છે: "ગ્રામ અર્થતંત્રમાં ઉપયોગી એવા વ્યવસાયને પસંદ કરીશું." અને ખરેખર ઘણા એવું જ કરતા હોય છે.

૧૯૭૯માં ૪૩ સ્નાતકોમાંથી ૧૮ તો આ સોવખોઝના કામ માટે રહ્યા હતા; ૯ જણાએ—ઉચ્ચતર અભ્યાસની સંસ્થામાં જોડાઈને ઉચ્ચ અગ્રતાવાળી ખેતીમાં તથા ઢોર ઉછેરમાં વિશિષ્ટીકરણ કરવાનું પસંદ કર્યું; ૧૧ જણાએ એવા જ કારણોસર માધ્યમિક શાળાઓમાં વિશિષ્ટીકરણ માટે જોડાવાનું પસંદ કર્યું; બાકીનાઓએ શહેરોનાં કારખાનાઓમાં નોકરી મેળવી. જે છોકરીઓએ સોવખોઝ ખાતે કામ પર રહેવાનું પસંદ કર્યું, તેઓએ મહિયારીનું તથા કિન્ડરગાર્ટન તથા હોસ્પીટલમાં મદદનીશોની જગ્યાઓ મેળવી. એમાંની ઘણી બધી તો પત્રવ્યવહારના અભ્યાસક્રમ દ્વારા પોતાનું ભણતર ચાલુ રાખી રહેલ છે.

શાળા બહારનાં સાંસ્કૃતિક કાર્યક્રમો જેનાથી શાળાના બાળકના વિકાસમાં સહાય થાય છે તે પાછું એને પોતાના અભ્યાસમાં વધુ સફળતા મેળવવામાં સહાયભૂત થાય છે; આમાં કવિતા વાંચનની સાંજ, પૂરા કદની ફિલ્મો, નાટક કંપનીઓની મુલાકાતો અને શહેરના થિયેટરોની મુલાકાત હોય છે. (ચાર બસો ૧૨૦ બાળકો સાથે શહેરમાં વર્ષભર કેટલીક વખત પ્રવાસ કરે છે. જલસામાં વિદ્યાર્થીઓને લાવવા માટે આમ થતું હોય છે, આમાં થિયેટરો, ખાસ રમત ગમતના બનાવો, વગેરેનો સમાવેશ થાય છે.) લેનિનગ્રાદ અને મોસ્કોનાં પણ પ્રવાસો થતા હોય છે. મોટા કામદારો, લેખકો, ફિલ્મ કલાકારો, ડિરેક્ટરો, વગેર સાથે બેઠકો યોજવામાં આવતી હોય છે. આવા નામાંકિત લોકો આ હેતુ માટે સુંદર કીરગીઝીઆનો પ્રવાસ કરવા આવતા હોય છે મહિનામાં બે રવિવારોએ, નવેમ્બરથી એપ્રિલ સુધી, મુલાકાતી અફસરો, ડિરેક્ટરો, સ્ક્રીન લેખકો ફિલ્મના વ્યાખ્યાનો આપે છે. તેઓ

Scanned with OKEN Scanner

ફિલ્મો બતાવીને પોતાના વાર્તાલાપને સચિત્ર બતાવે છે. સોવખોઝના સાંસ્કૃતિક હોલમાં ૪૦૦ બેઠકો છે, જેનો આ હેતુ માટે ઉપયોગ થાય છે. સમૂહગાન, સર્જક, લેખન, નિસર્ગ અભ્યાસ અને સાચવણી (શાળાની આસપાસના વિસ્તારમાં ફૂલો અને દવાને લગતા છોડો હોય છે), આ ઉપરાંત ફોટોગ્રાફી અને ફિલ્મ ટેકનોલોજી વગેરેમાં રસવર્તુળો (Kauzhki) હોય છે. આમાંના કેટલાક વર્તુળો ખેતરો પરના યુવાન કામદારોને આકર્ષે છે. આ વર્તુળના કાર્યમાં અને અભ્યાસમાં જોડાવાથી યુવાનોમાં લાભદાયી પરિણામો આવે છે.

બાળકો અને કિશોરોને તેમની તબીયત સારી રાખવામાં સહાયભૂત થવા અને તેઓ સારું રમતિયાળપણું જાળવી શકે એટલા માટે તથા તેમની શકિતઓની ચકાસણી તેમની પ્રિય રમતમાં કરવા માટે સોવખોઝના સંચાલકો શાળાના રમતગમત વિભાગની હિમાયત કરતા હોય છે. એમાં યુવાનોને સાત રમતોમાં તાલીમ આપવામાં આવતી હોય છે નબળા બાળકોને મજબૂત કરવા માટે વિશિષ્ટ પ્રકારનો શારીરિક કેળવણીનો કાર્યક્રમ રાખવામાં આવતો હોય છે.

બાળકોમાં જેઓ પુસ્તક પ્રેમીઓ હોય તેઓને માટે શાળાની લાયબ્રેરીમાં, સાંસ્કૃતિક હોલમાં, ફાર્મની લાયબ્રેરીમાં બાળકોનો વિભાગ રાખવામાં આવેલો હોય છે. ૧૦માંથી ૯ વિદ્યાર્થીઓ લાયબ્રેરી સાથે સંબંધ ધરાવતા હોય છે. તેઓને માટે સાહિત્ય કૃતિઓનો જંગી સંઘરો હોય છે. આમાં અનુવાદોનો પણ સમાવેશ થાય છે જેમ કે માર્ક ટવેઈન, હેમીંગવે, બાલ્ઝાક, વિકટર હ્યુગો તથા બાળકો માટેના સમકાલીન લેખકોનો સમાવેશ થતો હોય છે, આમાં સ્વીડનના એસ્ટ્રીડ લીન્ડગ્રેન તથા ઈટાલીના ગીઆની રોડારીનો પણ સમાવેશ થાય છે. અહીંનો લાયબ્રેરીઅન એક નવા જ પ્રકારની કોલેજનો સ્નાતક છે. [આ કોલેજ હવે આખા સોવિયેત સંઘમાં પ્રસરી રહેલ છે. આ કોલેજમાં યુવાનોને સાંસ્કૃતિક કાર્યકરોની તાલીમ આપવાની હોય છે.] સંસ્કાર ઘરનું શાળાના સમય બાદ પૂરા સમયના વ્યાવસાયિકોનું સંચાલન કરતા હોય છે. તેમણે તાજેતરમાં લોકપ્રિય મ્યુઝિક બેંડનું સંગઠન કરેલું છે.

શનિવાર અને રવિવારને યુવાનોના દિવસો કહેવામાં આવે છે અને તેઓ મનોરંજનની સાંજની જોગવાઈ કરે છે, આમાં નૃત્યો, સંગીત, રમૂજી ટુચકા, કટાક્ષના વાંચનો, વગેરે હોય છે.

Scanned with OKEN Scanner

સંસ્કાર ઘરમાં સામાજિક હોલને કુટુંબ ઊજવણીનો હોલ કહેવામાં આવે છે. દા.ત., અહીં ફાર્મની સમગ્ર વસતી પોતાના બાળકની ૧૬મી વરસગાંઠ ઊજવવા માટે ભેગી થાય છે. [અહીં સુપ્રિમ સોવિયેટની એક મહિલારાણની ચૂંટણીની ઊજવણી થઇ હતી. તેણીએ પોતાની ગાયોને તંદુરસ્ત રાખવાનો વિક્રમ નોંધાવ્યો હતો આ ગાયો ઘણાં વરસો સુધી વધુમાં વધુ દૂધ આપતી રહી હતી. તેણીનું વ્યક્તિત્વ, પોતાના પડોશીઓ તથા સાથી કાર્યકરોમાંનો તેણીનો રસ અને ફાર્મની નાગરિક પ્રવૃત્તિઓમાંની તેણીની નેતાગીરી, વગેરે એ તેણીને ચૂંટણીમાં વિજય અપાવ્યો હતો. ફાર્મ અને સમાજે તેણીને ચૂંટીને રાષ્ટ્રના સર્વોચ્ચ વિધાનગૃહમાં મોકલી છે]

સોવખોઝમાં મોટા થવાના તથા એની શાળામાં હાજરી આપવાના તથા ડહાપણભરી રીતે તથા સારી પેઠે સારી દોરવણીયુક્ત બહારની પ્રવૃત્તિઓમાં સામેલ થવામાં તાત્કાલિક લાભો રહેલા હોય છે.

મોટા ભાગના સારા નેતાઓની નમ્રતા સહિત, ડિરેક્ટર નૂરમામેનોવે મને ખાતરી આપી છે કે કીરગીઝીઆની દસ વર્ષીય ગ્રામ્ય શાળા એના બાળ—બાળિકાઓને એવા જ પ્રકારના કાર્યક્રમો પૂરાં પાડે છે.

પશ્ચિમમાંથી બહારના આગંતુક જે પ્રશ્ન પૂછતો હોય છે તેવો પ્રશ્ન પૂછવામાં મને ઘણી વાર લાલચ થઇ આવતી હતી. સમાજ-વિરોધી વર્તનનું શું? કિશોર ગુનેગારીનું શું? મને એમ લાગ્યું કે સાચેસાચ એનો ઉત્તર જાણું છું. આવા પ્રકારના વાતાવરણમાં અભ્યાસની આવી તકો, વિકાસને માટે રસપ્રદ અને આમોદ-પ્રમોદ પ્રવૃત્તિઓમાં સામેલ થવું, ઊજળા ભાવિ ભણી મીટ માંડવી અને રોજગારીની બાંયેધરીના વાતાવરણમાં અનિચ્છનીય વર્તન ખરેખર લઘુતમ કક્ષાએ જ રહે, અને જ્યારે એ દેખાય ત્યારે તેને વાલીઓની કાઉન્સીલ તથા ટ્રેડ યુનિયન કાઉન્સીલ હાથ પર ધરે છે, આ ઉપરાંત ફાર્મના ડિરેક્ટર અને શાળા પણ આમાં જોડાય છે અને સૌથી વધુ તો ગુનેગારના સમોવડિયાઓ તરફથી પણ દબાણ આવતું હોય છે.

કોઈ પણ પશ્ચિમીને બીજો જે રસપ્રદ પ્રશ્ન સૂઝતો હોય છે તે શાળાને નાણાં પૂરાં પાડવાની બાબત અંગેનો છે. ફાર્મની શાળાને માટે નાણાંની જોગવાઈ સામાન્ય રાષ્ટ્રીય જાહેર નાણાં ભંડોળમાંથી થતી હોય છે. આમાં સોવખોઝની સામાન્ય આવકમાંથી પણ અમુક રકમ આવતી હોય છે.

Scanned with OKEN Scanner

કીરગીઝીઆમાંની સામાન્ય શાળાઓ પ્રત્યે મેં પુષ્કળ ધ્યાન પરોવ્યું છે અને મેં શહેરી તથા ગ્રામ શાળાના દૃષ્ટાંત ટાંકેલ છે કે જેથી કરીને મારા વાચકને માધ્યમિક શિક્ષણનો પોતનો ખ્યાલ આવી શકે. દૂર દૂરના નાનકડા સોવિયેત પ્રજાસત્તાકમાં પણ (જેને ૬૦ વર્ષ પહેલાં તો શિક્ષણની કોઈ સગવડ જ નહોતી) ૩૫ લાખની વસતીનું આ એક નાનકડું રાષ્ટ્ર છે અને એણે રીતસરનો શૂન્ય સાંસ્કૃતિક સપાટીએથી આરંભ કરીને સાર્વત્રિક શિક્ષણની એવી તો સપાટી હાંસલ કરી છે જે ઘણાં વિકસિત વસતીવાળા દેશો સાથે નિસ્બત ધરાવતી હોય, અને આવા દેશોને પાછી સાંસ્કૃતિક પ્રણાલિકાઓનો લાંબો ઈતિહાસ પણ રહેલો હોય. કીરગીઝીઆમાં જે કાંઈ હાંસલ કરવામાં આવ્યું છે તે મારી કાળજીપૂર્વકની ખોજ દરમ્યાન બીજા સોવિયેત પ્રજાસત્તાકોની પણ લાક્ષણિકતા તરીકે દેખાયું છે પછી અગાઉ ભલે તેઓ ગમે તેટલા પછાત હોય અથવા તો તેઓએ ગમે તેટલી આપદાઓનો મુકાબલો કર્યો હોય. આ હેવાલમાં હું બે દાખલાઓનો ઊમેરો કરીશ : સોવિયેત આર્મેનીઆમાંની સામાન્ય શાળા અને મોલ્દેવીઆમાં ૧૦મા ધોરણ સુધીની સામાન્ય શાળાની વાઙ્મય કેળવણીના તત્ત્વો. મોલ્દેવીઆ એટલું બધું નાનકડું પ્રજાસત્તાક છે કે અંતરમાં અને ઈતિહાસમાં તે દેશભરમાં સાંસ્કૃતિક મથકોથી ખૂબ જ અલગ પડી ગયેલ છે.

કીરગીઝીઅનોથી ઊલટી રીતે, આર્મેનીઆના લોકોને લાંબો અને નોંધપાત્ર સાંસ્કૃતિક ઈતિહાસ છે. યેરેવાન શહેર (પ્રજાસત્તાકનું પાટનગર) પેરીક્લીઅન એથેન્સથી જૂનું છે, તેમની પાસે ઈ.સ. ૪૦૫થી માંડીને પોતાના તળપદા મૂળાક્ષરો છે. એને ઈરાદાપૂર્વક મોટે ભાગે બિન-ગૌણ રાખવામાં આવ્યા હતા કે જેથી કરીને એક વધુ બાબતમાં તે સાંસ્કૃતિક રીતે કોળિયો બની જવાના ભયોનો તે મુકાબલો કરી શકે અને ઘણાં બધા પરદેશી આક્રમણોમાંથી નીપજતી ગુલામીમાં તે ટક્કર ઝીલી શકે. આ નાનકડા દેશે આવાં આક્રમણો ઘણાં પ્રમાણમાં સહન કર્યા છે. આવા પરદેશી આક્રમણો પાછા લાંબા સમયના ગાળા સુધી કબજો જમાવીનેયે બેઠા હતા અને એવી યાતનાઓ વરસાવતા હતા જેને આ નાનકડો દેશ સહન કરી લેતો હતો, અને આ બધી હકૂમતો એક રાષ્ટ્ર તરીકે આર્મેનીઅનોનું નિકંદન કાઢી નાંખવા માંગતી હતી. આમ છતાં, તેઓ પોતાની ભાષા, પ્રણાલિકાઓ અને મૂલ્યોને વળગી રહ્યા. તેઓએ પોતાની ભાષા, સાહિત્ય, કલાના ભંડારને સંઘરી રાખ્યો હતો. ભણતરની અહીં આરાધનાઓ થયેલી હતી અને પુસ્તકને સૌથી વધુ

Scanned with OKEN Scanner

પવિત્ર ગણવાનો અહીં રિવાજ હતો, પણ તેઓના કટ્ટર અનુભવોની ચડતી-પડતી-ઓમાં પ્રજાની બહુમતીની કંગાલિયત તથા ગુલામીએ સાર્વત્રિક કેળવણીને દાખલ કરવાનું કામ વિલંબમાં નાંખી દીધું હતું, અને તે છેક સોવિયેત આર્મેનીઆની સ્થાપના થતાં સુધી ચાલ્યું; અને સોવિયેત રાજ્યનાં ટેકો મળ્યો ત્યાં સુધી એ બધું ચાલુ રહ્યું. આ પછીથી ભણતરની પરંપરાનો અનુરાગ અને સંસ્કૃતિની બાબતમાં સમાજવાદી પ્રતિજ્ઞાબદ્ધતાના ઉદ્દીપને લોકસમુદાયોને આર્મેનીઆમાં મોટી મજલો કાપવા શક્તિમાન બનાવ્યા અને સાંસ્કૃતિક સ્વાયત્તતામાં તેઓને કશી જ ખોટ ગઈ નહિ. આ લોકોનો મિજાજ, તેઓના દેશનું સૌંદર્ય, તેઓની સંવેદનશીલતા તેઓની ભિન્નતા પરની સૈકાઓની તરાપની ધમકીથી વધુ ધારદાર બન્યા હતાં અને એનાથી આર્મેનીઅન લોકોને કલાત્મક અભિવ્યક્તિની ભાવના પૂરી પાડી હતી. દશ્ય કલાઓની તેઓ ઉપર ખાસ અસર થાય છે.

યેરેવાનમાં ૮૬ નંબરની શાળા કે જેની મેં મુલાકાત લીધી છે, તેમાં મોટા ભાગની ભિન્ન સ્વરૂપની શાળાઓ છે. તે દશ્ય, ભાગો ઉપર ભાર મૂકવાના વલણ-વાળી છે. એ મારટીરોસ સારીયન શાળા તરીકે જાણીતી છે. રાષ્ટ્રના સૌથી વધુ લોકપ્રિય ચિત્રકાર "સારીયન"ના નામથી તે નામ પાડવામાં આવ્યું. આ ચિત્રકાર ૯૧ વર્ષ સુધી જીવ્યો હતો અને ૧૯૭૨માં એનું અવસાન થયું. પણ એમના જીવનના છેલ્લાં દસ વરસો — આ શાળા ખોલવામાં આવી ત્યારથી—તેઓ એના નિષ્ઠાવાન પેટ્રન હતાં, અર્તાબાઝદ કાન્તાર્જિયન એના અસરકારક ડિરેક્ટર છે. તેઓ આબેહૂબ રીતે કાળી ચામડીવાળા આદમી છે. એમનું માથું સૌંઢી છે અને ચપળ ભૂરી આંખો ધરાવે છે. તેઓ પોતે પાછા સંગીતજ્ઞ છે. તેમને કલાની દુનિયાનું સારું એવું જ્ઞાન છે, છતાં તેઓ બે પરદેશી ભાષાઓ બોલે છે. તેઓ આ શાળાના જીવનમાં સંપૂર્ણ રીતે ઓતપ્રોત થઇ ગયેલા છે. એના ઉદ્ભવ વિશે બોલતાં એમણે કહ્યું હતું કે ટેકનોલોજિકલ વિષયો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે અથવા તો ગણિતશાસ્ત્ર ઉપર ઝોક મૂકવાને બદલે આ શાળા દશ્ય કલાઓ ઉપર ભાર મૂકે છે. તેમણે આગળ ચાલતા એવો ખુલાસો કર્યો હતો કે એનો અભ્યાસક્રમ વિદ્યાર્થી-ઓમાં કલાની ભાવના વિકસાવવા માગે છે, તેઓને મોટા કલાકારો બનાવવા કરતા ભાવના ખીલવવી એટલું અમારા માટે બસ છે. તેઓમાં આવડત આવે અને તેઓમાં જરૂરી કલાત્મક કુશળતા ઊભી થાય એવું અમને જોઈએ છે. સાથે સાથે તેઓ સ્ટાન્ડર્ડ એકેડેમિક કેળવણી પણ પ્રાપ્ત કરે. આ વિસ્તારમાંના હળવા ઉદ્યોગો

Scanned with OKEN Scanner

આવી આવડતોનો ઉપયોગ કરે છે : ડિઝાઈનીંગ, કાપડ, સીરામિક વાસણો અને કલાત્મક લોટાઓનું ચિત્રકામ, રાષ્ટ્રીય પોશાકનું ભરતગૂંથણ, રકાબીઓ પર ડિઝાઈનોનું ચિત્રકામ તથા મકાનોના શણગારો વગેરે.

જે બાળકો અને બાળિકાઓ અસાધારણ આવડત પ્રકટ કરે તેઓને સંપૂર્ણ સમય ની કે પાર્ટ ટાઈમ કલા શાળાઓમાં ફેરવી નાંખવામાં આવતા હોય છે.

શાળાના આંગણામાં માટીકામનું પ્રદર્શન નોંધપાત્ર હતું. થોડાક નમૂનાઓ એવા આકર્ષક દેખાતા હતા કે જે મ્યુઝિયમમાં મૂકવા લાયક હતા. બાળકોનાં ચિત્રકામ દીવાલો પર લટકતા હતાં; જેમાં કલાકાર સારીયનની રંગમુગ્ધતાનું દર્શન થતું હતું. જ્યારે એમણે પહેલી જ વાર બાળકોના ધબકારા મારતા ચિત્રકામને નિહાળ્યું ત્યારે એમણે જણાવ્યું હતું કે, "નાનાં બાળકો આવી આંખોથી દુનિયાને જુએ એ માટે શકય તેટલું બધું જ કરી છૂટજો; કે જેથી કરીને દરેકને પોતપોતાનું સોણલું આવે અને પોતાનું દર્શન ઊભું થાય.

સારીયન એવો પહેલો કલાકાર હતો જેણે રંગોનો આર્મેનીઅન નિસર્ગ સાથે લાક્ષણિક ઉપયોગ કર્યો હતો. ડિરેક્ટરે વધુ ઉમેરતાં જણાવ્યું હતું કે અમે આ બાળકોમાં એવી પ્રેરણા લાવવા માગીએ છીએ કે તેઓ ચિત્રકામના પોતાના અભિ-ગમની કદર કરી શકે.

શાળાએ દશ્યકલાઓ ઉપર જે ઝોક મૂકયો છે તેનો આરંભ પહેલા ધોરણથી જ થાય છે અને ૧૦મા ધોરણ સુધી તે ચાલુ રહે છે. બધું શિક્ષણ આર્મેનીઅન ભાષામાં, સાહિત્યમાં આપવામાં આવે છે. (રશિયન ભાષા અને સાહિત્ય વિષયો તરીકે શીખવામાં આવે છે.) અંગ્રેજી અને ફ્રેંચ પરદેશી ભાષાઓમાંથી પણ બાળકો પોતાને ફાવતી ભાષા પસંદ કરી લે છે.

અમે જ્યારે જુદા જુદા વર્ગોની મુલાકાત લીધી ત્યારે મેં તો બાળકોનાં ચિત્ર-કામમાં સમૃદ્ધ રંગો વિશે વિચારવાનું ચાલુ જ રાખ્યું હતું અને મને તો નવાઈ જ થયા કરતી હતી. માર્ચ માસમાં હું આર્મેનીઆમાં હતી. આ બધું કાળા રંગમાં ઢાળવામાં આવ્યું હતું. શહેરનાં ભૂરા સ્થાનિક ડુંગરાના પથ્થરીયા મકાનોની નજીકમાં કયાંય ઘાસનું તણખલું પણ દેખાતું નહોતું—નર્યા ડુંગરો અને નર્યા સુક્કા વૃક્ષો, કોઈ પણ સમયે રંગની રમણાની તો કોઈ સંભાવના જ નહોતી. એટલે મેં પૂછયું. "બાળકોએ રંગની તેજસ્વીતાનો ખ્યાલ કયાંથી મેળવ્યો છે?" જવાબ એ હતો કે બીજી

મોસમોમાં નજીકના ગ્રામ વિસ્તારમાં અમારાં રૂપાળાં સરોવરો અને હરિયાળા પર્વતો. માંથી." શહેરનાં બાળકોનો ૯૦ ટકા ભાગ સરોવરો તથા પર્વતોમાં છાવણીઓમાં એક મહિનો ગાળે છે. બાળકો ઉપર આર્મેનીઅન ચિત્રકામની લાંબી પ્રણાલિકાઓની પણ અસર થયેલી છે કારણ કે છેક મધ્યયુગથી માંડીને આર્મેઅન હસ્તપ્રતો મોજૂદ હતી દેશમાં વિશ્વનો સૌથી મોટો સંગ્રહ અહીં છે. આ બધું ધબકાર મારતા રંગોમાં કરવામાં આવ્યું છે.

આ ભારે ભીડવાળી શાળા, જે નવી ઈમારતની પણ રાહ જોઈ રહી છે, એના ભોયરામાં શિલ્પકલાના વર્ગ પણ ચલાવવામાં આવે છે. ૧૨ બાળકો પોતાના મોડેલીંગમાં પરોવાયેલા હતા, કેટલીક શિલ્પી વિગતો કરવાનું તેઓને કહેવામાં આવ્યું હતું. હું એ જાણવા માતીગ હતી કે અહીં કોઈ બાલિકાઓ કેમ નહોતી. છોકરાઓએ સ્મિત કર્યું, ડિરેકટર તો આ પ્રશ્નથી અચંબામાં પડી ગયા અને પોતાના જવાબમાં તેઓ થોથરાતા હતા. દેખીતી રીતે જ એમને એકાએક ખબર પડી કે તેમની સમક્ષ એક મુક્ત અમેરિકન સ્રી ઊભી છે. બાલિકાઓમાં તેઓ બીજી આવડતો વિકસાવે છે જેવી કે રકાબીઓ પરનું ચિત્રકામ, ભરતગૂંથણ, ધાબળા વણવા, વગેરે. મેં આ ખરીદ કર્યા નહીં, ગમે તેમ તોયે આ શિલ્પનો વર્ગ હતો, કોઈ પણ મહાન શિલ્પીની પ્રતિભાને તે ઉદ્દીપિત કરે તેવું હતું. તો પછી બાલિકા કલાકાર કેમ નહિ? અમે થોડીક મિનિટો સુધી દલીલ કર્યા કરી, પણ ડિરેટકટરને પ્રતીતિ થઈ નહિ એટલે હું બાળકો તરફ વળી અને તેઓને હાથ ઊંચો કરીને મત આપવાનું જણાવ્યું. તમારા આ વર્ગમાં બાલિકાઓ હોય એમ તમને ગમે છે? તમે માનો છો કે છોકરીઓ પણ છોકરાઓ જેટલી જ શક્તિ ધરાવે છે? જવાબ આ બન્ને પ્રશ્નોનો સર્વાનુમતે "હા"નો હતો, મારામાં આશાનો ચમકારો આવ્યો કે નવી પેઢી દેખીતી રીતે પુરુષવાદી ડિરેકટર કરતાં ઓછા પૂર્વગ્રહવાળી હતી. ડિરેકટરની મુદ્રા હવે ચમકી અને એ જ ભૂરી આંખો મૂંઝાયેલી નહિ તો ગૂંચવાડામાં તો હતી જ.

અમે જ્યારે શાળાનાં પ્રાંગણમાં પાછા ફર્યા ત્યારે ડિરેકટર એકદમ દોડીને માટી કામના પ્રદર્શન ભણીથી આવ્યા અને બે બહુ જ સુંદર કૃતિઓ લાવ્યા. આ બન્ને એક છોકરીની કારીગીરી હતી. સોવિયેત સંઘમાં દલીલ જીતવી એ બહુ કપરું છે. અમે બન્નેએ સમાધાન કરી લીધું અને હાથમાં હાથ રાખીને દાદરાના ત્રણ પગથિયા ચઢી ગયા અને શાળાના ઓડીટોરિયમમાં આવ્યા. અહીં ૧૫ વર્ષની ઉંમરનાઓનું એક જૂથ આર્મેનીઅન ભાષામાં અસંખ્ય રમૂજ ટુકડીઓ ભજવી

બતાવતું હતું. મારા યજમાને દરેક શબ્દનો રશિયન ભાષામાં અનુવાદ કર્યો અને દરેક જણની જેમ હુંયે ખડખડાટ હસવા લાગી. એમના બાળકોએ પેટ પકડીને હસાવે એવી રમૂજ તેમ જ દશ્ય કલાકારોની શકિતનો આસ્વાદ પૂરો પાડયો હતો.

મેં જે જે શાળાઓની મુલાકાત લીધી તેની જેમ જ આ શાળા પણ ભપકાના અભાવવાળી હતી, પણ તે સ્વચ્છ અને સુઘડ શાળા હતી અને ગંભીર અભ્યાસની નિષ્ઠાવાળી હતી.

મેં ડિરેકટર તથા શાળાના ઝાંપા પાસે ઊભેલા અસંખ્ય મદદનીશોની રજા લીધી ત્યારે મેં એક મોટું મુદ્રાલેખનું પાટિયું જોયું, અને તે ઝાંપાની ઉપર લટકાવેલું હતું. એમાં એવા શબ્દો હતા કે, "હંમેશાં સૂર્યપ્રકાશ હજો." શાંતિની હાંકલ સોનેરી અક્ષરોમાં લખેલી હતી અને તે ત્રણ ભાષામાં હતી: આર્મેનીઅન, રશિયન, અંગ્રેજી, "આમીન," મેં મારી જાતને જ કહ્યું, આ શબ્દનો સમાવેશ વિશ્વની બધી ભાષાઓમાં થવાનો સંભવ છે.

મોલ્દેવીઆની સામાન્ય શાળાઓમાં કલા સંબંધી કેળવણી

કલા સંબંધી શિક્ષણ પ્રત્યે સોવિયેત કિશોરોની કેળવણીની યોજનામાં વધારે ને વધારે ધ્યાન અપાઇ રહ્યું છે. જો કે જુદી જુદી કક્ષાઓમાં વિશિષ્ટ શાળાઓની સંખ્યા વધતી જ ચાલી છે, છતાં એવી ઘણી કોમો છે જ્યાં એનો હજીયે અભાવ છે. એટલે, આવી કોમોમાંના બાળકોને કલા વગેરે સાથેના સંપર્કના લાભોનો ઈન્કાર ન થાય એટલા માટે કલા સંબંધી તત્ત્વો સ્ટાન્ડર્ડ સામાન્ય શાળામાં એકંદર અભ્યાસક્રમમાં દાખલ કરવામાં આવેલ છે, જેની બુનિયાદી કેળવણી અહીં મોટા ભાગના દરેકે દરેક કોમના બાળકો લે છે.

મોલ્દેવીઆ જે ૧૫ પ્રજાસત્તાકોમાં સૌથી નાનામાં નાનું પ્રજાસત્તાક છે તેમાંના આ અભિગમનો મેં ખાસ અભ્યાસ કર્યો છે. મોલ્દેવીઆનો મોટો ભાગ

Scanned with OKEN Scanner

રાજાશાહીવાળા રુમાનીઆના કબજામાં હતો. ૧૯૧૮થી છેક અત્યારની તારીખ સુધી જર્મનો તથા રુમાનીઅનોએ એનો કબજો લીધેલો હોઈ સમગ્ર બીજા વિશ્વ યુદ્ધ દરમ્યાન તેણે છેક ૧૯૪૦ સુધી પોતાના સમાજવાદી અસ્તિત્વનો આરંભ કરેલો નહિ (૧૯૪૦માં જ એ મોડેથી સોવિયેત સંઘનો ભાગ બન્યો હતો). માત્ર ૪૫ વરસ પહેલાં મોલ્દેવીઆની વસતીનો ૨૫ ટકા ભાગ અક્ષરજ્ઞાનવાળો હતો. બાળકોની લાયબ્રેરીઓ તથા મોટા ભાગની શાળાઓ યુદ્ધમાં નાશ પામ્યા હતા.

મોલ્દેવીઅન કેળવણીકારો છેલ્લા ૩૫ વર્ષમાં જે કોઈ પ્રગતિ થઈ તેનો યશ સોવિયેત રાજ્યની મદદને આપે છે તથા પોતાના જ શિક્ષકોના ઉત્સાહને પણ એ યશ આપે છે. આમાંના ઘણાઓએ પોતાના વર્ગના કામમાંથી સર્જક પહેલ કરી છે અસાધારણ શિક્ષકોની પદ્ધતિઓ ઉપર આમ ખૂબ જ ભાર મૂકવામાં આવે છે અને વ્યવસાયમાં એનો વ્યાપક રીતે સ્વીકાર કરવામાં આવે છે. આશરે સો એક જેટલા શિક્ષકોની અગ્રિમતાને લઈને સામાન્ય સ્કૂલના અભ્યાસક્રમમાં વિષયના શિક્ષણની પ્રક્રિયામાં સાહિત્યિક તત્ત્વો દાખલ કરી દેવાયા છે.

પહેલાં તો મેં પહેલા ધોરણમાં જે કાંઈ જોયુ તેનું હું વર્ણન કરવા માગું છું. નિશાળના પહેલા દિવસે પરગણાના ગામડાઓમાં પહેલાં તો શિક્ષિકા દિવસનો આરંભ તેઓની બાળપોથી વિશેની વાતથી કરે છે. ખાસ કરીને તો મોલ્દેવીઅન બાળપોથીના રૂપનાં વખાણ કરે છે. એમાં રસાસ્વાદભર્યા ચિત્રોનો આનંદ માણવા માટે તેણી બાળકોને આનંદ આપે છે. એમાં જે સફાઈથી પદાર્થો બતાવવામાં આવ્યા છે અને રંગની શોભા બતાવવામાં આવે છે તેનાથી બાળકો મુગ્ધ થાય છે. શિક્ષિકાના ટૂંકા અને ચુનંદા ઉદ્ગારોથી તેઓને વધારે સભાનતાપૂર્વક મઝા માણવા માટે તૈયાર કરવામાં આવે છે. એટલે કે, પહેલાં તો પ્રથમ બાળપોથીની આકર્ષકતા માણવાનું કહેવામાં આવે છે અને ત્યાર બાદ જે શબ્દોમાં તેઓ સહેલાઈથી સમજી શકે તેમાં તેણી તેઓને જણાવે છે કે આવી રૂપાળી ઉપયોગી ચોપડી રચવા માટે કેટલો બધો પ્રયાસ થયો છે તે સમજાવવામાં આવે છે. આ પુસ્તક તેઓને વાચતા અને લખતાં શીખવશે એ સાથે જ તેણી એવો ખુલાસો કરે છે કે આમાંના ચિત્રો અને બીજાં શણગારો બહુ જ હોશિયાર લોકોએ, કલાકારોએ તૈયાર કરેલા છે. કદાચ કેટલાક બાળકો આ શબ્દનું મૂલ્ય નયે સમજી શકે પણ આમાંના મોટા ભાગના હૈયામાં તો આભા અને આદરભાવનો તણખો

મૂકવામાં આવે છે. તેઓ સૌંદર્યનું સર્જન કરે છે. તેઓ માટેની આ આભા તથા આદરભાવની ભાવના ઊભી કરવામાં આવે છે.

આ બાળપોથી સ્પીરીડોન વાનઘેલીએ તૈયાર કરી છે. મોલ્દેવીઆના સૌથી વધુ વંચાતા બાળકોના એ લેખક છે. ખાસ કરીને નાના ભૂલકાના અને ગ્રીગોર-વીએરુ મોલ્દેવીઆના આગળ પડતા કવિ છે. તેમના પણ આમાં સમાવેશ થાય છે.

તળપદી ભાષાના અભ્યાસમાં સાહિત્યિક તત્ત્વો દાખલ કરવામાં આવે છે. લેખક અને ભાષાના મહત્ત્વ ઉતર ખૂબ ઝોક આપવામાં આવે છે કારણ કે આ બધું અનેક પ્રાણભૂત સાંકળોમાં નાના બાળકના રોજ-બ-રોજના જીવન સાથે સંકળાયેલ હોય છે. તેમ એના સાંસ્કૃતિક અનુભવ સાથે પણ તે વણાયેલ હોય છે. ભાષાના શિક્ષણનો ઉપયોગ વધારે મોટી સંવેદનશીલતાના પોષણ માટે કરવામાં આવે છે, સાથેસાથે માતૃભાષાની સમૃદ્ધિ સાથે પણ એને સંબંધ હોય છે. એવી માન્યતા પ્રવર્તે છે કે બાળકમાં માતૃભાષાના પ્રેમની ભાવના દાખલ કરવામાં આવે, એનો અર્થ એ છે કે પોતાની સંવાદિતા તથા અજોડ અભિવ્યક્તિની સભાનતાનું એને પોષણ આપવામાં આવે છે. એ પછીથી એની સુંદરતા ભણી તે ખેંચાય છે. આ બધું, અલબત્ત, બાળકમાં પોતાની ભાષાના ઉપયોગની વૃત્તિને સાવચેતીપૂર્વક અને ખાસ ઉદ્દીપિત કરે છે; કારણ કે એમાં લખાયેલા સાહિત્યમાંના એના રસને તેજીલો બનાવે છે. આવું હાંસલ કરવાનાં સાધનો ઘણાં હોય છે અને એમાં શિક્ષિકાની ફળદ્રુપ કલ્પના જેટલી પ્રત્યુત્પન્નતા રહેલી હોય છે. એક શાળામાં શિક્ષિકાએ પોતાના કિશોરોના વર્ગમાં મોલ્દેવીઅન લેખકે લખેલા નાટકનું વાંચન કર્યું. એમાં એવું બતાવવામાં આવ્યું કે એના પાત્રો કેવા હાસ્યાસ્પદ છે. ખાસ કરીને તેઓ પોતાના શ્રેષ્ઠ ભણતરનો દેખાવ કરતા હોય છે અને તેઓ પોતાની માતૃભાષામાં ફ્રેન્ચ શબ્દોની સંકરતા ભેળવી દેતા હોય છે. પોતાની વિભિન્ન ભાષામાં આ બધાં દૂષણોનો ચેપ દાખલ કરવામાં આવતો હોય છે અને આ બધું એવા લોકો દ્વારા થતું હોય છે જેઓને એની પવિત્રતા કે સ્વચ્છતા અને તળપદા ધાતુરૂપોની કશી પરવા જ હોતી નથી.

૧૩ વરસની ઉંમરનાઓના એક વર્ગમાં પ્રજાસત્તાકના પાટનગર કીશાનેવમાં સામાન્ય શાળામાં શિક્ષિકાએ સ્થાનિક કવિની એક જુસ્સાદાર કવિતા સમજાવી. એ ભાષામાં જ આ કવિતાની સરખામણી મોલ્દેવીઅન ગ્રામ વિસ્તારના આલ્હાદક

Scanned with OKEN Scanner

ભાવ-પ્રતિકો સાથે કરવામાં આવી હતી. અને જ્યારે તેઓને સ્થાનિક પ્રકારનાં વિષયો ઉપર લેખન કાર્ય કરવાનું કાર્ય સુપરત કરવામાં આવ્યું ત્યારે બાળકોએ એવા શબ્દો પસંદ કરવાની મથામણ કરી જેનાથી પોતાની માતૃભાષા તથા માતૃ-ભાષાનું સન્માન થાય. કવિએ તો અસરકારક રીતે આ કામ કરી બતાવ્યું હતું.

વ્યાકરણના શિક્ષણ દરમ્યાન બાળકોએ વાકયો એવા બનાવ્યા હતા કે, "તમે વ્યાકરણના નિયમનો સાચો દાખલો આપ્યો છે, પણ તમારા વ્યાકરણમાં કશું જ રસપ્રદ નથી, કશું તાજગીભર્યું નથી તેમ કશું જ ચળકાટ મારતું નથી." શિક્ષિકા કેટલાક વાકયોની બાબતમાં કંઇક કરવું. તેણીની ટીકાઓથી બાળકને વિચારતા થવું પડયુ અને પરિણામે તેઓ ખોજ કરે છે તથા ભાષાના શબ્દોની પસંદગી કરે છે અને ભાષાની રસશાસ્ત્રીય રીતે પીછાન મેળવે છે.

મોલ્દેવીઅન અને રશિયન સાહિત્ય કલાના સ્વરૂપો તરીકે શીખવવામાં આવે છે. તેઓને સાહસિક શિક્ષિકા થિયેટર સાથે, ફિલ્મો સાથે, સંગીત ચિત્ર સાથે સાંકળી લે છે અને બેલે સાથે પણ સાંકળી લે છે. સાહિત્યિક શ્રેષ્ઠ કૃતિની બાબતમાં શિક્ષિકા એક કરતાં વધુ કલા માધ્યમો સાથે એને સાંકળી લે છે, તે વખતે શિક્ષક વિખ્યાત કાવ્યના અનેક સ્વરૂપો સાથે એને સાંકળી લે છે. એવી જ વિખ્યાત કથા કે નવલની બાબતનુંયે છે. એનું કાં તો સંપૂર્ણ અથવા અધકચરી રજૂઆત કરવામાં આવી હોય છે. શિક્ષિકા તેઓમાં સર્વસામાન્ય રસવૃત્તિનું ઉદ્દીપન કરે છે. કલાઓની એકતાનો ખ્યાલ તેઓના મગજમાં ઠસાવવામાં આવે છે.

મને જુદી જુદી વયના બાળકોના કેટલાંક જૂથો સાથે કીશીનેવની સામાન્ય શાળામાં મળવાની તક સાંપડી હતી. તેમ એક ગ્રામ શાળામાં પણ મળવાની તક સાંપડી હતી. અમે ઘણી ઘણી બાબતો વિશે વાતો કરી. તેઓને જે પુસ્તકો ગમતાં હતાં તેમના વિશે પણ વાતો કરી. તેઓએ લખેલા કાવ્યો વિશે, સાહિત્યની કારકિર્દી વિશેના તેઓના વિચારો વિશે આ બધી વાતચીતો હતી. બાળકો શરમાળ અને નમ્ર હતા અને તેઓના વિચારો બહાર કઢાવતાં થોડી તકલીફ પડી હતી. પણ એક વાર વાત શરૂ થઈ એટલે તેઓએ એવી પુષ્કળ સાબિતી આપી હતી કે શિક્ષકના પ્રયાસોથી તેઓના ભાષા તથા સાહિત્યમાંથી તેઓએ સારો લાભ મેળવેલો છે.

આ બધી બેઠકોમાંથી મને જે સંખ્યાબંધ કાવ્યો નાના લેખકોએ આપ્યા હતા તે સાથે હું બહાર આવી, પાછળથી મેં તેઓનો અનુવાદ કર્યો અને સોવિયેત

Scanned with OKEN Scanner

બાળકોનાં કાવ્યોના ગ્રંથમાં એમાંના કેટલાકનો સમાવેશ કર્યો છે. યુનાઈટેડ સ્ટેટ્સમાં એ પ્રકટ થયેલ છે. એમાંની એક તે ૧૫ વરસની ઉંમરની કીશીનેવની નાતાશા બુખ્તેયેવાની કૃતિ રજૂ કરું છું.

પોતાના સમોવડિયાઓ સાથે તેણી કવિ તરીકે બોલે છે.

મારી બક્ષિસ

તમે મારી બક્ષિસ લેશો?
પાનખરના ઝાંખરાનો એ ભીરુ ગણાય છે
અને સૂર્યોદયનો એમાં ભપકો છે
અને એમાં સંધ્યાના છાયાની ગૂઢતા રહેલી છે.

સમુદ્રના ખારા ઓષ્ઠો
છેલ્લા તોફાનોનો નિશાન ડંકાનો ધબકાર છે
મારા સાથીઓ, તમે મારી બક્ષિસ લેતા જશો?
વહેલા ચિંતનના દૂધાળા માર્ગની આ બક્ષિસ છે.

મારા મિત્રો, મારી સાથે ચાલો,
ડુંગરાળ ધોધના ગીતો સાંભળવા
અને વર્ષાના રમતિયાળ માર મહાણવા
દૂરના શાંત નિગહ સ્થાનોની મોહકતા માણવા.

ચાલો, આપણે વનરાઈઓમાં શહેરોની રચના કરીએ,
આપણે તારાઓમાં પરિચિત બનીએ
અને ડેન્કોની જેમ, આપણા હૈયામાં
પુષ્પઝાળના અને અંધારાનો મુકાબલો કરીએ.

ચાલો. આપણે ધરતીમાં સ્વપ્નોનું બીજારોપણ કરીએ.
તમામમાં સુખનો ફેલાવો કરીએ,
આપણી દુનિયા ઉપર આનંદના ગીતો
અને હાસ્યની છોળો ગજાવીએ.

(અહીં ડેન્કો લોકકથાનો નાયક છે. પોતાના લોકોને ઉગારવા એણે પોતાનું હૃદય આપ્યું હતું.)

ઈતિહાસ, ભૂગોળ અને નિસર્ગ વિજ્ઞાનોના શિક્ષણમાંના સાહિત્યિક તત્ત્વો ઓછા અસરકારક નથી. ઈતિહાસનાં શિક્ષણમાં આવા તત્ત્વો ઉપર ખાસ કરીને ત્રેવડી રીતે ભાર મૂકવામાં આવે છે. બાળકોનું ધ્યાન વિધાયક સામાજિક આદાન-પ્રદાનની સુંદરતા ઉપર દોરીને, સામાજિક ન્યાયની સુંદરતા પર દોરીને અને ઐતિહાસિક બનાવોને તેજસ્વી બનાવવા કલા સામગ્રીનો ઉપયોગ કરીને આ કામ કરવામાં આવે છે. સર્વસામાન્ય રીતે માનવજાતનો ઐતિહાસિક અનુભવ અને ક્રાંતિ પહેલા તથા ક્રાંતિ પછીના રશિયનોનો ઈતિહાસ એવી રીતે નિરૂપવામાં આવ્યો છે કે જેમાં વધારે સારા અને ન્યાયી સમાજ માટેની લોકોની લડત ઉપર ભાર મૂકવામાં આવ્યો છે આ જાતની અભિમુખતા સાથે જ બાળકોને એવું પરખવાની તકો પ્રાપ્ત થાય છે કે તેઓ માનવજાતની યુગો જૂની મથામણોને પરખી શકે અને મૂલવી શકે, અને ઘણાંના કલ્યાણ માટેની વૈયક્તિક બહાદુરીને પણ મૂલવી શકે. ઈતિહાસને મહત્ત્વની કક્ષાએ મનુષ્યની સોનેરી આશાઓની મનુષ્યની વૈયક્તિક પ્રાપ્તિની પ્રક્રિયા તરીકે ગણવામાં આવે છે

એક નક્કર દાખલો લઈએ : મોલ્દેવીઅનમાં નવમા ધોરણના ઈતિહાસનું પાઠય પુસ્તક "વિજ્ઞાન, સાહિત્ય અને કલા"ના શીર્ષક હેઠળ ૧૯મી સદીના પૂર્વાર્ધમાં "માલ્યી થિયેટર"ને ફક્ત ૧૨ લીટીઓ આપવામાં આવી છે. માલ્યીનો પાયો મોસ્કોમાં ૧૮૨૪માં નાંખવામાં આવ્યો હતો, એ મોટા અભિનયનું પ્રદર્શન બની ગયું. રશિયન વાસ્તવિકતાના તખ્તા માટેનું આ પ્રદર્શન છે અને આ તખ્તા ઉપર વિખ્યાત પાત્ર એમ. એસ. શેપકીન (હાળીનો પુત્ર) અને પી એસ. મોચાલોવે (વિખ્યાત શેક્સપીઅરીઅન અભિનયકર્તાનો પુત્ર) અહીં પોતાની નામના પ્રાપ્ત કરી હતી. પ્રાદેશિક સામાન્ય સ્કૂલના ઈતિહાસના શિક્ષકે આ થિયેટર વિશે વિદ્યાર્થીઓને ઘણું જ વધારે સંપૂર્ણ ઈતિહાસ વર્ણન આપવામાં કોઈ કચાસ રાખી નથી. એમણે એવા ઉદ્બોધન સાથે પ્રવચન કર્યું હતું કે સોવિયેત સંઘમાં આ થિયેટર વિશે ન જાણતો હોય તે ચલાવી

Scanned with OKEN Scanner

શકાય નહિ. અને આ થિયેટર વિશે અને તખ્તાની કલા વિશે વિદ્યાર્થીઓએ એના શિક્ષક કહે તે પહેલાં જાણી લીધું હતું.

સ્ટેટ-ફાર્મ શાળાના ભૂગોળના શિક્ષકે પોતાના ૧૩ વર્ષની વયના બાળકો સમક્ષ મોલ્દેવીઆ અને એની નોંધપાત્ર ફળદ્રુપ જમીનની જે વિવિધતા છે તેનું આલેખન હૂબહૂ તસ્વીરમાં કર્યું હતું અને તેઓમાં પોતાના ગ્રામ વિસ્તાર માટેનો અનુરાગ પ્રકટાવ્યો હતો. આમાં એની વિપુલતા તથા સુંદરતાનો સમાવેશ થતો હતો. એક લેસનને અંતે શિક્ષકે નીચેની બાબતો બાળકોને લખવા માટે આપી: બાળકોએ તે દિવસે જે વિષયો પરત્વે ચર્ચા થઈ છે તે પરત્વે કાવ્યો, ગદ્ય, ફકરા અને ગીતો ખોળી કાઢવા અને તેઓએ એ યાદ રાખવા અને વર્ગમાં બોલવા. એક પણ વિદ્યાર્થી શાળામાં તૈયારી કર્યા વગર આવ્યો નહોતો.

ભૂગોળ શિક્ષણની માર્ગદર્શિકા શિક્ષકને એવું જણાવે છે કે માનવ હાથમાંથી બનાવેલી ચીજોના રસશાસ્ત્રીય ગુણો પ્રત્યે વિદ્યાર્થીઓનું ધ્યાન ખેંચવું. સોવિયેત ધરતીની સમૃદ્ધિમાંથી માનવ હાથોએ આ ચીજો બનાવેલી છે. શિક્ષકે બાળકોને નિસર્ગ તથા માનવ સર્જકતા અને કલ્યાણ સાથેના એના સંબંધની કદર કરતાં પણ શીખવવું જોઈએ અને પ્રદેશના સુંદરીકરણ તથા વિકાસમાં તેઓ પ્રદાન કરવા માંગે એવી પ્રેરણા તેઓને આપવી જોઈએ. અને આમાંથી એવું ફલિત થાય છે કે નાનાં બાળકો નિસર્ગની સાચવણીમાં રસ લેતા થાય અને એમાં ભાગીદાર બનતા થાય અને નિસર્ગના સાધનોને વેડફવા પ્રત્યે તેઓમાં નફરત પેદા થાય, તેમ એનો બેદરકારી-ભર્યો ઉપયોગ કરતાં તેઓ અટકે અને ધરતીને બેડોળ બનાવતી અટકાવે.

શિક્ષિક બાળકોની સમક્ષ નૈસર્ગિક વિજ્ઞાનનો આરંભ કરે છે ત્યારે તેઓમાં રસ જાગ્રત કરે છે અને નિસર્ગમાંની અગાધ વિવિધતા પ્રત્યે આશ્ચર્ય ઊભું કરે છે. આનાથી દશ્ય, શ્રાવ્ય, આકૃતિઓ, રંગો, પ્રકાશ, હિલચાલ, ધ્વનિ, સ્ફટિકો, બરફના ટુકડા, ફૂલો, પાંદડાઓ, જંતુઓ, પક્ષીઓ, પ્રાણીઓ, વગેરેનો આનંદ ઊભો થાય છે, જે બાળકો માટે આહ્‌લાદક બને છે. આ બધા માત્ર અભ્યાસના વિષયો જ નથી પણ રસાસ્વાદનાં જનનસ્થાનો પણ છે.

મોટી ઉંમરના બાળકને નિસર્ગ વિજ્ઞાનનું શિક્ષણ આપતી વખતે, સાહિત્યિક શિક્ષણનાં તત્ત્વોની વ્યાખ્યા આપતી વખતે શિક્ષણની માર્ગદર્શિકા આ પ્રમાણે જણાવે છે:

Scanned with OKEN Scanner

"શાળાના બાળકોને નિસર્ગની શોભાઓ પ્રત્યેનો પ્રતિભાવ આપવાની શક્તિની વાત કરતા હોઈએ ત્યારે આપણા મનમાં એ હોય છે કે તેઓ અલગ નૈસર્ગિક ઘટનાઓના સૌંદર્યનો પ્રતિભાવ આપે, એટલું જ નહિ પણ, નિસર્ગના નિયમોમાં જે રસાત્મક, નાજુકતા તથા સંવાદિતા છે તેને તેઓ સમજે અને એના પ્રત્યે મુગ્ધતા અનુભવે."

નાના મોલ્દેવીઅન શહેરમાં વિજ્ઞાનની શિક્ષિકા પોતાના વર્ગ સમક્ષ ચિત્રકાર અને પરીકથાઓના નમૂનાઓ પૂરા પાડનારા વિખ્યાત પુરી વાસ્નેત્સોવનાં લખાણો-માંથી ફકરાઓ વાંચી બતાવે છે. વાસ્નેત્સોવ પણ નિસર્ગવાદી અને એમેચ્યોર વિજ્ઞાની હતો, વાસ્નેત્સોવે પોતાની એવી પ્રતીતિ વ્યક્ત કરી છે કે જીવવિજ્ઞાની આકૃતિઓ વિપુલ પ્રમાણમાં સૌંદર્યનાં બુનિયાદી તત્ત્વો ધરાવે છે, એમાં સુરેખતા તથા માળખાગત તુલા હોય છે અને એનામાં વધારે મોટા પ્રમાણમાં ટકી રહેવાની ગુંજાશ હોય છે.

મેં અહીં ઉલ્લેખેલી શાળાઓ ઉપરાંત બીજી શાળાઓની પણ મુલાકાત લીધી હતી અને એમાંથી લગભગ દરેકે દરેકમાં અમુક વિશિષ્ટ લાક્ષણિકતા હતી; કશોક સુધારો કે એકાગ્રતા હતી. કેટલીકને તો એટલા માટે પસંદ કરવામાં આવી હતી કે તેઓ પ્રયોગો કરે છે. સામાન્ય શાળાઓની પદ્ધતિ અભ્યાસક્રમમાં એકવાક્યતા-વાળી હોઈ શકે છે, પણ એનો અર્થ એવો થતો નથી કે એ સ્થગિતતાવાળી છે, પહેલા ધોરણનો અભ્યાસ છ વર્ષની વયે જ આરંભ કરવાની શક્યતાઓનો અભ્યાસ થઈ રહ્યો છે અને પ્રાથમિક શાળાના બાળકને અમુક વિષયમાં વધુ આગળ લઈ જવા કે કેમ, પાંચમા ધોરણને બદલે ૪થા ધોરણમાંથી પરદેશી ભાષા શીખવાનો આરંભ કરવો કે કેમ, વગેરે પસંદગીઓ દાખલ કરવાનું વલણ ઉત્તરોત્તર વધતું ચાલ્યું છે; અને બાળકોના નૈસર્ગિક વલણની અનુપૂર્તિ માટે ગ્રામ્ય શાળાઓને મદદ કરવાનું વલણ વધતું જ જાય છે, કે જેથી કરીને એના સ્નાતકો વધારે સફળતાથી ઉચ્ચતર અભ્યાસની સંસ્થાઓમાં શહેરી સામાન્ય સ્નાતકો સાથે હરીફાઈમાં ઊતરી શકે. આવા પ્રયાસોને કડક પ્રવેશ પરીક્ષા પાસ કરવાની તત્પરતાની સપાટીનું સંપૂર્ણ સમાનીકરણ કરવામાં સફળતા મળી નથી. મોસ્કો ખાતે સોવિયેત સંઘના નાયબ કેળવણી પ્રધાન સાથેની એક વાતચીત દરમ્યાન મને એવું જણાવવામાં

આવ્યું કે કેટલાક વિદ્યાર્થીઓ જે ગ્રામ્ય વિસ્તારો કે નાના શહેરોમાંથી પસાર થયા હોય તેઓએ જ્ઞાનની નીચલી સપાટી પ્રાપ્ત કરેલી હોય છે. તેમજ તેઓની એકેડેમીક અને સાંસ્કૃતિક પૂર્વ ભૂમિકા પણ નીચી હોય છે એ હકીકતનો સ્વીકાર કરવામાં આવ્યો છે. સંસ્થાઓ અને કોલેજોમાં તો પરીક્ષામાં નીચલી કામગીરીનો સ્વીકાર કરે છે. જેઓનો સ્વીકાર કરવામાં આવ્યો છે તેમાંના ૨૦ ટકાને તો બીજાઓની બરાબરીમાં આવવા માટે સહાય કરવામાં આવી છે. આવી પ્રથા તબીબી શાળાઓમાં માલૂમ પડી છે, તેમ શિક્ષક તાલીમ સંસ્થાઓમાં અને એગ્રોનોમી શાળાઓમાં પણ જોવા મળી છે કારણ કે આ વિશિષ્ટતાઓવાળી સંસ્થાઓમાં તાલીમી વ્યાવસાયિકોની ગ્રામ્ય અને દૂર દૂરના વિભાગો માટે બહું જ જરૂરિયાત વર્તાયા કરતી હોય છે. દૂરના ઉત્તર તથા વિશાળ દેશના છેક દૂરના બીજા વિસ્તારોમાંના માધ્યમિક શાળાના સ્નાતકો માટે પણ આવા લાભો પૂરા પાડવામાં આવે છે.

સોવિયેત શિક્ષક — ફરજો અને દરજ્જો

સોવિયેત સંઘમાં સખત પરિશ્રમ કરનારા ૨૭ લાખ શિક્ષકો છે, એમાંના ૭૧ ટકા તો સ્ત્રીઓ છે. એમની તાલીમ તથા કાર્યમાં તેમની પાસેથી ઘણી ઘણી અપેક્ષાઓ સેવાય છે. જનરલ શાળામાં શિક્ષકે ચાર વરસની કેળવણી શૈક્ષણિક સંસ્થામાં લીધેલી હોવી જોઈએ અને ઘણાએ તો પાંચ વરસની પણ તાલીમ લીધેલી હોય છે, દર પાંચ વરસે એક વાર શિક્ષકે ૧ થી ૧૨ માસ સુધી શિક્ષક સુધારણાની સંસ્થામાં હાજરી આપવી પડતી હોય છે (૧૯૮૦ના પ્રારંભમાં ૧૮૮ આવી સંસ્થાઓ દેશભરમાં પથરાયેલી હતી.) આ વિશિષ્ટ તાલીમથી શિક્ષક પૂરા પગારથી વંચિત રહેતો નથી. દરેક સામાન્ય શાળામાં એક "મેથોડોલોજિકલ રૂમ" હોય છે. એમાં માર્ગદર્શક સામગ્રીઓ તથા અભ્યાસ પાળીઓનાં કાર્યક્રમો હોય છે, ઉપરાંત સેમીનારો, શૈક્ષણિક મુલવણીઓના અભિપ્રાયો, પ્રયોગો, વગેરે હોય છે.

સોવિયેત શિક્ષકનો ભાગ જટિલ પ્રકારનો હોય છે. વિષય વસ્તુનું જ્ઞાન સફળતાપૂર્વક આપવા ઉપરાંત શિક્ષકો પોતાના બાળકોમાં રસવૃત્તિનું ઉદ્દીપન કરે એવી આશા રખાય છે અને બાળક પૂરેપૂરા તોરથી કામ કરે છે તે જોવાની એની ફરજ

Scanned with OKEN Scanner

છે. વધુમાં, પોતાના વિદ્યાર્થીઓમાં નૈતિક મૂલ્યોની સંપૂર્ણ જવાબદારી નહિ તો પણ સારી પેઠે એવી જવાબદારી તો વહન કરવાની હોય જ છે, તેમ તેઓના વર્તનની બાબતમાં પણ આવી જ જવાબદારી હોય છે. શિક્ષકોની કામગીરીની મુલવણી આ નૈતિક દોરવણીની દૃષ્ટિએ જ કરવામાં આવતી હોય છે.

આ બધા કઠણ શ્રમ અને જવાબદારીના બદલામાં સોવિયેત સમાજ શિક્ષણના વ્યવસાયને માનવંતા વ્યવસાય તરીકે ગણે છે. પ્રત્યેક પંચવર્ષીય યોજનામાં તેઓની હાલતમાં કોઈને કોઈક પ્રકારની સુધારાની જોગવાઈ કરવામાં આવતી હોય છે, આમાં કામ, વસવાટ, પગાર, વગેરેનો સમાવેશ થતો હોય છે. આ સમાજ શાળાના બાળકને શિક્ષક પ્રત્યેના આદરભાવની ભાવના પૂરી પાડે છે અનેક સામાજિક પ્રસંગોમાં આ વ્યક્ત થતું હોય છે. આમાં શિક્ષકના રાષ્ટ્રીય દિનનો પણ સમાવેશ થાય છે. તેઓને રાષ્ટ્રીય અને સ્થાનિક સ્તરે અનેક માનચાંદ આપવામાં આવતા હોય છે. આ બધું અસાધારણ કામગીરીને માન્યતા આપવા માટે યોજાતું હોય છે. સૌથી મોટામાં મોટું સન્માન તો આ સમગ્ર વ્યવસાયને આપવામાં આવે છે કારણ કે કેળવણીની બાબતમાં એણે મોટું પ્રદાન કરવાનું હોય છે, નાના નાગરિકના ઉછેરનોયે આમાં સમાવેશ થાય છે. સામાન્ય રીતે, બાળકો શિક્ષિકા પ્રત્યે મિત્ર તરીકે જુએ છે અને એની કામગીરી પ્રત્યે આદરભાવ બતાવે છે; કારણ કે બાળકના વિકાસમાં તથા તેના વ્યક્તિત્વના વિકાસમાં તેણી મોટો ભાગ ભજવે છે. આ શિક્ષિકા સોવિયેત બાળકની અસંખ્ય વહાલસોયી માતાઓમાંની એક છે.

શાળામાં શિસ્તની બાબત

શાળાનું બાળક જેને વર્તનનો ગંભીર પ્રશ્ન હોય તે સદ્‌ભાગ્યે અપવાદરૂપ છે. શાળાની એકંદર વસતી છેક આરંભથી બાળપણથી જ કેળવવામાં આવે છે અને એમાં સારી કેળવણીના લાભો અને વિશિષ્ટાધિકારો બાળકોએ જોવાના હોય છે, આ લાભો અને વિશિષ્ટાધિકારો એમના સમાજે તેઓને પૂરા પાડેલા હોય છે. લઘુક ઓકટોબ્રીસ્ટો અને યંગ પાયોનિયરો ખંતથી અભ્યાસ કરવા માટે પ્રતિજ્ઞાબદ્ધ હોય છે કે જેથી કરીને એમના દેશે તેના શિક્ષણ ઉપર જે કાંઈ પ્રયાસો કર્યા હોય અને ખર્ચ કર્યો હોય તે

લેખે લાગે. બાળકોને એવી રીતે ઉછેરવામાં આવે છે કે તેઓ જાતે રાષ્ટ્રના વિકાસ અને એક સમાજવાદી પદ્ધતિની આબાદીમાં મહત્ત્વનાં અંગો છે તેમ તેઓ જોતા થાય. આ આબાદી અને વિકાસ આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં હાંસલ થયેલાં છે. દા.ત., બાળકોની ચોપડી જેનું શીર્ષક છે : "૧૦ હજાર પદાર્થ પાઠો" ૧ લાખ નકલોમાં પ્રકટ થયેલ છે. જે બાળ સાહિત્યના પ્રકાશકોએ બહાર પાડી છે. એમાં સાવ સાદી રીતે ૯મી પંચવર્ષીય યોજનાની અને શાળા શિક્ષણ માટેની જોગવાઇઓની ચર્ચા કરવામાં આવી છે. એના લેખક સિમોન સોલોવેઇચીક છે. તેઓ એકંદર યોજનામાં બાળ શિક્ષણના મહત્ત્વ વિશે ખુલાસો કરે છે. શાળાનો છોકરો કે છોકરીએ પણ યોજનાની સિદ્ધિમાં ફાળો આપવાનો હોય છે અને તે એ છે કે ખંતથી અભ્યાસ કરવો અને એ રીતે યોજનાએ શાળાની જે કામગીરી નક્કી કરી છે તેનો અમલ કરવો. આનાં પરિણામે શાળાનાં બાળકની આત્મ-સન્માનની લાગણી વિકાસ પામે છે અને એમાં હેતુપૂરસરતા દાખલ થાય છે, અને તે પણ એ બતાવે છે કે તે હજીયે શાળાની પાટલી ઉપર જ છે એટલે કે દેશની આગેકૂચમાં આ રીતનું પ્રદાન કરવાનું છે.

"ભણો" "ભણો" "ભણો" માટેનો રશિયન શબ્દ (uchitsia) છે. આ તો લેનિને યુવાનોને કરેલું ઉદ્‌બોધન છે. ભાગ્યે જ એવું કોઈ બાળક હશે જેણે આ શબ્દના ઊંડા મર્મને પચાવ્યું ન હોય. ૧૦ હજાર પદાર્થ પાઠોના લેખ uchitsiaના ક્રિયાપદનું પૃથક્કરણ કર્યું છે અને એમણે એના છેલ્લા અક્ષરનું પ્રકટીકરણ કર્યું છે 'જાત' – (Onesef Sebia)નું સંક્ષિપ્તીકરણ છે. એટલે આ ઉદ્‌બોધનનો એવો અર્થ થાય કે પોતાની જાતને શીખવવા માટે ભણવું અને પાઠ્યપુસ્તકની બહારના જ્ઞાન સુધી પહોંચી જવું.

છતાંયે કેટલાક પ્રમાદીઓ, તકલીફ આપનારાઓ હોય છે. પણ છતાં, ગમે તે સંજોગોમાં, ઉદ્દેશ તો ગેરવર્તણૂક કરતાં બાળકને હંમેશાં સામાજિક શાળા જૂથની ભીતરમાં જ રાખવાનો હોય છે, એને અલગ પાડી દેવાનો હોતો નથી અને એમના શિક્ષક તથા વર્ગના સાથીદારોને એમની ઉપર અસર કરતાં કરવાની છૂટ આપવામાં આવે છે. કોયડારૂપ બાળકને સામાજિક અછૂત થવા દેવામાં આવતો નથી,

શારીરિક સજાની સંપૂર્ણ મનાઇ છે. બાળકો પ્રત્યેની હિંસાને સર્વસામાન્ય રીતે ગેરકાયદેસર ગણવામાં આવે છે અને સોવિયેત સરકારનાં શરૂઆતનાં વર્ષોથી જ

Scanned with OKEN Scanner

આવું રહેતું આવ્યું છે. એવું માનવામાં આવે છે કે બાળકને શારીરિક સજાની ધમકીથી તો એનામાં અધમતા, અનિષ્ટ, દંભ, કાયરતા, વગેરેનો વિકાસ થાય અને બાળક તો માત્ર પોતાને મારનાર પ્રત્યે નરી ધિક્કારની લાગણી જ ધરાવતું હોય છે.

શાળામાં સમાજ-વિરોધી વર્તનને અંકુશમાં રાખવાનું મુખ્ય ઓજાર અને આમાં નબળા ગુણાંક મેળવવાનો પણ સમાવેશ થાય છે તે વર્ગમાં એના મોભાને ઊતારી પાડવામાં આવતો હોય છે. આ મુખ્ય ઓજાર જાહેર પ્રજામતનું છે જે બાળક વારંવાર શાળામાં ગેરવર્તન કરતું હોય અને એ રીતે શિક્ષકના ઉપદેશની ઉપેક્ષા કરતું હોય તે પોતાની તસ્વીર અને પોતાના ગેરવર્તનનો હેવાલ શાળાના ભીંત-પત્રોમાં વિડબિત થયેલો જોઈ શકે છે.

ગેરવર્તણૂક કરતાં બાળકને પોતાના વર્તન માટે સામાજિક પ્રવૃત્તિમાંથી દૂર કરાતો નથી, ઊલટું કામમાં અને રમતગમતમાં સંપૂર્ણતમ પાયાપરની સામૂહિક પ્રવૃત્તિ પૂરી પાડવામાં આવે છે, એને વિચલિતતા માટેનું સૌથી વધુ રામબાણ ઔષધ ગણવામાં આવે છે.

વિધ્વંસક અને બીજી વિઘાતક વર્તણૂક માટે શિક્ષક બાળકનાં ઘરની મુલાકાત છે, કૌટુંબિક પરિસ્થિતિનો તે કયાસ કાઢે છે અને વાલીઓ સાથે તે વાતચીત કરે છે. જો તેઓ સહકાર આપતા ન હોય તો અથવા તો તેઓ બાળકની ઉપેક્ષા કરતા હોય તો અથવા તો મંદતાપૂર્વકના જંગી કુટુંબનો સવાલ હોય કે પીધેલાપણાનો પ્રશ્ન હોય તો પછી આ બાબત બાળ સંભાળના અધિકારીઓ સમક્ષ લઈ જવામાં આવે છે; અથવા તો જ્યાં વાલીઓ કામ કરતા હોય તે ટ્રેડ યુનિયન પાસે આ પ્રશ્ન લઈ જવામાં આવે છે (ખાસ કરીને તો જ્યારે વાલીઓની પીધેલાપણાની બાબત આમાં સંડોવાઈ હોય ત્યારે).

કપરાં બાળકનો પ્રશ્ન શાળાને મદદ અને કુટુંબ માટેની સ્થાનિક કમિટી સમક્ષ પણ મૂકવામાં આવે છે એના સભ્યો સમાજમાંથી જ—સ્થાનિક કારખાનાં સોવ-ખોઝ, કોલખોઝ વગેરેમાંથી–લેવામાં આવતા હોય છે. કમિટી આવા બાળકને બોલાવે છે અને એને વધારે સારા વલણ અને માર્ગોએ વાળવાના પ્રયાસો થાય છે, એની મનગમતી રસવૃત્તિ ભણી વાળવામાં સહાયભૂત થાય છે, ઉનાળાની છાવણીમાં જવાને એને લલચાવે છે. અહીં એની પ્રિય રમતો અને બીજી રસવૃત્તિ વિકસા-વવામાં આવે છે. આ છાવણીના સંચાલકને બાળકના પ્રશ્નથી સાબદુ કરવામાં આવે

છે કે જેથી કરીને એ સહાયભૂત પ્રવૃત્તિમાં પોંચ ૫. અને એને આગેવાનીભર્યો ભાગ ભજવવા દેવામાં આવે છે.

સોવિયેત સંઘના કેળવણી ખાતામાં શાળા વિભાગના વડાના મદદનીશ કીરા આગાફોનોવાએ મને એવી ખાતરી આપી હતી કે સાપેક્ષ રીતે ઓછા વિદ્યાર્થીઓ શાળા છોડીને જતા હોય છે. સમાજો પાસે નાના બાળકો માટેની કમિટીઓ હોય છે આ કમિટીઓ કેળવણીકારો, આરોગ્ય અફસરો, મીલીશીઆ, એટર્ની જનરલની કચેરીના પ્રતિનિધિ અને કોમસોમોલ નેતા વગેરેની બનેલી હોય છે. તેમાં બાળક અને એના વાલીઓને બોલાવવામાં આવે છે અને ઘરના વાતાવરણને સુધારવા પ્રયાસો કરવામાં આવે છે અને બાળકને જુદા વલણ ભણી લઈ જવાના પ્રયાસો થાય છે. હઠીલા પ્રસંગોમાં મીલીશીઆના ઈન્સ્પેક્ટર આવાં રખડી ગયેલા બાળકો સાથે કામ કરે છે. બાળ ગુનેગારીના વલણોવાળા અથવા તો રખડી ગયેલા બાળકની બાબતમાં તેમને અગાઉથી જ સાબદા કરી દેવામાં આવે છે.

રીઢા બેજવાબદાર વાલીઓની બાબતમાં બાળકને બોર્ડિંગ શાળામાં દાખલ કરવામાં આવે છે. અહીં તેમને શિક્ષણ અપાય છે અને એમના અઠવાડિયાના અંત ભાગની પ્રવૃત્તિઓનું આયોજન થાય છે. રાબેતા મુજબની સામાન્ય શાળાના જેવો જ અહીં અભ્યાસક્રમ હોય છે. વાલીઓ જો સમર્થ હોય તો તેઓએ એનું પૂરેપૂરું ખર્ચ આપવું પડે છે, બીજાઓ થોડો ભાગ આપે છે. જ્યારે ઘરની સ્થિતિમાં સુધારો થાય છે અને બાળકને ત્યાં સ્વીકારવામાં આવે છે ત્યારે તે કુટુંબમાં પાછો ફરે છે અને રાબેતા મુજબની શાળાએ જાય છે.

આ નાની ઉંમરના કાયદા ભંગ કરનારને કાયદેસર રીતે રીફોર્મ શાળામાં મૂકવામાં આવે છે. અહીં કડક શિસ્ત હોય છે અને મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન હોય છે, શાળા હોય છે અને શ્રમ હોય છે. આવા કાયદાભંગ કરનારાઓ સાપેક્ષ રીતે બહુ જ ઓછા હોય છે.

શિક્ષક ઉપર શારીરિક હુમલા તો ક્યાંય સંભળાયા નથી.

શાળાના બાળકોમાં સામાન્ય રીતે ઓછા વિચલિત વર્તનના કિસ્સા આર્મેનીઆ, જ્યોજીઆ અને સેન્ટ્રલ એશિયન સોવિયેત પ્રજાસત્તાકોમાં જોવા મળે છે. દેશના બીજા ભાગો કરતાં અહીં ઓછા કિસ્સાઓ હોય છે કારણ કે અહીં મજબૂત કુટુંબ ગાંઠો હોય છે અને વર્તનની ઢબ પરંપરા પ્રાપ્ત હોય છે. બાલ્ટિક

પ્રજાસત્તાકોમાં નકારાત્મક વર્તનના પ્રસંગો વધુ પ્રમાણમાં હોય છે કારણ કે કુટુંબની સાંકળ નબળી હોય છે અને પશ્ચિમનું પડોશીપણું હોવાને લીધે યુવાનો ઉપર એની અસર થતી હોય છે.

સામાન્ય શાળામાં વિદ્યાર્થીઓનાં સંગઠનો—ઈસ્ટોનીઆ

ઈસ્ટોનીઅન શાળા પદ્ધતિમાં વિદ્યાર્થીઓનાં સંગઠનો સમગ્ર સોવિયેત સંઘ માટે લાક્ષણિક ગણાય.

મેં ૧૯૭૭માં મોડેથી નાનકડા બાલ્ટિક પ્રજાસત્તાકની મુલાકાત લીધી હતી. મને બાળકો તથા કિશોરોના ઉછેર અને શિક્ષણની પદ્ધતિઓ તથા કાર્યક્રમો સાથે પરિચિત થવાની પ્રત્યેક તક આપવામાં આવી હતી. આગેવાન યુવક સંગઠનોની મદદથી મારી ખોજ મેં ચલાવી હતી. સામાન્ય શાળાના માળખાની અંદર બાલિકાઓની અભ્યાસક્રમ બહારની ઈતર પ્રવૃત્તિના મુદ્દા પર મને ખાસ રસ પડ્યો હતો.

ઈસ્ટોનીઆની વસતી આશરે ૧૫ લાખની છે. ૧૯૭૬માં એમાં ૬૫૬ સામાન્ય શાળાઓ હતી. એમાં ૨,૨૦,૮૩૪ બાળકોની સંખ્યા નોંધાઈ હતી (૧૯૪૦-૪૧ના વરસમાં આ સંખ્યા ૧,૨૧,૦૦૦ની હતી). આવા પ્રકારની બધી જ સોવિયેત શાળાઓમાં વિદ્યાર્થીઓમાં સૌથી વધુ સંગઠનો યંગ પાયોનિયરો અને યંગ કોમ્યુનિસ્ટ લીગ (કામસોમોલ) હોય છે. ૩ થી ૭ ધોરણના મોટા ભાગના બાળકો આમાંના સભ્યો હોય છે અને ૮ થી ૧૦મા ધોરણ સુધીના વિદ્યાર્થીઓ પાછલાના સભ્યો હોય છે. ૧લા, બીજાના બાળકો ઓકટોબર બાળકોની જૂથની સંખ્યામાં જોડાય છે. અહીં તેઓને પાયોનિયરોમાં દાખલ થવા માટે તૈયાર કરવામાં આવે છે.

કોમસોમોલ અને પાયોનિયર સંગઠનો બાળકોની સંસ્થાને માર્ગદર્શન આપવામાં સૌથી વધુ મહત્ત્વનાં છે અને તે સારા શિક્ષણની સિદ્ધિ ભણી દોરી લઈ જાય છે. અને બાળકો તથા બાલિકાઓને બૃહદ સમાજમાં સક્રિય જીવનમાં સામેલ કરે છે.

Scanned with OKEN Scanner

ઉપરાંત તેઓ શાળાના બાળકો તથા તેઓના વાલીઓના સાંસ્કૃતિક તથા રાજકીય ક્ષિતિજોનો વિસ્તાર કરવાનું કામ કરે છે. કોમસોમોલો તથા પાયોનિયર જૂથો બીજા પ્રજાસત્તાકો તથા અન્ય દેશોમાંના સમોવડિયાઓ સાથે મૈત્રીભર્યા સંબંધો વિકસાવે છે, કાર્યકારી યુવાનો સાથે તેઓ સંયુક્ત પ્રવૃત્તિઓનું સંગઠન કરે છે.

કોમસોમોલ મોટા ભાગના ઉપલા ધોરણોમાં હોય છે. રિવાજ છે તે પ્રમાણે, ઈસ્ટોનીઅન વિદ્યાર્થી બ્રિગેડનું સંચાલન કરે છે અને એના હજારો સભ્યો દર ઉનાળામાં પોતાની કામગીરી બજાવે છે. વેકેશનના આરામ સાથે ખેતીની ઉપયોગી મદદનું સંયોજન કરે છે. આ માટે તેઓને પગાર મળે છે. આ નાણાં સામાન્ય રીતે જનરલ ફંડમાં જાય છે જે પાછળથી શાળા માટેની જરૂરી સામગ્રી ખરીદવામાં વપરાય છે તથા વિદ્યાર્થીઓ માટે રસપ્રદ પ્રવાસ કરવામાં પણ વપરાય છે.

શાળાના યુવકોનો લગભગ ૬૦ ટકા ભાગ સ્પોર્ટ્સ એસોસિએશનો સાથે સંકળાયેલ હોય છે. આ એસોસિએશન શાળાની વ્યાયામ પ્રવૃત્તિઓનું સંગઠન કરે છે.

વધુમાં દરેક શાળામાં બહારની પ્રવૃત્તિનાં અસંખ્ય અભ્યાસક્રમ જૂથો હોય છે અને રસ-વર્તુળો હોય છે. સાહિત્યમાં, કલામાં, નાટકમાં, ઈતિહાસમાં અને ભાષાને લગતા વર્તુળો હોય છે. ૧૯૭૫-૭૬માં શાળા વર્ષમાં ૭૭૯ ટેકનિકલ રસ-જૂથો હતા (એમાં ૧૪,૯૯૭ વિદ્યાર્થીઓ હતા) આ બધા પ્રજાસત્તાકની સામાન્ય શાળાના હતા. ૪૦૬ નિસર્ગ રસ જૂથો હતાં (એમાં ૮,૯૨૭ વિદ્યાર્થીઓ હતા) અને ૨,૭૨૩ કલા જૂથો હતા (એમાં ૬૩,૪૦૩ વિદ્યાર્થીઓ હતા.) વિવિધ વિષયોમાં હરીફાઈઓ યોજવામાં આવે છે. કલાના કાર્યક્રમ તથા ગીતનૃત્યોના ઉત્સવોનું સંગઠન ખાસ કરીને પ્રાદેશિક અને પ્રજાસત્તાક વ્યાપી સપાટીએ યોજવામાં આવે છે.

અલગ વિષયના શિક્ષકો કે જેઓને ભણાવવાનો વધારાનો બોજો હોતો નથી અથવા તો ઈલાયદા અભ્યાસ જૂથો ચલાવતા ન હોય તેઓને પણ ઠીક લાગે તો આમાં સામેલ થઈ શકે છે, પણ તો તે વખતે તેઓને વધારાનો પગાર મળે છે. એવી પણ કેટલીક સ્પેશ્યલ સંસ્થાઓ હોય છે જેઓ શિક્ષકોને અભ્યાસક્રમ બહારની પ્રવૃત્તિઓ માટે પણ તાલીમ આપે છે. મોટે ભાગે તો આવો તાલીમ પામેલો સ્ટાફ, અમુક વર્તુળના સંગાથમાં સંપૂર્ણ કાર્યદક્ષ, અને રસયુક્ત કાર્યકરો તથા નિષ્ણાતો અને જુદા જુદા ક્ષેત્રમાંના સર્જક લોકો આવા જૂથોના કાર્યને દોરવણી આપતા હોય છે.

Scanned with OKEN Scanner

શાળામાં આવા ઈલાયદા જૂથો ઉપરાંત પાયોનિયર પેલેસો અને ગૃહોમાં આની અસંખ્ય વિવિધતાઓ હોય છે.

સારાંશ

મેં જે કાંઈ વાંચ્યું, નિરખ્યું અને જાત-માહિતી પરથી મેળવ્યું અને તાજેતરમાં સામાન્ય સ્કૂલ વિશે લખ્યું તે પરથી આ સામાન્ય સ્કૂલ ચાર કરોડ, ૪૦ લાખ બાળકોને બુનિયાદી શિક્ષણ આપે છે. અહીં સંગીન અને પ્રગતિશીલ શૈક્ષણિક પદ્ધતિનું એવું ચિત્ર ઉપસી આવે છે જે એના કાર્ય અવકાશમાં અને સિદ્ધિઓમાં દુનિયાના બીજા ભાગોમાં અજોડ છે અને અનુપમ છે. કારણ કે સમાજવાદી માનવતાના સિદ્ધાંતો જે સોવિયેત સંઘમાંના લોકોના પુરુષાર્થોને દોરવણી આપે છે અને લોકોને તેમાં સામેલ કરે છે તે એવી માન્યતાને વળગી રહેલા છે કે 'મનુષ્યોના પુરુષાર્થોમાં પરિપૂર્ણતા રહેલી છે.' આ કેળવણી, કિસ્સામાં તો પ્રબુદ્ધતા અને ઉછેરના પ્રચંડ પુરુષાર્થોને અજોડ ઊંચી સપાટીએ લઈ જઈ શકાય તેમ છે, સમાજના બાળકો અને કિશોરોના આટલા બધા અગાધ મહત્ત્વના વિશાળ વિભાગને એ સ્પર્શ કરે છે.

પણ સોવિયેત કેળવણીકારો અને સાંસ્કૃતિક આગેવાનો એવું સૌથી પહેલાં કબૂલ કરશે કે હજીયે બધું પરિપૂર્ણ નથી. વધુ શિક્ષકોની જરૂરિયાત છે અને વધારે તાલીમ પામેલાઓની પણ જરૂરિયાત છે. એવા વધુ શિક્ષકોની જરૂર છે જેમનો સ્વભાવ તેમજ વિદ્વત્તા આ વ્યવસાય સાથે બંધ-બેસતા આવે. અસંખ્ય વિદ્યાર્થીઓના ઘરનાં વાતાવરણમાં પુષ્કળ સુધારણાને અવકાશ છે કે જેથી કરીને તેઓ પોતાના ભણતર ભણી વધારે મજબૂત હેતુપૂર્વક તથા વધારે શાંત ભાવનાઓ સાથે આવી શકે. હજીયે કેટલાક એવા શાળા ડિરેક્ટરો છે જેઓ પોતાની સત્તાનો દુરુપયોગ કરે છે. શાળા બાળકોમાં સ્વતંત્ર અને સર્જક વિચારસરણી ઊભી થાય તે માટે વધારે પદ્ધતિઓ દાખલ કરવાની જરૂર છે. બાળક એક શીખાઉ તરીકે જે જટિલ મનોદશા ધરાવે છે તેમાં વધુ સંશોધનો માટે હંમેશાં અવકાશ રહેલો હોય છે.

Scanned with OKEN Scanner

પણ તો આ બધા પ્રશ્નો તો રસવૃત્તિ માટે ચાલુ જ રહ્યા કરવાના છે અને કેળ-વણીના ક્ષેત્રમાં શ્રેષ્ઠ મનોદશાને તથા નિશ્ચયવૃત્તિને સંડોવ્યા જ કરશે. આ પ્રશ્નો નોકરશાહીની જાજમ હેઠળ કોઈ રીતે લઈ જઈ શકાય તેમ નથી.

અને તે શા માટે થવું જોઈએ? આમાં એટલું બધું છે જે પ્રસંશનીય છે અને અનુકરણ કરવા જેવું છે. સોવિયેત સંઘે ગોરવ લેવા જેવું ઘણું છે અને મૂંઝવણમાં મુકાવા જેવું કશું જ નથી કારણ કે એણે જે રીતે બાળકના સુસંવાદી વિકાસની બાંયેધરી આપી છે અને તે પણ એવી સાર્વત્રિક શિક્ષણ પદ્ધતિથી કર્યું છે જે કોઈ પણ જગ્યાએ આવડા મોટા પાયા ઉપર કદી ન અજમાયેલા સર્વોચ્ચ ધોરણોને વળગી રહીને કરવામાં આવ્યું છે; અને એના સામુદાયિક પ્રકરણને લઈને એણે કોઈ પણ જગ્યાએ અમલમાં ન મુકાયેલી સૌથી વધુ લોકશાહી શૈક્ષણિક પદ્ધતિને અમલમાં મૂકી છે.

Scanned with OKEN Scanner

વ્યવસાયી શાળાઓ

આ પુસ્તક નાનાં બાળકો, કિશોરો, ધાવણાં બાળકો, વગેરે સાથે જ સંપૂર્ણ નિસ્બત ધરાવે છે. આ ઉંમરે નાનું બાળક પુખ્ત વય ભણી આગળ વધતું હોય છે અને વ્યવસાયની પસંદગી વધુ ને વધુ પ્રમાણમાં મહત્ત્વની બને છે. નિર્ણયમાં અને ખોટી પસંદગીમાં બિન-જરૂરી સમય બગાડયા વિના જ શાળા પદ્ધતિ વધુ ને વધુ પ્રમાણમાં વ્યવસાયિક શાળાઓની વધતી જતી જાળગૂંથણી પૂરી પાડે છે.

આ લખાય છે ત્યારે ૧૫ થી ૧૬ વર્ષની વયના છોકરા-છોકરીઓ શહેરો તથા ગ્રામ્ય પ્રદેશોમાંની આવી શાળાઓમાં હાજરી આપે છે અને તેમાં બધા પ્રજાસત્તાકોનો સમાવેશ થાય છે.

સોવિયેત સંઘમાં વ્યાવસાયિક તાલીમની પદ્ધતિ ફરજિયાત માધ્યમિક શિક્ષણના સમયગાળાને ટૂંકાવતી નથી. આ પદ્ધતિ આપણે જોઈ ગયા તેમ ૧૭મા વરસ સુધી અને ૧૦મા ધોરણ સુધી ચાલુ રહે છે. એ સાથે જ એ એક વ્યવસાય પણ શીખે છે.* આ પદ્ધતિથી એવી બાંયેધરી ઊભી થાય છે જે કામદારો માટે બહુ જ જરૂરની તાલીમ ચાલુ રાખે છે અને સાથેસાથે માધ્યમિક કેળવણી પૂરી કરે છે.

મેં મોસ્કોમાં ૧૨૭ નં.ની વ્યાવસાયિક શાળાની મુલાકાત લીધી. પરદેશી મુલાકાતીઓના સંગાથમાં મેં આ મુલાકાત લીધી હતી. આ પરદેશી મુલાકાતીઓ

* અહીં લેખિકાના મનમાં ત્રણ-ચાર વર્ષની વ્યાવસાયિક તાલીમી શાળાઓ અભિપ્રેત છે. ટૂંકા કાર્યક્રમવાળી વ્યવસાયિક શાળાઓ પણ છે જ, જ્યાં વિદ્યાર્થીઓ માત્ર વ્યાવસાયિક શિક્ષણ લે છે. આવી શાળાના સ્નાતકો અને જેઓએ વ્યવહારુ કાર્યનો આરંભ ૮મા ધોરણ પછીથી કર્યો હોય તેઓ પોતાની કેળવણી સાંજની શાળાઓમાં ચાલુ રાખે છે અથવા તો કામદાર યુવાન માટે પત્ર-વ્યવહારનું શિક્ષણ ચાલતું હોય છે.

Scanned with OKEN Scanner

"તમામ બાળકોના શાંતિમય અને સલામત ભાવિ" માટેની વિશ્વ પરિષદમાં હાજરી આપવા આવ્યા હતા (૧૯૭૯, સપ્ટેમ્બર). અમોને વાદીમ સાઈઉશેવ કે જેઓ વ્યવસાયિક ટેકનિકલ કેળવણી માટેની સોવિયેત સંઘની કમિટીના પ્રથમ ડેપ્યુટી પ્રમુખ છે તેમણે વ્યાખ્યાન આપ્યું હતું અને ત્યાર બાદ વર્ગોની મુલાકાત લેવાનું અમને આમંત્રણ આપવામાં આવ્યું હતું, પ્રથમ ડેપ્યુટીના હેવાલમાં ક્રાંતિથી માંડીને વ્યાવસાયિક કેળવણીનો વિકાસ થયો તેની રૂપરેખા આપી હતી અને જટિલ પદ્ધતિની ભીતરમાં કેટલીક ઢબોનું સવિસ્તર વર્ણન કર્યું હતું. કુશળ કારીગરો માટેની દેશની વિસ્તરતી જતી જરૂરિયાતો સાથેના એના સંકલનની અમારા ઉપર સારી અસર પડી હતી, સાથેસાથે આમાં યુવાનોની વિશિષ્ટ તાલીમની પણ જરૂરિયાતનું સંકલન થયેલું હતું.

૪૦ લાખ વ્યાવસાયિક શાળાના વિદ્યાર્થીઓમાંથી ૨૨ લાખ તો અમે જે પ્રકારની શાળાની મુલાકાત લીધી તેમાં હાજરી આપે છે. અહીં માધ્યમિક વ્યાવસાયિક શાળાઓમાં શિક્ષણ અને પાઠ્યપુસ્તકો મફત છે, વિદ્યાર્થીઓ કોલેજના જેટલું જ સ્ટાઈપેન્ડ મેળવે છે જે મોટે ભાગે તો બિન-કુશળ કારીગરોના વેતનો જેટલું જ હોય છે. તેઓને મફત ખોરાક પણ મળે છે, તેમ વર્કશોપનાં કપડાં પણ મળે છે. એકંદર રીતે ૧,૪૫૦ શાળાઓ છોકરા અને છોકરીઓ માટે છે. (આમાંની ૪૫૦ માત્ર છોકરાઓ માટે છે. આરોગ્ય ખાતું જે કામ છોકરીઓના આરોગ્યને હાનિ કરે તેવું હોય છે તેવી શાળામાં છોકરીઓના પ્રવેશવા પર પતિબંધ મૂકે છે.)

સમજી શકાય તેવું છે કે મી. સાઇઉશેવે એ હકીકતને મહત્ત્વ આપ્યું છે કે યુરી ગાગારીન (અવકાશમાં પહોંચનારો પહેલો માનવી) આ વ્યાવસાયિક શાળામાં ભણતો હતો. બીજા પણ કેટલાંકના નામો તેમણે આપ્યા છે, જેઓએ પાછળથી મહાન સિદ્ધિઓ હાંસલ કરી છે.

માધ્યમિક વ્યાવસાયિક શાળાઓના જે વિદ્યાર્થીઓએ ટોચ ગુણાંક મેળવ્યા હોય તેઓ શ્રેષ્ઠ ઉચ્ચ સંસ્થાઓમાં પ્રવેશ મેળવી શકે છે. કેટલાંક વિદ્યાર્થીઓ પાછળથી બૌદ્ધિક ખિલવટ બતાવતા હોય છે અને તેઓ સામાન્ય ૧૦ વર્ષીય શાળામાં કર્યું હોય તેના કરતાં વ્યાવસાયિક શાળામાં વધારે સારું કામ કરી બતાવે છે. આ બધા ઈન્સ્ટિટ્યુટ કે યુનિવર્સિટીઓમાં જતા હોતા નથી. લગભગ ૯૦ ટકા માટે નોકરીઓ તૈયાર જ હોય છે. દેશમાં કોઈ પણ જગ્યાએ તેઓને રોજગારી મળી શકે છે.

Scanned with OKEN Scanner

અમે જે શાળાની મુલાકાત લેતા હતા તેમાં ૧,૦૫૮ વિદ્યાર્થીઓ હતા. આમાં ૭૦ ટકા છોકરીઓ હતી. વર્કશોપો, લેબોરેટરીઓ, ઑફિસ, ટેકનોલોજી માટેના ક્લાસ રૂમો વિશાળ અને સુસજ્જ હતા. છોકરાઓ અને છોકરીઓ તંદુરસ્ત દેખાતા હતા. પોશાક અને સામાન્ય દેખાવમાં સુઘડ અને સ્વચ્છ હતા. શિક્ષકો માટે તેમ જ સંચાલન માટે શિસ્તનો તો કોઈ સવાલ જ નહોતો.

ટાઈપિસ્ટો માટેનાં અને સ્ટેનોગ્રાફરો માટેના ક્લાસ રૂમની છોકરીઓને પરદેશી ભાષાનું જ્ઞાન હતું. તે ખાસ કરીને આકર્ષક હતી અને તેમણે છટાદાર પહેરવેશ પહેર્યો હતો. રાજદ્વારી સર્વિસ માટેની નોકરીઓ માટે તેઓને તાલીમ આપવામાં આવતી હતી અથવા તો પ્રવાસ ઉદ્યોગ કે પ્રકાશન માટેની એ તાલીમ હતી.

આમાંની કેટલીક છોકરીઓ ગાયન કલબ Kalinushkaમાં છે. આ કલબે અમારા માટે અંગ્રેજી, ફ્રેંચ અને સ્પેનીશમાં લોક ગીતો તથા પરંપરિત ગીતોનો કાર્યક્રમ રજૂ કર્યો હતો. એક ગાયિકા મોખરે આવીને હવે પછીના બીજા ગીતનું શીર્ષક તથા મર્મ સમજાવતી હતી અને કઈ ભાષામાં એ ગવાશે તેની પણ જાણ કરતી હતી. ત્રણ એનાઉન્સરો દરેક સારા ઉચ્ચારો સાથે બોલતી હતી.

અમે જયારે રવાના થતા હતા ત્યારે ડિરેકટરે અમને ઉતાવળથી લલિતકલાના શિક્ષિકા સાથે ઓળખાણ કરાવી. આ યુવાન સ્ત્રીને સારી પેઠે તૈયાર કરવામાં આવી છે. બાળ શિક્ષણશાસ્ત્રી કરતાં તે મોડેલ તરીકે વધારે દેખાતી હતી. પણ તેણી આ વ્યાવસાયિક શાળામાં મહત્ત્વની કામગીરી આપે છે. તેણીએ જ છોકરા-છોકરીઓને સારું શિક્ષણ, સારી રીતભાતોની તાલીમ આપી છે. તેણીનું કામ સુંદર, નૈસર્ગિક સ્થાનોના પ્રવાસો ગોઠવવાનું છે અને ઉપરાંત મ્યુઝિયમો, થિયેટરો, સાંગીતિક કાર્યક્રમો વગેરેની મુલાકાતો ગોઠવવાનું કામ પણ તે જ કરે છે. આ સુંદર લલના એના બીજા સાથીઓની માફક અહીં કામ કરે છે. તે પોતાના કામ માટે યુનિવર્સિટીની તાલીમ પામેલી છે.

હું તો યુનાઈટેડ સ્ટેટ્સથી આવતી હતી જયાં ઘણાં છોકરા અને છોકરીઓ વ્યાવસાયિક કેળવણીથી વંચિત રહેતાં હતાં, ખાસ કરીને તો કરોડો કાળાઓ અને હિસ્પાનિક કિશોરો કે જેઓ અમેરિકન શહેરોની ચાલીઓમાં સબડયા કરતાં હોય છે અને બેકારીની ખાલીખમ દિવાલનો મુકાબલો કરતાં હોય છે, તે બધાનો વિચાર આવતા મને અંદરથી તો રડવું આવી ગયું કે તેઓનું કેવું કંગાલ નસીબ છે અને તેઓનાં કેવાં ભગ્ન જીવન છે.

Scanned with OKEN Scanner

ગીત દેવીઓ અને મુઝીકોના પ્રપૌત્રો

આઠ વર્ષના એક ગ્રામ્ય બાળકને દેખીતી રીતે જ મોસ્કોનાં રેડ સ્કેવરની મુલાકાત લેતી વખતે પોતાની માતા સાથે નીચેની વાતચીત કરતાં હું સાંભળુ છું. સંત-બાસીલ દેવળોના ઘૂમટોની કલ્પનાતીત આકૃતિઓ તથા રંગ પર બાળક પોતાની નજર માંડતા જ બોલી ઊઠયું, "કેવું સુંદર છે?"

કિન્ડરગાર્ટનરીઆઓનું એક જૂથ ઓડેસામાંના ઓપેરા હાઉસ નજીકના નાના બાગમાં ફરવા નીકળ્યું છે, તેમનું હું નિરીક્ષણ કરું છું. હું એ નાની બાલિકાઓને જોઉં છું. તેઓ રૂપમતીઓના શણગાર સજીને આવી છે. તેઓ આસાનીથી જુગલ નૃત્ય આચરે છે તેમની મારકણી આંખો અને મુદ્રાઓ ઊર્મિલ ભાવવાહિતામાં લીન હતી.

હું ફ્રુન્ઝ શહેરમાં સંગીતની આવડતવાળાઓની એક બોર્ડિંગ શાળામાં ૧લા ધોરણની મુલાકાતે જાઉં છું. જે કીરગીઝીઅન પ્રજાસત્તાકોમાં આડરસ્તે આવેલું છે. તેઓનું Solfeggioમાં લેસન ચાલી રહ્યું છે. અને ૧૦ વરસની સંગીત શાળા જે મોસ્કોમાં કુશળ બાળકો માટે છે તેના મોટી ઉંમરના વિદ્યાર્થીઓની મુલાકાત લઉં છું, જે સ્વાભાવિકતા અને આવડતથી છોકરા-છોકરીઓ ચાર પંક્તિવાળા ગીતો રચતાં હતા તેનાથી હું મુગ્ધ થઈ ગઈ. કાવ્ય લેખનના વર્તુળમાં તેમના સમોવડીઓએ આ પંક્તિઓ લખી હતી અને તે નજીકની લાયબ્રેરીમાં રચાઇ હતી. આ સ્વયંભૂ તાબડતોબ રચાયેલી પંક્તિઓનું તે જ સ્થળેથી ધ્વનિકરણ કરવામાં આવ્યું હતું અને રેડિયા પરથી પ્રસારિત કરવામાં આવી હતી. દેશભરનાં બાળકોના કાર્યક્રમ માટે એ પ્રસારિત કરવામાં આવી હતી.

Scanned with OKEN Scanner

યેરેવાનમાં બાળકોની આર્ટ ગેલેરીમાં બાળકોના ચિત્રકામો, બુરખાઓ, પપેટો વગેરેની મૌલિકતા તથા તેજસ્વીતાથી મ્હાત થઈ હતી, એટલું જ નહિ, પણ આ અજોડ ગેલેરીની નરી હસ્તીથી પણ પ્રભાવિત થઈ હતી.

વારંવાર હું તો યુવાનોના થિયેટરની મુલાકાત લેતી થઈ, પછી તે ગમે તે શહેર કે પ્રજાસત્તાકોમાં હોય મને એમાં આત્મ-ભાન થાય છે અને કલામાં તથા અભિનયમાં નવીને નવી જ ખોજ કરતી રહું છું. દશ્યોમાં અને સંગીત-નૃત્યોના ઇન્ટરવલોમાં પણ હું આમ જ કરતી રહું છું.

આ અનુભવો જે મને સોવિયેત સંઘમાં થયા તથા બીજા પણ જે ઘણાં બધા થયા તેમાં આ દેશે પોતાના નાના બાળકોને રસાસ્વાદી શિક્ષણ આપવાની જે પ્રતિજ્ઞાબદ્ધતા સ્વીકારી છે તેનું પ્રતિબિંબ પડે છે. આવી કેળવણી સોવિયેત સંઘે પોતાના બાળકોને સુસંવાદિતતાપૂર્વક વિકાસની જે પ્રત્યેક તક પૂરી પાડવાનો નિર્ધાર કર્યો છે તેનું એક વધુ નોંધપાત્ર પાસું છે. મેં આ પ્રકરણ માટે જે શીર્ષક પસંદ કર્યું છે તેઓ આ બાબતને એના ઐતિહાસિક પ્રક્ષેપણમાં મૂકે છે; કારણ કે હજી તો માત્ર સાઠેક વર્ષ પહેલાં જ અને વિનાશક બીજા વિશ્વ યુદ્ધની દરમ્યાનગીરીમાં દેશે પોતાના સમાજવાદી સમાજના અસ્તિત્વ અને વિકાસની સ્થિરતા હાંસલ કરી છે, જે સમયે પ્રજાની જંગી બહુમતી મુઝીકો*ની બનેલી હતી, નર્યા નિરક્ષર ખેડૂતોની હતી. સોવિયેત બાળકો અને કિશોરો મુખ્યત્વે કરીને આ મુઝીકોના વંશજો છે. છતાં તેઓ હવે એવા જુવાન લોકો છે જેમના જીવનમાં કલાની અગાધ સમૃદ્ધિ આવવા પામી છે.

સુંદરતા અને માનવીયતા

રચનાત્મક કેળવણીની મુખ્ય ચાવી એની સુંદરતામાં જોવામાં આવે છે અને તેમાં માનવ ભાવનાનો આશીર્વાદ ઉતરેલો છે. વિકાસની પ્રક્રિયામાં સુંદરતાનું

* આ મુઝીક શબ્દનો મર્મ એવો છે કે કોઈ બિન-કેળવાયેલ ઈસમ જેને ખરાબ રીતભાત હોય. ક્રાન્તિકારી રશિયામાં ભદ્રલોકી ઉમરાવશાહીની શબ્દાવલીમાં વપરાતો હતો, અત્યારે આ શબ્દ આ અર્થમાં વપરાતો નથી.

પ્રાણભૂત પરિબળ પરખવામાં આવે છે અને તાજગીભરી સાદી વાણીમાં સોવિયેત બાળકોના રસાત્મક ઊછેરના ચિત્ર પ્રયાસમાં એને પરખવામાં આવે છે.

"દરેક પ્રભાતે ૭ કરોડ બાળકો અમારા દેશમાં વિશ્વ તરફ પોતાની આંખો ખોલે છે, આકાશના ટુકડા ભણી જુએ છે, પ્રકાશના કિરણ અને નૂતન દિવસની રેખાઓ તથા રંગો ભણી એ મીટ માંડે છે. દુનિયા તો ધ્વનિથી સભર ભરેલી છે. એમાં ગૃહ જીવનનાં સુમધૂર ગીતો છે. જે શેરી અને શહેરના બાળકોના નૂતન દિવસમાં સુસંવાદી સુંદરતામાં એકાકાર પામે છે.

"બાળકોની આંખો તેઓ આનંદ, આશ્ચર્ય, વિચારની ઝડપ વ્યક્ત કરે છે. તેઓ પ્રશ્ન પૂછે છે તેઓ જાણવા માગે છે. અને ભાવિનો મોટો આધાર તો તેઓ દુનિયાને કેવી રીતે જુએ છે તેના ઉપર રહેલો છે અને સાથે સાથે દુનિયા એમને જોવામાં કેવીક મદદ કરે છે તેના ઉપર પણ રહેલો છે.

"નિસર્ગ, સાહિત્ય અને કલા સાથેનો સંપર્ક પ્રેરણાદાયી છે, અને તેઓના હાથ તથા મનના શ્રમ દ્વારા તેઓને દુનિયા વધુ સમૃદ્ધ, વધુ પવિત્ર અને વધુ માનવીય લાગે છે. સુંદરતા માનવીયતાને પુષ્ટિ આપે છે. સોવિયેત ભૂમિમાં રસાસ્વાદની સંપૂર્ણ કેળવણી પદ્ધતિનો ઉદ્દેશ એ છે કે બાળકોને સૌંદર્ય વિશે ઊંડાણથી સભાન બનાવવા અને એ વાટે બાળકોને વધારે મહાનુભાવ હૈયાવાળા બનાવવા."

તમામ સપાટીઓ પર માનવ સંબંધોમાં આંતર વૈયક્તિકથી માંડીને આંતર રાષ્ટ્રીય સંબંધોમાં, રસાસ્વાદનું તત્ત્વ હોવાનું માનવામાં આવે છે કારણ કે આ સંબંધો સુંદર અને બેડોળ હોઈ શકે છે, મૈત્રીભર્યા કે હિંસક, ન્યાયી કે ક્રૂર, હોઈ શકે છે.

યુવાન મનુષ્યની રસાસ્વાદી સંવેદનશીલતા તેમ જ સર્જકતા નિસર્ગ સાથેના સંપર્ક દ્વારા વિકસાવવામાં આવે છે : એના પારણામાં અને કિન્ડરગાર્ટનના વરસોમાં તથા તેની જનરલ શાળામાં, બક્ષિસોવાળા મ ટેની સ્પેશિયલ શાળાઓમાં અને શાળા બાદની અસંખ્ય પ્રવૃત્તિઓ દ્વારા અને ઘરમાં આવું કરવામાં આવતું હોય છે. ખુદ વાલીઓ પણ અનેક રીતે આ એકંદર પુરુષાર્થમાં પોતાનો ભાગ ભજવવા ભણી દોરવાતા હોય છે. દા.ત. તામારા પોલોઝોવા બાળકોના રસાત્મક શિક્ષણની

Scanned with OKEN Scanner

સંશોધન સંસ્થાના એક વિશેષજ્ઞ છે અને સોવિયેત સંઘમાં શિક્ષણની એકેડેમીમાં તેઓ વાલીઓની મોટી સંખ્યાની સભાઓમાં વ્યાખ્યાનો આપે છે. આ વ્યાખ્યાનોનું માત્ર રેડિયો અને ટી.વી. પરથી જ પ્રસારણ કરવામાં નથી આવતું પણ તે એક એવી રેકર્ડ છે જેમાં તેઓના પૂરા પાઠમાંથી લેવામાં આવી છે અને અગાધ આવૃત્તિઓમાં એ બહાર પાડવામાં આવી છે. વિશેષજ્ઞ તામારા પોલોઝોવાએ મને પોતાની એક રેકર્ડ ભેટ આપી છે અને મેં જ્યારે તે સાંભળવા માંડી ત્યારે મારી અસરો ગંભીરતા અને ઊંડાણથી આગળ વધવા માંડી. આમાં સંગીતની દેવીઓ અને મુઝીકોના વંશજો વચ્ચેની હાર્દિકતાનું રેખાંકન થયેલું છે અથવા તો દેશના બિન રશિયન વિસ્તારોમાંની તેઓની અનુકૃતિઓ વચ્ચેનું આ સાયુજ્ય હતું.

રસાત્મક શિક્ષણની સોવિયેત પદ્ધતિના ઉદ્દેશો સંગીત, નૃત્ય અને સાહિત્યની કલાઓના સાધનો દ્વારા આગળ ધરવામાં આવે છે અને દૃશ્ય કલાઓ વાટે પણ એ થાય છે. આમાં લોક અભિવ્યક્તિઓ તરફ ખાસ ધ્યાન આપવામાં આવે છે. સોવિયેત બહુરાષ્ટ્રીય અને બહુજાતીય સમાજમાં આવું ધ્યાન ખાસ કરીને મહ-ત્ત્વનું બને છે. ઘણાં ઘણાં સૂરનાં નાના લોકો પોતાની સાંસ્કૃતિક અજોડતાની કદર કરતા થાય છે તેમ પોતાના જ રાષ્ટ્ર અથવા તો જાતીય જૂથના સાંસ્કૃતિક ઈતિહાસ વિશેની સભાનતા પ્રાપ્ત કરે છે. રસાત્મક કેળવણીની યોજનામાં સારો એવો પ્રયાસ એવી પ્રવૃત્તિઓ તથા બનાવોનું આયોજન કરવા પાછળ ગાળવામાં આવે છે જેનાથી એક જૂથના બાળકો બીજી ભિન્ન સોવિયેત સંસ્કૃતિનો, કલાઓ, સાહિત્ય, થિયેટર, વગેરેની બજવણીઓથી પરિચિત થાય છે. મારા ચાર અઠવાડિયાના કેમ્પ આર્ટેકના રોકાણ દરમ્યાન મેં આવા આદાન-પ્રદાનનું નિરીક્ષણ કર્યું છે. અહીં હજારો બાળકો પોતાની ઉનાળાની રજાઓ ગાળે છે. અહીં પરદેશોમાંના આમંત્રિત યુવાન અતિ-થિઓનો તેઓને સંગાથ મળે છે. અહીં એક પણ દિવસ એવો નહોતો જેમાં સોવિયેત બાળકોના એક યા બીજા રાષ્ટ્રીય જૂથે ગાવા કે નાચવાનું ન કર્યું હોય અથવા તો બીજાઓ સાથે રમૂજી ટૂચકઓનો આનંદ માણ્યો ન હોય.આ ભજવણીની સપાટી ઉચ્ચ કક્ષાની હતી અને સામગ્રીમાં અધિકૃતતા હતી અને પોશાકોમાં બાળકોને આ કલાઓમાં જે તાલીમ મળી છે તેની ગુણવત્તા વ્યક્ત થતી હતી.

રસાત્મક કેળવણીના તમામ પાસાઓ માટેના ધોરણો અને કાર્યક્રમો મુકરર થયેલા હોય છે અને સોવિયેત સંઘના સાંસ્કૃતિક ખાતા તરફથી આયોજિત કરવામાં આવેલા હોય છે. આમાં ભિન્ન ભિન્ન પ્રજાસત્તાકોના સાંસ્કૃતિક ખાતાઓનો પણ

Scanned with OKEN Scanner

સહયોગ હોય છે. પણ સોવિયેત સંઘના શૈક્ષણિક વિજ્ઞાનોની એકેડેમી અને કલાની એકેડેમીના સલાહ સૂચનથી આ બધી જ સંસ્થાઓને કોમ્યુનિસ્ટ પક્ષની સૈદ્ધાંતિક નેતાગીરીનું માર્ગદર્શન પ્રાપ્ત થતું હોય છે.

આમાં કશું જ આડેધડ કે ઉપર છલ્લું તો હોતું જ નથી એટલે કે ઉદ્દેશો કે કાર્યક્રમની વિચારસરણી પરત્વે કશું જ ઉપરચોંટીયું હોતું નથી. રસાત્મક કેળવણી એવા સિદ્ધાંત ઉપર આધારિત છે કે તમામ ઉંમરના બધા જ બાળકોની એકંદર તાલીમમાં આ એક એકીકૃત અંગ છે, નૈસર્ગિક દુનિયામાં અને માનવ સંબંધોમાં, માનવજાતના અરમાનો અને સિદ્ધિઓમાં એમના રસાત્મક તત્ત્વોના પ્રતિભાવ આપતા રહે છે, જે વાટે વ્યક્તિ અને સમાજ આબાદ થતાં હોય છે. રસાત્મકતા અને નીતિમત્તા આ સિદ્ધાંત અનુસાર એ બે વચ્ચે એવો ગાઢ સંબંધ હોય છે જે ઊભયને પોષણ આપે છે કારણ કે કલા અને માનવ મૂલ્યો વચ્ચે, સુંદરતા અને માનવીયતા વચ્ચે મજબૂત સગપણ સંબંધ રહેલો હોય છે.

સામુદાયિક રસાત્મક કેળવણીની સમાજવાદી માનવીયતા પરત્વે જે બે મોટા અધિકારીઓનું વારંવાર અવતરણ ટાંકવામાં આવે છે તે તો લેનિન અને ગોર્કી છે. લેનિને જણાવ્યું છે કે, "કલા લોકોની માલિકીની છે." ગોર્કીએ એવી ઘોષણા કરી છે કે, "મનુષ્ય પોતાના સ્વભાવથી જ કલાકાર છે. તે હંમેશાં અને સર્વત્ર એક યા બીજી રીતે, જીવનમાં સુંદરતા લાવવા મથે છે." બાળકોની બાબતમાં આ માન્યતાનો એવો અર્થ ઘટાવવામાં આવે છે કે સમાજવાદી પ્રજાને આનંદમાં અને અને કલાની સર્જકતામાં ઉછેરવા માટે અને કલા દ્વારા એને ઉમદા બનાવવા માટે રસાત્મક તાલીમનો આરંભ બાળકનાં શરૂ શરૂનાં વર્ષોથી જ થવો જોઈએ, તો જ આ બાળ નાગરિક ખુદ પોતાના જીવનમાં સુંદરતા લાવી શકે અને પોતાના સમાજના જીવનમાં પણ મોટો થતાં લાવી શકે. પ્રો.એ. એમ. મીખાઈલોવ બક્ષિસવાળા બાળકોની (સુરેકોવ શાળાના) તેઓ કલા શિક્ષણમાં સમકાલીન અધિકૃતતા ધરાવે છે. તેમના જણાવ્યા પ્રમાણે સર્જકતાની અભિવ્યક્તિ, "ઉગતા કલાકારોને માટે પહેલાં સર્જક થતા આપણી નજર સમક્ષ જ લેવાવા જોઈએ. એ પગલાં આવડત પ્રાપ્તિની સાથે જ સહઅસ્તિત્વવાળાં હોવાં જોઈએ, એટલું જ નહિ પણ સ્વતંત્ર સર્જકતા માટેની અભિપ્સાનું પણ પ્રકટીકરણ થવું જોઈએ."

Scanned with OKEN Scanner

કલા તો છોટે લોકની પણ છે જ

ઓડેસ્સા ઓપેરા હાઉસ નજીકના લીટલ પાર્કમાં લટાર માર્યા પછીથી ૧૨૦ બાળકો (૪ થી ૭વર્ષનાં) તેમનાં શિક્ષકો અને "અમેરિકાથી આવેલા તેમના આન્ટી (મને આ રીતે બોલાવવામાં આવતી હતી) ઘોડિયાઘર-કિન્ડરગાર્ટનમાં પાછા ફર્યા. એ પછીનાં બે કલાક દરમ્યાન બાળકો પોતાનું ભોજન લેતા હતાં અને આરામ કરતાં હતાં ત્યારે મને આસપાસ ફેરવવામાં આવી હતી અને બાળકોએ કલા સાથે કેવો સંપર્ક જાળવ્યો હતો તેની વિશિષ્ટતાઓની માહિતી આપવામાં આવી. અઠવાડિયામાં ત્રણ વખત ખાસ કરીને સંગીતના તાલીમ પામેલા અને કલાના શિક્ષકોએ આ કિન્ડરગાર્ટનની મુલાકાત લેતા હતા અને એમાં શિક્ષણ કાર્ય ચલાવતા હતા. મહિનામાં બે વખત વ્યાવસાયિક પપેટ કપનીઓ મુલાકાત લેતી હતી. વિદ્યાર્થીઓ વતી વખતોવખત કોન્સર્ટો આપવામાં આવ્યા હતાં, આ બાળકો પાયોનિયર વયના હતા અને તેઓ સંગીતની સ્ટોલીઆસ્કી સ્પેશિયલ શાળાના હતા. પૂર્વ પ્રાથમિક શાળાના બાળકોની આ ભાગીદારીના સંગાથમાં આનું અગાઉથી જ આયોજન થયું હતું. તેઓનું ગણગણવાનું ચાલુ જ હતું અને સંગીતના ફકરાઓનું આવર્તન ચાલુ જ હતું. (આ સંગીત મુલાકાતી અથવા તો અભિનયકારોએ તૈયાર કર્યું હતું.) તેઓએ પોતાના સાદા અને નાનકડા વાદ્યો ઉપર આ કરવા માંડયું હતું, આ કિન્ડરગાર્ટન શાળા એના સ્નાતકોની સંખ્યાની બાબતમાં અસાધારણ હતી. સ્ટોલીઆસ્કી શાળામાં તેઓનો સ્વીકાર કરવામાં આવ્યો છે (અહીં ડેવીડ ઓઈસ્ટ્રખ, એમને વાયોલીનવાદક પુત્ર અને બીજા નામાંકિતો અહીં ભણ્યા છે)

મોટા ભાગના બાળકોમાં શક્તિ હોય છે એવી માન્યતા પ્રવર્તે છે અને એ માટે વહેલી તાલીમ લાભદાયી છે. આ માન્યતાની ચકાસણી અસંખ્ય સ્પેશિયલ કિન્ડરગાર્ટનીઆની બાબતમાં કરવામાં આવી છે. પોદોલસ્ક (RSFSR)ના શહેરમાં ખાસ કિન્ડરગાર્ટનમાં નોંધપાત્ર પરિણામો આવવા પામ્યાં છે. અહીં બાળકોને તારવાળા વાજિંત્રો પર રમવા દેવામાં આવે છે અને તે છેક ત્રણ વર્ષની ઉંમરના-ઓથી આરંભાય છે. મોસ્કો નજીક ખીમ્કીના નાનકડા શહેરમાંની કિન્ડરગાર્ટન શાળામાં પેઈન્ટીંગમાં અસાધારણ કામગીરી બજાવવામાં આવી છે. આ કામ ભૂલકા-

Scanned with OKEN Scanner

ઓએ કરેલું છે. મેં ખૂબ આનંદ અને મુગ્ધ ભાવથી તેઓના પેઈન્ટીંગોનું પ્રદર્શન જોયું છે અને એતો એ વિષયો પરનું હતું કે જેમાં હાન્સ ક્રિશ્ચિયન એન્ડરસનની વાર્તાઓની દરેકે દરેક અચૂક રીતે કલાકૃતિ હતી, એની રચના, રંગ અને મૌલિકતામાં એ કલાકૃતિ જ હતી. આમાં મોહકતા અને અભિવ્યક્તિના સ્વાતંત્ર્યનો પણ સમાવેશ થાય છે. આ પેઈન્ટીંગો હવે ડેન્માર્કમાં કાયમી પ્રદર્શનમાં છે ડેન્માર્ક એ પરીકથાની પ્રતિભાની જન્મભૂમિ છે, અહીં નાનકડા સોવિયેત કલાકારોની ઉગતી પ્રતિભાને ખૂબ જ આવકાર મળ્યો છે.

સરેરાશ કિન્ડરગાર્ટનમાં મુકરર થયેલા અભ્યાસક્રમને અનુસરવામાં આવે છે અને સરેરાશ બાળકને રસાન્વિત તત્ત્વો સાથે અનુભવ આપવામાં આવે છે અને તે પણ પહેલી વયથી જ, કે જેથી કરીને આવા બક્ષિસવાળા બાળકમાં અમુક કલાના સ્વરૂપનો અનુરાગ જાગૃત થાય અને એનામાં પ્રારંભિક સર્જનની વૃત્તિ ઊભી થાય.

કિન્ડરગાર્ટનમાં સૌંદર્ય પ્રેમ માટેનું પ્રાથમિક ઉદ્દીપન તો ખુદ વાતાવરણમાં જ રહેલું છે. અત્યંત ઝીણવટભરી સ્વચ્છતા, સુઘડતા, રંગોનો ચળકાટ, સારા ડિઝાઈનોવાળા તથા ચળકાટવાળા પેઇન્ટેડ ફર્નીચરો, રમકડાઓ, ઘરેણાઓ, લોક-કારીગીરીના પદાર્થો, ફૂલના પ્રચૂર છોડવાઓ અને આસપાસનાં દૃશ્યો, પૂર્વ પ્રાથમિક વિદ્યાર્થીઓ માટે પોતાના ઘરથી દૂર પોતાનું ઘર બનાવી દે છે અને તે એક મોહક સ્થાન છે. અહીં એ દિવસમાં ૧૦ થી ૧૨ કલાક વીતાવે છે અને કેટલીક વાર તો વધુ સમય પણ ગાળે છે. એની તો નીસરણીઓ પણ કલાત્મક રાખવામાં આવી છે. મેં, ફ્રુન્ઝ, કીરગીઝીઆ અને યુક્રેનમાં સ્ટેટ ફાર્મમાં ઘોડિયાઘર-કિન્ડરગાર્ટનની મુલાકાત લીધી હતી તેમાં જૂના દાદરાઓને પેન્ટીંગ કરવામાં આવેલું છે આ રંગ ક્રીમવાળો અને પહેલા જાંબુડીયો અને પછી લવંડર લાલ રંગનો અને એમાં આસમાની ફૂલનાં શણગાર ભરવામાં આવ્યા હતાં, ઘેરી ભૂરી વેલની ઊભય બાજુએ આ શણગાર હતા.

બાળકોની કલાકૃતિ જે મેં એમના પોતપોતાના ઓરડાઓમાં, પ્રદર્શનમાં જોઈ તેમાં લોટાઓ, પ્લેટો, પ્યાલાઓ વગેરેની આકૃતિઓ હતી. સાદું ભરતગૂંથણ, તેઓના ગીતો, તાલની માત્રાઓ, રમતો, તેઓએ યાદ રાખેલાં ગીત કડીઓ, નૃત્યની સામગ્રી અને નાનકડાં દૃશ્યો તથા કથાઓના અભિનયો, તેઓના પપેટો અને માતેલા પ્રાણીઓની અભિવ્યક્તિની વાણીની તાલીમ, વગેરે બધું જ ઠરેલા અભ્યાસક્રમ મુજબનું હતું અને એ રીતની એ રસાત્મક સંવેદનશીલ તાલીમનો અભ્યાસક્રમ

Scanned with OKEN Scanner

હતો. મારી પાકટ ઉંમર જોતાં મારી પણ સંવેદનશીલતા તેઓએ ઊભી કરી દીધી હોય તો મને તેથી નવાઈ નહિ થાય.

લેનિને એવી ઘોષણા કરી હતી કે કલા તો લોકોની જ છે. તેનો ચોક્કસતા-પૂર્વક અમલ સોવિયેત સંઘમાં આ સૌથી નાના બાળકો માટે કરવામાં આવેલો છે. સોવિયેત સંઘ એવો દેશ છે જેણે એને ઘડી કાઢેલ છે, અને કલાના જે અનુભવો, પોતાના શાળાના જે અનુભવો. તેઓ પોતાના શાળાનાં વરસો દરમ્યાન માણે છે તેનાથી તેઓને લાભ થાય છે. કલામાં તેઓએ જે કેળવણી લીધેલી છે અને એમા જે અનુભવો સાંપડયા છે સામાન્ય તથા સ્પેશિયલ શાળામાં હાજરી આપીને તેઓને જે કાંઇ પ્રાપ્ત થશે તેમાંથી તેઓને લાભ થવાનો જ છે.

સામાન્ય શાળા અભ્યાસક્રમમાં કલાઓ

૪ કરોડ, ૪૦ લાખ માટેની શાળાના પ્રકરણમાં જે રીતે રસાત્મક કેળવણી એક વિષય તરીકે ઘડી કાઢવામાં આવી છે તેની પદ્ધતિઓ વિશે મેં એનાં મોલ્દે-વીઅન પ્રજાસત્તાકની શાળાનો જે દાખલો ટાંકેલો છે તેને મેં લઘુક આવૃત્તિ તરીકે ગણાવેલ છે. એ જ પ્રકરણમાં આર્મેનીઆમાં દશ્યકલાના ઉદ્ગમવાળી સામાન્ય શાળા વિશે પણ લખ્યું છે. આ પ્રજાસત્તાકના પાટનગર યેરેવાનની બીજી એક સામાન્ય શાળા નંબર ૩૫નો દાખલો પણ ટાંકયો છે. મને ૪થા ધોરણની શાળામાં રસા-ત્મકતાના વર્ગમાં બેસવાનું આમંત્રણ મળ્યું હતું. આ શાળાના સાહસિક ડિરેકટર મહાન સિદ્ધિવાળા એક બહેન છે અને એક નામાંકિત કેળવણીકાર તરીકેની કારકિર્દી ધરાવે છે. તેમણે કલાનો અભ્યાસક્રમ દાખલ કરેલો છે. આ માટે તેણીએ એક વિશાળ સૂર્યપ્રકાશવાળો ઓરડો ફાજલ પાડયો છે અને એમાં અસંખ્ય કલાના ચિત્રો તથા પદાર્થોના શણગારવાળી દીવાલોની કેટલીક જગ્યાઓમાં બાળકોના પેઇન્ટીંગ માટે જગ્યા રાખવામાં આવી છે. તેઓની કૃતિઓ, પોસ્ટરો, વગેરે માટે એ જગ્યા છે. એક કલા લાયબ્રેરી પણ છે અને એક રેકર્ડ સંગ્રહ પણ છે, આ ઓરડામાં કલાના સંગીત અને ઈતિહાસના વર્ગો બેસે છે. તેમાં થિયેટરમાં ઈતિહાસનો પણ

સમાવેશ થાય છે. અહીં પોશાક અને વ્યક્તિત્વના રસાસ્વાદના પણ પદાર્થપાઠો અપાય છે.

જનરલ શાળાનાં બધાં બાળકો સંગીતના સામાહિક વર્ગોમાં હાજરી આપે છે, એમાં એકથી સાત ધોરણનાં બાળકો હોય છે. લલિત કલાઓના વર્ગો અઠવાડિયે એક વાર લેવાય છે અને તેમાં એકથી છ ધોરણના બાળકો હોય છે. મેં રસનાં વર્તુળોનું વર્ણન તો કરેલું જ છે તે પ્રમાણે બધી શાળાઓમાં આવા કલાનાં વર્તુળો અસ્તિત્વ ધરાવતા હોય છે. મ્યુઝિયમોની મુલાકાતનો વિસ્તૃત કાર્યક્રમ હોય છે. અમુક રીતે તાલીમ પામેલી ગાઈડો બાળકોના સંગાથમાં ગેલેરીઓ વાટે સાથે થાય છે અને તેઓ તેમને કલાકૃતિઓ તથા તેના સર્જકો વિશે સંગીત શિક્ષણ આપે છે. હું જ્યારે જ્યારે મ્યુઝિયમમાં ગઈ છું ત્યારે ત્યારે હું આવા જૂથોમાં ચૂપચાપ જોડાઈ જતી હતી. હું તો જાણતી હતી કે મને આમાંથી પુષ્કળ પ્રમાણમાં સારી માહિતી તથા બોધપ્રદ જ્ઞાન પ્રાપ્ત થશે. બાળકો એટલા બધા એકાગ્ર હતા કે તેનાથી એવો નિર્દેશ મળી રહેલો હતો કે એમાં માત્ર સારી રીતભાત જ નહિ પણ, કેળવાયેલી રસવૃત્તિ પણ રહેલી છે.

"જટિલ મોઝેકમાં ગોઠવાયેલા મણી રત્નો : નાનકાઓ માટેનું અજોડ પ્રકટીકરણ" આ પ્રકરણમાં પેટા શીર્ષક હતું : "હરમી ટેજના વારસદારો," હું કહીશ કે મેં મ્યુઝિયમનાં જે નાનકડા-શાળા બાળકોની કલા કૃતિઓ જોઈ અને નિરીક્ષણ કર્યું તે બાળકો મોટાભાગે સામાન્ય શાળાના હતા.

બુદ્ધિશાળી તથા ચતુર બાળકો માટેની ખાસ શાળા

સોવિયેત ફિલસૂફીનો એ પ્રાણભૂત સિદ્ધાંત છે કે વેડફાયેલી શક્તિ વ્યક્તિ અને સમાજને કંગાલ બનાવે છે. એટલે આ દેશ બીજા કોઈની સરખામણીમાં બુદ્ધિશાળી બાળકોને માટે જે બહુવિધ તકો પૂરી પાડે છે તેમાં તે ખૂબ જ આગળ નીકળી ગયેલો છે. સંગીતની શક્તિને ખાસ કરીને રક્ષણ આપવામાં આવે

Scanned with OKEN Scanner

છે કારણ કે સંગીતને સૌથી વધુ અભિવ્યક્તિવાળી અને માતબર કલા તરીકે ગણવામાં આવે છે.

સંગીતની શાળાઓ દૃશ્ય કલાઓ અને નૃત્ય શાળાઓની સંખ્યા કરતાં ઘણી વધારે છે. અનુભવે એવું બતાવી આપ્યું છે કે સંગીતના મજબૂત વલણવાળા બાળકોની સંખ્યા બીજી કલાઓના આશાસ્પદ બાળકોની સંખ્યા કરતાં વધારે હોય છે. સોવિયેત સંઘના સાંસ્કૃતિક ખાતાએ મને મોસ્કોમાં એવી ખાતરી આપી હતી કે દસ વરસના ગાળામાં મોટા ભાગના બાળકો સંગીત ગાઈ શકશે અને વાજિત્ર વગાડી શકશે. સંગીતજ્ઞ દિમીત્રી કાબાલેવ્સ્કીએ એવી પદ્ધતિ વિકસાવી છે કે આવી જાતના સંગીત શિક્ષણ માટે ઉપયોગી હોય હવે એને રશિયન ફેડરેશનની અધઝાઝેરી શાળાઓમાં લાગુ પાડવામાં આવી છે; અને દેશભરમાં બધે સ્થળે એને અમલમાં મૂકવાની મંજૂરી આપવામાં આવી છે.

૨૬ પૂરા સમયની અને ૧૧ વર્ષીય સંગીતશાળાઓ* બુદ્ધિશાળી વિદ્યાર્થીઓ માટે છે અને તેઓ સાતમા વર્ષથી જ એમાં હાજરી આપતા હોય છે. આમાં આશરે દસ હજાર બાળકો છે અને ત્રણ હજાર શિક્ષકો છે. મોટા ભાગનું શિક્ષણ ટ્યુટોરીઅલના પ્રકારનું હોય છે અને એમાં એક વિદ્યાર્થી દીઠ એક એક શિક્ષક હોય છે. આને લઈને જ તો શિક્ષક વિદ્યાર્થીઓ વચ્ચેનું પ્રમાણ આટલું બધું અસાધારણ રહેવા પામ્યું છે. પૂરા સમયની શાળાઓની અરધી સંખ્યા મોટા શહેરોમાં તથા બીજી અરધી સંખ્યા વધુ દૂરના વિસ્તારો માટેની છે. નોંધપાત્ર રીતે બુદ્ધિશાળી બાળકોને ઓછી વસતીવાળા વિસ્તારોમાં સમાવવા માટે આમાંની એકાદ શાળા બાળકોને સમાવી લે છે. આવી શાળાઓમાં પણ સાત વર્ષની વયના બાળકો હોય છે. મોટા ભાગના શિક્ષકો કન્ઝરવેટરીઓમાં ભણાવતાં હોય છે અને શાળાઓ આવી સંસ્થાઓની નજીકમાં જ આવેલી હોય છે. નાનાં બાળકો સંગીત ઉપરાંત પૂરેપૂરા એકેડેમીક અભ્યાસક્રમને અનુસરે છે.

---

* આમાં પૂરા સમયની સંગીત શાળાના શબ્દોનો જે ઉપયોગ થયો છે તે સ્પેશિયલ સંગીત શાળાઓના વર્ણન માટે અભિપ્રેત છે. અહીં બાળકો જનરલ એકેડેમીક તાલીમ તથા વિસ્તૃત સંગીત કેળવણી પામે છે, અર્ધ સમયની સંગીત શાળાનો શબ્દ એવી સંગીત શાળાઓ માટેનો છે જેમાં બાળકો અઠવાડિયે ૨ થી ૩ વાર જાય છે. એમના નિયમિત વર્ગો પછી એમાં વાજિત્ર પ્રમાણે તાલીમનો ગાળો ૫ થી ૭ વર્ષનો હોય છે.

Scanned with OKEN Scanner

સંગીતના ૪૩૩ અભ્યાસક્રમનું વિભાગીકરણ કરવામાં આવે છે. અભ્યાસના મુખ્ય ક્ષેત્રોમાં સામાન્ય રીતે હોય છે પીઆનો, સારંગી, વાજું, ઓરકેસ્ટ્રા, તબલા અને લોકવાજિંત્રો.

જ્યાં ટ્યુટોરીઅલ ન હોય ત્યાં વર્ગોને નાનાં રાખવામાં આવે છે.

વાજિંત્રો, ટ્યુશન તથા બીજી સામગ્રી ૮મા ધોરણથી ૧૧મા ધોરણ સુધીના તમામ વિદ્યાર્થીઓને મફત પૂરી પાડવામાં આવે છે, ખાસ કરીને માસિક સ્ટાઈપેન્ડ મેળવવા જેટલી સારી કામગીરી બજાવી હોય તેઓને માટે આ લાગુ પડે છે.

અહીં દાખલ થવાની હરીફાઈ તીવ્ર હોય છે. અરજ કરનારાઓના માત્ર પાંચમા ભાગને જ દાખલ કરવામાં આવે છે. ૭ વર્ષની વયે બાળકની અભિમુખતાની કસોટી કરવામાં આવે છે અને એ સારી તંદુરસ્તી ધરાવે છે કે કેમ તે જોવામાં આવે છે. દાખલ થવા માટે બાળક કે બાળિકાએ તાલ ભાવનામાં ઊંચા ગુણાંકો મેળવવા પડે છે. આમાં સ્મૃતિ તથા સંવેદનશીલતાનો સમાવેશ થતો હોય છે. દરેક બાળકની અલગ અલગ ચકાસણી કરવામાં આવે છે, વખતો વખત ફેકલ્ટીના સભ્યો બહારના જિલ્લામાં પ્રવાસ ખેડતા હોય છે અને નવા શક્તિશાળીઓની ભરતી કરતા હોય છે. સ્થાનિક રીતે તેમની ચકાસણી તેઓ કરે છે અને જેઓ આશાસ્પદ હોય તેઓને તેમના વાલીની સંમતિથી બોર્ડિંગ વિદ્યાર્થી બનવાનું નોતરું અપાય છે.

પહેલા, ચોથા અને આઠમા વરસના અંતે ઓછી આશાસ્પદતાવાળા વિદ્યાર્થીઓને ખંખેરી નાંખવામાં આવે છે. જેઓને પડતા મૂકી દેવામાં આવ્યા હોય તેઓને સામાન્ય શાળામાં બદલવામાં આવે છે અને પાર્ટટાઈમની સંગીતશાળામાં તેઓની ભરતી કરવામાં આવે છે.

મોલ્દેવીઆના પાટનગર કીશીનેવમાં સંપૂર્ણ સમયની સંગીતશાળામાં બેલે વિભાગ હોય છે. જેના હર્બટ કાપલીન ડિરેકટર છે. તેઓ પોતેયે ઓડેસા કન્ઝર્વેટરીમાં તાલીમ પામેલા છે. તેઓ શાળાના વડા તથા સ્થાનિક કન્ઝર્વેટરીમાંના પ્રોફેસર એમ બેવડી ફરજ બજાવે છે. વખતોવખત ત્રણ શક્તિશાળી નાના બાળકીએ રચેલા ગીતો ગાવા માટે તેઓ સમય મેળવીને આવતા હોય છે અને તેઓ બીજા બાળકોએ રચેલા ગીતોની વારંવાર તર્જ બનાવતા હોય છે.

Scanned with OKEN Scanner

આ શાળાની મારી મુલાકાત દરમ્યાન મને ૧૪ વર્ષની વયની એક બાળા જે સુંદર રીતે પીઆનો ઉપર સમકાલીન મોલ્દેવીઅન સંગીતજ્ઞ રોમ્યોના લુન્ગુલનું સોનાટા વગાડતી હતી તે સાંભળવાની તક મળી હતી. મુખ્યત્વે કરીને આ સંગીતમાં સ્પષ્ટ રીતે આધુનિક ઢાળ છે. તેમ છતાં આ સંગીતમાં વધુ પડતા આધુનિક પરદેશી તર્જનો નોંધપાત્ર અભાવ છે. આપણે ભાગ્યે જ ફ્રેડરીક ડેલિયસ, ડેરિયસ મિલ્હોડ, આરોનેન કોપલેન્ડ વૌઘાન વિલિયમ્સ અને બીજાઓનો નામોલ્લેખ સાંભળીએ છીએ. ડિરેકટરે મને ખાતરી આપી હતી કે આ સંગીતકારોની તર્જો જો તેમને મળશે તે તેઓ તેમના વિદ્યાર્થીઓને ઓળખ આપશે. તે વખતે એ એમને માટે અપ્રાપ્ય હતાં. આ બધું તો કેટલાંક વરસ અગાઉનું છે. સોવિયેત સંઘે કેટલી બધી ઝડપથી સાંસ્કૃતિક આગેકૂચ કરી છે તે જો ધ્યાનમાં લેવામાં આવે તો આ બધા સંગીત-કારોનો અભ્યાસ કાપ્લીનની શાળામાં હવે થતો હોય તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી. પશ્ચિમમાંની માન્યતાથી ઊલટી જ રીતે બધા જ અનુદાર સંગીત તરફ તિરસ્કાર બતાવવામાં આવતો નથી. નવા ઉદ્ભવ પામતા નાના સંગીતકારો બિન પરંપરિત સ્વરૂપોનો અખતરો કરી રહેલ છે. શાળાના પ્રોફેસરો ગંભીર તેમજ ચેનચાળા-વાળા અખતરાઓ પોતાના નાનકડા વિદ્યાર્થીઓ તરફથી થતાં હોય તેનો સ્વીકાર કરવા માટે જાણીતા છે. આલ્મા-આતા સંગીતશાળામાં તાજેતરના વરસમાં પીઆનો મેજરે કી બોર્ડના તારો પર અખબારોના સ્તરો પ્રસરાવ્યા હતા. કે જેથી કરીને આ અતિ આધુનિક સંગીત રચનાની તન્મયતાની મૌન અસરો પૂરી પાડી શકાય. કેટલાક વિદ્વાનોનાં આનાથી ભવા ઊંચા ચઢી ગયા હશે આવાં વિદ્વાનો આ નામાંકિત ફેકલ્ટીમાંના પણ હશે પણ કોઈએ એના ઉપર ધાંધલ મચાવી નથી.

૨૬ પૂરા સમયની સંગીત શાળાઓનો એક નમૂનો

ગઈ કાલે આ એક પોતાના આગવા મૂળાક્ષરો વિહોણું રાષ્ટ્ર હતું, આજે એ પોતાના બુદ્ધિશાળી વિદ્યાર્થીઓને સાંગિતિક અક્ષરજ્ઞાન પૂરું પાડે છે. સમકાલીન દુનિયામાં સંસ્કૃતિનું ગંજાવર પગરણ કીરગીઝીઆની પ્રજાની પ્રગતિના પ્રતિક સમું

Scanned with OKEN Scanner

છે. જયારથી કીરગીઝીઆએ પોતાનું ભાવિનિર્માણ સોવિયેત સંઘની સાથે સામેલ કરી દીધું ત્યારથી તેણે પ્રગતિની આ હરણફાળ ભરી છે. (એટલે કે ૧૯૩૬ ડિસેમ્બરમાં સોવિયેતોની ૮મી અસાધારણ કોંગ્રેસે કીરગીઝીઆને યુનિયનના પ્રજાસત્તાક તરીકે જાહેર કર્યું.)

પ્રજાસત્તાકની ખાસ માધ્યમિક સંગીત શાળા ફ્રુન્ઝમાં એટલે કે, પ્રજાસત્તાકના પાટનગરમાં મે, ૧૯૬૯માં ખોલવામાં આવી હતી. ૧૯૮૦ના માર્ચમાં મેં એની મુલાકાત લીધી હતી. એના ડિરેક્ટર લારીસ્સા આઈસાકેવ એક રૂપાળી કીરગીઝીઅન લલના છે, તે અત્યારે એની શરૂઆતની ચાલીશીમાં છે. તેણીએ મૃદુભાષી અને ખુલ્લી મૈત્રીભરી રીતભાતથી મને આ શાળાની રૂપરેખા આપવામાં કોઈ કચાસ રાખી નહોતી. અહીં ૪૦૩ પૂરા સમયના વિદ્યાર્થીઓ છે. તેઓની મોટી સંખ્યા બોર્ડિંગ વિદ્યાર્થીઓની છે અને તે પ્રજાસત્તાકના તમામ ભાગોમાંથી આવતી હોય છે. તેણીના ફેકલ્ટી સભ્યોમાં ૧૩૯ જેટલા શિક્ષકો છે અને મોટા ભાગનું શિક્ષણ ટયુટોરીયલ પદ્ધતિનું હોઈ અને સંપૂર્ણ પાયાનો એકેડેમીક અભ્યાસક્રમ શીખવવામાં આવતો હોઈ, બાળકો પણ એ જ સાથે વિસ્તૃત સંગીત કેળવણી પ્રાપ્ત કરતાં હોય છે. શાળામાંથી ૨૦ થી ૨૫ સ્નાતકો દર વરસે બહાર પડે છે, એમાંનો મોટો ભાગ વધુ અભ્યાસ માટે કન્ઝર્વેટરીમાં દાખલ થતો હોય છે અને બાકીના સંગીતની સંસ્થાઓમાં દાખલ થતા હોય છે.

ટયુશન અને બોર્ડિંગની વ્યવસ્થાની જાળવણી મફત છે. સરેરાશ એમનું લાગત ખર્ચ વરસે ૧૩૦૦ રૂબલનું હોય છે, એક વિદ્યાર્થીને સ્નાતક બનાવવા તથા કેળવવા માટેનું આ ખર્ચ હોય છે, રાજય અને પ્રજાસત્તાક શાળાનું ખર્ચ નભાવે છે.

પીઆનો, વાયોલીન વગેરે વાજિંત્રોની સંગીત રચના અને સંચાલનમાં સંપૂર્ણ તાલીમ આપવામાં આવે છે. ૮મા વરસને અંતે જ એવી પસંદગી કરવામાં આવે છે કે કોને સંગીતશાસ્ત્ર, અને સંચાલન તથા રચનાકાર્ય સુપરત કરવું.

આ શાળાના ૧૬૨ છોકરા-છોકરીઓ સ્નાતક થઈ ચૂકયા છે અને અત્યારના વિદ્યાર્થીઓ એવા બાળકો છે જેઓ બધા જ સામાજિક સ્તરોમાંથી આવેલા છે. આમાં ડુંગરાળ ભરવાડોના છોકરાઓ તથા તમામ શહેરી અને ગ્રામ્ય વિસ્તારોનો સમાવેશ થાય છે.

Scanned with OKEN Scanner

એના અભ્યાસક્રમમાં રાષ્ટ્રીય સંગીતજ્ઞાનના અભ્યાસનો સમાવેશ થાય છે, સાથે સાથે રાષ્ટ્રીયવાદ્યો, લોકસંગીત, સમકાલીન સોવિયેત અને પરદેશી સંગીતજ્ઞો, રશિયન અને પરદેશી કલાસીકલ સંગીતજ્ઞોનો પણ સમાવેશ થાય છે.

આગેવાન કન્ઝર્વેટરીઓમાંના શિક્ષકો આ શાળાની મુલાકાત લે છે અને ફેકલ્ટી તથા આગળ વધેલા વિદ્યાર્થીઓનાં શૈક્ષણિક વર્ગો ચલાવે છે. આવા બે મુલાકાતીઓ મોસ્કોની વિખ્યાત ત્ચાઈકોવસ્કી કન્ઝર્વેટરીમાંથી આવ્યા હતા. આ કીરગીઝીઅન શાળાના ચાર વિદ્યાર્થીઓ ત્ચાઈકોવસ્કી કન્ઝર્વેટરીમાં સ્વીકારવામાં આવ્યા છે અને બીજા આઠને સોવિયેત સંઘના બીજા ભાગોમાં સમાવી લેવામાં આવ્યા છે.

જેઓ પૂરતી શક્તિ ન બતાવે અને કન્ઝર્વેટરીઓમાંના આકરા અભ્યાસક્રમમાં સફળ ન હોય અથવા તો જેઓ એમાંની કોઈમાં પણ દાખલ થવાનું પસંદ ન કરે તેઓને કોઈ સંગીત કોલેજમાં (uchilische) ફેરવી નાખવામાં આવે છે. ત્યાં તેઓને કિન્ડરગાર્ટન તથા સામાન્ય શાળામાં શીખવવાની તાલીમ આપવામાં આવે છે. આવા વિદ્યાર્થીઓ સામાન્ય રીતે આઠમા ધોરણને અંતે ફેરવાતા હોય છે.

આ સંસ્થામાં બે ભાષાઓનું અધિપત્ય હતું કીરગીઝીઅન અને સંગીતની ભાષા. બધું શિક્ષણ માતૃભાષામાં આપવામાં આવે છે.

માતૃભાષા પર ઝોક મૂકવામાં આવે છે તે તો શાળાના મ્યુઝિયમમાં પણ જોઈ શકાય છે. અહીં મેં આ વિસ્તારમાંના અજોડ પુરાણા વાજિંત્રોની સંગાથમાં ભૂતકાળના પ્રવાસી સંગીતજ્ઞોના પરંપરિત પોશાકો પણ જોયા. જેનું કાળજીભર્યું વિવરણ કરવામાં આવ્યું હતું. ભરવાડિયા દશ્યો, જેમાં ભરવાડો તળપદા પાવાનો ઉપયોગ કરતા હતા. એક એવો પણ કિસ્સો હતો જેમાં જૂના ઢબનાં ઝવેરાતો અને કારીગીરીઓ ગુફા ચિત્રો સહિત સમાવેશ પામતા હતા.

મેં પહેલા ધોરણીયાઓની મુલાકાત લીધી. તેઓ બોર્ડિંગ વિદ્યાર્થીઓ હતા અને તેઓ પોતાના બહુભાષી શિક્ષણનો આરંભ કરતા હતા. આ રશિયન ભાષાનો વર્ગ હતો (તે પાંચમા ધોરણનો હતો તેઓ એક પરદેશી ભાષા શીખવાનો આરંભ કરનાર હતા). પાછળથી મને ઓડિટોરિયમમાં લઈ જવામાં આવી, કોન્સર્ટ વિદ્યાર્થી માટે પણ તે પહેલા પ્રથમ વર્ગનાઓએ કાળજીપૂર્વકની પસંદગી દ્વારા મારા માટે કીરગીઝીઅન ભાષામાં પોતાના નાનકડાં ગીતો ગાયાં હતાં. તેઓના જમણા હાથ

Scanned with OKEN Scanner

ઊંચા કરવામાં આવ્યા હતા અને તે તાલને અનુસરતા હતાં. એમના Solfeggio વર્ગમાં તેઓ આવું જ કરતાં હોય છે. તેઓના સાત વર્ષીય અવાજો કાંઇક અસ્થિર હતા, પણ તેઓની સમયોચિતતા ઈર્ષા પમાડે તેવી પરિપૂર્ણ હતી.

ડેમોન્સ્ટ્રેશન કોન્સર્ટ વખતે સાંજના પાંચ વાગ્યા હતા. અને બેશક બાળકોને આવો લાંબો દિવસ અભ્યાસમાં જ તથા પ્રેકટીસમાં જ ગાળવો પડયો હતો, છતાં પણ તેઓ સમતુલનાત્મકતાથી નિષ્ણાત રીતે પોતાનો પાઠ ભજવી બતાવતા હતા. બાળકોના Soloistsના સંગાથમાં બીજાં બાળકો હતા. પાઠ ભજવનારાઓની ઉંમર ૧૨ થી ૧૪ વરસની હતી. મેં ભારે આનંદ સાથે વાયોલીનનો જલ્સો માણ્યો. આમાં ૧૨ બાળક-બાલિકાઓ સમૂહમાં ગાય છે અને તેઓએ Shostakovich તર્જ રસપ્રદ રીતે બજાવી, એક ૧૨ વરસની બાળાએ પીઆનોનું વાદ્ય વગાડયું હતું, બીજી બાળા કાંઈક વધ રે મોટી હતી તેમણે સમકાલીન કીરગીઝીઅન સંગીતની તર્જ બજાવી અને તે તળપદા વાજિત્ર કામૂઝ ઉપર હતું.

૬૦ જણાનું એક સમૂહગાન કીરગીઝીઅન, રશિયન, ઈટાલીયન સૂરોમાં ગાઈ બતાવવામાં આવ્યું હતું. પણ 'બાક'નું ગીત "Ave Maria" તેમની જ માતૃ-ભાષામાં ગાવામાં આવ્યું હતું. તેઓના અવાજની મધુરતા તથા ભાષાવાહકતા સૌથી વધુ હૃદય સ્પર્શી હતી. હું જ્યારે આ બધું સાંભળતી હતી ત્યારે હું એ વિચારને તો રોકી જ નહિ કે સમાજવાદે આ નાના બાળકોને કેવી બક્ષિસ પૂરી પાડી છે. બાળકોને પ્રેમથી ભણાવવામાં આવે છે કે જેથી કરીને તેઓને સમજવામાં આવે અને તેઓ પોતે સંવેદન અનુભવીને સંગીતની સાર્વત્રિક ભાષામાં પોતાને વ્યક્ત કરે છે.

કોન્સર્ટના ઉપસંહારને આધુનિક સોવિયેટ બાળકોનું કલાસીક ગીત કહી શકાય. "હંમેશાં સૂર્ય પ્રકાશ રહેશે," એક શાંતિ ગીત છે અને એમાં સૂર્યની શાશ્વત કલ્યાણ-ગામિતાનો આશીર્વાદ છે. ભૂરા આકાશો, માતાનો પ્રેમ અને ખુદ નાના ગાયકનો પોતાનેયે ઉગાર. સર્વ સ્થળે બાળકોએ આ શાંતિનું ગીત એમના અમેરિકન અતિથિ માટે ગાયું છે. મારા માફક મારા દેશભાઈઓનાં હૈયાં ઉપર પણ અસર કરી જાય એવી મારી ભાવના છે. શાળા, બાળકો, તેઓનું સંગીત, લારીસા ઈસાકેઈવાની મારા પ્રત્યેની હાર્દિકતા હતી. આ બધાનો સંગમ તમામ બાળકો માટે શાંતિની મસ્ત આશાવાદી લાગણીમાં એકાકાર થવા પામ્યો હતો.

Scanned with OKEN Scanner

બોલ્શોઈ ખાતે બાળકોની કોરીઓગ્રાફીક (નૃત્યકલાની) શાળા

રશિયન બેલે (Bellte) ઉગમ બાળકો સાથે સંકળાયેલો છે. ૧૭૭૩માં મોસ્કોના અનાથાશ્રમના ટ્રસ્ટીઓએ પોતાની હકૂમતના બાળકો માટે બેલે વર્ગનો આરંભ કરવાનું નક્કી કર્યું. પરદેશી બેલે કંપનીઓએ મોસ્કોની મુલાકાત લીધી હતી, અને મોસ્કોવાસીઓ પોતાનો જ ઓપેરા અને બેલે થિયેટર સ્થાપવા માગતા હતા. પીટર્સબર્ગ કોર્ટ થિયેટરનો અગાઉનો નૃત્ય નટ ફિલિપ્પો બેકારીએ નાના અનાથ બાળકોને તાલીમ આપવાની જવાબદારી લીધી અને તે પણ કોઈ જાતના પગાર વિના જ; કારણ કે ટ્રસ્ટીઓને આ યોજનાનાં પરિણામો વિશે અમુક શંકાઓ હતી, જો એ સફળ થાય તો જ વેતન અપાય. વર્ગોમાં બાળકોની પુષ્કળ ભરતી થઈ. એના ૬૨ શિષ્યોમાંથી ૨૫ Soloist બન્યા. ૧૯૭૩માં મોસ્કો અનાથાશ્રમની નૃત્યકલા શાળાની ૨૦૦મી વરસગાંઠે બાળકોના બેલેની વ્યાવસાયિક તાલીમની પ્રણાલિકા ઉજવવામાં આવી.

મારી ત્રણ મુલાકાતોમાંની પહેલી બોલ્શોઈ શાળાની હતી. એ વરસની ૭મી મે એ આ મુલાકાત લીધી હતી. વાતાવરણ વીજળીક હતું. સ્નાતક પરીક્ષાઓ પછીનો એ દિવસ હતો. કેટલાય નવા સ્નાતકો અને તમામ ઉંમરના બીજા સાઈઠેક જેટલા બાળકો અને દસ સ્ટાફના સભ્યો, આમાં સોફિયા ગોલોવકીનાનો (શાળાના ડિરેક્ટર) પણ સમાવેશ થતો હતો; દૂરદૂરના યુરલમાં વોટકીનસ્ક ખાતે બીજે દિવસે જે કાર્યક્રમ પેશ કરવાના હતા એનું છેલ્લું રિહર્સલ શરૂ કરવાના હતા, સંગીતજ્ઞ પ્યોત્ર ઈલ્યીચ ત્ચાઈકોવ્સ્કીની એ જન્મભૂમિ હતી. એના જન્મદિને આ કાર્યક્રમ પેશ કરવાનો હતો. ત્રણેક કલાકમાં તો તેઓ યુરલ ભણી રવાના થવાના હતા, છતાં મારું હાર્દિકતાથી સ્વાગત કરવામાં આવ્યું. આ સ્વાગત રૂપાળી અને કાર્યદક્ષ ગોલોવકીનાએ કર્યું હતું. રાબેતા મુજબની ઔપચારિકતાઓ પછીથી તેણીએ મારો હવાલો નાયબ ડિરેક્ટર પાખનીનને સોંપ્યો, અને એ સાથે જ રિહર્સલમાં હાજરી આપવાનું મને આમંત્રણ આપવામાં આવ્યું.

આ સમગ્ર રિહર્સલ દરમ્યાન આપણને એકલા શિક્ષકોની જ નિષ્ઠા નહિ નૃત્યકાર કલાકારોની નિષ્ઠાની પણ અસર થયા વિના રહે તેવી નહોતી. ડિરેક્ટર

Scanned with OKEN Scanner

ગોલાવકીને ઓડિટોરીયમમાંથી નૃત્યકારોનું નિરીક્ષણ કર્યું. તેણે તે વખતે તેની સાથે બોલ્શોઈના ટોચ બેલે પુરી ગ્રીગોરોવીચ હતા. તે છેવટના રિહર્સલનો ચૂકાદો આપવા માટે અહીં આવ્યા હતા. તેણીએ પોતાની વારંવારની ટીકાઓ અથવા તો સૂચનો મક્કમ પણ શાંત અવાજે આપવા માંડયા. છ ફૂટ ઊંચા આકર્ષક બોગાતીરેવના હાથના સ્થાનમાં સુધારા કર્યા અને મૃદુ સૂરમાં "મારા મિત્ર" તરીકે એને સંબોધન કર્યું હતું. પાછળથી લોક નૃત્યનું બેલેરૂપ થયું તે વખતે એક નાનકડો છોકરો સોલો નૃત્ય કરતો હતો, અના લાલબૂટ ફરતાં પૈડાં જેવા ચમકતા હતા કારણ કે તે કપરા ઝડપી પલટાઓની હારમાળા સર્જતો હતો. તે વખતે તેણી બોલી ઉઠી કે મારા મિત્રો તમે છેક ગોળાકૃતિમાં આ કરતાં નથી. અગાઉ કરતાં પણ વધુ વહાલભર્યા હુલામણા સાથે તેણીએ કહ્યું હતું. આખું વાતાવરણ એકાગ્રતા, મસ્તી અને ઉજવણીથી સભર ભરેલું હતું, પણ કોઈમાં ઉન્માદ નહોતો.

રિહર્સલ બાદ મેં કેટલાક કલાકો ડેપ્યુટી ડિરેકટર થાખનીન સાથે ગાળ્યા અને શાળાના કાર્યક્રમ વિશે વાતો કરી અને એની ભાવિની યોજનાઓ વિશે પણ ચર્ચા કરી. તેમણે મને કલાસ રૂમો, લાયબ્રેરી અને ઘોડિયાઘરો, વગેરે બતાવ્યા. આ શાળામાં પ્રજાસત્તાકના બાળકો આવે છે અને આવા બાળકો શાળામાં જ રહે છે. મેં સંખ્યા-બંધ વર્ગોનું નિરીક્ષણ કર્યું. ૧૦ થી ૧૮ વર્ષની ઉંમરના ૫૧૮ વિદ્યાર્થીઓ આ શાળામાં નૃત્યને વરેલા હતા, એ જ વરસે મેં આ શાળાની મુલાકાત લીધી હતી. એમાંના ૭૦ તો બીજા પ્રજાસત્તાકોમાંથી આવ્યા હતાં, ૩૯ પરદેશોમાંથી અને ૧૦ કમ્યુચીઆમાંથી આવ્યા હતા. આ મોસ્કો શાળાની અને લેનિનગ્રાદની વાગાનોવા શાળાની એ નીતિ છે કે દરેક ૧૪ યુનિયન પ્રજાસત્તાકમાંથી પાંચ પાંચ બાળકોની ભરતી કરવી કે જેથી કરીને આ રાષ્ટ્રો પોતાની બેલે કંપનીઓ નભાવી શકે અને તે પણ સર્વ શ્રેષ્ઠ તાલીમ પામેલા નૃત્યકારોની મદદથી. છેવટે દરેક પ્રજાસત્તાક પાસે બાળકો માટે ઉચ્ચ કોટીની કોરીઓગ્રાફીક શાળા હોવી જોઈએ અને કેટલાક પાસે એકાદ છે પણ ખરી, આમાં લિથુઆનિઆ, યુક્રેન, મોલ્દેવીઆ, ઉઝબેકીસ્તાન અને જયોર્જીઆનો સમાવેશ થાય છે.

આ શાળાનો ઉદ્દેશ યેલેના બોચાર્નિકોવાએ જણાવ્યું છે તેમ (તેણીએ મિખાઈલ ગાબોવીચના સંગાથમાં લખેલા પુસ્તકમાં લખ્યું છે તે પ્રમાણે) "કલાત્મક સાધનો દ્વારા મનુષ્યની ભીતરી દુનિયાનું પ્રાકટય કરી શકે એવા કલાકારોને તાલીમ આપ-વાનો છે, અને માત્ર સારા નૃત્યકારોનો જ નથી. પરિણામે આ નવ વર્ષના

Scanned with OKEN Scanner

અભ્યાસક્રમ દરમ્યાન વિદ્યાર્થીઓ અસંખ્ય ખાસ વિષયોનો અભ્યાસ કરવા ઉપરાંત, રાબેતા મુજબનો માધ્યમિક શાળા અભ્યાસક્રમ પણ લે છે અને કલાના જુદા જુદા વિષયોનો અભ્યાસ કરે છે."* બોચાર્નીકોવા ઘણાં વરસો સુધી શાળાના પ્રિન્સીપાલ હતા.

અહીં બેલેના ઈતિહાસ સહિત કલાના ઈતિહાસના ખાસ અભ્યાસક્રમો હોય છે. આમાં પશ્ચિમ યુરોપના થિયેટરના સંગીત અને સંગીતના સિદ્ધાંત તથા લલિત કલાનો સમાવેશ થાય છે; તથા રશિયન થિયેટર પણ આવી જાય છે. મોટા બાળકો પણ અભિનય વગેરેની તાલીમનાં વર્ગો ભરતાં હોય છે, ભારે કેળવાયેલા વ્યાવસાયિક શિક્ષકો, જેમાંનો મોટો ભાગ તો મોસ્કોની આર્ટ થિયેટર શાળામાંથી આવતો હોય છે. તેઓ આ બધા વર્ગોમાં શિક્ષણ આપે છે.

દરેક બાળકને પીઆનો વગાડવાનું શીખવવામાં આવે છે. આમાં ફેંસિંગ, સાંગિતિક તાલની તાલીમ, શ્વાસ અંકુશનો અભ્યાસ, કસરત, સોવિયેત પ્રજાસત્તાકોના રાષ્ટ્રીય નૃત્યો, (જેઓ આ પ્રકારના નૃત્યમાં સ્પેશિયલાઈઝ ન થવાના હોય તેઓ માટે) વગેરેનો સમાવેશ થાય છે. કલાસીકલ બેલે નૃત્ય પદ્ધતિ, તમામ નૃત્ય વિશિષ્ટતાઓનો પાયો છે, એટલે કે, બેલે લોક નૃત્ય, રાષ્ટ્રીય અથવા બીજા નૃત્યો વગેરેનો પાયો છે.

વર્ગો સવારના ૯થી સાંજના ૬ સુધી ચાલે છે.

બધું જ શિક્ષણ મફત અપાય છે. દરેક બાળકને આ શાળાના અસાધારણ અભ્યાસક્રમ માટે કેળવવામાં દર વરસે ૧૨ હજાર રૂબલનું રાજ્યને ખર્ચ થાય છે.

આ શાળાનું વાતાવરણ એવી સાબિતી આપે છે કે એ ઉચ્ચ કલાત્મક નિષ્ઠાને વરેલી છે અને બાળ વિદ્યાર્થીઓની બાબતમાં આવકારદાયક વલણ ધરાવે છે. એ પરત્વેની મારા ઉપર પડેલી છાપ અગાઉના એક મુલાકાતી પર જે પડી હતી તેને મળતી આવે છે. આ મુલાકાતીનું નામ આલ્બર્ટ કાહન છે તેઓ Days With Ulanovaના લેખક છે (ન્યૂ યોર્ક, સાયમન એન્ડ શુસ્ટર, ૧૯૬૨ પા ૧૪૫).

* કોરીઓગ્રાફીક નૃત્યકલાની શાળાઓ દસ વરસની ઉંમરના બાળકો માટે ખુલ્લી હોય છે. તેઓએ સામાન્ય શાળામાં ૩ વર્ષ પૂરા કર્યા પછી પ્રવેશ મળે છે. આ શાળાઓ સામાન્ય શિક્ષણ બાદ ભારે ઉચ્ચ વ્યવસાયિક તાલીમના સંગાથમાં માધ્યમિક શાળાની સમોવડી બને છે.

Scanned with OKEN Scanner

એમની પરવાનગીથી અમારા બન્ને માટે તેઓને બોલતા કરું છું અને આ રીતે મારા વાંચકોને પુરુષનું ઈષ્ટબિંદુ પણ પૂરું પડે છે:

"બોલ્શોઇ બેલે શાળાની મુલાકાત પહેલા, પ્રથમ દર્શને પ્રેમની ઘટના પરત્વે હું હંમેશાં કાંઈક નાસ્તિકતા ધરાવતો હતો, પણ થોડા કલાકોમાં જ મેં મારું હૃદય એકને નહિ પણ ઘણાં દાવાઓ કરનારાઓ પાસે ખોઇ નાખ્યું. મેં પ્રથમ વર્ગમાં હાજરી આપી તેમાંથી પરાણે વિખૂટા પડવા માટે મારે એવું કહેવું પડયું કે, અહીં ૧૨ વરસની ઉંમરના બાળકોની શ્વાસ રૂંધી નાંખે એવી અદાકારી તથા નિષ્ઠાવાળી મુદ્રાઓની ઈલાયદી પવિત્રતા પ્રાપ્ત થતી હતી. દરેક કલાસરૂમે અવનવી મોહકતા ધારણ કરી હતી, ટટ્ટાર અને પૌરુષસભર નાનાં બાળકો એકમેકને શીખવતા હતા. પીછાંનાં શણગારવાળી બેલેની નર્તકીઓ, શેલ્પી તથા કપોળ કલ્પિત રંગ ગજવતામાં લોખંડી સ્નાયુવાળા યુવાનો, તેમણે ઉડ્ડયનનું તો જાણે રહસ્ય જ પોતાના સ્વામિત્વ હેઠળ લાવી દીધું હોય. એમના ખૂણા ખાંચાઓ પણ હૈયાની જાદુઈ હૂંફવાળા હતા. મીઠાશયુક્ત ગંભીર સ્વાગતો, એવા વિદ્યાર્થીઓ તરફથી આવતા હતા જેઓ પોતાના વર્ગોમાં દોડતા જતા હતા. બાળકો નમન કરીને અને બાલિકાઓ અદબ રાખીને મારું સ્વાગત કરવાનો ગણગણાટ કરતી હતી....

"મારી ઉપર જે વસ્તુએ સૌથી વધુ અસર કરી છે તે તો એ છે કે આ શાળા ઉપર જે મિજાજ ફરી વળેલો છે તેમાં આનંદોલ્લાસ અને શિસ્ત હતા. મોહકતા અને સર્જકતા એવા તો ઓતપ્રોત થયા હતા કે મને તો એમ જ લાગ્યું હતું કે નૃત્યનો આરંભ શરૂઆતના જીવન કરતા વધારે લાયક હોઈ શકે જ નહિ."

સોવિયેત સંઘ પાસે યુવાનો માટે એક નહિ પણ બે નામાંકિત નૃત્ય શાળાઓ છે, અને તેની એક સરખી પ્રતિષ્ઠા છે, સિદ્ધિ છે, અને કલાત્મક અસર છે. બીજી લેનિનગ્રાદની વાગાનોવા શાળા છે, જેનું એગ્રીપીના વાગાનોવાનાં નામ પરથી નામાભિકરણ થયું છે (૧૮૭૯-૧૯૫૧), તેઓ વિખ્યાત બેલે શિક્ષક હતા. તેમણે રશિયન બેલે તાલીમ-ની પદ્ધતિને વ્યવસ્થિત બનાવી છે અને એનું પ્રકાશન (૧૯૩૪)માં કર્યું છે. (આ પદ્ધતિને બીજા અસંખ્ય દેશો અનુસરે છે.) લેનિનગ્રાદ શાળા મોસ્કો

Scanned with OKEN Scanner

કરતાં અર્ધી સદી વહેલી સ્થપાઈ હતી, એટલે કે, ૧૭૩૮માં એણે વિશ્વવિખ્યાત નર્તકીઓને તાલીમ આપી છે, જેવી કે આન્ના પાવલોવા, વાસ્લાવ નીજીન્સ્કી અને બેનમૂન ગાલીના ઉલાનોવા.

એના વિદ્યાર્થીઓમાં ૬૦ ટકા તો કામદારોના કુટુંબોમાંથી આવે છે. સરેરાશ વાર્ષિક બજેટ ૩૫ લાખ રૂબલનું છે, એટલે કે, ૫૦ લાખ ડોલર જેટલું.

શ્રેષ્ઠ નર્તકો કીરોવ બેલેમાં સ્નાતક થાય છે, બાકીનાઓ દેશના બીજા ભાગોમાં વ્યાવસાયિક કામગીરી ખોળી કાઢે છે.

આ બે અને બીજી કોરીઓગ્રાફીક શાળાના સ્નાતકો પોતાની સમક્ષ કેવા પ્રકારની કારકિર્દી છે તેની દરકાર કર્યા વગર તેઓ બેલેરિયનો બનશે કે નર્તકીઓ કે નર્તકો બનશે કે કોરીઓગ્રાફર, બેલે-માસ્ટર, લોકનૃત્યના શિક્ષકો કે ઓપેરા કંપનીઓમાં નૃત્ય ભજવનારા બનશે કે એમેચ્યોર મંડળીઓના શિક્ષકો બનશે. છતાં તેઓ તો એવા પ્રયાસોમાં ભાગ લેનારાઓ બનશે જે શ્રેષ્ઠતાને જાળવી રાખે છે અને સોવિયેત નૃત્યના ઉચ્ચ સાંસ્કૃતિક હેતુને જાળવી રાખે છે.

જો કે દરેક સ્નાતક વ્યાવસાયિક નોકરી મેળવી શકતો નથી કે એણે ધારેલી નોકરી પણ મેળવી શકતો નથી. છતાં કોઈ પણ જણ બેકાર તો રહેતો જ નથી. વધુમાં, બાળકો અને કિશોરો વિદ્યાર્થીઓ તરીકે અને પછીથી સ્નાતકો તરીકે કાર્યક્રમ ભજવનારાઓ કે શિક્ષકોના ભાગ તરીકે એ બધી એ હકીકતથી વાકેફ હોય છે કે તેઓ કરોડો નાના બાળકોના રસાત્મક ઉછેરને આગળ વધારી રહેલા છે અને તેઓને નૃત્યકાર થવાની તેઓ પ્રેરણા આપતા હોય છે. બીજું કાંઈ નહિ તોયે કમમાં કમ નૃત્ય કલાનો શોખ તેઓ પ્રકટાવે છે; જે નિષ્ઠાવાન વ્યાવસાયિક નૃત્યકારના આતુર અને કદરદાર શ્રોતાવર્ગ બની શકે છે.

ગાલીના ઉલાનોવાએ જણાવ્યું છે કે, "મારા માટે તો મારા કાર્યનું મૂલ્ય" એવી પ્રતીતિમાં રહેલું છે કે બેલેની ભાષા લોકોને જીવનનું મહાન અને પ્રાણભૂત સત્ય પહોંચતું કરે છે, જીવનના સૌંદર્ય વિશે એ સત્યમાનવ હૈયામાં એ પહોંચતું કરે છે." આ મહાન નર્તકો સમગ્ર રસાત્મક જીવન દર્શન વ્યાપક પથરાયેલા નૃત્યના શિક્ષણને વ્યક્ત કરે છે, એમાં એમેચ્યોર લોક જૂથો સાથેની કારીગીરોનો સમાવેશ થાય છે જેણે સોવિયેત બાળકો અને યુવાનોના જીવનને સમૃદ્ધ બનાવેલ છે.

Scanned with OKEN Scanner

બાળકો અને દૃશ્ય કલાઓ

દૃશ્ય કલાઓમાં બાળકોની સર્જકતા એવા અનુભવ તરીકે જોવામાં આવે છે જેનું કાયમી મહત્ત્વ રહેલું છે. બાળપણથી જ આ કલાઓ સાથે સંપર્ક રહેલો હોઈ વ્યક્તિ પોતાની પુખ્ત વયમાં સર્જકતાની ભાવના ચાલુ રાખી શકશે. અપરિચિતતાની ખોજ અને દેખીતી રીતે જ જીવનના સૌંદર્યની વિધાયક સાબિતીને પીછાન્યા કરશે. એમની હસ્તી વડે વધારે તેજસ્વી અને વધારે માતબર બનશે. હૂબહૂ કલાઓ સાથેનો બાળકોનો સંપર્ક અને એમની પોતાની સર્જકતા એવા સાધનો તરીકે નિહાળવામાં આવે છે જેનાથી સક્રિયતાપૂર્વક પ્રતિભાવ પાડવાની શક્તિ અને આસ-પાસની વાસ્તવિકતાની રસાત્મક પીછાન કરવામાં આવે છે. રસાત્મક સંવેદન-શીલતા બાળકના દૃશ્ય અનુભવથી ઉત્તેજિત કરવામાં આવે છે અને એ એનું મૂલ્યાંકન કરતો થાય છે. પરિણામે, જ્યારે કોઈ સોવિયેત કેળવણીકાર, કલાકાર કે મનોવૈજ્ઞાનિક એની સર્જકતાની વાત કરે છે ત્યારે એના મનમાં બુદ્ધિશાળી બાળક જ નહિ પણ શાળાનાં બધાં જ બાળકો હોય છે, જેઓ ચિત્રકામ કરે છે, પેઈન્ટીંગ કરે છે, મોડેલ બનાવે છે અને કારીગીરીનું કામ કરે છે.

અઠવાડિયામાં એક કલાકનો દૃશ્ય કલાઓનો અભ્યાસક્રમ તમામ સામાન્ય સ્કૂલોમાં પહેલા છ ધોરણોમાં મુકરર કરવામાં આવેલો છે. ટેકનિકલ આવડતમાં કલાસ રૂમમાં શિક્ષણ અપાય છે અને કલાની કદરનું પણ શિક્ષણ આપવામાં આવે છે. જે ટેકનિકલ આવડતો શીખવવામાં આવે છે તે આ પ્રમાણે છે : પેન્સીલથી, કોલસાથી, શાહીથી ચૉકથી, ચિત્ર બનાવવું; કુદરતમાંથી વૉટરકલર પેઈન્ટીંગ કરવું; પોસ્ટર, ડિઝાઈન, શૃંગારયુક્ત ડિઝાઈન; મૌલિક અને લોકકલા પર આધારિત માટીનું મોડેલીંગ કરવું; લાકડાનું કોતરકામ, પથ્થરનું કોતરકામ અને લીથોગ્રાફી. દરેક શાળામાં આ બધી જ આવડતો શીખવવામાં આવતી નથી. આ પસંદગીનો આધાર લાયકાતવાળા પ્રાપ્ય શિક્ષક ઉપર રહેલો છે; તેમજ સ્થાનિક જાતીય સંસ્કૃતિ ઉપર પણ એનો આધાર છે. જે યુવાનો આવી કોઈ પણ કલાના સ્વરૂપમાં મજબૂત રસવૃત્તિનો વિકાસ કરે છે તે યોગ્ય વર્તુળમાં જોડાઈ શકે છે. જો એની શક્તિ બહાર આવેલી હોય તો તેઓ પાર્ટ ટાઈમ કલા શાળામાં દાખલ થઈ શકે છે અને અઠવાડિયામાં રેગ્યુલર શાળા કલાકો ભર્યા પછીથી બે કે ત્રણ વાર એમાં હાજરી આપી શકે છે.

Scanned with OKEN Scanner

જેઓ નોંધપાત્ર શક્તિ બતાવે છે તેઓ પૂરા સમયની કલાના શાળામાં જોડાવા માટે લાયક બની શકે છે.

સાત વર્ષની પૂરા સમયની કલા શાળા

દરેક શક્તિશાળી બાળકને માટે પાંચ પૂરા સમયની શાળાઓ છે, જે લલિત કલાઓની અસંખ્ય સંસ્થાઓની સંગાથમાં ચલાવવામાં આવે છે. આમાં બાળકો ૧૧ થી ૧૮ વર્ષની વયના હોય છે.* શાળાઓ તેમનાં પ્રદેશ સિવાયના દેશભરના બીજા ભાગોમાંથી પણ લાયકાતવાળા અરજદારોનો સ્વીકાર કરે છે. શહેર બહારના વિદ્યાર્થીઓ માટે બોર્ડીંગની સુવિધા પૂરી પાડવામાં આવે છે. શાળા પછી એવા એકેડેમીક વિષયોનો પૂરેપૂરો અભ્યાસક્રમ પણ શીખવે છે જે સામાન્ય શાળાના અભ્યાસક્રમની બરોબરનો હોય છે. એમાં માત્ર કલા, ઈતિહાસના વધારાનાં અભ્યાસક્રમો નથી હોતા. સ્નાતકો લલિત કલાની સંસ્થાઓમાં અને ફિલ્મ સંસ્થાઓમાં જાય છે.

સાત વર્ષની કલા શાળા લલિત કલાની સુરીકોવ ઈન્સ્ટીટ્યુટ સાથે સંકળાયેલી હોય છે. (૧૯મી સદીના રશિયન ચિત્રકારના નામથી આ સંસ્થાનું નામ પાડેલું છે.) એમાં ૩૦૦ સુધી વિદ્યાર્થીઓ લેવામાં આવે છે, મોસ્કોનું મોટું મ્યુઝિયમ "ત્રેતિયાકોવ્સ્કી ગેલેરી" લાવ્રુશિન્સ્કી લેઈન પર આવેલું છે. આ શાળા પાંચ માળનાં સુંદર મકાનમાં આવેલી છે. એની નજીકમાં પાંચ માળનો રેસિડેન્ટ હોલ છે, એ બોર્ડીંગના વિદ્યાર્થીઓ માટેનો છે તેમ ફેકલ્ટી માટે પણ છે. લાવ્રુશિન્સ્કી લેઈન કલાના વાતાવરણથી સભર ભરેલી છે. નાના વિદ્યાર્થીઓ પોતાના પોશાકમાં સુઘડ બનેલા હોય છે અને એમનામાં આત્મ-મહત્તા આવી હોય એમ લાગે છે. અને ખાસ સાંસ્કૃતિક નિષ્ઠાની લાગણી પણ તેઓમાં દેખાય છે. મ્યુઝિયમ ખાતે શિક્ષણ વિભાગના એક માર્ગદર્શકે મને કહ્યું હતું કે, "તેઓ તો રીતસર મ્યુઝિય-

* સાત વર્ષની પૂરા સમયની કલા શાળા જનરલ શાળાના ૪થા ધોરણ પછીથી બાળકોનો સ્વીકાર કરે છે.

Scanned with OKEN Scanner

અમાં જ રહે છે." તેઓ નજીકના પુશ્કીન મ્યુઝિયમમાં પણ રહે છે. એમાં પુરાણા અને આધુનિક યુરોપની શ્રેષ્ઠ કલાકૃતિઓના ભંડારો રખાયા છે.

સુરીકોવ શાળાથી થોડા મિટર દૂર મેં એક મકાનની ભીંત પર રંગેલી જાહેરાત જોઈ. દુનિયાના બીજા ભાગોમાં પણ આવી જ જાહેરાતો હોય છે જેમાં તે આવા પ્રતીક તરીકે હોય છે. જેમાં કોકાકોલાના ગુણોના ભારોભાર વખાણ કરવામાં આવતા હોય છે. આ જાહેરાતમાં પુશ્કીન મ્યુઝિયમમાં માર્ગદર્શક વ્યાખ્યાન માળાનો કાર્યક્રમ આપવામાં આવ્યો હતો. આ જાહેરાતમાં સુરીકોવના વિદ્યાર્થીઓને નીચે મુજબના વ્યાખ્યાનોમાં હાજર રહેવાનું આમંત્રણ હતું : પુરાણા ઈજિપ્ત, પુરાણા ગ્રીસ અને પુરાણા રોમના સંસ્કાર અને કલા; મધ્ય યુગમાં અને પ્રબોધકાળમાં સંસ્કાર અને કલા; નેધર્લેન્ડ અને ફ્લેન્ડર્સમાં કલા; ૧૫મી અને ૧૮મી સદીના ફ્રાન્સમાં કલા. સૂરીકોવ શાળાના દૂરંદેશી ડિરેક્ટર એ. એમ. મિખાઈલોવે બાળકો અને કિશોરો માટે મ્યુઝિયમના આ પ્રમાણેના ઉપયોગ વર્ણવ્યા છે :

> "ભાવિ કલાકાર રશિયન અને પરદેશી કલાકારોની શ્રેષ્ઠ કૃતિઓ પરત્વે પ્રશંસા અને આદરભાવ બતાવશે, આ કલાસ્વામીઓ પાસેથી તેઓ સર્જક તાકાત પ્રાપ્ત કરશે અને સૌંદર્યનો અનુરાગ પ્રાપ્ત કરશે. ભૂતકાળની આ મહાન વિભૂતિઓમાં જે ભવ્ય રીતે કલાત્મક અભિવ્યક્તિ જોવા મળે છે તે કલાકારોની નવી પેઢીને સર્જનમાં સહાયભૂત થશે અને આપણા જમાના સાથે એક તાલમાં રહીને લાયક કલાકૃતિઓ તેઓને સાચા માર્ગ પર અને નવા સર્જક આગેકૂચ ભણી લઈ જશે."

આ શાળાના સાત વરસમાં યુવાન વિદ્યાર્થી જુદી જુદી કલાકૃતિઓમાં તાલીમ મેળવે છે અને પોતાની વૃત્તિ તથા શક્તિ અનુસાર વિશિષ્ટીકરણ કરે છે. આ શાળાના ચિત્રકારો, શિલ્પકારો, પુસ્તકના ચિત્રકારો, કોતરકામ કરનાર તથા બીજા નિષ્ણાત ચિત્રકાર સ્નાતકો પેદા કરશે.

ડઝનેક વર્ષો પહેલાં સોવિયેત કલા એકેડેમીએ પૂરા સમયની કલા શાળાઓ માટે નવો અભ્યાસક્રમ અપનાવ્યો હતો. આ અભ્યાસક્રમ બુદ્ધિશાળી વિદ્યાર્થીઓને આગલી સદીઓના વારસાના સાંસ્કૃતિક મૂલ્યોમાં વધારે બૃહદ રસવૃત્તિની રમણાને પુષ્ટિ આપે છે. આમાં આપણા જમાનાની કલાના પ્રગતિશીલ તત્ત્વોનોયે સમાવેશ થાય છે. મોટાં બાળકોને એવા પ્રવાસો પર લઈ જવામાં આવે છે જ્યાં સાંસ્કૃતિક

Scanned with OKEN Scanner

સીમાચિહ્નો હોય, અને વિવિધ પ્રદેશો તથા સોવિયેત સંઘના પ્રજાસત્તાકોમાં પણ પ્રવાસે લઈ જવામાં આવે છે મધ્ય સોવિયેત, આ ઉપરાંત એશિયાના પ્રફુલ્લિત બનતા રણ વિસ્તારો, બાલ્ટીક પ્રજાસત્તાકો, કૉકેસસ, વગેરેનો પણ આમાં સમાવેશ થાય છે. આ બધા વિચિત્ર અને અસાધારણ સ્થળોમાં તેઓ ઉપર નવી છાપ પડે છે અને તેઓ ભિન્ન ભિન્ન પ્રકારની તળપદી સંસ્કૃતિઓનું નિરીક્ષણ કરે છે, તેમ જીવનની ઢબછબનું પણ અવલોકન કરે છે. આમ તેઓ પોતાની સર્જક વૃત્તિને પોષણ આપતા રહે છે. મિખાઈલોવે એવો આગ્રહ સેવ્યો છે કે, "ઉગતા કલાકારના પહેલાં સર્જક પગલાં અમારી શાળા સમક્ષ જ લેવામાં આવતાં હોય છે અેમાં પ્રાથમિક વ્યાવસાયિક આવડતોની પ્રતીતિ જ નહિ પણ સ્વતંત્ર સર્જકતા માટેની તેજોમય અભિપ્સા પણ હોય છે."

આપણે એવું અનુમાન તારવીએ કે ખાસ કલા શાળાના નવા અભ્યાસક્રમમાંના સુધારા જડતાનું વળતું મારણ કરવાના પ્રયાસો કરશે. આ જડતા આગલા વરસોમાં અહીં વધી જવા પામી હતી અને તે પણ કડક સાંસ્કૃતિક ચકાસણી હેઠળ. પણ કલાના શિક્ષકો એવા પ્રશ્નનો બોજો વહન કરે છે જેનો ઉકેલ કરવો કપરો હોય છે. બુદ્ધિશાળી બાળકો જે વરસો માધ્યમિક કલા શાળામાં ગાળે છે તેમાં એનું સર્જક વ્યક્તિત્વ આકાર લે છે, તેમ કલા પ્રત્યેનું એનું વલણ તથા લોકો પ્રત્યેની એની સેવાભાવના પણ આકાર લે છે. આ યુવાન માણસ સામૂહિક સમાજમાં ઉછર્યો છે અને એની સેવા કરવા માટેનું એને શિક્ષણ આપવામાં આવ્યું છે. ખાસ કરીને તો પોતાની વિશિષ્ટ બક્ષિસો દ્વારા આ કામ તેણે કરવાનું હોય છે. કલા શાળાની કામગીરી આમ યુવાન કલાકારને કલાની સંસ્થાઓમાં વધુ અભ્યાસ માટે તૈયાર કરવાનું છે, એટલું જ નહિ પણ, સૌથી વધુ તો એવા માનવ ઉછેરવાનું છે જેઓ કલાને વરેલા હોય, માનવજાતને ચાહતા હોય, શ્રમને અને સામાજિક ન્યાયને વરેલા હોય. બુદ્ધિશાળી બાળકના વ્યક્તિત્વનો પાયો તે આ શાળામાં જે નાજુક વરસો ગાળે છે તેમાં ઘડાય છે. કોઈ પણ જાતની આળપંપાળ વિના એને વૈયક્તિક અભિગમોમાં સામેલ કરવો અને આત્મલોકનભર્યા એકાંત વાસમાં લઈ જવો. પશ્ચિમના કલાના જ્ઞાનતંતુના રોગની કશી જ વાત ન કરીએ તોયે બિન-સમાજવાદી દેશોમાં સર્વસામાન્ય રીતે આનું અવિચારીપણે ખૂબ જ અનુકરણ કરવામાં આવે છે, એમાં સામાજિક મહત્તાવાળી કલાનો ક્ષતિયુક્ત ત્યાગ કરવામાં આવે છે અને જીવનના સર્વસામાન્ય સમર્થનનો ત્યાગ કરવામાં

Scanned with OKEN Scanner

આવે છે, તે બેવકૂફીભર્યું છે, તેમ પશ્ચિમના કલાના શિક્ષકો એકાએક વર્ગ ચેતના સ્વીકાર કરે એવી ધારણા રાખવી એ પણ બેવકૂફીભર્યું છે, ભદ્ર સિવાયની બીજી વર્ગીય ચેતનાનો અભિગમ અને કલાની સામાજિક સેવાઓ પ્રત્યેની નિષ્ઠાની અપેક્ષા રાખવી એ પણ બેવકૂફીભર્યું છે.

રશિયનો અને બીજી સોવિયેત પ્રજાઓને જે કઠોર વાસ્તવિકતાનો મુકાબલો પોતાના કટ્ટર ઈતિહાસના ગાળા દરમ્યાન કરવો પડયો છે તેનાથી તેઓ રહસ્યવાદી બન્યા નથી તેમ તેઓ અમુક મહત્ત્વના પ્રમાણમાં ભાગેડુઓ બન્યા નથી. સામાન્ય રીતે, તેઓએ કલામાં પણ વાસ્તવવાદને પસંદ કર્યો છે અને આ બધું તેઓની સમાજની પ્રચલિત ભાવનાના સંગાથમાં સાદગીનો, તેમનો નૈસર્ગિક અનુરાગ, સ્પષ્ટ વક્તવ્ય, માનવ અસ્તિત્વની સુયોગ્યતાનું સમર્થન, અને તે પણ ખરાબમાં ખરાબ સંજોગોની વચ્ચે પણ, તેઓને એક પ્રજા તરીકે નિરાશાવાદિતા, કમજોર કપોળ કલ્પિતતા, વિચિત્રતા, બેસુમાર ભાવવાચકતા, મનોવૈજ્ઞાનિક રીતે આત્મલક્ષી કલાની અભિવ્યક્તિ પ્રત્યે તેમને અસ્વીકાર્ય રહ્યા છે. નાના બુદ્ધિશાળી કલાના વિદ્યાર્થીઓ સ્વાભાવિક રીતે જ આ પ્રણાલિકામાં આવેલા છે. તેઓ પણ મુખ્યત્વે કરીને પોતાના લાંબા સમય પહેલાના પૂર્વજોની માફક અને તાજેતરના ભૂતકાળના પૂર્વજોની માફક લોકો પ્રત્યેનું સામિપ્ય માણે છે અને એવી વૃત્તિ ધરાવે છે કે તેઓ લોકોની સાથે પોતાની કલા વાટે વ્યવહાર ચલાવવા માગે છે.

મિખાઈલ આલ્પાતોવ, જેઓ મોસ્કો યુનિવર્સિટી ખાતે કલાના પ્રોફેસર છે અને સમગ્ર યુરોપમાં કલાના માન્ય નિષ્ણાત છે, તેઓ રશિયન કલાકારોના વાસ્તવિકતા પ્રત્યેના રૂઢિગત વલણની બાબતમાં કારણો વિશે નીચે પ્રમાણે લખે છે: (મિખાઈલ આલ્પાતોવ, રશિયન ઈમ્પેકટ ઓન આર્ટ, ૧૯૫૦, પાન ૩૧૫-૧૬.)

> "ગહન માનવતા, જે સોનેરી તંતુની જેમ રશિયન કલામાં સૈકાઓથી વણાયેલી રહેલી છે, સૌંદર્યની રશિયન પૂજા અને વિશ્વની ભવ્યતાની પૂજા એની કલા દ્વારા બહાર આવવા પામે છે, તેમ વિશિષ્ટ પ્રત્યેની તેમની સાર-સંભાળની સર્વસામાન્ય વિશેની વિચારસરણી સાથે સંયોજન કરવાની એની શક્તિ, માનસિક વૃત્તિઓ જે જીવંત અને સર્વગ્રાહી તસ્વીરમાં મૂર્ત કરવાની એની જરૂરિયાત છે અને છેલ્લું, વૈયક્તિક કલાકારોની પ્રેરણાનાં ફળોને તમામની પુંજી બનાવવામાં આવે છે. રશિયન

કલાત્મક સર્જનનાં આ બધા લક્ષણો રશિયન ક્રાન્તિને વારસામાં મળેલ છે, અને આમાં પણ રશિયાએ વિશ્વ સંસ્કૃતિમાં પ્રદાન આપેલું જોઈ શકાય છે.''

સોવિયેત બાળકો અને કિશોરો પોતાના વૈવિધ્યરંગી દેશમાં બુદ્ધિશાળી અને બહુ જ બુદ્ધિશાળી વગેરે આ બધા જ વારસાના લાભ પ્રાપ્ત કરનારાઓ છે.

સોનેરી સાંકળનો અંકોડો

પાર્ટ ટાઇમ ચાર વર્ષની કલાશાળાઓ એ સામુદાયિક શિક્ષણની સાંકળના એવા અંકોડાઓ છે જે વ્યાવસાયિક તથા એમેચ્યોર દૃશ્ય કલાઓમાં કામગીરી બજાવે છે. આવી શાળાઓની સંખ્યા આશરે એકાદ હજારની હશે.

જ્યારે બાળક પોતાની અભિવ્યક્તિને ચાહતું થાય અને તે પણ દૃશ્ય કલાઓના કાંઈક ને કાંઈક સ્વરૂપમાં, અને એણે કલા વર્તુળમાં જોડાવાનું કર્યું હોય અને વધુ ને વધુ ઘનિષ્ઠ તાલીમ લેવાનું ચાલુ રાખતું હોય ત્યારે તે પાર્ટટાઈમ વિશિષ્ટ કલા શાળામાં નામ નોંધાવે છે. આમાં એ અસાધારણ બુદ્ધિશાળી હોવાની જરૂર નથી. આવા પ્રકારની શાળા ચાર વરસનો અભ્યાસક્રમ રાખતી હોય છે અને તે ૧૧મા વરસથી શરૂ થતો હોય છે. તેઓ પાછા સામાન્ય શાળામાં હાજરી આપવાનું ચાલુ જ રાખતા હોય છે. કલાશાળામાં તેમનું કામ ફુરસદના સમયે કરતા હોય છે અને તે પણ બે ત્રણ કલાક માટે અઠવાડિયામાં ત્રણથી ચાર વખત કરવાનું હોય છે. ડ્રોઈંગ, પેઈન્ટીંગ, લેખન, શિલ્પ, કલાની કદર વગેરેમાં આ વર્ગો ચાલતા હોય છે. કેટલીક શાળાઓમાં કોતરકામ, સેરામિક્સ, વગેરેના વર્ગો ચાલે છે. આ ઉપરાંત એપ્લાઈડ કલાના બીજાં સ્વરૂપો હોય છે. અભ્યાસક્રમના અવકાશનો આધાર શાળાના સાધનો ઉપર રહેલો હોય છે, સાથે સાથે બાળકની વિશિષ્ટ રસવૃત્તિ ઉપર પણ તેનો આધાર હોય છે. તેમ સ્થાનિક ભૂમિની વિશિષ્ટ લાક્ષણિકતા પણ આમાં ભાગ ભજવે છે. દા.ત., યુરલ પર્વતના પ્રદેશોમાં બાળકો પથ્થર કોતરણી ભણે છે તથા પથ્થરના શણગારની વિદ્યા પણ મળે છે. કારણ કે આ વિસ્તાર કિંમતી પથરાઓની બાબતમાં સમૃદ્ધ છે.

આવી એક મોસ્કોની શાળાના ડિરેક્ટર નીના કોફમાન છે. છેલ્લા ૪૦ વરસથી તે ત્યાં કામ કરે છે. તેણે અને તેણીના શિક્ષક ગણે જે વલણ અખત્યાર કર્યું હતું તે તેઓએ તે નીચે મુજબ વ્યકત કર્યું છે :

"તેઓ સ્મૃતિમાંથી કે મોડેલો ઉપર કામ કરતા હોય કે કલ્પનાથી કામ કરતા હોય, પણ શિક્ષક તેઓમાં સર્જક કલ્પનાને ઉત્તેજવાનું કામ કરે છે. શિક્ષક જાણે છે કે બાળકો જુદી જુદી અભિવ્યક્તિઓના સ્વરૂપો પ્રત્યે ભિન્ન ભિન્ન અભિગમ ધરાવતા હોય છે; તેથી તેમનાં વૈયક્તિક વલણોનો સમાવેશ કરવાની કાળજી રાખવામાં આવતી હોય છે. કેટલાક પોતાને શિલ્પના ત્રિપરિમાણ સ્વરૂપમાં વ્યકત કરવા માગતા હોય છે, બીજાઓ રેખાકૃતિ કે પેઈન્ટીંગ પસંદ કરતા હોય છે, કેટલાક દુનિયાને ઊર્મિયુક્ત ગણતા હોય છે. જ્યારે બીજાઓ એને મહા કાવ્યમાં ગણે છે. દરેક બાળક પોતાની વિશિષ્ટ શક્તિ અનુસાર તથા વલણ અનુસાર પસંદગી કરે છે."

મેં એક લાંબી બપોર ડિરેક્ટર કોફમાનના અતિથિ શાળામાં વીતાવી. પોતાની ડિરેક્ટરશીપના ૩૦ વર્ષના ગાળામાં તેણીએ શાળામાં કલાનું શિક્ષણ આપવાનું પણ કાર્ય સાથે સાથે કર્યું હતું. તેઓ શાંત અને મૃદુ ભાષી, ખાંતિલા વિદ્વાન તેમ જ કેળવણીકાર છે. તેણી ખૂબ જ લાગણી અને જ્ઞાનથી બોલતી હતી.

૧૧ થી ૧૭ વર્ષની વયના ૩૩૦ બાળકો તથા બાલિકાઓ ઉપરાંત તેણીએ સલાહ સૂચના માટે ૨૦ જેટલા પૂર્વ સ્કોલરોને રાખ્યા છે. આમાંનો મોટો ભાગ કિન્ડરગાર્ટનીઆઓનો છે. આ બાળકો નોંધપાત્ર રસવૃત્તિ અને શક્તિ ધરાવે છે. તેણીએ પોતે પણ ત્રણ નાના ઉગતા કલાકારો સાથે કામ કરવાનું રાખ્યું છે. તેઓ અઠવાડિયામાં એક કે બે વાર આવે છે અને તેણીને પોતાની કૃતિઓ બતાવે છે, તેઓ એ પરત્વે વાતચીતો કરે છે અને વાલીઓને સૂચનો કરે છે કે કેવી રીતે આ આશાસ્પદ બાળકોને દોરવણી આપવી અને તે પણ તેમની સ્વાભાવિકતા તથા સર્જકતાને હાનિ ન થાય તેવી રીતે કરવાનું હોય છે.

આ શાળામાં દાખલ થવા માટે અરજદારે સામાન્ય શાળામાં સારી એવી સિદ્ધિ મેળવેલી હોવી જોઈએ, કમમાં કમ સરેરાશ Bની પ્રાપ્તિ કરેલી હોવી જોઈએ અને એના વર્તનનો તથા વ્યક્તિત્વનો સાનુકૂળ હેવાલ પ્રાપ્ત કરેલો હોવો જોઈએ. જો

આ બધું જ વ્યવસ્થિત હોય તો તે પેન્સીલ ડ્રોઈંગની પ્રવેશક પરીક્ષા માટે લાય. કાતવાળો બને છે: જે કુદરતમાંથી દોરવાનું હોય છે અને વૉટર કલરનું પેઈન્ટીંગ કરવાનું હોય છે. વય શક્તિ અને આગલી તાલીમ પ્રમાણે વર્ગોની રચના થાય છે. બાળકોની કૃતિઓને શ્રેણી આપવામાં આવે છે. જ્યારે કોઈ પણ વિદ્યાર્થી નોંધ-પાત્ર શક્તિ ધરાવતો હોય ત્યારે વાલીઓને ફેકલ્ટી સાથે ચર્ચા માટે બોલાવવામાં આવે છે અને એમાં બાળક માટેની કારકિર્દીની તકો વિશે વિચારણા થાય છે. ડિરેક્ટરે મને જણાવ્યું કે, "મારી શાળાના દરેકે દરેક બાળકના વાલીઓને હું મળી છું" કે જેથી કરીને ઓળખાણ થાય અને બાળકની કલા પ્રવૃત્તિની બાબતમાં યોગ્ય માર્ગદર્શન આપી શકાય, સાથે સાથે કોઈક કૌટુંબિક પ્રશ્ન હોય તો તેની ગંધ આવી જાય છે, આવા પ્રશ્નથી બાળકના આનંદમાં અને એની શક્તિના વિકાસની સફળતામાં અંતરાય ઊભો થતો હોય છે.

આ શાળામાં ૧૭ શિક્ષકોનો સ્ટાફ છે અને અભ્યાસક્રમના વહીવટદાર પણ છે. એને પોતાની આગવી ઈમારત છે અને તે પણ સરેરાશ વસવાટી ભાગમાં આવેલી છે. આ ઈમારત જૂની છે પણ એનું સારું રિપેરકામ થાય છે અને તે અત્યંત સુઘડ તથા સ્વચ્છ છે. વર્ગો નાના છે. છોકરા અને છોકરીઓના વર્તન ઠપકાથી પર છે. વાતાવરણ હળવાશવાળું છે. મેં મુલાકાત લીધેલા મોટા ભાગના જૂથો બપોરે કા તો ડ્રોઈંગ કરતા હતા અથવા તો શાંત જીવનનું પેઈન્ટીંગ કરતા હતા એક જૂથ માનવ મોડલનો રેખાંકન દોરતું હતું. તેઓ એવા મનુષ્યના અવશેષ દોરતા હતા કે જે શતાયુ (Albrecht Durer) જેવા દેખાતા હતા નાનકાઓ જ્યારે ઘરડા માણસનું ચિત્ર દોરતા હતા ત્યારે તેમની મુદ્રાઓ એકતાર હતી અને કાંઈક હેબતાયેલી પણ હતી.

ક્લાસ રૂમોમાંની ટૂંકી મુલાકાત પછી મારી યજમાને બાળકોના ઘણાં બધા તૈયાર પેઈન્ટીંગો મને બતાવ્યાં હતાં. આમાંના મોટા ભાગના તો કલ્પનામાંથી દોરાયેલા હતા, તે બધા ધૂની અને મૌલિક હતાં, પરીકથાઓમાંથી આ પેઈન્ટીંગો સૂચવાયેલાં હતાં; દંતકથાઓ, રૂપકકથાઓ કે મહાકાવ્યોની કથાઓમાંથી પણ એ સૂચિત હતાં; રંગ અને હિલચાલથી એ સજીવ હતાં. લોકકથામાંની ડિઝાઈનો ઘણી વાર રચના કાર્ય તથા રંગની નમૂનેદાર ભાવના દાખવતી હતી અને નાના ડિઝાઈનરોનો પ્રફુલ આનંદ એની કલ્પનામાં રહેલો હતો. પણ સર્વથા વાસ્તવિક કૃતિમાંની ઘણીમાં જડત્વ પણ દેખાતું હતું અને રંગનો કાલ્પનિક રીતે ઉપયોગ

કરવામાં બાળકો ખચકાતાં હતાં. આ કૃતિઓમાં આવા નાનકડા કલા વિદ્યાર્થીઓ પાસેથી અપેક્ષા રાખીએ એવા ધબકારનો અભાવ હતો, પણ પૂર્વ પ્રાથમિકીઓઆ-ઓના પેઈન્ટીંગો લગભગ નિરપવાદ રીતે મોહક હતાં. એમાંના કેટલાક તો માગી લેવાની મારી વૃત્તિ હું ભાગ્યે જ દબાવી શકી. મને તે વખતે યાદ રહ્યું નહિ કે શ્રેષ્ઠ કૃતિની માંગ થઈ શકે નહિ.

મકાન પણ બાળકોની પાર્ટ ટાઈમ સંગીતની શાળાની સેવા કરે છે. જો કે વસવાટો વિશાળ છે છતાં આ મકાનમાં કલાના વર્ગો અને સંગીતશાળાની પાળી-ઓનો એમ બેવડો સમાવેશ કેવી રીતે થતો હતો તે જાણવું કપરું હતું. કલાસ-રૂમોની બદલીઓ અને કલાકોની ગોઠવણી જટીલ હોવી જોઈએ, પણ માર્ગ ખોળી કાઢવાની પુષ્કળ ઈચ્છા દરેકની પાસે હોય જ છે.

તેઓ જ્યાં જાય ત્યાં
તેમને સંગીત મળશે જ

વિશિષ્ટ ફુલ ટાઈમ અને વધારે સામાન્ય, પાર્ટ ટાઈમ સંગીત શાળાઓ વચ્ચે દુર્ભેદ્ય અંતર રહેલું નથી. સોવિયેત કેળવણીકારો કહે છે તેમ આ બધું તો સ્વાભાવિક છે; કારણ કે શાળાનાં બાળકના શરૂ શરૂનાં વરસોમાં સાચી શક્તિ હંમેશાં ઓળખી શકાતી હોતી નથી. આનાથી આપણને એવું યાદ આવી જાય છે કે ત્ચાઈકોવસ્કી પોતેયે પણ શરૂઆતના વરસોમાં સામાન્ય પ્રકારની સંગીત બક્ષિસ ધરાવતો હોવાનું માનવામાં આવતું હતું અને ભારે આદરણીય શિક્ષકો એને સંગીતની કારકિર્દી છોડી દેવાનું કહેતા હતા.

સામુદાયિક સંગીત શિક્ષણની સોવિયેત સંઘમાં જે અજોડ પદ્ધતિ ઊભી થવા પામી છે તેનો જોટો દુનિયાભરમાં બીજે કયાંય પણ જોવા મળે તેમ નથી. તેમાં પાર્ટ ટાઈમ શાળાઓનું અનોખું મહત્ત્વ રહેલું છે. આ શાળાઓ બાળકોને કિંમતી તકો પૂરી પાડે છે કે જેથી તેઓ સંગીતનું જ્ઞાન મેળવી શકે. વધુ બુદ્ધિશાળી સંગીતની વધુ સંગીત કાર્કિદી માટે ધારે તો જાતે તૈયારી કરી શકે છે. વાલી,

ક્લબના નેતા, સામાન્ય શાળામાં સંગીતના શિક્ષક અથવા તો સ્પેશિયલ પૂરા સમયની શાળાના ભરતીના શિક્ષક જ્યારે બાળકમાં કાંઈક બક્ષિસ જુએ છે ત્યારે એમને પાર્ટટાઈમ શાળામાં દાખલ થવાનું ઉત્તેજન આપવામાં આવે છે. કોઈ પણ નીચેની બાબત પરત્વે કાંઈક પણ વૃત્તિ બતાવે છે તેનો સ્વીકાર કરવામાં આવે છે: અવાજ, તંતુવાદ્ય, પીઆનો, તબલાના વાદ્યો કે સંગીત રચના. જે બાળકો હજુ પૂરતી રીતે પ્રવેશ પરીક્ષામાંથી પાર ઊતરવા જેટલા તૈયાર હોતા નથી તેઓને સામાન્ય રીતે શાળામાં પ્રારંભિક સૂચનાઓ મળતી હોય છે કે જેથી કરીને તેઓને દાખલ થવાની હરીફાઈમાં સાથ સાંપડી શકે.

આવી કાંઈક ૭ હજાર પાર્ટ ટાઈમ સંગીત શાળાઓ શહેરો, નગરો અને ગ્રામ્ય વિસ્તારોમાં છે; અને એમાં કુલ સંખ્યા ૧ લાખ, ૩૦ હજારની છે. બાળકની સંગીત તાલીમની ટ્યુશન ફી આપવાની બાબત મા-બાપની આવક ઉપર આધાર રાખતી હોય છે. મોટો ભાગ તો મહિને ૩ થી ૮ રૂબલ ભરે છે (૫ થી ૧૨ ડોલર) પણ કેટલાકો એકાદ રૂબલ કે દોઢ રૂબલ જેટલીયે ફી ભરે છે અને ઘણાં બધા તો પોતાનું શિક્ષણ મફત મેળવતા હોય છે. આ લાગત ખર્ચનો ઘણો મોટો ભાગ (તમામ સંગીત શિક્ષણનો) રાજ્ય ઉઠાવે છે.

આવી પાર્ટ-ટાઈમ સંગીત શાળાઓની આશ્ચર્યજનક સંખ્યા ગ્રામ વિસ્તારમાં હોય છે, સોવખોઝ અને કોલખોઝમાંથી છે. યુક્રેનમાં મને એવું જણાવવામાં આવ્યું કે આવા દરેકે દરેક ફાર્મમાં આવી સંગીત શાળાઓ હોય છે વધારે પહોંચતા કુટુંબો જ્યારે તેઓ શહેરી મથકની નજીક હોય છે ત્યારે તેઓ અઠવાડિયે બે ત્રણવાર વધારે લાયકાતવાળા શિક્ષકોને લાવવા માટે શહેરમાં કાર મોકલે છે. તેઓ સવારે આવે છે અને દિવસ આથમતા પાછા ફરે છે. ફાર્મનાં કુટુંબો પોતાના બાળકોને શ્રેષ્ઠ સંગીત તાલીમ આપવા માટે કૃતનિશ્ચયી બનેલા છે.

સોવિયેત શિક્ષણશાસ્ત્રમાં શિક્ષણ અને ઉછેરની બાબતમાં ભિન્નતા દાખવવામાં આવે છે, આ ભેદ સંગીત શિક્ષણને પણ લાગુ પાડવામાં આવે છે. ઉછેર નાના બાળકનાં આધ્યાત્મિક વિકાસ ઉપર અસર કરે છે, સારા અભ્યાસની આદતને પોષે છે. તેમ યોગ્ય સામાજિક વલણોને પણ પોષે છે. "ઉછેરનાર" તરીકે સંગીત શિક્ષકની સૌથી મોટી કામગીરી પોતાના વિદ્યાર્થીની સાધન-સંપન્નતા તથા સંવેદનશીલતા બહાર લાવવાની છે. સંગીતની ઊર્મિલ અને રસાત્મક અસર પ્રત્યેનો પ્રતિભાવ વધારે ને વધારે પ્રમાણમાં બહાર લાવવાનું આ કાર્ય છે. બાળકને માટે પછી તે ગમે તેટલો

Scanned with OKEN Scanner

સંગીતના રસાત્મક તત્ત્વોને પરખવાની
બુદ્ધિશાળી હોય તોયે તેનામાં પહેલાં તો સંગીતના રસાત્મક તત્ત્વોને પરખવાની પોતાના શ્રોતાઓ
શક્તિ તો હોવી જ જોઈએ; અને એક તૈયાર થતા માનવ તરીકે પોતાના શ્રોતાઓ
પાસે એનું અર્થઘટન કરવાની એનામાં ત્રેવડ હોવી જોઈએ. શક્તિશાળી બાળક માત્ર
સારી તાલીમમા જ મોટું થતું નથી કે સંગીતકાર બની જતું નથી કે સંગીતનું
સર્જક બનતું નથી, એને પણ મદદ મળવી જોઈએ કે એ પોતાની જવાબદારીઓ
અને સમાજ પ્રત્યેની તથા દેશ પ્રત્યેની ફરજોની વિચારણા કરતો થાય અને કલાકાર
તરીકે બંનેની સેવા કરતો થાય. આવા અભિગમનાં પરિણામો સાંભળી શકાય છે.
નાનાં બાળકો સંગીતના સ્વરૂપમાં જે ભાગ ભજવે છે તે દેશમાં ભરચક છે, અને
શ્રોતાજનોનો આનંદ અને નાનાં સંગીતકારોની આત્મ અભિવ્યક્તિના આનંદમાં પણ
દેખાય છે. આપણે તેઓને શાળામાં સાંભળીએ છીએ, પાયોનિયર કેન્દ્રોમાં
સાંભળીએ છીએ, કોન્સર્ટ હોલોમાં, રેડિયો અને ટી.વી. ઉપર સાંભળીએ છીએ,
રેકર્ડો ઉપર તથા ઉત્સવ સમારંભોમાં સાંભળીએ છીએ, સંગીતોત્સવ રૂપે કે
રાષ્ટ્રીય રજાઓના દિવસોમાં કે ઉનાળાની છાવણીઓમાં સાંભળીએ છીએ, પ્રાદેશિક
રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય હરીફાઈઓમાં ફાર્મ ઉપર લણણીના ટાણે કામદારોને ઉત્સાહમાં
રાખવા માટે આપણે સાંભળતા હોઈએ છીએ.

પાર્ટ ટાઈમ સંગીત શાળાનો સ્નાતક સંપૂર્ણ સમયની સ્પેશિયલ શાળામાં ચાલુ રહી શકે છે કારણ કે સંગીત માટેની બહુ જ બક્ષિસવાળાઓ આમ કરી શકે અથવા તો તે સંગીતની કોલેજમાં દાખલ થઈ શકે છે. કોઈ પણ રીતે ઓરકેસ્ટ્રામાં, લોકવાદ્યના મેળામાં મઝાનો આનંદ માણ્યા બાદ અથવા તો કોરસમાં ગાવાનો આનંદ ભોગવ્યા બાદ, મનગમતું વાજિંત્ર વગાડયા બાદ પાર્ટ ટાઈમ શાળાનો સ્નાતક જે છેવટે તો બિન-સંગીત કારકિર્દી પસંદ કરે છે તે સંગીતના શ્રોતા તરીકે વધારે મોટો આનંદ માણી શકે છે. તેને મોટામાં મોટો લાભ એ છે કે તે સંગીતના જ્ઞાનવાળો સંગીત પ્રેમી છે.

ડિરેકટર કોફમાન આશાસ્પદ પૂર્વ પ્રાથમિક પેઈન્ટરોને નિયમિત પાયા ઉપર સલાહ-સૂચનો આપવાનું કામ કરે છે. પાર્ટટાઈમ સંગીત શાળાઓ કિન્ડરગાર્ટ-નોમાં સંગીતની ગુંજાશી શક્તિ માટેની ખોજ ચલાવે છે. દા.ત, મારીયા ઓસોકીના એક એવા મોસ્કોવાસી છે જેઓએ છેલ્લા ૨૪ વરસ દરમ્યાન આવી પાર્ટટાઈમ શાળામાં Celloનું શિક્ષણ આપ્યા કર્યું છે, આ શાળાઓ – પાર્ટ ટાઈમ સંગીત શાળાઓ—શહેરના મોટા ભાગના શ્રમજીવી વિસ્તારોમાં આવેલી છે અને શક્તિની

Scanned with OKEN Scanner

ખોજમાં વર્ષો વર્ષ પોતાના સાથીઓની સાથે તેઓ જોડાઈ જાય છે. આ ખોજ
કિન્ડરગાર્ટનોમાં થતી હોય છે. વીલીનીઅસમાં (સોવિયેત લિથુઆનિયા) કલાની
Chiurlionis શાળા ૬૦ કિન્ડગાર્ટનીઆઓને—પાંચ વરસની ઉંમરનાઓને—બે વર્ષ
માટે દાખલ કરે છે, અને તે પ્રારંભિક તાલીમ માટે હોય છે. આવા ન સંભળાયેલા
માર્ગો દ્વારા બક્ષિસવાળા બાળકને ખોળી કાઢવામાં આવે છે અને એનો અમલ એવી
પ્રતીતિ સાથે કરવામાં આવે છે કે વેડફાયેલી શક્તિ અંગત તેમ જ રાષ્ટ્રીય ખોટ
છે. શક્તિ તો અંગત તેમ જ સામાજિક બાબત છે અને એથી ઊલટું સિદ્ધ થયેલી
શક્તિ વ્યક્તિ અને સમાજ બન્નેનો ખજાનો છે.

વારંવાર એવું કહેવામાં આવ્યા કરે છે કે મુઝીકના પ્રપૌત્રો હવે શહેરીઓ-
અને નગરજનો બન્યા છે; અથવા તો રાજ્યના તથા સામૂહિક ફાર્મના ગ્રામ્ય
વસવાટ ઓ બન્યા છે; અથવા તો રાજ્યના તથા સામૂહિક ફાર્મના ગ્રામ્ય વસ-
વાટીઓ બન્યા છે. તેઓને કેવી રીતે સંગીત દેવીઓની કૃપા ભોગવવાની આવી છે.
શકવર્તી ઓકટોબર ક્રાંતિથી આ કૃપા તેઓ ઉપર ઊતરી છે. મને એમ લાગ્યું
છે કે હું ઈતિહાસમાં સૌથી વધુ બેનમૂન સાંસ્કૃતિક ક્રાંતિ જે બાળકોની રસાત્મક
કેળવણીના ઈતિહાસમાં આવી રહી છે તેની પ્રેક્ષક બની ગઈ છું.

Scanned with OKEN Scanner

બાળકો અને કિશોરો માટે સામુદાયિક માધ્યમો

૧૯૧૭ની ક્રાંતિથી માંડીને સામુદાયિક માધ્યમોએ સોવિયેત સંઘમાં ખાસ ધ્યાન પ્રાપ્ત કર્યું છે. તેઓનું મહત્ત્વ પીછાનવામાં આવ્યું હતું અને તેને લોક સમુદાય સાથેના વ્યવહારમાં સૌથી વધુ અસરકારક સાધન ગણવામાં આવેલ છે એને માટે જ ક્રાંતિ કરવામાં આવી હતી, અને આ લોક સમુદાયોની રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક પરિવર્તનોમાં સામેલગીરી જ એના ધ્યેયની આગેકૂચની બાંહેધરી આપી શકે.

પરિણામે રેડિયો, ફિલ્મો, અખબારો, થિયેટરો અને પછીથી ટી.વી.એ આ વિકાસને ઝડપી બનાવ્યો છે. આવા વિકાસનું એક લક્ષણ એ છે કે કેળવણી, વિકાસ અને બાળકો તથા યુવાનોના મનોરંજન માટે આ સામુદાયિક માધ્યમોનો વ્યાપક ઉપયોગ કરવામાં આવે છે. આ દરેકે દરેક માધ્યમોએ નોંધપાત્ર કામગીરી કરી છે. યુવાન લોકો માટેના રેડિયો અને ટી.વી. ઉપર, ફિલ્મો અને થિયેટરો ઉપર ઉચ્ચ કક્ષાનાં સુંદર સર્જનો થાય છે. તેનો સંભાર તથા કલાત્મક તત્ત્વોના ધોરણો ઊંચા છે. અસંખ્ય અખબારો અને વિશાળ ફેલાવાવાળા સામયિકો કિન્ડરગાર્ટનની ઉંમરના બાળકોથી માંડીને કિશોરોની સેવા કરે છે આ કામ અલગ અલગ પ્રકાશનોમાં કરવામાં આવે છે અને સદોદિત વધતી રહેલી સોવિયેત ભાષાઓમાં આ કામ થાય છે.

હું મારા વાચકને આ નોંધપાત્ર અવકાશનો સંપૂર્ણ રીતે પરિચય આપવા માગું છું. સોવિયેત સંઘમાં યુવાનો માટેના આ પાંચ સામુદાયિક માધ્યમો છે. તેઓનો ભૂતકાળ નોંધપાત્ર છે. કમનસીબે આ પુસ્તકના અવકાશની ઉપરવટની આ બાબત છે. આશાસ્પદ રીતે કાર્યક્રમો, ફિલ્મો, નાટકો સામુદાયિક પ્રકાશનોની જે

Scanned with OKEN Scanner

હકીકતો, આંકડાઓ, વર્ણનો, હું આપું છું તે આ અસાધારણ સુંદર પુરુષાર્થને અધકચરી રીતે જ વ્યક્ત કરે છે.

બિન-સમાજવાદી દેશોના બાળકો અને કિશોરો ભયાનક રીતે યોગ્ય સામુદાયિક માધ્યમોની સામગ્રીથી વંચિત રહેતા હોય છે. ગુણવત્તા ઉપર નહિવત્ દેખરેખ હોય છે, વિકાસ માટે નહિવત્ નાણાં અપાય છે અને કેળવણીકારોની તથા વાલીઓની નહિવત્ સામેલગીરી હોય છે કે જેથી કરીને રેડિયો, ટી.વી. વગેરે પરના વધારે સારાં કાર્યક્રમો હાંસલ થઇ શકે, વધારે સારી ફિલ્મો, નાટકો અને કિશોરો માટેનાં સારા અખબારો પ્રાપ્ત થઇ શકે. કમનસીબે જે દેશ પોતાના સામુદાયિક માધ્યમોની પેદાશોની આટલી બધી નિકાસ કરે છે, જેનું નિરીક્ષણ યુવાનો કરે છે. એ દેશ યુનાઈટેડ સ્ટેટ્સ છે અને આ દેશની એ ખાસ કરીને ખામી છે કે તે પોતાના યુવાન લોકોને હાનિકારક ટી.વી. ફિલ્મો અને કોમીક બુકો માટે ઉઘાડા મૂકી દે છે. પરિણામે, આ બાબત હવે ગંભીર પ્રશ્ન બની જવા પામેલ છે. યુનાઈટેડ સ્ટેટ્સમાં અને જે દેશોમાં આ ગંદી અમેરિકન સામુદાયિક પેદાશોની નિકાસ કરવામાં આવે છે તે બન્ને માટે આ પ્રશ્ન ગંભીર બની ગયેલ છે

કરોડો બાળકો અને કિશોરો હિસાખોરી, વધુ નગ્ન સેકસ, સનસનાટી, બૌદ્ધિકતા-વિરોધી અને રંગભેદને પરિણામે લંપટ બની જાય છે, આ ઉપરાંત પશ્ચિમનાં વેપારી સામુદાયિક માધ્યમોની ક્ષુદ્રતા પણ આના માટે જવાબદાર છે.

જે કરોડો બાળકો તથા કિશોરો જેઓ ભૌતિક અને સાંસ્કૃતિક કંગાલિયત જીવતા હોય છે તેઓને ખાસ કરીને આત્મહીન સામુદાયિક માધ્યમોથી હાનિ થતી જ હોય છે કારણ કે તેઓના વંચિત યુવા[illegible]માં એવું ભાગ્યે જ કશુંક હોય છે જેમાં આનો મુકાબલો કરી શકાય. પશ્ચિમમાં ટી.વી. ફિલ્મો અને કોમીકોની જે પ્રાપ્ય અસર થાય છે તેના અધિકૃત અભ્યાસો એમ જણાવે છે કે યુવાનો ઉપર એની ભ્રષ્ટ અસર થાય છે અને તેઓને કવેળા ઉંમરલાયક બનાવી દે છે. તેમ મનોવૈજ્ઞાનિક રીતે પણ તેઓને પરાણે મોટી ઉંમરના બનાવી દે છે. મૂલ્યોની આ પદ્ધતિ ઓતપ્રોત થઈ જાય છે અને તે એવી ધાર ઉપર મુકાય છે જેમાં એનું મન વિક્ષિપ્ત થાય છે. નિર્વેદયુક્ત અને ઉર્મિલતા તથા આધ્યાત્મિકતામાં તે ગૂંચવાડા ભરેલું બની જાય છે તથા એમાં ઊણપો રહી જવા પામે છે, યુવાન માણસ શિક્ષકોને માટે તો મોટે ભાગે ખોવાયેલો આદમી જ રહે છે

Scanned with OKEN Scanner

જે કુશળ લેખક અને શિક્ષણ આપવાનો પ્રયત્ન કરે છે તેને માટે પણ તે સુશુપ્ત જ છે. તે એવો તો બુઠ્ઠો બની જાય છે કે તે દુનિયામાં બાકી રહેલી સુંદરતાનો કોઈ પ્રતિભાવ જ આપી શકતો નથી, તેમ જે સુંદરતા એના પોતાનામાં કે એના જાત ભાઈઓમાં હોય તેનો પણ પ્રતિભાવ આપી શકતો નથી.

બાળકો માટેના સામુદાયિક માધ્યમોની બાબતમાં સોવિયેત સંઘે જે કાંઈ હાંસલ કર્યું છે તે તો એક ખૂબ જ જરૂરનો પદાર્થપાઠ તરીકે થઇ જાય છે.

ટેલિવિઝન અને યુવાન પ્રેક્ષક

જો કે હું એ જાણતી હતી કે સોવિયેત સંઘમાં ટી.વી.ના પ્રસારણને ગંભીર રીતે લેવામાં આવે છે અને બાળકો માટેનાં કાર્યક્રમોને તેઓની કેળવણી તથા વિકાસમાં મહત્ત્વની બાબત તરીકે ગણવામાં આવે છે, સાથે સાથે એને મનોરંજનનાં સાધન તરીકે પણ ગણવામાં આવે છે. પણ કીરા આગાફોનોવા, જેઓ સોવિયેત કેળવણી ખાતામાં શાળાઓ માટેના ડેપ્યુટી વડા છે, તેમણે જ્યારે વર્ણન કર્યું કે એની એકંદર કામગીરી માત્ર શાળાઓ માટેની જ નથી ત્યારે હું તે માટે તૈયાર નહોતી. તેઓએ કહ્યું કે, "ટી.વી.ના કાર્યક્રમો સોવિયેત કુટુંબજીવન માટે સં... પ્રદાન કરે છે." આવા મહત્ત્વના શબ્દો અગાઉ મેં સાંભળેલા હતા એટલે હું તો પ્રસન્ન થઇ અને મને એટલી બધી નવાઇ પણ ન લાગી કારણ કે પાછળથી મને જણાયું કે યુવાન વાચકોના આગેવાન લેખક આનાતોલી એલેકસીને પોતા પરની અસરનું વર્ણન કર્યું છે એમણે એનો ઉપયોગ બાળકોના ટી.વી. માટેના પુસ્તકના મુદ્રાલેખમાં કર્યો છે. ટી.વી. બાળકને બોલાવે છે એ એનું શીર્ષક છે. આમાં તેમણે લખ્યું છે કે :

> "અમારે ઘેર માત્ર ગાઢ મિત્રો જ રોજ આવે છે. આવા મિત્રો અમારા બાળકો માટે ટી.વી.ના કાર્યક્રમો હોય છે એમ કહેતા રહે છે પણ મિત્રો માત્ર અમને ગમતા હોય એટલું જ નહિ પણ તેઓ પાસેથી મિત્રો તરીકે આપણે ઘણી અપેક્ષાઓ રાખતા હોઈએ છીએ."

નાના પ્રેક્ષકો માટેના મુકરર થયેલા કાર્યક્રમો મિત્રો તરીકેની લાયકાત કેવી રીતે મેળવે છે? સોવિયેત સંઘમાં ટી.વી. રાજ્ય હસ્તક છે અને રાજ્ય દ્વારા એનું ખર્ચ આપવામાં આવે છે. એનું સંચાલન સેન્ટ્રલ સ્ટેટ કમિટી કરે છે. આ કમિટીના પ્રમુખ તરીકે એવા સભ્ય છે જેઓ પ્રધાન મંડળના સભ્ય છે, એટલે કે, સોવિયેત સરકારના સભ્ય છે. આ કમિટી મધ્યસ્થ ટી.વી.ની દેખરેખ રાખે છે. એમાં નીચેના મુખ્ય ખાતાઓનો સમાવેશ થાય છે :માહિતી, રાજકીય કેળવણી, સાહિત્યિક અને થિયેટ્રિકલ કાર્યક્રમો, સંગીત, લોકકલા. લોક વિજ્ઞાન અને કેળવણી, ફિલ્મો, બાળકો માટેના કાર્યક્રમો, યુવાનો માટેના કાર્યક્રમો.

સેન્ટ્રલ ટી.વી. યુરોપમાં સૌથી મોટામાં મોટું છે વધુમાં, ૧૨૦ કાર્યક્રમોથી પણ વધારે કાર્યક્રમો હોય છે. યુનિયન સ્વાયત્ત પ્રજાસત્તાકોમાં ટી.વી, મથકો છે. એકંદર રીતે દેશમાં ૪૧૦ પાવરફુલ ટી.વી. ટ્રાન્સમીટીંગ સ્ટેશનો છે અને આશરે ૨ હજાર રેડિયો ટ્રાન્સમીટરો છે.

દર સો કુટુંબો દીઠ પ્રાથમિક રિસેપ્શનઝોનમાં ૯૮ ટી.વી. સેટ્સ છે. અત્યારે રાજ્યની પ્રજાનો ૮૫ ટકા ભાગ દૂર દૂરના ઉત્તર સાઈબેરિયા અને દૂર પૂર્વના વિસ્તારો સહિત ટી.વી. પ્રસારણોનું નિરીક્ષણ કરે છે. આ પ્રસારણો મોસ્કોથી થાય છે. ૧૯૭૮થી માંડીને બધા સેન્ટ્રલ ટી.વી. કાર્યક્રમો કલરમાં અપાય છે. સોવિયેત સંઘ એવો પહેલો દેશ છે, જેની પાસે રાષ્ટ્રવ્યાપી અવકાશી સંદેશા વ્યવહારની પદ્ધતિ છે. અસરકારક હકીકતો અને આંકડાઓ પણ એવો નિર્દેશ કરે છે કે બાળકો અને યુવાનો માટેની પ્રાપ્યતાની કક્ષા ટી.વી. કાર્યક્રમોનું વ્યાવર્તીક લક્ષણ છે.

મેં લાંબો [illegible] કમિટી [illegible] ડેપ્યુટી પ્રમુખ સાથે ગાળી. એમના મોસ્કોના વડા મથકે ટી.વી અને રેડિયો બ્રોડકાસ્ટ[illegible] હતી. મેં પાછળથી પુષ્કળ સમય યુક્રેનની સ્ટેટ કમિટીના પ્રમુખ સાથે કીવમાં પણ ગાળ્યો હતો, એવી રીતે લિથુઆનીઆ અને વિલ્નિઅસમાં પણ અનુક્રમે સમય ગાળ્યો હતો. આ ત્રણે માણસોએ મને ઘણા બધા શબ્દોમાં જણાવ્યું હતું કે યુવાનો માટેનો કાર્યક્રમ શિક્ષણ પૂરું પાડે છે અને એમના ચારિત્ર્ય ઘડતરનું કામ કરે છે તથા મનોરંજનનુંયે કામ કરે છે. આવો કાર્યક્રમ એ ખાસ ખાતાઓને સુપરત કરવામાં આવ્યો છે. બાળકો માટેના કાર્યક્રમનું મુખ્ય ખાતું અને યુવાનો માટેના કાર્યક્રમનું મુખ્ય ખાતું; ૩ થી ૧૭ વર્ષની વયના બાળકો; અને ૧૭ થી ૨૮ વર્ષની વયના યુવાનો; ૧૫ થી ૧૮ વર્ષની વયના વ્યાવસાયિક શાળાના વિદ્યાર્થીઓ માટેનું ખાતું.

યુવાનો માટે ટી.વી. કાર્યક્રમો ક્લાસરૂમનું કોઈ રીતે વિસ્તૃતીકરણ નથી. આ માધ્યમનો ઉપયોગ એટલા માટે થાય છે કે કલ્પનાને વેગ આપવો અને એને બહાર લાવવી, વૈયક્તિક હિતોને ઉત્તેજન આપવું અને ક્ષિતિજોનો એવી રીતે વિસ્તાર કરવો કે જે ક્લાસ રૂમને માટે અશક્ય જ હોય.

પ્રેક્ષકોના વય પ્રમાણે અને રસવૃત્તિ અનુસાર કાર્યક્રમોનું આ પ્રમાણે વર્ગીકરણ કરવામાં આવ્યું છે: સાહિત્ય, થિયેટર, ફિલ્મો, સંગીત, દશ્ય કલાઓ, રમતગમતો, પ્રેરણા અને નૈતિક માર્ગદર્શન. અલબત્ત, દરેક વર્ગીકરણ એક યા બીજા હેતુની સેવા કરે છે.

બીજા દેશોમાં યુવાનો માટે જે આડેધડ બ્રોડકાસ્ટીંગ થયે જાય છે તેનાથી ઊલટી જ રીતે. (ત્યાં તો ઘણાં કલાકો જ્યાં દરરોજ એવી રીતે ખડકી દેવામાં આવે છે જ્યાં જુવાન લોકોની જરૂરિયાતોની ઉપેક્ષા થાય છે ખરી રીતે તો બાળા બહારનો સમય યુવાનો ઘરકામમાં રોકે તેની આમાં જરૂરિયાત હોય છે). સોવિયેત સંઘમાં આ બાબત ઉપર કાળજીભર્યો અંકુશ મૂકવામાં આવ્યો છે સેન્ટ્રલ ટેલિવિઝન અને તદનુસારના જુદાં જુદાં પ્રજાસત્તાકોમાંનાં કેન્દ્રો પોતાના કાર્યક્રમો એવી રીતે સંયોજન કરે છે કે બાળકો માટેના તથા કિશોરો માટેના બ્રોડકાસ્ટોની મર્યાદા બાંધવી અને તે રોજના ૧.૫ કલાક પૂરતી જ હોવી જોઈએ, આમાં શનિવાર અને રવિવારનો અપવાદ છે, પણ તેમાંયે અતિરેક તો નહિ જ. સંભારની બાબતમાં પણ કાર્યક્રમોનું સંયોગીકરણ કરવામાં આવે છે કારણ કે આમાં દરેકને પોત પોતાનાં મૂલ્ય હોય છે અને ત્રુટક ત્રુટક શ્રોતાઓ [illegible] શ્રોતા વર્ગ મળવો જોઈએ જો સંભારમાં [illegible] પ્રાતર્તા ન આવતી હોય તો શ્રોતા વર્ગ ત્રુટક ત્રુટક જ મળે.

એક બહુભાષી પ્રજાવાળા બીજા દેશોની સરખામણીમાં (જ્યાં બાળકોની માતૃભાષામાં કોઈ કાર્યક્રમ આપવામાં આવતા [illegible] નથી) એથી ઊલટી જ રીતે સોવિયેત સંઘમાં મોટા ભાગના કાર્યક્રમો જુદા જુદા પ્રજાસત્તાકોમાંથી શરૂ થાય છે અને તે બધા સ્થાનિક ભાષાઓમાં હોય છે.

થોડા અપવાદો સાથે, સેન્ટ્રલ ટેલિવિઝનમાંથી જે કાર્યક્રમો અપાય છે તેને રશિયનમાંથી તળપદી ભાષામાં ડબ કરવામાં આવે છે.

ટેલિવિઝનના ભંડાર, ઉપર જે સમય મર્યાદાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેની મર્યાદાની અંદર રહીને પણ આશ્ચર્યજનક વિવિધતાભર્યા કાર્યક્રમો પેશ કરે છે કેટલાક આકર્ષણોને અઠવાડિયામાં એક જ વખત આપીને આ કામ હાંસલ કરવામાં આવે છે અથવા તો મહિને એકવાર આપવામાં આવે છે અથવા તો દર બે મહિને ત્રણ વાર આપવામાં આવે છે. એનો સંભાર આકર્ષક તથા રસપ્રદ રીતે એવો આપવામાં આવે છે કે પ્રેક્ષકોને એવી લાલચ થાય છે કે કાર્યક્રમો ફરીને ક્યારે શરૂ થવાનો છે. અને તેઓ એને મૂકવા માગતા હોતા નથી.

ટેલિવિઝન કુટુંબનો સાંસ્કૃતિક પૂર્ણાંક હોઈ અને યુવાન લોકોનું મિત્ર હોઈ કોના હાથમાં આ જબર કામગીરી રાજ્ય સુપરત કરે છે તે જાણવું રસપ્રદ છે. ઈગોર ક્રોત્સૌવ સેન્ટ્રલ ટેલિવિઝનના બાળકો માટેના કાર્યક્રમના મુખ્ય ખાતાના નાયબ ચીફ તંત્રી છે (મોસ્કો). તેમણે મને જણાવ્યું છે કે, "મેં ટેલિવિઝન અને રેડિયો માટે ૨૩ વર્ષ કામ કર્યું છે. તેઓ પ્રાદેશિક શૈક્ષણિક સંસ્થામાંથી સ્નાતક થયા છે. તેમણે વિખ્યાત કેમ્પ આર્ટેક ખાતે કેટલાય વર્ષો સુધી વડા નેતા તરીકે કામ કર્યું છે. આ સોવિયેત પાયોનિયર કેમ્પનો મોડેલ છે. તેઓ ટેલિવિઝન અને રેડિયો પત્રકાર હતા અને રોજીંદા રેડિયો કાર્યક્રમના પ્રોડયુસર હતા. એનું શીર્ષક હતું "Pioneer Sunrise." દસ વર્ષ સુધી એમણે પોતાનો હાલનો દરજ્જો જાળવી રાખ્યો છે અને તેઓ ટી.વી. પરના બાળકોના કાર્યક્રમો આપતા રહ્યાં છે, હવે બીજાઓની મુલવણી કરતાં રહ્યા છે સર્જક સ્ટાફ— ડિરેકટરો, મદદનીશ ડિરેકટરો, ... શો, કેમેરામેન, વગેરે. યુનિવર્સિટીમાં સંસ્થાઓમાં તાલીમ પામેલા છે, આવા લોકોને ... માધ્યમો માટે રાખવામાં આવે છે. કેટલાક ડિરેકટરો તો અખિલ યુનિયન ... રાજ્ય સંસ્થાના સ્નાતકો છે અથવા તો થિયેટ્રીકલ કલાઓની રાજ્ય સંસ્થાના સ્નાતકો છે. થિયેટર માટેના લેનિનગ્રાદ સંસ્થા અને સંગીત તથા સિનેમેટોગ્રાફીના સ્નાતકો ભારે લાયકાતવાળા એવા ટી.વી. ડિરેકટરો છે, જેમને દેશભરમાં રોકવામાં આવેલા હોય છે.

ઉપરોક્ત વિશિષ્ટ વ્યકિતત્વ ધરાવતા વિદ્યાર્થીઓ જે સેન્ટ્રલ ટેલિવિઝન સ્ટુડિયોમાં વ્યવહારુ તાલીમ મળે છે, તેમ પ્રાદેશિક સ્ટુડિઓમાં પણ એવી જ રીતે તાલીમ મળે છે તેઓ પોતે પાછા શ્રોતાઓની વયની લગોલગ હોઈ તેઓ નૂતન દૃષ્ટિબિંદુ દાખલ કરી શકે છે. આજના યુવાનો અને કિશોરો અને તેઓની ઝડપી બનતી પરિપકવતાનો તેઓ ખ્યાલ કરતા હોય છે.

થોડા અપવાદો સાથે યુવાનો માટેનો ટી.વી. કાર્યક્રમ બિન-સમાજવાદી દેશોમાં એવા નીચલા દરજ્જાના સ્ટાફના હાથમાં હોય છે જેઓને કોઈ વિશિષ્ટ તાલીમ મળેલી હોતી નથી અને તેઓના મનમાં વેપારી ઉદ્દેશો જ હોય છે. યુનાઈટેડ સ્ટેટ્સ માટે તો આ ખાસ કરીને સાચું છે. ટી.વી.ની આ ઉપરાંત બીજી ક્ષતિઓથી યુવાનોની તો અધમ કુસેવા જ થતી હોય છે. બાળકોના કાર્યક્રમોમાં વેપારી હિતો વપરાશવાદને પોષણ આપ્યા કરે છે જાણે કે આ આરોગ્યપ્રદ ખાવાની આદત હોય એમ આ નિર્દોષોમાં પ્રચાર કર્યા કરે છે. એક અમેરિકન મનોવૈજ્ઞાનિકે આ વિષય પરત્વે આંચકો આપ એવું પુસ્તક લખ્યું છે. એમણે એનું શીર્ષક આ પ્રમાણે આપ્યુ છે : The Seduction of the Innocent.

હું હવે ટૂંકમાં બાળકો માટેના કેટલાક નોંધપાત્ર રીતે વૈવિધ્યભર્યા કાર્યક્રમો વર્ણવીશ. વાંચકને એટલું યાદ રાખવાનું જણાવીશ કે જે કુલ સંખ્યામાં આવા કાર્યક્રમો પેશ કરવામાં આવે છે તેનો તો આ અલ્પાંશ પણ નથી. નાના શ્રોતાની જરૂરિયાતો અને પ્રતિભાવ પરત્વેની સંવેદનશીલતા ટેલિવિઝન અને થિયેટરની બાબતમાં જોવા મળે છે.

નાના ટી.વી. પ્રેક્ષકોના થિયેટરના અનુભવને રીતસરના થિયેટરના અનુભવથી વધુ નજીક રાખવા ટેલિવિઝન નાટકોમાં ઘણી વાર એવા દશ્ય શ્રોતાજનોને બતાવવામાં આવે છે જેથી કરીને જીવંત પ્રત્યાઘાત ઊભા કરી શકાય. એના લાભોમાંથી વિશિષ્ટતા મેળવી લેવા માટે વારંવાર આ માધ્યમ માટે નાટકો લખવામાં આવતા હોય છે. પણ તખ્તા ઉપર જે શ્રેષ્ઠ નાટકો બતાવવામાં આવે છે તેને કાં તો ટેલિવિઝન માટે અનુ[illegible]ળ [illegible]વવામાં [illegible] તો વીડિયો કરવામાં આવે છે [illegible]માંની પ[illegible] [illegible]કો

આ કાફલાને કટોકટી ઊભી થાય તો એક એવો જાદુગર પૂરો પાડવામાં આવ્યો છે જે બિનાડંબરપૂર્વક વારંવાર મૂર્તતા સાધ્યા કરે છે અને તે પણ બરોબર એવે વખતે કે જયારે ભારે આગળ આવેલું વિજ્ઞાન શકવર્તી ટેકનિકલ પ્રશ્નોનો તોડ કાઢી શકતું ન હોય અથવા તો હૈયાના સંઘર્ષોનો નીવેડો લાવી શકતું ન હોય. (સોવિયેત નીતિને વફાદાર રહીને બાળકો માટે કશું વધુ પડતું સારું નથી, નીતિ અનુસાર જાદુગરનો ભાગ બહુ જ શક્તિશાળી ફિલ્મ અને રંગભૂમિના અદાકાર ઈન્નોકેન્ટી સ્મોક્તુનોવ્સ્કી દ્વારા ભજવવામાં આવે છે)

અને ઉડ્ડયન પહેલાં જ પ્રશ્નો ઊભા થવા માંડે છે. આમાંના એક છોકરાને અજાણી નોંધ મળે છે. દેખીતી રીતે એક છોકરી તરફથી એ મળી છે, જ્યાં તેણી શાશ્વત પ્રેમની જાહેરાત કરે છે: "તારી સાથે હું કોઈ પણ સ્થળે અને કયાંય પણ જવા તૈયાર છું... આ નોંધ એવે વખતે મળે છે જ્યારે કાફલાની સ્ત્રી સભ્યોની પસંદગી હજી હવે થવાની છે. છોકરા અવકાશયાત્રીઓ પ્રેમાસક્ત લલનાની પસંદગી ન કરવાનો નિર્ણય લે છે. તેઓને એવી ભીતિ છે કે યાનમાં તેણીની હાજરી અનિચ્છનીય ધ્યાન વિક્ષિપ્તતા ઊભી કરી દેશે. આ નોંધ કોણે લખી છે તે તેઓ શોધવાના કામે લાગી જાય છે. અવકાશયાત્રીઓની કલબમાં છોકરીઓના સભ્યો ઉપર "પાંજરાની" જાળ બિછાવવામાં આવે છે તેમ છોકરીઓની બેનપણીઓની શાળાઓમાં પણ આવું કરવામાં આવે છે. નોંધમાંના અક્ષરો સાથે તેઓના હસ્તાક્ષરો સરખાવવામાં આવે છે, પણ કયાંય તાળો બેસતો નથી. સમય પસાર થાય છે અને કાફલા માટે છોકરીઓની પસંદગીમાં વિલંબ થાય છે. અને ગેબી રીતે બંધ કરેલા કવરમાં નોંધની નવી નકલ કાફલાને આપે છે, સાથે સાથે એમાં એવું મજબૂત સૂચન કરવામાં આવ્યું હતું કે ઉડ્ડયન કરવાનો સમય હવે પાકી ગયો છે.

જે છોકરીઓને છેવટે પસંદ કરવામાં આવી તે આ પ્રમાણે હતી : ક્લબની એક સભ્ય જે અવકાશી નબીબી વર્તુળમાં હતી. એક ચુનંદી પ્રાણીશાસ્ત્રની વિદ્યાર્થીની. તેણીએ પોતાના શિક્ષકના સંગાથમાં અવકાશમાં ઉંદરની વસાહત ઉપર પ્રયોગો કરવાની યોજના ઘડી હતી અને વધુમાં એક એવી છોકરી પસંદ કરવામાં આવી જે અસંખ્ય વિજ્ઞાનોમાં એટલી બધી નોંધપાત્ર હતી કે જે એકેડેમીશયન પોતાના સાથીદાર પાસે એની શક્તિનું વર્ણન કરે તે બધી જ વિદ્યાઓમાં નિરાશાજનક રીતે સંડોવાઈ જતી હોય છે. છોકરાઓ અવ્વલ અવકાશી ઉડ્ડયન અને અવકાશી ટેક્નોલોજીમાં ફાવટવાળા હતા.

ઉડ્ડયન પછીથી બરોબર એક એવો નવો પ્રશ્ન ઉપર આવતો થયો આ પ્રશ્ન એવા ઈસમના રૂપમાં ઊભો થયો જે જહાજમાં લપાતો રહેતો હતો. યુવાન અવકાશયાત્રીઓનો એક નામચીન ગણાય એવો પ્રમાદી વર્ગસાથી હતો. આવા વિદ્યાર્થીઓના ગૃહકાર્યની નકલ કરવાની આદતવાળો હોય છે અને સામાન્ય રીતે પ્રયાસ ટાળવાની વૃત્તિવાળો હોય છે. આ છોકરાએ એક એવી સરેસ જેવી ચીજ શોધી કાઢી જે ચોંટી જાય તેવી હોય અને એનાથી પોતે વિજ્ઞાની બની ગયો હોવાનું માનતો થયો. અવકાશી ઉડ્ડયન માટે તે આતુર હતો અને લપાઈ જવાની લાલચને તે ખાળી શકે તેમ નહોતું. એના અજ્ઞાન અને એની બેવકૂફીને કારણે કેટલીક ભારે સંવેદનશીલ કૃતિઓ એકમેક સાથે ચોંટી જાય છે અને અવકાશયાન પૃથ્વી પરના એકેડેમીશીયનો સાથેનો સંપર્ક ખોઈ નાંખે છે. આ એકેડેમીશીયનો જ અવકાશયાનનું મોનીટોરીંગ કરતા હોય છે. આ લપોડશંખ પોતે તો લગભગ મરણતોલ થઈ જાય છે કારણ કે કેટલાંક બટનો આડેધડ દબાવ્યા કરતો હોય છે અને પોતે અવકાશયાનની બહાર મુકાઈ ગયેલો પોતાને જુએ છે, અને એવી એક પિરામિડ જેવી પેટીમાં તે ભરાઈ જાય છે, જે પેટી કચરાને દૂર કરવા માટે યોજાઈ હતી.

હવે શું કરવું? કાફલાના યુવાન કપ્તાનની સલામતી સાથે ચેડા કરીને એને ઊગારી લેવો? પણ તો આ કપ્તાન જ એક માત્ર એવો હતો જેને અવકાશમાં ચાલવાની તાલીમ અપાઈ હતી. વારુ, આમ કરવું એ માનવીય હતું એવો નિર્ણય આ જૂથ લે છે. ગુનેગારને ઊગારી લેવામાં આવે છે. હવે એનું શું કરવું અને પૃથ્વી પર મોકલીને કિંમતી સમય બગાડવો, પછી એને અવકાશયાનમાં જ સુધરવાની તક આપવી? સુધરવાની તક આપવાનું નક્કી કરવામાં આવે છે.

Scanned with OKEN Scanner

અવકાશયાન જ્યારે છેવટે પોતાના મુકામ નજીક આવતું થાય છે ત્યારે એને SOS સિગ્નલો કાસીઓપીઆથી મળે છે એ સિગ્નલો એવું સૂચવે છે કે શેડાર ગ્રહ ઉપર હોનારત આવી પડી છે અને એની સંસ્કૃતિ નષ્ટ થવાના ગંભીર ભયમાં મુકાઈ ગઈ છે. આ કાફલો ઊતરાણ માટે યાનને તૈયાર કરે છે. સ્વાભિવક રીતે જ છોકરીઓ સૌથી વધુ ઠાવકી દેખાવા માટે તૈયારી કરે છે અને તેઓ શેડાર પર યુવાનોનો મુકાબલો કરવા આતુર બને છે. આ કાફલામાંથી ત્રણ અને પેલો લપોડશંખ યાનમાં રહે છે બાકીના ત્રણ હેલીકોપ્ટરમાં ઊતરાણ કરે છે.

થોડા જ સમયમાં જાદૂઈ દેખાતા પણ પ્રતીતિજનક માણસો જેવા રોબોટો તેઓને ઘેરી વળે છે. આ વિસ્તારના કેન્દ્રીય માળખામાં તેઓને લલચાવીને લઈ જાય છે અને નર્યા મોજ વિલાસના જીવનમાં એમને ખેંચી જાય છે. તેઓ એને આધીન થાય છે, પોતાની કામગીરી ભૂલી જાય છે તેમ તેઓ પોતાના અવકાશયાનના સાથીઓને ભૂલી જાય છે. દરમ્યાન યાનમાં રહેલા ત્રણ સભ્યો એક નાનકડું અવકાશ જહાજ તેઓના યાન નજીક ધૂમતું જુએ છે. તેઓ એની સાથે સંપર્ક સાધે છે. એક માનવ જેવું પ્રાણી અને એનો નિર્દોષ છોકરો; શેડારના તેઓ જૂના રહેવાસીઓ હતા. તેઓ બંને જ આ અવકાશયાનમાં હતા.

અનુવાદની તરકીબોની મદદથી મોસ્કોવાસી અવકાશયાત્રીઓને નીચેની બાબતો જાણવા મળે છે. શેડારમાં ભારે વિકસિત ટેકનોલોજીની સંસ્કૃતિ હતી. એવા રોબોટો શોધી કાઢવામાં આવ્યા હતા કે તેઓ બધું જ કામ કરી શકતા હતા, જે બુદ્ધિશાળી પ્રાણીઓએ તેઓને શોધી કાઢ્યા હતા. તેઓ પ્રમાદી અને મોજશોખનું જીવન ગાળતા થઈ ગયા અને ધીમે ધીમે તેઓએ વિચાર કરવાની શક્તિ ખોઈ નાંખી; સર્જનની શક્તિ તથા હમદર્દીની લાગણી પણ ખોઈ નાંખી અને પ્રેમ કરવાની શક્તિ પણ ગુમાવી દીધી. રોબોટો પોતાના શોધકોનાં સ્વામીઓ થઈ ગયા અને તેઓને એવા વધુ અસ્તિત્વ ભણી દોરી રહ્યા જેમાં આત્મ તૃપ્તિનું બિનંગતીકરણ થયું હતું. પ્રેમની શક્તિ ખોઈ નાંખવાની. છેવટે આ ગ્રહની વસતીના એક ભાગનો ઘાણ નીકળી ગયો. બૌદ્ધિક જીવન ઘસાઈ જઈને શૂન્ય પર આવી ગયું. માત્ર બાપ અને દીકરો જેઓ બધી કરૂણ કથા કરી રહ્યા તે જ પરિવર્તન બહારના બાકી રહ્યા હતા. તેઓ પોતાનાં નાનકડા અવકાશયાનમાં નાસી છૂટવા પામ્યા હતા.

આ બધું સાંભળીને મોસ્કોના અવકાશયાત્રીઓને શેડારમાં ઊતરેલા પોતાના ત્રણ સાથીદારો ઉપર જે ગંભીર ભય તોળાઇ રહ્યો હતો તેનું ભાન થયું. કાફલાના કમાન

Scanned with OKEN Scanner

અને પેલો લપોડશંખ ગ્રહ ઉપર ઊતર્યા. એમના સંગાથમાં શેડાર નાગરિકનો પુત્ર હતો. તેઓ રોબોટોને મહાત કરવા માટે કૃતનિશ્ચયી હતા.

જે બાકીના બે જણ અવકાશયાનમાં રહ્યા એક છોકરી જે તમામ વિજ્ઞાનોમાં બુદ્ધિશાળી હતી અને છોકરો જેને પ્રેમની નોંધ મળી હતી આ બન્ને મહત્ત્વની વાતચીતો ચલાવે છે. બચાવવા માટેના ઊતરાણમાં એની પસંદગી કેમ ન થઈ તે વિશે છોકરો આશ્ચર્ય વ્યક્ત કરે છે. છોકરી કહે છે કે એનું કારણ એ છે કે તે "લાગણીશીલ" માણસ નથી અને પરિસ્થિતિ એવો તકાદો કરી રહી છે કે આફતમાં આવી પડેલાઓ પ્રત્યે ખૂબ કાળજી લેવામાં આવે. વારુ, પ્રિય વાચક તમે અટકળ કરો આ એ જ છોકરી જેણે લાગણી ન અનુભવતા છોકરાને નોંધ મોકલી હતી. નાનકાઓએ હસ્તાક્ષરો કેમ ઓળખી ન કાઢયા ? કારણ સાદું છે. તેણીએ પોતાના ડાબે હાથે નોંધ લખી હતી !

દરમ્યાન પૃથ્વી પરના અવકાશયાત્રીઓને રોબોટોના બધા જ ચેનચાળાઓનો મુકાબલો કરવો પડે છે. તેઓને જીતી લેવા અથવા તો મોજશોખ અને ચેનના જીવનમાં ગર્ક થઈ જવું. અને છેવટે એમનું વિમાનવીયકરણ થતું હોય છે. આ ઉખાણું સાદું છે, એમાં એવી લાગણીની જરૂર છે જે પુરૂષ રોબોટોનો પરાજય કરે. ત્યારે આ ઉખાણું પૂછવામાં આવ્યું સાચા જવાબો આપવાની તેઓની અશક્તિ હતી તેનાથી તેઓનું વિચ્છેદીકરણ થાય છે. મહિલા રોબોટો સાથે આ બાબત વધારે જટિલ છે. તેઓ આ કોયડો ઉકેલી શકે અને પોતાના લોભામણા માર્ગો આગળ જઈ શકે. રોબોટ બીબી નર્સ જેને કુમળી લાગણી અને હમદર્દીની શક્તિની છૂટ છે તે ભયગ્રસ્ત પૃથ્વીનાં માનવી અને શેડાર યુવાનની મદદે આવે છે. તેઓ છેવટે મહિલા રોબોટોને આંબી જાય છે અને પોતાના અવકાશયાનમાં સલામત પાછા ફરે છે. શેડાર છોકરો પોતાના પિતા ભણી પાછો ફરે છે અને હવે ગ્રહ ઉપર બૌદ્ધિક જીવન ચાલુ રહેશે.

જાદુગર દેખા દે છે. રેડ પાયોનિયરના ગળાના રુમાલને વિવેકપૂર્વક તે પંપાળે છે. તે નાના પાયોનિયર અવકાશયાત્રીઓને તેઓની સફળ બહાદુરીભરી કામગીરી બદલ અભિનંદન આપે છે અને આસ્તેથી એવું સૂચન કરે છે કે પૃથ્વી પર પાછા ફરવાનો સમય થયો છે.

આમ આપણે જોઈએ છીએ કે સરેરાશ વિજ્ઞાન વાર્તાથી ઊલટી જ રીતે આ ફિલ્મનો તાંતણો અવકાશી ખોજની શકયતાઓ ઉપર આધારિત છે. તે માનવ

Scanned with OKEN Scanner

બાબતોનું નિરૂપણ કરે છે પરિણામે મોટા ભાગની પશ્ચિમી વિજ્ઞાન કથાઓથી ઊલટી જ રીતે દુઃસ્વપ્નભરી કપોળકલ્પિતતા તે આપતી નથી, તેમ ભાવિ માટેના ટેકનોલોજીની હાંસલ થયેલી ભેંકારતા પણ આપતી નથી કે જેથી કરીને વાચકમાંથી સૂર્યપ્રકાશને ભગાડી મૂકે અથવા તો ફિલ્મમાં જનારને ભટકાવી નાંખે અને એનામાં ભાવિની ભયાનકતાની લાગણી જ રહેવા દે અને એમાં શક્તિહીનતા રહેવા પામે. તે વિધાયક રીતે તેમનાં ઉપર અસર કરે.

હકીકતમાં આ ફિલ્મની કથા વર્તમાનમાં જ રીતસર બને છે અને એ સાચા ભયસ્થાના ઉપર ભાર મૂકે છે. ટેકનોલોજીની રીતે ભારે વિકસિત સંસ્કૃતિઓમાં રહેતા લોકોમાં મા-વીયતા ઉપર ધમકી તોળાઈ રહી છે અને જીવનનો સુખવાદી માર્ગ આવી સંસ્કૃતિથી ભયમાં મુકાઈ જાય છે. આવા સાચા ભયસ્થાનોનું તે બહુ જ હોશિયારીથી નિરૂપણ કરે છે અને તે પણ કિશોરોની સમજશક્તિની સપાટીએ થાય છે. આવી હોશિયારી નાનકડા ફિલ્મી શ્રોતા પ્રત્યેના પ્રેમ, આદરભાવ અને ઊંડી કાળજીથી પ્રેરાયેલી હોય છે. ફિલ્મના ડિરેક્ટર રીચાર્ડ વિકટોરોવે મને જણાવ્યું હતું કે, "અમે તો એવું ઈચ્છીએ છીએ કે અમારી ફિલ્મ નાના પ્રેક્ષકોની કલ્પનાને પકડી રાખે અને એનામાં એવી વૃત્તિ ઉત્તેજીત થાય કે તે અદ્‌ભૂત ખોજ અને સંશોધન ભણી વળે અને ગંભીર નૈતિક પ્રશ્નો વિશે પણ વાતો કરવાનો પ્રયાસ કરે. આજના છોકરા-છોકરીઓ જેઓ પુખ્તતા ભણી જઈ રહ્યા છે તેઓની સમક્ષ આ પ્રશ્નો આવતા થયા છે."

Scanned with OKEN Scanner

પુસ્તકોની સખાવત

"મારામાં જે કાંઈ સારું છે તે પુસ્તકોને આભારી છે." વિશ્વ વિખ્યાત લેખક મેક્સિમ ગોર્કીના આ સૂચક શબ્દો કાગળના દરેક રેપર ઉપર, જે લેનિનગ્રાદમાં વપરાય છે, તેના દરેક ટુકડામાં આ શબ્દ ટાંકવામાં આવ્યા છે. લેનિનગ્રાદમાં નેવસ્કી પ્રોસ્પેક્ટ પરના ગંજાવર બુક એમ્પોરિયમમાં આ શબ્દો ટાંકવામાં આવ્યા છે. આ એક વ્યાપક રીતે વિખ્યાત થયેલી જાહેરાત છે. ગોર્કીના પુસ્તકની પ્રશંસા પુસ્તકને ખાસ કરીને સૂચક બનાવી દે એવી બિના તો એ છે કે બીજા કોઈ પણ સાહિત્યકાર કરતાં ગોર્કીએ ક્રાંતિ પછી યુવાનોને માટે ભવ્ય સાહિત્યિક આગેકૂચમાં સૌથી વધુ ફાળો આપ્યો છે. એમણે સાહિત્યને પણ ઊંચી ભાવનાથી અંકિત કર્યું હતું અને તે આ શબ્દોમાં તેમણે કર્યું હતું: "એનો ઉદ્દેશ મનુષ્ય પોતાને સમજે એમાં સહાયભૂત થવાનો છે; પોતામાંની એની આસ્થાને ઊંચી જ લઈ જવાનો આ ઉદ્દેશ છે અને જેનામાં સાહિત્ય પ્રીતીને દૃઢમૂલ કરવાનો પણ ઉદ્દેશ છે; લોકોમાં છીછરાપણું કમી કરવા મનુષ્યને મદદ કરવાનો છે અને માનવતામાં જે કાંઈ કલ્યાણગામિતા છે તે શોધી કાઢવામાં એને મદદ કરવી જોઈએ, એના હૈયામાં પુણ્ય પ્રકોપ અને હિંમત ઊભા કરવાં જોઈએ અને મનુષ્ય ઉમદા રીતે મજબૂત બને એમાં એને સહાય કરવી જોઈએ કે જેથી કરીને એનું જીવન સૌંદર્ય ભાવનાથી મંગલમય બને."

ગોર્કીએ કોઈ શાળામાં કદી હાજરી આપી નથી પણ જાતે વાંચતા શીખ્યો હતો. પ્રાથમિક રીતે રશિયન લેખકોની કૃતિઓમાંથી તે પુસ્તક — પ્રેમી અને પુસ્તકોનો આદર કરનારા બન્યા હતા. આ લેખકો એવા સાહિત્ય સ્વામીઓ હતા જેમના ગદ્યપદ્ય સાફ રીતે યુવાનો માટે લખવામાં આવ્યા હતા અને તેઓના સાહિત્યમાં આથીયે બીજું ઘણું ઘણું સમાવી લેવામાં આવ્યું હતું અને એ બધું યુવાન સોવિયેત વાંચકોની પુસ્તકોની સખાવતનો એક ભાગ છે.

સોવિયેત કિશોર સાહિત્યની અજોડતા

યુવાનો માટેના સોવિયેત પુસ્તકોમાં અસંખ્ય મજિયારા લક્ષણો છે, આમાંના કેટલાંક લક્ષણો ભૂતકાળમાં ઉગમ પામ્યાનું શોધી શકાય. વ્યાપક રીતે પથરાયેલી માનવતાવાદી પ્રણાલિકાએ માનવ વ્યક્તિત્વને અને મનુષ્યના ભાવિ નિર્માણને ખૂબ ઊંચું મહત્ત્વ આપ્યું છે અને ખાસ કરીને તો ૧૯મી સદીના રશિયન સાહિત્યના વિધાયક વાસ્તવ દર્શનોમાં રહેલું છે, જેને રશિયાના સાહિત્ય સ્વામીઓએ પ્રચુર પ્રમાણમાં સમૃદ્ધ કરેલું છે. આ બધા લક્ષણો એ જ સમયમાં યુવાન વાચકો માટે ગ્રંથોમાં પણ મોજૂદ છે. આ પ્રણાલિકા મોટે ભાગે તો એવા પુસ્તકોમાં ચાલુ રાખવામાં આવી છે જે સોવિયેત સમયગાળામાં લખાયેલા અને પ્રકટ થયેલા હોય. બીજા કોઈ પણ દેશ કરતાં વધારે મોટા પ્રમાણમાં બાળકોના સાહિત્યમાં સાહિત્ય-સ્વામીઓએ મોટો રસ દાખવ્યો હતો અને યુવાન વાંચકો માટે સર્જક નિખાલસતાથી પોતાનાં લખાણો લખ્યાં છે. ૧૮૬૦ના દાયકાથી માંડીને બાળકોના વાંચનને સમૃદ્ધ કરવાનો મૂળગત અને સહેતુક પ્રયાસ કરવામાં આવ્યો છે, મહાન રશિયન લેખકોની કૃતિઓથી આ સાહિત્યને માતબર બનાવવામાં આવ્યું છે. મોટી ઉંમરનાઓ માટેની કૃતિઓ પ્રકટ થતાની સાથે જ બાળકો માટેની આવૃત્તિઓ તુરત જ બહાર પાડવામાં આવતી હતી. આમાં મહત્ત્વની વાર્તાઓ અને નોવેલોનો સમાવેશ થાય છે લીઓ તોલ્સતોયની બાબતમમાં એની Child, Adolescence, and youth એમની આત્મકથાના ત્રણ ભાગો પુખ્ત વયનાઓ માટે એ પ્રકટ થાય તે પહેલાં જ નાના વાંચકોની આવૃત્તિઓમાં એ કૃતિ પ્રકટ થઈ હતી.

સાહિત્ય સ્વામીઓ પાસેથી આવી બક્ષિસો સોવિયેત બાળક તથા કિશોરને માટે પ્રાપ્ત બની હતી કારણ કે સોવિયેત પ્રકાશકો એને સતત બહાર પાડયા કરતાં હોય છે અને મોટી મોટી આવૃત્તિઓ પણ બહાર પાડતા રહ્યા છે. આના સંગાથમાં નામાંકિત કેળવણીકારોના મદદરૂપ વિનિમયો પણ બહાર પડતા હોય છે. બીજી સાહિત્યિક અધિકૃતતાઓનાં પણ વિવેચનો થતાં રહેતાં હોય છે. આમ સોવિયેત બાળકોને પોતાની લાયબ્રેરીઓમાં એવા લેખકોની કૃતિઓ મળતી હોય છે જેઓએ વિશ્વ સાહિત્યમાં બેસુમાર સમૃદ્ધિ લાવી દીધેલી છે. આમાં કવિઓ જેવા કે ઝુકો-

Scanned with OKEN Scanner

વ્સ્કી, પુશ્કીન, લરમોન્તોવ, નેક્રાસોવ, ત્યુત્ચેવ, બ્લોક, ઈસ્નીન, માયાકોવ્સ્કી અને બીજાઓનો સમાવેશ થાય છે; એવી જ રીતે ગદ્ય લેખકો લેસ્કોવ, આકસાકોવ, તુર્જેનેવ, લીઓ તોલ્સ્તોય, કોરોલેન્કો; ચેખોવ, ગોર્કી, પુસ્તોવ્સ્કી, અલેક્સેઈ, તોલ્સ્તોય, શોલોખોવ, આઈત્માતોવ વગેરે.

યુવાનો માટેના લખાણોની ગંભીર નિષ્ઠા તથા એના ઉદ્દેશો વગેરે આ સાહિત્યનાં અજોડ લક્ષણો છે. પશ્ચિમમાં આવા કિશોરો માટેના પુસ્તકોમાં આવા ઉદ્દેશો ઉપર ખાસ ભાર મૂકવામાં આવતો હોય છે. સોવિયેત કૃતિઓ ખાસ કરીને મોટા બાળક માટે માત્ર એને ઉત્તેજના આપવા કે એનું મનોરંજન કરવા માટે જ લખવામાં આવતી નથી. રશિયન જીવનનો કટ્ટર ભૂતકાળ અકિંચનતા તથા ત્રાસમાંથી મુક્તિ શોધનારી પ્રજાની વેદના મીઠાશભર્યા બની શકે નહિ તેમ એ વાચક જે કાંઈ વાંચે છે તેમાં છૂપું રાખી શકાતું નથી. સોવિયેત સંઘમાં જેઓને યુવાનીના સાહિત્ય સાથે નિસ્બત છે તેઓ સમયની ભાવનાથી લેખકોની અલગતાને હાનિકારક ગણે છે, વળી, અલગતાથી પુસ્તકોની પ્રબુદ્ધતા તથા બેઠા કરવાની શક્તિને ઘટાડી નાંખે છે અને યુવાનોને જીવન માટે ઓછો તત્પર બનાવે છે.

સોવિયેત કિશોર સાહિત્યનો ગંભીર ઈરાદો ઘણી વાર નમૂનેદાર લખાણોમાં અને હંમેશાં સારી ગુણવત્તામાં એવી રીતે વ્યક્ત કરવામાં આવેલ છે કે એ માનવ પ્રેરણાઓ અને અનુભવોના વ્યાપક સપ્તરંગોને આવરી લે છે. યુવાન વાચક પુસ્તકમાંનાં લોકો અને બનાવો સાથે આનંદ માણે છે, એમને સમજે છે, એનો પ્રતિભાવ આપે છે અને એમની સાથે સાયુજ્ય અનુભવે છે. શાળાના મિત્રો વચ્ચેના આંતર અંગત સંબંધો બાળકો અને વાલીઓ, શિષ્યો અને શિક્ષકો, છોકરાઓ અને છોકરીઓ વચ્ચેના આંતર સંબંધોનું, ખાસ નિરૂપણ કરવામાં આવે છે. બીજી સળગતી બાબતો—નિસર્ગનો મિજાજ અને એની આહ્‌લાદકતા અંગે, દેશપ્રેમ અને એના સંરક્ષણ માટે બહાદુરી અને સારી રીતે આચરવામાં આવેલા સામૂહિક રાષ્ટ્રો રાષ્ટ્રો વચ્ચે શાંતિ અને મિત્રતાના પ્રશ્નો, મનુષ્યની સારપમાંની આસ્થા, વિજ્ઞાનની મોહકતા, મહાન લોકોનાં જીવન, વગેરે વિષયોને દૃષ્ટિ પરીક્ષણમાં હાથ પર ધરવામાં આવે છે, અને એમાં બાળકોનો સ્વભાવ તથા એની વય પ્રત્યે કાળજીભર્યો વર્તાવ કરવામાં આવે છે. હાસ્ય, કટાક્ષ, મનમોજીપણું, આશાવાદ ગંભીરતાને હળવી બનાવી દે છે અને વાચકોને તો એમના પોતા ખાતર સનસનાટી અને આઘાતોથી ટાળવામાં આવે છે.

સાહિત્ય એક પ્રમુલ્લતાનો વિષય ગણવાની લાંબી પ્રણાલિકાને કારણે, રાષ્ટ્રીયતાની ભાવનાના અનુપમ ઉદ્દ્ભવસ્થાન તરીકે તથા માનવતાના જનનસ્થાન તરીકે ગણવાની પ્રણાલિકાને કારણે સોવિયેત યુવા સાહિત્યમાં મોટી વિવિધતા હોવા છતાં અને એનું કદ પ્રચંડ હોવા છતાં એના હેતુમાં એ અસાધારણ રીતે એકવાક્યતાભર્યું છે. બિન-વેપારી પદ્ધતિઓ જે પ્રકાશનમાં પ્રવર્તે છે તેનાથી આ એકવાક્યતા હાંસલ કરવામાં પ્રચંડ સહાય સાંપડી જાય છે, તેમ જ એના ઉચ્ચ ધોરણો પણ હાંસલ કરી શકાયા છે. યુવા-શિક્ષણ અને ઉછેરમાં સાહિત્ય એકીકરણનો ભાગ ભજવે છે.

પૂર્વ પ્રાથમિકિયાઓ તથા નાનાં શાળા-બાળકોનું વાંચન-સાહિત્ય ગંભીરતાથી સર્વથા મુક્ત હોય છે. આ પુસ્તકો અર્થહીનતાના અતિરેકથી સભર હોય છે; વાર્તાઓ, પરીકથાઓ અને તાલમિલાવટ વગેરે ભારે કલ્પનાશીલ હોય છે; પરીકથાની શૈલી અને લાગણીઓનું વિજ્ઞાન હકીકતો સાથે સંયોજન કરવામાં આવે છે અને એમાં સાહિત્યિક ગુણવત્તાનો ભોગ આપવામાં આવતો નથી. કવિતા એમને માટે લખાય છે, એમના સાહિત્યનો વધારે મોટો ભાગ કાવ્યમાં હોય છે, એમાં ભાષાનો તથા લયનો રંગબેરંગી ઉપયોગ કરવામાં આવતો હોય છે અને સાથોસાથ દુનિયા સાથેના નાના બાળકના અનુભવને સમૃદ્ધ બનાવવામાં આવે છે. ભારે શક્તિશાળી, ચાર કવિઓ કોર્નેઈ ચુકોવ્સ્કી, સેમ્યુઅલ માર્શાક, સર્ગેઈમિખાલ્કોવ. અને અગન્યા બાર્તો—એ કાવ્યમય લખાણોનો ગજ દાખલ કર્યો છે અને તે આ વયના વાચકો માટેનો જ છે. આ સર્વોચ્ચ કાવ્યકારોની કારકિર્દીઓ આ સદીના છ છ દાયકાઓ સુધી પથરાયેલી પડી છે. આમાંના દરેકની કૃતિઓ કરોડોની આવૃત્તિઓમાં પ્રકટ થયેલ છે અને એણે બાળ લેખકો, નાનાં નક્ષત્રોને પ્રેરણાઓ આપી છે અને એ બધા એ જ રીતની હળવાશભરી વૃત્તિની ઉચ્ચ પ્રણાલિકાઓ અને સ્ફૂર્તિયુક્ત લયમાં ચાલુ રાખી રહેલ છે. બોરિસ ઝાખોદર, વેલેન્તીન બેરેસ્તોવ, ઈરીના તોકમાકોવા વગેરે આ ત્રણનું પ્રતિભાશાળી અને નિષ્ઠાવાન જૂથ છે.

બહુરાષ્ટ્રીય તથા બહુજાતીય સોવિયેત સમાજનું આ લોક સાહિત્ય બાળકોની વાંચન સામગ્રીમાં કોઈ ઓર પ્રકારની સમૃદ્ધિ લાવી દે છે. આ સાહિત્ય બાળકની માતૃભાષામાં અને રશિયન ભાષામાં પૂરું પાડવામાં આવે છે. બીજી લોક કથાઓથી ઊલટી જ રીતે આ ઘણી ઘણી બધી પ્રજાઓનું વિચિત્ર લોક સાહિત્યમાં

Scanned with OKEN Scanner

એમની બુનિયાદી ખાસિયત તરીકે હિંસાખોરી કે ભીષણતા પીરસતા નથી, પણ ચતુરાઈ, ચિવટતા, ભલાઈ, ક્ષમાશીલતા અને સ્મિત તથા અનિષ્ટની નરવી તેમજ અસંદિગ્ધ લાક્ષણિકતા એમાં હોય છે અને હિંસાખોરીને તથા ભીષણતાને એના યોગ્ય સ્થાનમાં મૂકવામાં આવે છે.

પણ બાળકો અને કિશોરો જે પુસ્તકો વાંચે છે તે ઘણી વાર તો જીવનને એના કાચા સ્વરૂપમાં વ્યક્ત કરે છે. ક્રાંતિ પહેલા રશિયન જીવનની કઠોરતા તથા બીજી રાષ્ટ્રીયતાઓના જીવનની કઠોરતા, એના ઉદ્ધારના જીવન સંઘર્ષ દરમ્યાન તથા મહાન દેશભક્તિના યુદ્ધ દરમ્યાન તથા સોવિયેત સંઘને ઝડપથી તથા ઊંડી રીતે ૨૦મી સદીમાં ઉદ્યોગીકરણ દ્વારા અને ખેતીની સામૂહિકતા દ્વારા લાવવાની મથામણો દરમ્યાન આ બધું જોવા મળતું હતું, પણ એને છાવરી લેવામાં આવતું નથી. વાસ્તવિકતાને સામાન્ય રીતે બાતલ રાખવામાં આવતી નથી. જો કે એમાં આશાવાદનો સંભાર ભરવામાં આવે છે, સાથે સાથે માનવ સ્વભાવમાંની આસ્થાનું મોણ પણ નાંખવામાં આવતું હોય છે. બાળકનું આ સાહિત્ય પશ્ચિમમાંના બાળકોના સાહિત્યથી ઊલટી જ રીતે ખાસ કરીને યુનાઈટેડ સ્ટેટ્સના સાહિત્યથી ઊલટી જ રીતે બાળકને પીડા કે ખિન્નતા આપતું નથી અને એમાં નિષ્ઠુર નકારાત્મકતા હોતી નથી. પશ્ચિમમાં વધારે મોટા બાળકના પુસ્તકોના "નૂતન વાસ્તવિકતા"નું બિરૂદ અપાતું હોય છે, જે બાળ વાચકોને ત્રાસ આપે છે અને એમાં કેફી દવાઓની લત, હિંસાખોરી, જ્ઞાનતંતુની ઉત્તેજના, પરાયીકરણ, સેક્સ, વહેલી સગર્ભાવસ્થાઓ, વગેરેની રંગબેરંગી કથાઓ હોય છે અને એનાથી બાળકોના જીવન નષ્ટ થતાં હોય છે. આવા પુસ્તકોના લેખકોનો ઈરાદો નરવો હોતો નથી. તેઓ એમ માનતા હોય છે કે તેઓ મુંઝાયેલા બાળકો માટે આ બધું પેશ કરતા હોય છે અથવા તો તેઓ બાળકને માટે ઉપદેશાત્મક કે પોતે બાળકોને ધ્રાસ્કા લાગશે એવી ધાસ્તીથી તેઓ એની હિમાયત કરતા નથી. ટેલિવિઝને તથા બાળકોના વાતાવરણથી બીજી અસરોને નિષેધ યુક્ત બનાવી દીધી છે. નાનો સોવિયેત વાચક આ ભયાનક અનિષ્ટ વર્તુળનો ભોગ બનતો હોતો નથી.

વાસ્તવિકતા પાછળની સોવિયેત વિચારસરણી જે મોટી ઉંમરના બાળકોને પૂરી પાડવામાં આવે છે તે કાંઈ નવી નથી. એ છેક ૧૯મી સદીના મધ્ય ભાગ ભણી જાય છે. તે વખતે સોવિયેત લેખકો લોકોને વધુ સારા જીવન ભણી દોરવા મથતા હતા એટલે તેઓએ એવું સમર્થન પૂરું પાડયું કે યુવાનોએ પોતાના

Scanned with OKEN Scanner

જીવનનાં અનિષ્ટો જાણવા અને સમજવા જોઈએ કે જેથી કરીને તેઓ પરિસ્થિતિમાં પલટો લાવવાનાં નિશ્ચાભર્યા જીવન ભણી પ્રેરાઈ શકે. આ અભિગમને પ્રો. એ. એફ. મીલરે વ્યક્ત કરેલ છે. તેમણે દોસ્તોઈવસ્કીના યુવાન વાચકો માટેની વાર્તાઓના સંગ્રહ (૧૮૯૯)ની પ્રસ્તાવનામાં લખ્યું છે કે "યુવાન વાચકના અશ્રુઓ આ પાનાઓમાં ટપકે પણ ખરા, પણ આ આંસુડા નિરાશાના કે વૈમનસ્યનાં નહિ હોય પણ તુચ્છકારાયેલા અને હડધૂતો માટેની સહાનુભૂતિ તથા પ્રેમના આંસુઓ હશે, તેનાંથી તેઓના હૈયામાં ઝેર રેડાશે નહિ પણ એમના સૌથી વધુ સંવેદનશીલ તારને એ સ્પર્શ કરશે અને તેમની પ્રેમની શક્તિમાં વધારો કરશે. જે લેખક બાળકોમાં પ્રેમની લાગણી ઊભી કરે છે તે બાળકો માટે સારો જ છે"...

સમકાલીન સોવિયેત કિશોર સાહિત્યમાં બિન કાપકૂપવાળી વાસ્તવિકતાની સાતત્યયુક્ત બાજુ એ છે કે એમાં રાજકીય અને સામાજિક કથાવસ્તુ ભરેલી છે. યુદ્ધ વિશેનું સત્ય—જર્મન ફાસીસ્ટોએ જે વિનાશ અને નિષ્ઠુરતાનું આચરણ કર્યું છે તેની ભયાનક વિગતો અને નુકસાની તથા યાતનાઓ અને પીડા ઉપર ઢાંક-પિછેડો કરવામાં આવતો નથી. મેં યુથ (youngs) માસિકના તંત્રી બોરીસ પોલેવોયને* (તેઓ પાછા કેટલાક યુવા પુસ્તકોના કર્તા પણ છે) મેં પૂછયું કે અણુ-યુદ્ધની કથાવસ્તુનું નિરૂપણ યુવા સાહિત્યમાં કેવી રીતે થાય છે? એમનો જવાબ એ હતો કે બાળકોને એવી ખાતરી કરી આપવામાં આવી છે કે અણુયુદ્ધ અશક્ય છે કારણ કે માનવ જાતમાં બુનિયાદી એકતા રહેલી છે. આ વિષય ઉપર ભાર મૂકવામાં આવતો નથી, રાષ્ટ્રો રાષ્ટ્રો વચ્ચે સમજદારી અને મિત્રતાની કથાવસ્તુ જેટલો એના ઉપર ઝોક આપવામાં આવતો નથી કારણ કે આ સમજદારી અને મિત્રતા વાટે જ સશસ્ત્ર અથડામણને ટાળી શકાય તેમ છે. વિજ્ઞાન કથાઓમાં અણુ યુદ્ધના વિનાશનું નિરૂપણ કરવામાં આવતું નથી પણ મોંગોલીઅનો, તાર્તરિના અને ગોલ્ડન હૉર્ડ અને નેપોલીયનોના લશ્કરો જેવા મોંગોલિયનો અને તાર્તરિના બળવાન આક્રમણકારોના પરાજયોની કથાવસ્તુ, ગયા યુદ્ધમાં નાઝીઓ પરના વિજય તથા યુદ્ધનાં સમયમાં રશિયનો તથા બીજી રાષ્ટ્રીયતાઓની કહેણીરૂપ બની ગયેલી હિંમત ઉપર સવિશેષે, ભાર મૂકવામાં આવે છે. યુવા-પુસ્તકો, નવલકથા અને જીવન ચરિત્રોમાં, એની ઉજવણી કરતા હોય છે કે આ યુદ્ધો દરમ્યાન પુખ્ત વયનાં તથા બાળવીરો

---

* બોરીસ પોલેવોયનું અવસાન ૧૯૮૧ના જુલાઈમાં થયું છે.

Scanned with OKEN Scanner

પોતાના દેશ માટે કેવી રીતે ઝઝૂમ્યા અને કુરબાની આપી કે જેથી કરીને એમનો દેશ તથા માનવ મૂલ્યો ઉગરી શકે.

મોટી ઉંમરના સોવિયેત બાળકો જેમને માટે આટલું બધુ સાહિત્ય સર્જવામાં આવે છે તેમાં અલબત્ત પુષ્કળ પ્રમાણમાં હળવાશનાં દશ્યો, કટાક્ષ, રમૂજ, શોધ, સાહસ, જીવનકથા, વિજ્ઞાનકથા, કવિતા અને સંસ્મરણોની રંજકકૃતિઓ પણ પૂરી પાડવામાં આવે છે.

આ સાહિત્ય પ્રત્યે નાના વાચકોનો સ્વીકાર, પ્રશંસા અને પ્રતિભાવ વગેરેમાં, સોવિયેત સંઘમાં પુષ્કળ વધારો કરવામાં આવે છે કારણ કે લેખક અને એના યુવા વાચક વચ્ચે સંદેશા-વ્યવહારના અસાધારણ તથા વિવિધભર્યા સાધનો મોજૂદ હોય છે. ઘણાં પુસ્તકોમાં પ્રસ્તાવના અને ઉપસંહારમાં લેખકો કશીક મહત્ત્વની રસપ્રદ બાબતો વિશે કહેતા હોય છે, તેમ પોતાનાં અનુભવો વિશે પણ કહેતા હોય છે. લેખક પણ વિકાસશીલ તથા પરિપક્વ માનવ પ્રાણી છે વાચક સાથેનો આ સીધો વ્યવહાર તેમજ લેખકો અને બાળ-ક્લબોને સાહિત્યિક વર્તુળો વચ્ચેનો સીધો વ્યવહાર અને વિવિધ સમારંભોમાં યુવા લોકો સમક્ષ લેખકો અંગત રીતે જે દેખા દેતા હોય છે — આ બધાથી લેખક, બાળક અને પુસ્તક ગાઢ સહયોગમાં આવવા પામે છે.

યુવા વાચકો માટે પોતાની પ્રારંભિક વાર્તાઓના સંગ્રહની પ્રસ્તાવનામાં મિખાઈલ શોલોખોવ (૧૯૬૫માં સાહિત્યના નોબલ ઈનામ વિજેતા) એવું જણાવે છે કે ઝારનાં સમયમાં રશિયન સાહિત્યસ્વામીઓએ જે ઉમદા ઈતિહાસ રચ્યો છે તેને સતત પજવણી, પીછો અને દેશનિકાલ વગેરેની સ્થિતિમાંયે લખવાનું ચાલુ રાખ્યું હતું. મોટા ભાગનાં આ સાહિત્ય-સ્વામીઓએ આનો મુકાબલો કરવો પડયો હતો. પોતાના યુવા વાચકોને તેઓ જણાવે છે કે, "હું એવી આશા રાખું છું કે તમે એ વાત તો કદી જ ભૂલશો નહિ કે તમામને માટે નિરપવાદપણે વિશ્વ અને જ્ઞાનનાં બારણા ખુલ્લા કરવા માટે ઘણાં ઘણાં લેખકોએ પોતાની બધી જ તાકાત અને ઘણું ઘણું લોહી સીંચ્યું છે...વિશ્વમાં હિંમતપૂર્વક આગળ વધો અને તમારા પુસ્તકોને તમારા સમગ્ર આત્માથી ચાહજો."

જો કે વાર્ષિક સેંકડો શીર્ષકો મોટા કદની આવૃત્તિઓમાં બહાર પડતા હોય છે છતાં યુવા સાહિત્યની માંગનો ત્રીજો ભાગ જ સંતોષાતો હોય છે. આ માંગ

Scanned with OKEN Scanner

આટલી બધી મોટી અને અપરિતૃપ્ત છે. બધી જ સાબિતીઓ જોતાં બાળકો મોખરે આવ્યા છે અને તેઓ પુસ્તકોને ચાહતા થયા છે.

કાંઇક ૧૬૦૦ જેટલા સોવિયેત લેખકો જેઓ પોતાની બધી જ શક્તિ યુવા પુસ્તકોના લેખન વ્યવસાયને સમર્પિત કરી છે. તેમનાં પુસ્તકોના ફેલાવામાં દરવરસે ૩ હજાર કે એટલાં શીર્ષકો બહાર પડે છે, અને અગાઉ પ્રકટ થયેલા પુસ્તકોનું વિતરણ યુવા લોકોની ગંજાવર લાયબ્રેરી પદ્ધતિના માળખા દ્વારા થતું હોય છે.

અનુપમ લાયબ્રેરી પદ્ધતિ

સોવિયેત સંઘનું સંસ્કાર ખાતું યુવા લાયબ્રેરીના કામમાં સીધી રીતે સામેલ થતું હોય છે ૭ થી ૧૭ વર્ષની વયનાઓ માટે લાયબ્રેરીઓની વિકાસ પામતી જાળ-ગૂંથણી કામ કરી રહી છે. પુખ્ત વયાનાઓ માટે મોટી લાયબ્રેરીઓ હોય છે, એમાં ૧૫ થી ૨૦ વર્ષની વયનાઓ માટે વિભાગો રાખવામાં આવેલા હોય છે. કૉલેજોની વય સુધી આવા અલગ વિભાગો રાખવાનું કારણ એવી માન્યતામાં રહેલું છે કે યુવાનોને માટે માર્ગદર્શન પણ મહત્ત્વની બાબત છે.

આશરે ૯૦૦૦ અલગ બાળ-લાયબ્રેરીઓ છે. બાળ-લાયબ્રરીનો સામાન્ય એવો અર્થ છે કે એવી લાયબ્રેરી કે જેને પોતાનું મકાન હોય તેમજ તેનો પોતાનો ભંડાર તથા વ્યાવસાયિક સ્ટાફ હોય. મોટા ભાગના શહેરોમાં આવી લાયબ્રેરીઓ હોય છે. ગ્રામ્ય વિસ્તારોમાં અને જિલ્લાઓમાં, શહેરોના પરાંઓમાં પુખ્ત વયનાઓ માટે લાયબ્રેરીઓ હોય છે, એમાં બાળકોનાં વિભાગો હોય છે. અહીં નાના વાચકોને તાલીમ પામેલા લાયબ્રેરીઅન શિક્ષક કે વાલી સ્વયંસેવકની સેવા મળતી હોય છે. ૧ લાખ ૧૩હજાર પુખ્ત વયનાઓની લાયબ્રેરીઓ છે જેમાંથી ૮૫ હજાર પુખ્ત વયનાઓની લાયબ્રેરીઓમાં બાળકોનાં અલગ વિભાગો છે. ઘણી બધી શોધખોળ અને કેળવણી લાયબ્રેરીઓમાં બાળકોનાં વિભાગોનો સમાવેશ તેઓના સાંસ્કૃતિક મકાનોમાં કરવામાં આવતો હોય છે.

દરેક બાળ-લાયબ્રેરીમાં ૭ થી ૧૦ વર્ષની વયનાઓ માટે અને ૧૧ થી ૧૫ વર્ષની વયનાઓ માટે દરેકના પોતપોતાના વિભાગો હોય છે. ઘણી લાયબ્રેરીઓમાં દરેક

નાના બાળક માટે અલગ ઓરડાઓ હોય છે, એટલે કે, ૫ થી ૭ વર્ષની વયનાં પૂર્વ પ્રાથમિકીઓઓ માટે પણ આવું હોય છે.

વ્યાવસાયિક લાયબ્રેરીઅનો વિગતવાર ચોપડાઓ રાખે છે એટલે કે બાળકે શું વાંચ્યું તેનો એમાં નિચોડ હોય છે કે જેથી કરીને એની રસવૃત્તિઓ જાણી શકયૂ— એને નવા પ્રકારનાં પુસ્તકોની જરૂર છે કે કેમ, આવું બાળક એવા જ પુસ્તકો લે છે કે કેમ જે એના અભ્યાસક્રમની જરૂરિયાતોને માતબર બનાવતાં હોય તથા શાળા બહારની પ્રવૃત્તિઓને સમૃદ્ધ બનાવતાં હોય. દરેક લાયબ્રેરી આવા દફતરો (Formulyar) રાખે છે. આ દફતરો ખચિત જટિલ હોય છે. એમાં પુસ્તક લેનારનું નામ, સરનામું, રાષ્ટ્રીયતા, પિતા અને માતાનો વ્યવસાય; આ બાળક શાળા જે બીજી શાળાઓની લાયબ્રેરીઓનો સભ્ય બન્યું હોય તે; પાયોનિયર કે કોમસોમોલનું સભ્ય પદ કે શાળામાં જે વિષય તરફ શ્રેષ્ઠ અનુરાગ હોય તે; તેની પ્રિય હોબીઓ, લેખકો અને બાળકનો અભિપ્રાય વગેરેની નોંધ રાખવામાં આવે છે. એ પછીથી આ દફતરમાં એવા ૧૦ પાનાઓ હોય છે જેમાં શીર્ષકો, લેખકો અને પુસ્તક લેનારનો અભિપ્રાય નોંધવામાં આવે છે. આ પાનાઓમાં ૨૪૦ તપસીલો ભરવાની જગ્યા હોય છે. લાયબ્રેરીઅન માટે ૨ પાના રાખવાના હોય છે તેના પર તે પોતાનો અભિપ્રાય બાળક માટે લખે છે.

લાયબ્રેરીઅન ધીમે ધીમે આ ચોપડી લેનારને ઓળખતો થાય છે અને એની સાથેના સંબંધની સ્થાપના થાય છે. આ લાયબ્રેરીઅન એને સલાહ તથા માર્ગદર્શન આપે છે, એટલું જ નહિ પણ, બાળકની વિશિષ્ટ રસવૃત્તિ પણ પામી જાય છે— પછી ભલે વાંચન સાથે એને કોઈ પણ નિસ્બત ન હોય. ઘણાં પ્રસંગોમાં તો લાયબ્રેરીઅન ઊંડો રસ લે છે અને એની પ્રતિનિયુક્ત માના તરીકે કામ કરે છે. મોસ્કો સેન્ટ્રલ બાળલાયબ્રેરીઅનો જે છોકરા-છોકરીઓ અહીં વધુ પડતો સમય ગાળતા હોય છે તેની નોંધ રાખે છે, તેઓ એમના ગૃહની પરિસ્થતિની તપાસ કરે છે, તેઓ એ પણ જાણી લે છે કે મનોરંજન કે રમતગમતના વિભાગોમાં કેમ બહુ પરોવાતા નથી. બાળક જો ઘરે જતું ન હોય તો તેઓ વાલીને બોલાવે છે કારણ કે મોડા સમય સુધી ત્યાં કોઈ હોતું નથી.

શાળા પુસ્તક સમુચ્ચયનું બીજું સ્થાન છે ૧ લાખ ૨૮ હજાર શાળા લાયબ્રેરીઓ છે. આ સંગ્રહના કદ તથા વિવિધતાનો આધાર અમુક શાળાના સાધનો

Scanned with OKEN Scanner

ઉપર રહેતો હોય છે. અને તેને સ્થાનિક પ્લાંટ તરફથી અથવા તો સામૂહિક ફાર્મ તરફથી ક્યા પ્રકારનો આશરો મળે છે તેના ઉપર પણ આ આધાર રહેલો હોય છે.

લાયબ્રેરીઅનો શાળા ખાતેની શિક્ષકોની પરિષદોમાં હાજર રહે છે. અહીં Farmulyarsનું પૃથક્કરણ કરવામાં આવે છે અને બેઠકોમાં આના ઉપર વિચારણા ચલાવવામાં આવે છે.

નાનાં બાળકો ફિલ્મ જુએ તે પહેલાં અથવા તો ટી.વી. પરના કાર્યક્રમો જુએ તે પહેલા જ તેઓને તે અંગેનું પુસ્તક અગાઉથી વાંચવાનું ઉત્તેજન આપવામાં આવતું હોય છે કે જેથી કરીને તેઓ એની વાર્તા એના અસલ સાહિત્યક સ્વરૂપમાં પીછાની શકે. લાયબ્રેરીઅનો ફિલ્મ થિયેટરો અને ટી.વી કાર્યક્રમો સાથે સંપર્કમાં રહે છે કે જેથી કરીને તેઓ બાળકોની કઈ ચોપડીને કાર્યક્રમમાં લેવામાં આવે છે તે પરત્વે બાળકોને માર્ગદર્શન આપી શકે.

વેલેન્તીના લેસોખીના એક શક્તિશાળી યુવાન સ્ત્રી છે. પોતાના વ્યવસાયમાં તેણી દેખીતી રીતે તો ભારે શક્તિશાળી છે. તેણી સોવિયેત સાંસ્કૃતિક ખાતામાં બાળકો અને કિશોરો માટેનાં તમામ લાયબ્રેરી કાર્યના અધિકારમાં છે. તેણીએ મને ભારપૂર્વક જણાવ્યું હતું કે નાનકાઓ માટેની લાયબ્રેરીઓ હકીકતમાં હકીકતાત્મક કે ડોક્યુમેન્ટરી પ્રકાશનો કરતાં સર્જક સાહિત્યની કૃતિઓ વધારે પ્રમાણમાં મેળવે છે; કરણ કે સર્જક સાહિત્યનો ભાગ નાના બાળકોનાં વાંચનમાં સાર્વભોમ મહત્ત્વનો હોવાનું માનવામાં આવે છે.

નાનાં વાચક માટેનાં પુસ્તકોમાં માનવ મૂલ્યો

જીવનકથા, કવિતા, નવલકથા અને વિજ્ઞાનકથામાં નૈતિક મૂલ્યોને આવરી લેવામાં આવે છે, આમાં રાષ્ટ્રીય વીરનરો, આંતરરાષ્ટ્રીય સંબંધો, શાંતિ શ્રમવીરો, આંતર વ્યક્તિ સંબંધોનો સમાવેશ થાય છે અને બાળકો માટે Leniniana એવો સમૃદ્ધ

Scanned with OKEN Scanner

પુરવઠો હોય છે કે જે દેશનાં ઈતિહાસને અને ભાવિને, એ મહાન નેતાના ઐતિહાસિક કાર્યને તથા માનવજાત વિશેની એમની આર્ષદૃષ્ટિને યોગ્ય પ્રક્ષેપણમાં મૂકવામાં આવે છે.

જીવનકથાઓની અસાધારણ હારમાળા—નોંધપાત્ર લોકોના જીવનો—તાજેતરમાં ૫૦૦માં ગ્રંથ સુધી પહોંચી ગયેલ છે. પુરાણી ગ્રીક સંસ્કૃતિના સ્ત્રી-પુરૂષોની જીવનકથાઓ અને રસપ્રદ વિભૂતિઓનો આમાં સમાવેશ થાય છે, અને તેને છેક આપણા જમાના સુધી લાવવામાં આવેલ છે. આ સ્ત્રી-પુરૂષોને પ્રેરક તથા રસપ્રદ વિભૂતિઓ તરીકે ગણવામાં આવેલ છે. આમાં આધ્યાત્મિક નેતાઓ, લલિતકલા તથા એપ્લાઈડ કલાઓમાંની મહાન શક્તિશાળી વ્યક્તિઓ, વિજ્ઞાનીઓ, કવિઓ, ક્રાન્તિકારીઓ, લોકનેતાઓ, સામાજિક વિચારકો, રાજકીય નેતાઓ, શોધકો, સંશોધકો, અવકાશ યાત્રીઓ, ગુલામો અને પીડિતોના હિમાયતીઓ લેખકો અને યુદ્ધ સ્વામીઓ વગેરે હોય છે. આમાં આ અને એવી બીજી અસંખ્ય સાબિતીઓ છે કે સમગ્ર રીતે તો વિશ્વ સંસ્કૃતિ અને તે જે માનવ મૂલ્યોનો આદર કરે છે, તે બધા બાળકો માટેનાં સોવિયેત ગ્રંથોમાં સમૃદ્ધ રીતે પ્રતિનિધિત્વ પામેલ છે. આવા વાંચનથી બાળકો પોતાને માત્ર સોવિયેત નાગરિકો તરીકે જ પીછાનતા રહેતા જ નથી તેમજ આ સોવિયેત નાગરિકો પાછા એવા નથી કે જેઓ માત્ર સમાજવાદી મૂલ્યની પદ્ધતિને બચાવે છે, પણ તેઓ વિશ્વ નાગરિકો તથા માનવતામાં જે કાંઈ શ્રેષ્ઠ છે તેના વારસદારો છે અને એ રીતે સ્પૃહણીય માનવ મૂલ્યોનું આમાં સમર્થન કરવામાં આવે છે.

બાળકોનો પ્રિય લેખક લેવ કાસીલ છે, એની કેટલીય કૃતિઓના અનુવાદો થયેલા છે અને ઘણાં ઘણાં દેશોમાં એ પ્રકટ થયેલ છે. તેઓ પોતાના એક હમદર્દ પાત્ર દ્વારા (આ દેશનિકાલ થયેલો એક આફ્રિકન કવિ છે) જણાવે છે કે : “અમુક મનુષ્ય ગમે ત્યાં જન્મ્યો હોય—ઝૂંપડીમાં કે મહેલમાં, પણ તે પૃથ્વીનાં આશીર્વાદનો કાયદેસરનો વારસદાર છે. આ આશીર્વાદો તમામ માનવજાતે હાંસલ કરેલા છે.” અનુવાદોમાં અસાધારણ રીતે પરદેશી સાહિત્યનો વિપુલ ભંડાર પૂરો પાડવામાં આવે છે. ખરી રીતે તો આ વૈશ્વિક સાંસ્કૃતિક ખજાનો છે. આ પણ સોવિયેત બાળકને પોતાનું વિશ્વ દર્શન વિશાળ બનાવવામાં સહાયભૂત થાય છે અને તેઓ માનવ મૂલ્યોનાં વ્યાપક સપ્તરંગોને પણ પચાવતા થાય છે.

Scanned with OKEN Scanner

નીતિમત્તાને લઘુતમ સ્થાનમાં રાખવામાં આવેલ
મુખ્યત્વે સિદ્ધાંતવાદ અને પ્રબોધકર્તાઓનો ખવામાં આવ્યો હતો. આ
છે, પછી ભલે લેખકોનો અભિગમ સોવિયેત બાળકો અન્ય સ્થળોના બાળકોની
માટેનાં બે કારણો હતા; પહેલું તો, અણગમો બતાવે છે; અને બીજું, એવું સાચી
જેમ પોતાને ઉપદેશ અપાય તે વિશે તમામ સાહિત્યમાં શ્રેષ્ઠ
રીતે માનવામાં આવે છે કે કિશોર સાહિત્યમાં તેમ બીજા નીતિમત્તાની બાદબાકી કરવામાં
તાના ધોરણોમાંથી પ્રાકૃતિ પ્રકારના ઉપદેશ તથા ચોપડીઓ વાટે ત્યારે
આવતી હોય છે. એવું માનવામાં આવે છે કે નાના વાચકો સંગીન કલા ભાવનાથી
જ પ્રતીતિકર રીતે માનતા થતા હોય છે જયારે આ પુસ્તકો હોય. કિશોરો માટેની નાની
લખાયેલાં હોય અને લેખકની ઊંડી નિષ્ઠાથી લખાયેલા લેખક છે, તે આ
અધિકૃતતાભરી કૃતિના લેખક કે જે સાહિત્યનો પ્રતિભાશાળી
પ્રમાણે લખે છે:

> "એક સારી ચોપડી સૌથી પહેલા તો આનંદજનક છે અને માનવજાતમાં તથા જીવનમાં શું સારું છે, તેનો તે વાચકને શીખવે છે અને આનંદ સિવાય બીજો કોઈ લાભ પ્રાપ્ત કરવો યા ન કરવો તેનાથી પણ આ સ્વતંત્ર છે. હું તો એમ પણ કહીશ કે સારી રીતે લખાયેલી ચોપડી એના વાચકને ખબર પણ ન પડે એવી રીતે એને શીખવે છે અને એને ઉમદા બનાવે છે."*

બુદ્ધિશાળી યુવા વાચક

સાહિત્યની અગાધ વિવિધતાનું સર્જન કરવું, એટલું જ નહિ પણ, ઉર્મિલ-પણે, બૌદ્ધિકપણે અને રસાત્મકતાથી યુવા વાચકને તે સુપાચ્ય બનાવવું, એટલે કે, એની કદર કરી શકે અને માણી શકે એવું બનાવવું એ માટે સાહિત્યના શિક્ષકે, લાઈબ્રેરિયને અને વાલીએ કેન્દ્રીકૃત પ્રયાસો કરવા પડે છે, તેમ હજારો સાહિત્યિક વર્તુળોનો પણ આમાં સમાવેશ થાય છે. આ પ્રયાસોનું ધ્યેય દૃષ્ટિવંત અને વિવેક-

* Liza Kovaleva The Reader's Talent. 1967, p 6.

Scanned with OKEN Scanner

શીલ વાચકનો વિકાસ કરવાનું હોય છે એટલે "બુદ્ધિશાળી વાચક" તૈયાર કરવાનું હોય છે. આ શબ્દ વારંવાર વાપરવામાં આવતો હોય છે.

એજ રીતે સંગીન દૃષ્ટિવંત યુવા પુરુષને માટે સર્વોચ્ચ કોટીનું સાહિત્ય પૂરું પાડવાના ભારે અંગીકૃત કાર્યક્રમને માર્ગદર્શન આપનારો સિદ્ધાંત એ છે કે જ્ઞાન આપવું, અને સર્જક સાહિત્યિકમાં રસાત્મક અને નૈતિક તત્ત્વો ભરવાં માનવતાવાદી ઉદ્ગમનાં પોષણમાં અનિવાર્ય છે, વાચકના વ્યક્તિત્વના વિકાસને માટે આ અનિવાર્ય છે. એવી જ રીતે સારું જીવન શું છે અને સારી નાગરિકતા શું છે એ એના ઊંડામાં ઊંડા મર્મમાં તેઓ જીવનની પહેલી શરૂઆતમાં ખોળી કઢી શકે એટલા માટે પણ એ એટલું જ આવશ્યક છે. આ રીતે જે મૂલ્યો પ્રાપ્ત કરવામાં આવે છે તેમાં પોતાના જાત ભાઈઓ પ્રત્યેનો પ્રેમ, ન્યાય અને સત્ય માટેનો પ્રેમ, પોતાના સમાજને ઉપયોગી એવા સારી પેઠે કરેલા કાર્ય પ્રત્યેનો પ્રેમ, શાંતિ અને લોકો વચ્ચેની મિત્રતા માટેનો પ્રેમ, નિસર્ગ પ્રેમ અને નિસર્ગ રક્ષણ, સર્જકતાની કદર, સંશોધનમાંની રસવૃત્તિ—આ સંશોધન વૈજ્ઞાનિક, કલાત્મક અને સામાજિક હોવું જોઈએ.

તો પછી આ યુવા વાચકને શક્તિશાળી બનાવવામાં કેવી રીતે મદદ કરવામાં આવે છે? "બુદ્ધિશાળી વાચક"નો ખ્યાલ કાંઈક ૫૦ વર્ષ પહેલા સેમ્યુઅલ માર્શાકે ઘડી કાઢયો છે. તેઓ કવિ અને માનવતાવાદી હતા, યુવાનો માટેની સાહિત્યિક કલાઓના તેઓ કેટલાય દાયકાઓ સુધી ચાલક પરિબળ હતા. છેક હમણાં જ મોસ્કોની સેન્ટ્રલ બાળ લાયબ્રેરીની દીવાલ ઉપર એવા શીર્ષક હેઠળનું પાટીયું જોયું જેમાં "બુદ્ધિશાળી વાચક" એમ લખેલુ હતું. એનો શો અર્થ થાય છે? માર્શાકનો ખુલાસો કાંઈક એવો હતો:

> "...વાચક પણ ભાવિસર્જક છે અને થવા માગે છે તે પણ કલાકાર છે. જો એમ ન હોય તો આપણે લેખકો એમની સાથે તસ્વીરો અને વૃત્તિઓની પરિભાષામાં વ્યવહાર ચલાવી શકીએ જ નહિ. સાહિત્યને પોતાના બુદ્ધિશાળી લેખકો માટે બુદ્ધિશાળી વાચકોની જરૂર રહે છે."

માર્શાકનો સિદ્ધાંત એવી પ્રતીતિ પૂરી પાડે છે કે સર્જક લખાણોની શ્રેષ્ઠ ગુણવત્તાઓથી યુવાન વાચકોને લાભ થવાનો હોય તો તેઓનો વિકાસ દષ્ટિવંત તથા વિકાસશીલ વાચકોમાં થવો જોઈએ, ખાસ કરીને તો તેઓએ સંવેદનશીલતામાં

Scanned with OKEN Scanner

ગદ્ય અને પદ્યના શ્રેષ્ઠ તત્ત્વો ભણી વિકાસ હાંસલ કરવો પડે અને પુસ્તક પ્રેમ વિકસાવવો પડે. લેખકની ખાસ બક્ષિસના માટે આદર અને પ્રશંસા પણ હોવા જોઈએ લેખનની કારીગીરીમાં રસ હોવો જોઈએ. વધુમાં, આવા વાચકો પોતાનો હાથ અજમાવવાની વૃત્તિથી તત્પર બનેલા પણ હોવા જોઈએ અથવા તો કમમાં કમ સાહિત્યિક વર્તુળમાં જોડાવા માગતા હોવા જોઈએ, જ્યાં કેટલાંક બાળકો લખતા હોવા જોઈએ; કે જ્યાં સારા કાવ્યો અને વાર્તાઓ વંચાતા હોય અને એની ચર્ચાઓ થતી હોય, જ્યાં લેખકો સાથેની બેઠકો વારંવાર યોજાતી હોય. બીજા શબ્દોમાં કહીએ તો બાળકો માત્ર પુષ્કળ ચોપડીઓ વાંચીને જ દષ્ટિવંત વાચકો બની જતા નથી અથવા તો તેઓએ જે કાંઈ વાંચ્યું તેને માણવાથી પણ આવા વાચકો બની જવાતું નથી.

તો પછી શિક્ષકો, લાયબ્રેરિયનો, સાહિત્યિક વર્તુળના નેતાઓ, લેખકો આવા સંવેદનશીલ વાચકનો વિકાસ કેવી રીતે કરે છે? યુવાનો માટેના સાહિત્યિક સંસ્કારની આવી ઉચ્ચ સપાટી કેવી રીતે હાંસલ કરવામાં આવે છે? સૌથી પહેલાં તો રાજ્ય તરફથી જુદાં જુદાં પ્રજાસત્તાકો તથા સ્વાયત્ત પ્રદેશો તરફથી એવી નિષ્ઠા હોય છે કે પુરા લોકોને સારા અને બિન-ખર્ચાળ પુસ્તકો પૂરા પાડવા. તમામ પ્રકાશનોએ કાળજીભરી સંપાદકીય ચાળણીમાંથી પસાર થવું પડે છે. મોટા ભાગનાં પુસ્તકો ક્યારેય મોંઘા હોતા નથી એટલે સેન્ટ્રલ, પડોશ કે શાળા અને ગૃહ લાયબ્રેરીમાં એવો સારો સંઘરો થઈ શકે છે. પુસ્તકોને સર્વપ્રાપ્ય બનાવવામાં આવે છે. છેક ધ્રૂવ વિસ્તારમાં રહેતા બાળકો માટે પણ કમમાં કમ રેઈન્ડીઅર દ્વારા લઈ જવાતા બૂક મોબાઈલો હોય છે અને હેલીકોપ્ટર દ્વારા લાવવામાં આવતી પોસ્ટ દ્વારા પણ તે પહોંચતા કરવામાં આવે છે. દૂર દૂરનાં સ્થળોએ આમ આ બધું લઈ જવામાં આવતું હોય છે અને પુસ્તકો તથા યુવા સામયિકો લાવવાનું તો ભાગ્યે જ ચૂકી જવાતું હોય છે.

વ્યાપક ફેલાવાવાળા બાળકોના સામયિકો, માસિકો, અખબારો પણ આ પ્રયાસમાં ફાળો આપે છે. તેમાં પુસ્તકોમાંથી અવતરણો છાપવામાં આવતા હોય છે, સારા સારા લેખકોની વાર્તાઓ એમાં છપાતી હોય છે, શક્તિશાળી કવિઓનાં કાવ્યો પ્રકટ થતાં હોય છે, ખુદ બાળકોનાં કાવ્યો પણ એમાં હોય છે. તેઓ સાહિત્યિક હરીફાઈઓ ચલાવતા હોય છે અને નવા પુસ્તકો પરની વિવેચનાઓ છાપતા હોય છે.

લેખકો સાથે વારંવાર મુલાકાતો યોજાતી હોય છે અને તેમની સાથે સાહિત્યની ચર્ચાઓ થતી હોય છે. સાહિત્યિક પાઠ્ય પુસ્તકો, સાહિત્યના શિક્ષકોની કાળજીભરી તાલીમ, આ બધું જ યુવા વાચકોને સાહિત્યિક ગુણવત્તાની સંવેદનામાં સહાયભૂત થાય છે અને એની દૃષ્ટિવંતતામાં વધારો કરે છે, એટલે કે, લેખક શું કહેવા માગે છે તેનો મર્મ તેઓ પકડી શકે છે. સાહિત્યિક શિક્ષણની સદોદિત આલોચના થયા કરતી હોય છે અને એમાં સુધારા થયા કરતા હોય છે.

જે બાળકોને વાંચન માટેની નરવી ભૂખ ખીલાવવી હોય અને જેઓ લેખન વ્યવસાયમાં પોતાનો હાથ અજમાવવા માગતા હોય તેઓ માટે શાળાઓમાં પાયોનિયર કેન્દ્રોમાં, ગ્રામ સાંસ્કૃતિક મહેલોમાં જુદા જુદા પ્રકારનાં સાહિત્યિક વર્તુળો કામ કરતા હોય છે. કલાસીકો, કાવ્ય, લોક સાહિત્ય, રાષ્ટ્રીય સાહિત્ય, વગેરેની સામગ્રી એવી છે જેમાં યુવા વાચકની શક્તિને પોષણ પ્રાપ્ત થાય છે.

રાષ્ટ્રોના રાષ્ટ્રમાં બાળકો અને પુસ્તકો

મોટા ભાગના દેશોમાં જ્યાં અસંખ્ય રાષ્ટ્રીયતાઓ હોય છે ત્યાં બાળકોની કેળવણી ગંભીર પ્રશ્નો ઊભાં કરે છે, તેઓને સારા સાહિત્ય સાથેની ઊંચી સપાટી જાળવી રાખવાની બાબત પરત્વે કશું જ ન કરીએ તોયે આવા ગંભીર પ્રશ્નો તો ઊભા થાય જ છે. સોવિયેત સંઘમાં એની બહુરાષ્ટ્રીય અને બહુજાતિય રચનાને લાભમાં ફેરવી નાંખવામાં આવેલ છે. જુદા જુદા યુનિયન પ્રજાસત્તાકો તથા પ્રદેશોમાં બાળકો તથા કિશોરો આપોઆપ એક નહિ પણ બે સાહિત્યો પામતા હોય છે—પોતાનું અને રશિયન ભાષાનું. સામાન્ય શાળા માટે અભ્યાસક્રમ બંને ભાષામાં અપાય છે. આમાં વળી બિન-રશિયન વિસ્તારોના યુવા વાચક માટે બીજા પ્રજાસત્તાકોની ભાષામાંથી અનુવાદોનો પણ ઉમેરો થાય છે. આ વાચક કેવો નસીબવંતો છે તે આપણે જોઈ શકીએ છીએ. સોવિયેત સમાજને બહુરાષ્ટ્રીય, બહુજાતિય વસતીનો પડકાર આશ્ચર્યજનક રીતે ઝીલવાનો આવ્યો છે.

રાષ્ટ્રીય અને જાતીય ભિન્નતા જે ૧૦૦ જેટલી પ્રજાઓમાં છે તથા વિવિધ સંસ્કૃતિઓ છે તેને માન્યતા તથા ઉત્તેજના આપવામાં આવે છે, અને તે છેક ઑક્ટોબર ક્રાંતિથી જ આપવામાં આવેલ છે, તેણે પ્રચંડ સર્જક પરિબળો ઊભા કર્યા છે અને એણે છેવટે તો બહુભાષી બાળ સાહિત્યનું સર્જન કરી દીધું છે. એવી કેટલીય સાબિતી છે કે આ માત્ર પ્રતીકાત્મક જ નથી.

મોટામાં મોટું રાજ્ય પ્રકાશન હાઉસ બાળકોના સાહિત્યના પ્રકાશકોનું છે, એની ૧૯૩૩માં સ્થાપના થઈ હતી. તમામ વયના બાળકો માટે તે પુસ્તકો બહાર પાડે છે એટલે બેથી સત્તર વર્ષની વયનાઓનું આ સાહિત્ય હોય છે. એના લગભગ બધાં જ શરૂઆતના ૫૬૦ શીર્ષકો (૨૧ કરોડ, ૫૦ લાખ નકલોમાં) રશિયન ભાષામાં પ્રકટ થયેલ છે અને રશિયન ફેડરેશનમાં પુસ્તક ભંડારો તથા લાયબ્રેરીઓમાં એનું વિતરણ કરવામાં આવે છે. આમાં દેશની કાંઈક અધઝાઝેરી વસતી છે એ જોતાં એટલું ગંજાવર ઉત્પાદન જુદા જુદા વિષયોને આવરી લે છે: સોવિયેત અને પરદેશી સાહિત્ય, નવલકથા અને કાવ્યોની કૃતિઓ જે આધુનિક સોવિયેત અને પરદેશી લેખકોએ લખેલી હોય, સાહસ પરની કૃતિઓ, વિજ્ઞાન, નવલકથા, ટૂંકી વાર્તાઓનાં સંગ્રહો, લોકવાર્તાઓ, પરીકથાઓ, કપોળકલ્પિત કથાઓ. નાના બાળકોના (The (Malysh) પબ્લિશરો પૂર્વ પ્રાથમિકિયાઓ માટેનાં પુસ્તકો બહાર પાડે છે. યુવાન (The Molodaya)ના પબ્લિશરો કિશોરો માટેનાં પુસ્તકોની બાબતમાં સ્પેશિયાલીસ્ટો છે. આ બંને પ્રકાશન ગૃહો રશિયન ભાષામાં પુસ્તકો બહાર પાડે છે. મોટી સંખ્યામાં આ તો માત્ર ત્રણ જ છે.

જે બાળકો અને કિશોરોની માતૃભાષા રશિયન નથી તેઓને એમની માતૃભાષામાં સમૃદ્ધ સાહિત્ય પૂરું પાડવામાં આવે છે. રશિયન અને બીજી સોવિયેત તથા પરદેશી ભાષાઓનાં સારા પુસ્તકો ભાષાંતરોમાં પૂરાં પાડવામાં આવે છે અને ઊલટી રીતે રશિયનભાષી બાળકોને બીજા પ્રજાસત્તાકોમાં જે કાંઈ શ્રેષ્ઠ પ્રકટ થયું હોય છે તે ભાષાંતરોમાં પૂરું પાડવામાં આવે છે. Detskaya Literatura —ખાસ માસિક—એમાંના અવલોકન વિભાગો હું જોઈ ગઈ. તાજેતરના વરસમાં એ બાળકોનું આગેવાન માસિક છે. મને એવું જણાવ્યું છે કે જે ૨૨૦ પુસ્તકોનું અવલોકન કરવામાં આવ્યું છે તેમાંથી ૫૨ (એટલે આશરે ૨૫ ટકા) સ્થાનિક સોવિયેત ભાષામાં લખવામાં આવેલ છે પછી એનું ભાષાંતર રશિયન ભાષી બાળકો માટે રશિયન ભાષામાં કરવામાં આવ્યું છે. આ શીર્ષકો અસલ તો યુક્રેનિયન, બ્યેલો-

Scanned with OKEN Scanner

રશિયન, ઈસ્ટોનિયન, લેટવિયન, લિથુઆનિયન કઝાખ, આર્મેનિયન, જ્યોર્જીયન, મોલ્ડેવિયન, તુર્કમાનિયન અને તાતાર ભાષાઓમાં લખાયા હતા. હું એ હકીકત જાણું છું કે આવા પુસ્તકોના ઘણી વાર તો રશિયનમાં જ નહિ પણ બીજી બિન-રશિયન ભાષાઓમાં પણ અનુવાદ કરવામાં આવે છે. આમ એક રીતે જોઈએ તો યુવાનો માટેનાં રાષ્ટ્રીય સાહિત્યમાં અમુક પ્રકારની નોંધપાત્ર આંતર-સંચાર આવવા પામેલી છે.

છેક હમણાં જ મેં કેટલાક એવા પ્રજાસત્તાકોમાં પ્રવાસ કર્યો જ્યાં મેં સ્થાનિક બાળ પ્રકાશન સંસ્થાઓની મુલાકાત લીધી હતી— રાજ્ય પ્રકાશનના દૂરસુદૂર પથરાયેલા તમામ ભાગોની આ જાળગૂંથણી છે. હું સંપાદન ખાતાના આગેવાન સ્ટાફને મળી હતી. અમને છેક ને છેલ્લી ઘડી સુધીની માહિતી—તેઓના પ્રકાશનોના ક્ષેત્ર તથા ઉદ્દેશો પરત્વે આપી હતી.

લીથુઆનિયામાં આ ચિત્ર આ પ્રમાણેનું છે: વાગા રાજ્ય પ્રકાશકોએ ૧૯-૭૯માં ૧૨૪ શીર્ષક જુદી જુદી વયના બાળકો માટે પ્રકટ કર્યા છે અને તે લીથુઆનિયન ભાષામાં. આમાંથી ૫૦ લીથુઆનિયન સાહિત્યના ૨૧ રશિયન સાહિત્યમાંથી લીથુઆનિયન ભાષામાં ભાષાંતર, ૧૦ પ્રકાશનો બીજા સોવિયેત રાષ્ટ્રીય પ્રજાસત્તાકોમાંથી, એવી જ રીતે ૧૧ પુસ્તકો બિન-સોશ્યાલીસ્ટ દેશોમાંથી સ્થાનિક ભાષામાં ભાષાતર, ૨૦ પુસ્તકો બિન-સોશ્યાલીસ્ટ દેશોમાંથી લિથુઆનિયન ભાષામાં ભાષાંતર, ૫ રશિયન ક્લાસીકલ એવી જ રીતે અનુવાદમાં. વાગાએ રશિયનમાં ના એવા જ લેખકોની કૃતિઓ પ્રકટ કરી જેઓ લિથુઆનિયામાં રહે છે પણ રશિયન-માં લખે છે—આવા ૯ પુસ્તકો અને થોડી બીજી ચોપડીઓનો લિથુઆનિયનમાંથી રશિયન ભાષામાં અનુવાદ કરવામાં આવ્યો છે.

કુલ 30 લાખથી થોડી જ વધુ વસતી માટે ૩૮ લાખ બાળ પુસ્તકોની કોપીઓ ૧૯૭૯માં પ્રકટ કરવામાં આવી હતી. મને એવું કહેવામાં આવ્યું કે આ આવૃત્તિઓ વધારે મોટા કદની બનત, પણ કાગળની ખેંચ હતી. બીજી રાજ્ય પ્રકાશન સંસ્થાની માફક વાગા સાધારણ નફો કરે છે. નફો સામાન્ય રીતે મર્યાદિત હોય છે કારણ કે ચાવીરૂપ ઉદ્દેશ તો યુવાન વાચકોને વિવિધ પ્રકારની કૃતિઓ પૂરી પાડવાનો છે, જે સારી પેઠે છપાયેલી અને ચિત્રોવાળી હોવી જોઈએ તથા એનો નિષ્ણાતપણે અનુવાદ થયેલો હોવો જોઈએ.

Scanned with OKEN Scanner

પુસ્તકોનો મોટો ભપકો જે બાળકોના તંત્રીઓએ મારા વાંચન માટે કર્યો હતો તેઓના લેખકોની વિવિધતા હોય, વિષય અને પ્રકારની બાબતમાં ભારે અસરકારક હતી. ચિત્રોનું સૌંદર્ય તથા શૈલીની વિવિધતા એમાં હતી. કલાકૃતિ ઘણી વાર તો વ્યાવર્તક લિથુઆનિયન–બાલ્ટિક ઊર્મિલતા, રહસ્યમયતા, ભય પ્રકટતા, ખાસ કરીને તો લોક સાહિત્યના ચિત્રોમાં એની સૂત્રાત્મકતામાં, પૌરાણિક આકૃતિઓમાં અને ભેદી કપોળકલ્પિતતામાં પ્રકટ થતી હતી.

યેરેવાનમાં (લિથુઆનિયાનું પાટનગર) લુઈસ (Luis) પ્રકાશન (Luisનો અર્થ પ્રકાશ થાય છે) શાળાની લાયબ્રેરીઓ માટે પાઠયપુસ્તકો તથા અભ્યાસક્રમો સાથે સંકળાયેલા સાહિત્યને બહાર પાડે છે. સોવિયેત રાઈટર્સ પબ્લીશર્સનો બાળ પુસ્તક વિભાગ સ્વેચ્છાપૂર્વકના વાંચન માટેનું સાહિત્ય બહાર પાડે છે. આ બંને પ્રકાશન સંસ્થાના પુસ્તક આર્મેનિયન ભાષામાં જ હોય છે. યેરેવાન પેરીક્લીન એથેન્સથીયે પહેલાનું છે (ઈ.પૂ.૫૦૦), તે સમગ્ર પ્રજાસત્તાકની માફક આર્મેનિયન સાહિત્યિક સંસ્કૃતિમાં તરબોળ બનેલું છે. યુવા વાચકો માટે લોક તથા ક્લાસીકલ સાહિત્યના પૂરતા ઉત્પાદનમાં આ વ્યક્ત થાય છે.

૧૦૦ શીર્ષકોમાંથી (વાર્ષિક ૩૦ લાખની કુલ આવૃત્તિમાં) ૭૫ તો અસલ આર્મેનિયન ભાષામાં છે, ૨૫ સોવિયેત અને બીજી પરદેશી ભાષામાં છે. આર્મેનિયન બાળ સાહિત્ય સમગ્ર સોવિયેત સંઘમાં રશિયન ભાષી બાળકોમાં ખૂબ માંગ ધરાવે છે. આર્મેનિયન લોક વાર્તાઓની ખાસ અપીલ વિશ્વનાં બીજા ભાગોમાં પણ સારી પેઠે કદર મેળવતી હોય છે. દા.ત., બીજા મોસ્કો પુસ્તક મેળામાં ૧૯૭૯માં ભારતે આવા સંગ્રહની ૫૦ હજાર કોપીઓની વર્દીઓ આપી હતી અને પાકિસ્તાન તથા વિયેટનામ યુગોસ્લાવિયા વગેરેએ પણ વર્દીઓ આપી હતી. આ બધા દેશોએ કેટલાક આધુનિક આર્મેનિયન બાળ પુસ્તકો પ્રકટ કરવાનું વાજબી માન્યું છે. આર્મેનિયા પોતે પણ તમામ પ્રજાસત્તાકોની માફક એકાંકી પુસ્તકો અને ગ્રંથમાળાઓ પ્રકટ કરે છે કે જેથી કરીને પોતાના બાળકોને પરદેશી બાળલેખકોથી તથા લોક સાહિત્યથી પરિચિત રાખી શકાય. લુઈસ પબ્લીશર્સ તરફથી વિશ્વ પ્રજાઓની લોકકથાની ગ્રંથમાળા બહાર પડી છે. આ બધું અલબત્ત આર્મેનિયન ભાષામાં અનુવાદ સાથે થયેલ છે.

સોવિયેત આર્મેનિયા પરદેશમાં રહેતા એના બીજા જાતભાઈઓની મોટી સંખ્યા સાથે સંપર્ક ચાલુ રાખી રહેલ છે. હકીકતમાં તો ખુદ દેશમાં જેટલા આર્મે-

Scanned with OKEN Scanner

ના ભાગમાં વધુ પ્રમાણમાં રહે છે. આ નાનકડા
નિયનો છે તેના કરતા બહા[illegible]ના ભાગમાં વધુ પ્રમાણમાં રહે છે. આ નાનકડા રાષ્ટ્રનો ઇતિહાસ એટલો બ[illegible]ા વિચ્છેદક અને કટ્ટર છે કે એને માટે આવું બનાવા પામ્યું છે. આર્મેનિયન પાઠ્ય પુસ્તકો અને સ્વેચ્છાપૂર્વકના વાંચન માટેના પુસ્તકો નિયમિત રીતે ઘણાં આર્મેનિયન કુટુંબોને માટે બહાર મોકલવામાં આવે છે, આ કુટુંબો દુનિયાભરમાં સર્વસ્થળે રહેતા હોય છે.

આવા સાહિત્યિક પ્રકાશકો આર્મેનિયન બાળકોને બીજા સોવિયેત પ્રજાસત્તાકોમાં પ્રકટ થતી શ્રેષ્ઠ કૃતિઓથી વંચિત રાખતા નથી. એક નીતિ તરીકે દર વરસે ૧૫-માંથી ત્રણ પ્રજાસત્તાકોમાંથી કૃતિઓનાં ફરતા સંગ્રહો આર્મેનિયન ભાષામાં "મિત્રતા" ગ્રંથમાળામાં બહાર પાડવામાં આવે છે.

યુક્રેનમાં (Vesilka) રેઈનબો પ્રકાશનો ખાતે બાળ પુસ્તકોની મહેફીલના પ્રદર્શનથી મારી આંખો મુગ્ધ બની હતી નીગેત્રા શેવચેન્કો જેઓ આ પ્રકાશક સંસ્થાના સંપાદક છે તેમણે એમની પ્રકાશન સંસ્થાએ પ્રકટ કરેલા સાહિત્યનાં "સર્જક તત્ત્વો" માટે "લાલ બેનર"નો પડકાર મેળવ્યો છે તે મારે જાણવું જોઈએ એમ તેમની ઈચ્છા હતી, તેમ એના પુસ્તકોની કલાત્મક ડિઝાઈનનો પણ આ પડકાર હતો. રેઈનબો તથા સમગ્ર પ્રજાસત્તાક માટે અને એના ૧૫ લાખ નાના વાચકો માટે આ પ્રકાશનો છે.

દર વરસે ૨૨૫ થી ૨૫૦ શીર્ષકોનું ઉત્પાદન છે — ૪ કરોડ નકલોમાં ચાર વય જૂથો માટે એ હોય છે; કારણ કે મોટા ભાગના આ પુસ્તકો યુક્રેનિયન ભાષામાં હોય છે.

યુવા વાચક માટે બીજા પણ કેટલાક પ્રકાશકો છે. Molod (યુવાન) કિશોરો માટે પુસ્તકો બહાર પાડે છે તેમ સામયિકો પણ બહાર પાડે છે. કલા-પ્રકાશકો અમેચ્યોર જૂથો માટે પુસ્તકો અને પુસ્તિકાઓ બહાર પાડે છે. આ જૂથો લલિત-કલાઓ અને એપ્લાઇડ કલાઓમાં હોય છે, તે શાળાઓ અને હોબી કેન્દ્રોમાં કામ કરતાં હોય છે, મ્યુઝીકલ યુક્રેન બાળકો અને કિશોરોના અમેચ્યોર જૂથો માટે સામગ્રી પ્રકટ કરે છે. યુવા વાચકોના બધા પ્રકાશકો વરસે દહાડે ૩૫૦ શીર્ષકો સાડા ચાર કરોડ નકલોમાં આ બધું પ્રકટ કરે છે.

આવા પુસ્તકોની કિંમત પાંચ કોપેકથી માંડીને ૨ થી ૩ રૂબલની હોય છે. એકાકી વાર્તાઓના પેપરબેકો ૮ લાખ આવૃત્તિઓમાં ૧૦ થી ૧૫ કોપેકોમાં વેચાય

છે. આવા પુસ્તકો સુંદરતા રંગબેરંગી ચિત્રોવાળા હોય છે. વધારે મોંઘા પુસ્તકો લોકવાર્તાઓના સંગ્રહોની સખાવતી આવૃત્તિઓ હોય છે, જેમ કે પોલીશ પણાત્રિકાગત વાર્તાઓ સાતરંગોના ચિત્રોમાં છે અને તે ૧.૨૦ રૂબલમાં વેચાય છે અને તે (અધૂરી) ૬૫ હજાર નકલોમાં પ્રકટ થાય છે. વાર્તાના ગ્રંથો દરેક ભિન્ન ભિન્ન પ્રજાસત્તાકમાંથી યુક્રેનિયન ભાષામાં અનુવાદ થાય છે તે કોપી દીઠ એક રૂબલને ભાવે વેચાય છે.

રાષ્ટ્રીય યુક્રેનિયન નીતિમત્તા સ્થાનિક ભાષામાં જ વ્યક્ત થતી નથી (આમાં મોટા ભાગનાં પુસ્તકો પ્રકટ થતાં હોય છે) પણ લોકસાહિત્યની સમૃદ્ધિમાં અસંખ્ય ક્લાસીકલ યુક્રેનિયન કવિઓ અને ગદ્ય લેખકો યુવાવાચકને ઉપલબ્ધ થાય છે તેમાં પણ વ્યક્ત થાય છે.

સંપાદકો, લાયબ્રેરીઓનો અને મોલ્દેવિયા તથા ઈસ્ટોનિયાના લેખકો સાથેની મારી વાતચીત દરમ્યાન એવી જ સાબિતી બહાર આવવા પામી છે કે અહીં બાળકોને તેમની માતૃભાષામાં લખાયેલા અને પ્રકટ થયેલા પુસ્તકો સંપૂર્ણપણે પ્રાપ્ય હોય છે, તેમ રશિયન અને બીજી સોવિયેત સંસ્કૃતિમાંના ભાષાંતરો પણ પૂરતા પ્રમાણમાં પ્રાપ્ય હોય છે.

સોવિયેત કીરગિઝીઆના પ્રજાસત્તાકમાં યુવા વાચકો અને પુસ્તકો સાથેનું કાર્ય એટલું બધું સુપ્રસ્થાપિત અને વ્યાપક છે કે આ પ્રજાસત્તાકમાં ૧૯૭૮માં બાળકો અને કિશોરો માટે પરંપરિત અખિલ યુનિયન પુસ્તક સપ્તાહના ઉદ્‌ઘાટનમાં આ નિમિત્તે ફ્રુન્ઝમાં (એના પાટનગરમાં) લેખકો અને યુવા વાચકોના પ્રતિનિધિમંડળો તમામ પ્રજાસત્તાકોમાંથી આવ્યા હતા. એ સમાહ દરમ્યાન તમામ વયના શાળાનાં બાળકો લોકપ્રિય પુસ્તકોના લેખકોને મળ્યા હતા. મોટી ઉંમરના વિદ્યાર્થીઓએ તેઓની સાથે ચર્ચાઓ ચલાવી હતી થિયેટર ઓડીટોરિયમો અને મ્યુઝિયમો યુવા લોકોથી છલોછલ ભરાઈ ગયા હતા કારણ કે કથાના નાયકોની ઉજવણી નિમિત્તો સાહિત્યિક વાંચનો તથા કવિઓની સાંજ ઉજવવામાં આવી હતી. સપ્તાહના કાર્યક્રમોનો ઉદ્દેશ એ હતો કે યુવા વાચકોને પુસ્તકો ભણી વધુ આકર્ષવા; અને તેઓની સમક્ષ એવું વધારે જોરશોરથી પ્રકટ કરવું કે વિશ્વનાં ક્લાસીકલ તથા આધુનિક સાહિત્યોમાં કેવા કેવા ખજાના ભર્યા પડયાં છે; અને સાથે સાથે યુવા વાચકો માટેની સાહિત્યિક સેવામાં સુધારા કરવા

આખું શહેર મોટા મોટા અક્ષરોમાં પોસ્ટરો અને સૂત્રોથી છવાઈ ગયું હતું અને ધજાપતાકાઓ ઊડતા હતાં અને એ દ્વારા પુસ્તકોની આ ઉજવણી થતી હતી. એમાં યુવાન માણસને એવી હાકલ કરવામાં આવી હતી કે, "પુસ્તકો પાસેથી ધરતીને ચાહવાનું શીખો;" યાદ રાખો કે "આજે શાળાની પાટલી ઉપર છો — આવતી કાલે ફાર્મ ઉપર અને ખેતરમાં હશો." અને પુસ્તકો તમને "૧૦૦ માર્ગો-એ લઈ જશે — એમાંનો એક તો તમારો પોતાનો હશે"... એટલે કે તમે પસંદ કરેલા વ્યવસાયનો એ હશે. શહેરમાં "પુસ્તકોના મિત્રો" પણ ભરપૂર હતા. યુવા પુસ્તક પ્રેમીઓનું રાષ્ટ્રીય સંગઠન જે શિક્ષકોને અને પ્રકાશકોને મદદ કરે છે કે જેથી કરીને તેઓ મિત્રો મેળવી શકે અને પુસ્તક વાચક ઉપર અસર પહોંચાડી શકે.

શક્તિનો ઉષ:કાળ — શાળાની પ્રવૃત્તિઓ પછીથી શોધ, વિકાસ અને મોજ

એક એવો સુયોગ્ય મુદ્રાલેખ છે જે શાળા પછીની પ્રવૃત્તિઓના રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમોના એકંદર હેતુનો મર્મ બતાવે છે: "મુગ્ધતામાં ...વું." જ્યારે વર્ગો પૂરા થાય છે ત્યારે નાના બાળકો દિવસ દરમ્યાન શું અને કેવું વર્તન કરે છે? અને મુગ્ધતાનો આ કેવો પ્રકાર છે?

યુવાન કલાકારોનું સપ્તાહ એપ્રિલમાં દેશભરમાં ઉજવવામાં આવે છે. આમાં પ્રદર્શનો અને હરીફાઈઓ યોજવામાં ...વે છે જુદા જુદા સમયે સમાંતર કાર્યક્રમો યોજવામાં આવે છે, જેમાં નાના વિજ્ઞાનીઓ, રોકેટ મોડેલરો, જહાજ મોડેલરો, નાના નિસર્ગ ગામીઓ, એમેચ્યોર રેલ્વેમેનો, માર્ગ શોધકો, રમતગમતવાળાઓ, સંગીતકારો, કવિઓ, ચેસ રમનારાઓ, વગેરે આ હરીફાઈમાં ભાગ લેતા હોય છે.

દરેક રસવૃત્તિ માટે Kruzhki

સમજ સોવિયેત બાળકો, કિશોરો, વગેરેને શાળા પછીથી તથા શનિ-રવિએ આનંદપ્રમોદની બેસુમાર વિવિધતાઓ પૂરી પાડે છે. મોટા ભાગના છોકરા-છોકરીઓ એક યા બીજી રસવૃત્તિનાં વર્તુળોમાં જોડાય છે. તેઓના સભ્યોને ક્રૂઝકો-વન્સી કહેવામાં આવે છે. યંગ પાયોનિયરોના પેલેસોમાં અથવા ઈમારતોમાં બાળ ટેકનિશ્યન અથવા તો બાળ નેચરાલીસ્ટ સ્ટેશનો તેમજ પર્યટન કે પ્રવાસી કેન્દ્રો ખાતે તેઓનું સંગઠન કરવામાં આવે છે. વર્તુળોની મોટી વિવિધતા પણ વર્ગો

બાદ શાળા મકાનમાં જ મ[illegible] છે અને બીજા સ્થાનો સાંસ્કૃતિક પેલેસો અને ઊભા કરવામાં આવે છે. આ બધા કોમ્યુનિટી ક્લબોનાં મકાનો હોય છે. અહીં હજારો પાર્ટ ટાઈમ રમતગમતની શાળાર[illegible], રમતગમતના વિભાગો તેમ જ બીજા પ્રકારનાં જૂથો હોય છે. તેઓ બાળકોને [illegible]મતગમતોની વ્યાપક વિવિધતા માણવામાં સહાય કરે છે (શાળા સમય પછીની પ્રવૃત્તિનો રમતગમતોનો વ્યાપક કાર્યક્રમ પુસ્તકના અલગ પ્રકરણમાં વર્ણવવામાં આવ્યો છે)

Kruzhkiનો કેન્દ્રી[illegible] હેતુ પોતાની ખાસ રસવૃત્તિઓને વિકસાવવા માટે નાનાં બાળકોને તક પૂરી પાડવાનો છે અને અહીં તેઓ પોતાના વલણો તથા શક્તિઓની ચકાસણી કરી જુએ છે. તેઓ અહીં કલાના, વિજ્ઞાનના અને નિસર્ગ અભ્યાસના વર્ગીકરણો ખોળી કાઢે છે તેમ બીજી અમેચ્યોર પ્રવૃત્તિઓ પણ ખોળી કાઢે છે. આ કાર્યક્રમની એક આડ[illegible] [illegible]થ એ છે કે છોકરા-છોકરીઓને એવી તક પૂરી પાડવી કે જેનાથી તેઓ વ્યવસાયની પોતાની પસંદગીઓ પહેલાં શરૂ કરી શકે. Kruzhkiની જાળગૂંથણી અખિલ યુનિયન લેનિનીસ્ટ યંગ પાયોનિયર સંસ્થાની હેઠળ કામ કરે છે. એની સભ્ય સંખ્યામાં ૧૦ થી ૧૫ વર્ષની વયનાઓની લગભગ સમગ્ર વસતીને સમાવી લેવામાં આવે છે.

૧૯૨૨માં થોડાં જૂથો સાથે એની સ્થાપના કરવામાં આવી હતી. એ પછીથી આ સંસ્થાએ લગભગ સમગ્ર સોવિયેતના શાળાની વયના બાળકોને આવરી લેવા જેવો વિકાસ સાધ્યો છે. આલ્વેતીના ફેદુલોવા જેઓ સેન્ટ્રલ કાઉન્સિલના અધ્યક્ષ છે તેમના શબ્દોમાં કહીએ તો આ સંસ્થાના ઉદ્દેશો આ પ્રમાણે છે :

> "નાનાં બાળકોમાં પોતાના દેશ માટેનો પ્રેમ પોષવો, જ્ઞાનની ખોજની અભિપ્સા જગાડવી, પોતાની કોમ અને સમાજ માટેના કામમાં સક્રિય ભાગ લેવા માટે તેઓને તૈયાર કરવા... આ સંસ્થા બાળકોમાં ભલાઈ, સમજદારી અને વિશ્વભરના બાળકો સાથેની મિત્રતાની વૃત્તિ, વગેરે કિંમતી માનવીય લક્ષણોમાં મદદ કરે છે. એ સાથે જ અમે એવું તો અમારા મનમાં યાદ રાખતા જ હોઈએ છીએ કે બાળકને પોતાના જ આગવા હિતો અને હોબીઓ હોવા જોઈએ (લેખિકાનો ભાર).

"આ ઉદ્દેશો દેશના ૯ હજાર અભ્યાસક્રમ બહારની યંગ પાયોનિયર સંસ્થાઓમાં મૂર્ત કરવામાં આવ્યો છે. આમાં ૫ હજાર યંગ પાયોનિ-

Scanned with OKEN Scanner

યર પેલેસ અને હાઉસીસ, આશરે ૧૫૦૦ યંગ ટેકનિશિયન સ્ટેશનો, ૬૯૦ યંગ નેચરાલીસ્ટ સ્ટેશનો અને ૨૫૦ જેટલા બાળ પર્યટનો અને પ્રવાસી કેન્દ્રો વગેરેનો સમાવેશ થાય છે. વલણો અને મૂલ્યો ઉપરાંત આ સંસ્થા ઉપર જણાવેલી સંસ્થાઓને પ્રોત્સાહન આપે છે જે બાળકના સર્વદેશીય શિક્ષણમાં ફાળો આપે છે અને તેઓ કઈ બાબતમાં સારા છે તે તેઓ ખોળી શકે છે.

Kruzhkiમાંનું અને પાયોનિયરમાંનું આવું સભ્યપદ [illegible] કે સ્વેચ્છાપૂર્વકનું છે એટલે કેટલાંક છોકરા-છોકરીઓ એમાં ન જોડાવવાનું પસંદ કરતા હોય છે. તેઓનો જંગી રસાલો શાળા પછીએ શનિ-રવિએ મનોરંજનનાં કેન્દ્રોમાં સ્વાગતનાં દરવાજે ઊતરી પડતો હોય છે. એમાં તેઓ પોતાના પાયોનિયરનો કીરમજી રંગનો ગરદન રૂમાલ રાખેલો હોય છે અને તેઓ જુદા જુદા કલબ રૂમોમાં વેરાઈ જતા હોય છે, અવકાશયાત્રીઓના પોશાકમાંનો છોકરો પોતાના પેલેસના પ્લેનેટોરિયમમાં જાય છે અને બાળા પોતાના પોશાકમાં એવા ઓડીટોરિયમમાં જાય છે, જ્યાં તેણીનું નાટય જૂથ રિહર્સલ કરતું હોય છે. થોડા બાળ પ્રવાસીઓએ પૂરા તોરથી પગપાળા પ્રવાસે જવાની તૈયારી કરી [illegible] હોય છે.

જે શિક્ષકોને પોતાના વિષયનું સારું જ્ઞાન હોય છે અને નાના બાળકો સાથે કામ લેવાની ખાસ આવડત હોય છે અને તેઓની શકિતઓના તથા રસવૃત્તિમાં કાળજી હોય છે તેઓ આ ક્રુઝકીમાં મોખરે હોય છે. તેઓને પોતાના કાર્ય પ્રમાણે પગાર મળે છે. ઘણા કલાકારો, નટો, સંગીતજ્ઞો, ઇજનેરો, ટેકનિશ્યનો પણ આમાં મદદ કરતાં હોય છે.

તેઓ અઠવાડિયે બે કે એથી વધુ કલાકો આમાં આપતા હોય છે અને આ પ્રવૃત્તિઓ ચલાવતા હોય છે. જ્યારે તાલીમી સ્ટાફની અછત હોય ત્યારે તેઓ આ બધું ચલાવતા હોય છે. ફેક્ટરીઓ, ટેક્નોલોજિકલ શાળાઓ, કલા કેન્દ્રો ઘણી વાર એના આશ્રયદાતા તરીકે કામ કરતા હોય છે અને તેઓ મશીનો, ઓજારો, ફર્નિચર અને બીજી સામગ્રી દાનમાં આપતા હોય છે. એક અવકાશયાત્રી, જહાજનો નિવૃત્ત કપ્તાન કે શિલ્પી આવા ક્રુઝકી જૂથના હિમાયતીઓ બની જતા હોય છે.

પાયોનિયર પેલેસ અને પાયોનિયર હાઉસ શહેર, નગર અને મોટા રાજ્ય ફાર્મોમાં અસ્તિત્વ ધરાવતા હોય છે અને જ્યાં તેઓની હજીયે હસ્તી નથી ત્યાં

રસવૃત્તિનાં વર્તુળો હાઉસીસ ઓફ કલ્ચરમાં સંગઠિત કરવામાં આવે છે. આ માટે જુદા જુદા સ્થળો ફાજલ પાડવામાં આવ્યા હોય છે. નવાં સમાજોમાં, મોટા ડિપાર્ટમેંટ હાઉસ સંકુલોમાં આ બધું ગોઠવાતું હોય છે. જે સ્થળે વિસ્તૃત અને ખર્ચાળ શાળા-પ્રવૃત્તિ પછીના કાર્યક્રમો ગોઠવાતાં હોય છે તેમાં દરેકે દરેક બાળકની અમુક વૃત્તિ, શક્તિ કે કાંઈ પ્રવૃત્તિનું સમર્થન કરવામાં આવે છે. સવાલ એ એક પોતાની વૃત્તિ શોધી કાઢે અને વિકસાવે એની તક આપવાનો જ હોય છે.

લેનિનના વારસદારો માટેનાં "મહેલો"
રાજકુમારો માટેના નહિ

યુક્રેનના કીવમાં યંગ પાયોનિયર કેન્દ્રમાં ૫૩ શિક્ષકો આવા વિધાનને વરેલા છે. આ કેન્દ્ર અઠવાડિયાના સાત દિવસ પ્રવૃત્તિનો મધપૂડો છે. દસ એક હજાર બાળકો આવે અને થોડું લે છે શાળા પછીના બાદનાં કલાકો માણવા માટે અહીં વારંવાર આવતા હોય છે અને તેમને શેમાં ફાવટ આવશે તે તેઓ ખોળી કાઢે છે: વાજાં વગાડે છે, કોરસમાં ગાય છે, વિમાનોનું મોડેલીંગ કરે છે અગર તો કલાસીકલ નૃત્યો કરે છે. એમને કોઈએ એમ તો કહેલું જ નથી કે તેઓ શક્તિશાળી નથી. તેઓને નિષ્ફળતા માટે કોઈ ઠપકો આપતું નથી. આમાંનો મોટો ભાગ તો વિમાની ઈજનેરો બનવાનો નથી કે બેલેરીના બનવાનો નથી, પણ જેઓ આવું બધું બનવાના છે તેઓનું શું? કેન્દ્રના શૈક્ષણિક આયોજનના વડાએ જણાવ્યું હતું કે, "બાળક પોતાનો ફુરસદનો સમય જુદી જુદી રમતો રમવામાં ગાળે છે કે ટ્રાન્ઝીસ્ટર રેડિયો ઊભો કરવામાં ગાળે છે, આ બંનમાંથી તેને આનંદ પ્રાપ્ત થાય છે. હું જાણું છું સોમાંથી નવ્વાણું બાળકો કે જેઓ આવો રેડિયો બનાવવાનું, ફિલ્મ બનાવવાનું, ગીત ગાવાનું કે ચેસ રમવાનું પસંદ કરે છે અને પોતે શેમાં સારા છે તે તેઓ જાણી કાઢે છે અને અમારો પણ એ જ મુખ્ય ઉદ્દેશ છે."

આ કીવના પાયોનિયર હાઉસનો ઉપયોગ સામાન્ય શાળા તરીકે થતો હતો; પણ હવે એમાં ૨૦ મોટા ઓરડાઓ પવન વાદ્યો, ઈલેકટ્રીક સિતારો, ફિલ્મ કેમેરાઓ,

Scanned with OKEN Scanner

કામની પાટલીઓ, લેથ, વગેરેથી સભર છે. આ કેન્દ્રો અને એના કુઝકીને સ્થાનિક કેળવણી ભંડોળમાંથી નાણાં મળે છે, યુક્રેનમાં બીજાં ૭૮૪ કેન્દ્રોને પણ આવી જ સહાય મળે છે. જ્યારે આ શાળાને મનોરંજનનાં કેન્દ્રમાં પલટાવી નાંખવામાં આવી ત્યારે શહેરે ચિત્ર-દીવાલ તથા બાસરિલિફ્સ માટે તથા તાંબાના શણગારો અને ફરનિચરો માટે હજારો રૂબલોનું ખર્ચ કરી નાંખ્યું હતું.

પાયોનિયરના મહેલો આથીયે વધારે સમૃદ્ધ છે. "મહેલ" શબ્દ આ સંદર્ભમાં મોટે ભાગે તો ઑક્ટોબર ક્રાંતિ પછીથી યોજાય છે જેમાં અગાઉ અસંખ્ય મહેલો અને હવેલીઓ જે રાજરજવાડાઓનાં અને ઉમરાવશાહીના હતા તે બધા જ બાળકોની ફુરસદની પ્રવૃત્તિઓને હવાલે કરી દેવામાં આવ્યા. ત્યારથી માંડીને નૂતન બંધાયેલા મનોરંજનના કેન્દ્રો એટલી જ વિશાળતા અને આધુનિક સુઘડતાઓ સાથે બાંધવામાં આવ્યા છે એટલે તેઓને પણ એ જ પ્રમાણે મહેલ કહેવામાં આવે છે. લેનિનગ્રાદનો પાયોનિયર મહેલ ૧૮મી સદીની શહેરની ... આનીચકોવ મહેલ— મહાન કેથેરીયનના રાજ્ય અમલ દરમ્યાન બાંધવામાં આવ્યો હતો. એ 300 ઓરડાવાળું મકાન છે. એની દીવાલોમાં ... આવરણ આપવામાં આવ્યું છે, આરસના પૂતળાઓ, પીછાવાળા ... ચિત્રોથી છપાયેલી જમીન, સ્ફટિકની હાંડીઓ અને ઝૂમરો, વિસ્તૃત કામના ચાકડા કામની નકસી અને ગીલ્ટ પ્લાસ્ટીકની કોતરણી એના અત્યારના ઉપયોગ કરનારાઓ માટે અતિશય સ્વચ્છ રાખવામાં આવે છે; અને શહેરનાં પાયોનિયરોના આગવા વપરાશ માટે જ છે. હવે અહીં થોડા પંપાળાયેલા રાજકુંવરો નહિ પણ સોવિયેત શ્રમજીવીઓના હજારો બાળકો એકઠા થાય છે અને જુદા જુદા ૬૦૦ કુઝકીમાં તેઓ સંગઠિત થયેલા હોય છે. દરરોજ ક્રમમાં કમ ૩૫૦૦ બાળકો હવે તેઓનો જે મહેલ છે તેમાં આવે છે અને પોતાનાં કેટકટલાય હિતોના અનુસંધાનમાં તેઓ આવતા હોય છે.

મેં રમકડાં બનાવતાં વર્તુળની મુલાકાત લીધી હતી, આ ઉપરાંત ચેસ ક્લબ, કવિતા અને સંગીતિક કુઝકી તથા નાટ્ય જૂથોની પણ મુલાકાત લીધી હતી. વિવિધતા, કેળવણી, સામગ્રી અને સૌથી વિશેષ તો યુવાન લોકો અને તેઓની આતુરતાની મારી ઉપર એવી છાપ પડી છે કે લેનિનગ્રાદ તો ક્યારનુંયે ૨૧મી સદીમાં આવી ગયું છે. એના યુવાનોએ એટલી બધી આગેકૂચ કરી છે કે આ યુવાન નાગરિકો પોતાનો ફુરસદનો સમય આ રીતે પસાર કરે છે. અને બાળકોની શક્તિ તથા આ શક્તિઓ વિકસાવવા માટેની સાંસ્કૃતિક તકોની મહત્તાના ખ્યાલ

Scanned with OKEN Scanner

અહીં એટલી બધી અગાઉથી જ અમલમાં મૂકવામાં આવેલો છે. અહીં નાનાં ભૂલકાઓને પણ વિસરી જવામાં આવ્યા નથી. મહેલના બે ઓરડાઓ પરીકથાના ઓરડામાં ફેરવી નાંખવામાં આવ્યા છે. એની ભોંયથી છતને ભીંતચિત્રોથી ઢાંકી તથા શણગારી દેવામાં આવ્યા છે અને તે પણ પરંપરિત પાલેખ શૈલિ જે રશિયન મધ્યકાલીન પ્રતીક [illegible]લામાં [illegible]પરાતી હતી તેનો અહીં ઉપયોગ થયો છે.* નાના બાળકો આ ઓરડાઓમાં આવે છે. પૌરસ્ત્ય શેતરંજીઓ ઉપર બેસે છે (તેઓ માટે આ પાથરી રાખવામાં આવેલી હોય છે) અને તેઓ પોતાના પ્રિય સ્કાઝકી લોક અને પરીકથાઓ સાંભળે છે.

સેન્ટ્રલ મોસ્કો પાયોનિયર મહેલનું સ્થાપત્ય, જે લેનિન હિલ્સ ઉપર છે તે, આધુનિક છે. એમાં [illegible]કની આઠ ઈમારતો કાચ અને કોંક્રીટની છે, એનો બહ્ય ભાગ અને અંદરના [illegible]ત્રો તથા શોભા નોંધપાત્ર રીતે આધુનિક શૈલીમાં છે. ૧૯૬૨માં એનું [illegible]થયું. અઢી કરોડ રૂબલને ખર્ચે આ કેન્દ્ર ૧૫ હજાર માણસોને સુવિધા પૂરી [illegible] એના અંદરના ભાગમાં જંગી મુખ્ય લોબીમાં શિશિર બાગ છે અને શાક[illegible] જેનું વાવેતર કામ બાળકો કરે છે. ત્રણ એવા ઑડીટોરિયમો છે [illegible] અને રીહર્સલ માટેનાં છે. કુઝકી માટેનાં ૪૦૦ બેઠક ઓરડાઓ છે, ફિલ્મ સ્ટુડિયો બોલરૂમ, સ્ટેજ નીચેના ઓરડાઓ સામગ્રી માટે તથા પ્લેનેટોરીઅમ માટે રાખવામાં આવ્યા છે નાના અવકાશયાત્રી પાયોનિયરોનાં વર્તુળો એનો ઉપયોગ કરે છે એક વિભાગ શિલ્પ અને મુદ્રણનો પણ છે. ૬૦૦૦ પુસ્તકો અને સામયિકોવાળી એક લાયબ્રેરી છે અને રમત-ગમતોની શાળા માટે જ મોટું સ્ટેડિયમ છે. આ મહેલ આ બધા વિભાગો ચલાવે છે.

પણ તો માત્ર મોટામાં મોટા શહેરોને જ આવી દબદબાભરી સગવડો પૂરી પાડવામાં આવી નથી, દા.ત. ચુકોત્કામાં. આ તો એક આછી વસતી વાળો વિભાગ છે અને તે છેક ઉત્તર-પૂર્વમાં ઉત્તરધ્રુવ પ્રદેશની નજીક આવેલો છે. ત્યાં પણ થોડાં

---

* પાલેખ લઘુક કલાકૃતિઓએ સોવિયેત ગાળામાં વ્લાદીમીર વિભાગના પાલેખ નામના ગામડામાં દેખા દીધી હતી. પાલેખ રશિયન પ્રતીકતાની કલામાં મહત્ત્વનું કેન્દ્ર હતું. એના કારીગરોએ તૈયાર કરેલી કારીગરી ૧૮મી અને ૧૯મી સદીમાં પ્રખ્યાત હતી. આ પરંપરા ચાલુ રહી છે.

વર્ષ પર એક પાયોનિયર મહેલ ખોલવામાં આવ્યો છે. અદ્યતન સામગ્રીથી એ બાંધવામાં આવ્યો છે એમાં ઉત્તમ ઉષ્મા તથા સગવડ અને ભીપણ આઓહવામાં પૂરી પાડવા માટે તે રચાયો છે. જે સૌંકડો બાળકો અહીં મળતા હોય છે. તેઓને માટે અંદરના ભાગમાં સ્વીમીંગ પૂલ છે, વૃક્ષો તથા છોડવા માટે પ્રયોગો કરવા માટે અસંખ્ય હોટ-હાઉસો રાખવામાં આવ્યા છે, અને કુઝોની ભિન્ન ભિન્ન જાતોમાંના સામાન્ય સામગ્રીનો પણ આમાં સમાવેશ થયો છે.

પ્રત્યેક રાષ્ટ્રીય પ્રજાસત્તાકને એ ગમે તેટલું નાનું હોય તોયે એને પાયોનિયર મહેલો પૂરા પાડવામાં આવ્યા છે. મેં યેરેવાનમાં (આર્મેનિયાનું પાટનગર) શૌમીઅન પાયોનિયર મહેલની મુલાકાત લીધી હતી. આર્મેનિયા દક્ષિણ-પશ્ચિમ કોકેસસમાં આવેલું છે. મેસ્કોથી કેટલાંક જેટ ઉડ્ડયનો પર એ આવેલું છે. આ મહેલનું નામ સ્તેપાન શૌમીઅન પરથી રાખવામાં આવ્યું છે. સમગ્ર ... અહીં સમાઈ ગયેલો છે. આ મનુષ્ય ચુસ્ત ક્રાંતિકારી હતો. આંતરવિગ્રહના ... દરમ્યાન બ્રિટિશ ઘૂસણખોરોએ જે ૨૬ કોમીસારોને ઠાર કર્યા હતાં તેમાંના તે એક હતો. આ જંગ નવા સોવિયેત રાજ્યના ઉગાર ... લડાયો હતો. યુવાન આર્મેનિયન પાયોનિયરો જેઓ આ કેન્દ્ર આનંદ કરે ... હોય છે વીરનર પ્રત્યેના પ્રેમની ભાવનાથી ઓતપ્રોત થયેલા છે; અને તેઓ પણ જાણતા હોય છે કે આ પુરુષ એમના માટે પણ લડયો હતો અને પ્રાણાર્પણ કર્યું હતું.

અહીં ૩ હજાર પાયોનિયરો નોંધાયેલા છે અને તેઓ દરેક પોતાના વર્તુળોમાં નિયમિત હાજરી આપતા હોય છે. સૌથી વધુ લોકપ્રિય કુઝકી દેશભરમાં વિજ્ઞાન, ટેકનોલોજી, નિસર્ગ અભ્યાસ, ફોટોગ્રાફી, સંગીત અને બીજી કલાઓ માટે જાણીતું છે. તેઓનો મહેલ પોતાના બાળકો માટે દશ્યકલાઓમાં નોંધપાત્ર કામગીરી બજાવે છે. આર્મેનિયામાં આ સર્વસામાન્ય રીતે રાષ્ટ્રીય લોકપ્રિયતા ધરાવે છે, અને તળપદા લોકવાજિંત્રો, કામળા બનાવવો, શૃંગાર કલાઓ, વગેરેનો આમાં સમાવેશ થાય છે. કિશોરીઓનું એક જૂથ રાષ્ટ્રીય વાજિંત્ર —કાનોન (Kanon)—વગાડવાનો અભ્યાસ કરે છે, કાનોનને ૭૬ તાર હોય છે અને તે સારંગીને મળતું આવે છે. એના ઉપર પ્રભુત્વ મેળવવું ખૂબ જ કપરું છે. કિશોરીઓએ મારા માટે કેટલોક ભાગ બજાવ્યો હતો, અને મને પુષ્કળ આનંદ આવ્યો હતો. આ સંગીતમાં ઊર્મિગીત ગાયું હતું અને તે એટલું બધું આહ્લાદક હતું કે જાણે દેવદૂતો એ વગાડતા હતા મેં એક કિશોરીને પૂછયું કે, તમો કાનોન ભણી શા માટે આકર્ષો છો, કારણ કે આ તો બહુ જ અઘરું

વાજિત્ર છે." તેણીએ જવાબ આપ્યો કે, "એનાં જે રીતે મધૂર સૂરો ઊભા થાય છે તે મને ગમે છે." આર્મેનિયન સંગીતજ્ઞ ખાચાનુરીઅને એને માટે સુંદર સંગીત લખ્યું છે જેથી કરીને અમારા આખા દેશનું તે વાજિત્ર બની ગયું છે અને અમારા લોકોને કાનોન સંગીત સાંભળવાનું ખૂબ જ ગમે છે રૂઢિગત રીતે આ મૃદુવાદ્ય માત્ર સ્ત્રીઓ જ વગાડે છે. અહીં ભરવાડનો પાગે છે, પાવા સમુચ્ચય છે. તે છોકરાઓ માટે છે.

આ મહેલની બધી જ પ્રવૃત્તિઓ આર્મેનિયન ભાષામાં ચાલે છે. આંતરરાષ્ટ્રીય મૈત્રી ક્લબના નાનકડા સાથીયો પાસે મેં રશિયન ભાષામાં બોલવાનો પ્રયત્ન કર્યો. જો કે બાળકો એ ભાષા સમજતા હતા પણ તેઓને એમાં બોલવાનું કઠણ લાગતું હતું. આ કેન્દ્રની પ્રવૃત્તિઓ સમગ્ર શહેરને આવરી લે છે. રજાની ઉજવણીઓ તેઓ માણે છે, એમાં કાંઈ નહિ તોયે ૪૫ થી ૫૦ હજાર બાળકો ભાગ લેતા હોય છે. રજાની ઉજવણીઓ, રાષ્ટ્રીય દિવસો, રમતગમતની હરીફાઈઓ, વગેરે માટે શહેરમાં પાંચ મહેલો છે અને એક પાયોનિયર હાઉસ છે. આ બધું કેન્દ્ર ઉપરાંતનું છે

ડિરેક્ટર આકોપ સારકિસીઅને હું એમ જાણું એવું ઇચ્છયું હતું કે આ મહેલની વિજ્ઞાન અને ટેકનોલોજીની કુઝ... ...જરી મારે જોવી જોઈએ. તે કાયમી સોવિયેત સંઘની રાષ્ટ્રીય આર્થિક સિદ્ધિઓનાં મોસ્કો ખાતેના પ્રદર્શનમાં છે. આ બાળકોનું કાર્ય "જોય ઓફ યુરોપ" ઉજવણીમાં બનાવવામાં આવ્યું હતું. આ ઉત્સવ બાળકોની અમેચ્યોર કલાઓનું હતું અને તે બેલ્ગ્રેડ — યુગોસ્લાવીઆ ખાતે ૧૯૭૪માં ભરાયું હતું. વ્યવસાય તરીકે તો માજી શિક્ષક સારકીસીઅન આ મહેલના ૧૦ વર્ષ પહેલા, એની સ્થાપનાના સમયથી, ડિરેક્ટર તરીકે કામ કરે છે. એમણે જે સમર્પણતાની ભાવના તથા દેખીતી આવડત બતાવી છે તે પરથી જોતાં તેઓ પોતાની કાર્યકારી જિંદગીનો બાકીનો ભાગ પણ અહીં ગાળશે એમ લાગે છે. આવી લાંબાગાળાની સેવા, ગંભીરતા, પરિપૂર્ણતા તેમ જ વ્યાવસાયિકતા ઘણું ઘણું કહી જાય છે. બાળ-ઊછેરની નેતાગીરી સાથે આ બધુ સંકળાયેલું છે. આવી અનરાધાર સેવા સોવિયેત સંઘમાં આ ક્ષેત્રમાં ઠીક ઠીક પ્રવર્તે છે.

ફ્રુન્ઝ, કીરગિઝીઆમાંના પાયોનિઅર મહેલની મેં મુલાકાત લીધી હતી. આનું નામકરણ કીરગિઝીઆના વીરપુરુષ કિચાન ઝાકીપોવ પરથી રાખવામાં આવ્યું છે ખેતીના સામૂહીકરણ દરમ્યાન જમીનદારોએ એમને ઠાર મારી નાંખ્યા હતા (સામૂહી-

કરણની પ્રક્રિયા એવી હતી જેણે એક દાયકામાં તો સમગ્ર વિસ્તારને સામંતશાહી સમાજમાંથી સમાજવાદી સમાજમાં પલટાવી નાંખ્યો. આવું પરિવર્તન જે આપણાં જમાનમાં અને બીજાં સ્થળોએ થયું છે તેને સૈકાઓ લાગ્યા છે; પણ અહીં તેનો સમયગાળો ટૂંકો હતો; તેમ, એનો સંઘર્ષ પણ તંગદિલીભર્યો હતો; અને એમાં ઘણી કુરબાનીઓ અપાઈ છે કિચાન જેવા તો ઘણાં શહીદો થયા હતાં.) ૪ હજાર યુવાન કીરગિઝીઅનો જેઓ આ મહેલનો ઉપયોગ કરે છે તેઓ આ કેન્દ્રના ઘણાં બધા લાભો અને વૈભવો માણે છે. આ વીર નરે આમાંના તો કોઈ પણ વૈભવનું માત્ર સ્વપ્નું જ સેવ્યું હશે. તેઓ ૨૩૦ વર્તુળોમાં ભેગા થાય છે અને ૭૦ હોબીઓની ખિદમત કરે છે. ક્રુઝકીના કેટલાક ભાગ રશિયન સિવાયનાં સ્થાનિક ભાષામાં ચાલે છે. કેટલાક કવિતા વર્તુળોનાં બાળકોને કીરગિઝીઅન ભાષામાં શિક્ષણ આપવામાં આવે છે અને તેઓનાં પપેટો એ જ ભાષામાં બોલે છે. બીજા કેટલાક અસંખ્ય વર્તુળો કીરગિઝીઅન જીવન અને સંસ્કારની સાથે સંબંધ ધરાવે છે, જેમ કે ગીત અને નૃત્ય જૂથો. અભ્યાસ વર્તુળોનું તળપદું ક્ષેત્ર છે. લોકવાજિત્ર ક્રુઝકી છે. આ બધું જ સ્થાનિક ભાષામાં ચાલે છે.

મહેલનું કીર્તિ મ્યુઝિયમ પણ કીરગિઝીઅન અનુભવની સાથે નિસ્બત ધરાવે છે. "માર્ગ-શોધક"ના વર્તુળોએ એનો વિકાસ કર્યો છે અને મૃત સૈનિકોની સ્મરણિકાઓના સંઘરામાં ઉમેરા કરવાનું ચાલુ જ રાખ્યું છે. કીરગિઝીઆના યુદ્ધ સ્વામીની દોરવણી હેઠળ તેઓ કામ કરે છે આ માણસ મુલાકાતી અમેરિકનને જણાવવા માગતો હતો કે ફાસીસ્ટ જર્મની સામેના વિજયમાં જાનહાનિ અને યાતનાઓની કેટલી કિંમત ચૂકવવી પડી છે અને કીરગિઝીઅન લોકો માટે શાંતિનો અર્થ શો છે? તેમણે મને ક્રુન્ઝ હોસ્પિટલોમાં ઘવાયેલા સૈનિકોના શરીરમાંથી બહાર ખેંચી કઢેલી ગોળીઓ બતાવી હતી અને જેઓ મોરચા પરથી પાછા કદી જ વાળ્યા નથી તેઓના ફોટાઓ પણ બતાવ્યા હતા. જે કિશોરો હજી તો પોતાની ક્રુઝકીમાંથી ભાગ્યે જ બહાર આવ્યા હતા તેમણે પણ આમાં નામો લખાવવામાં ઝુકાવ્યું હતું. આ માર્ગ-શોધકના રચાવેલા આવેશયુક્ત ગીતો બતાવ્યા હતા. આમાંના કેટલાકે તો અત્યારે મોટા થયેલા બાળકો જે તે વખતે વાલીઓથી છુટા પડી ગયા હતા તેઓને ખોળી કાઢયા હતા. આ બધું યુદ્ધને લઈને બનવા પામ્યું હતું. તેમ બીજાઓ પણ એવા હતા કે જેણે અવસાન પામેલા સૈનિકોના દફનસ્થાનો શોધી કાઢયાં હતા. આ ઉપરાંત તેણ મને ૬ કાસાત્કીન ભાઈઓના

ફોટાઓમાંથી એક ફોટો બનાવ્યો હતો. આ ભાઈઓ યુદ્ધમાં ઠાર થયેલા હતા. આ સાતમાંથી એક જ છોકરો ઉગરી જવા પામ્યો હતો. આ ભાઈએ મને જે હકીકતો જણાવી તેનાથી હું ખૂબ જ લાગણીશીલ બની ગઈ હતી. તેની આંખમાં એટલો બધો શોક હતો કે કશું જ કહી શકાય એવું નહોતું. મેં એની સાથે હસ્તધૂનન કર્યું અને થોડીક પળો સુધી એ હાથ પકડી રાખ્યો. યુદ્ધે આ એક જ હાથ રહેવા દીધો હતો.

કાલીતીઆન્સ્કી સોવખોઝની (કાલીતાના ગ્રામ સમાજમાં) એક સામાન્ય શાળામાં (કીવથી ૩૦ કિલોમીટર) જ્યાં વિદ્યાર્થીઓનો ૮૦ ટકા ભાગ ક્રુઝકી પ્રવૃત્તિને વરેલો છે. ત્યાં પણ મહાન દેશભક્તિ યુદ્ધનું એક મ્યુઝિયમ છે, તેને પણ કીર્તિ હોલ તરીકે ઓળખવામાં આવે છે. નાઝીઓ યુક્રેનની પ્રજાનું નિકંદન કાઢી નાંખવા માટે કૃતનિશ્ચયી બન્યા હતા. આ ગ્રામજૂથનો બચાવ કરનારા ૨૩૮ જણાની હત્યા કરવામાં આવી હતી. પાયોનિયર જૂથ આ મ્યુઝિયમના કબજામાં છે તેનું નામ પણ એક યુવાન વીરના નામ પરથી પાડવામાં આવ્યું છે. વીલેન લેવિત્સ્કી આ શાળાનો ભૂતપૂર્વ વિદ્યાર્થી હતો. અસલ ઈમારતને નાઝીઓએ જમીનદોસ્ત કરી નાંખી હતી. આ મ્યુઝિયમમાં નાશ પામેલા મકાનના સળગી ગયેલા ભાગોનું પ્રદર્શન ભરવામાં આવ્યું છે. ચગદાઈ ગયેલા ટોપા જે અવસાન પામેલા સૈનિકોના માથા પર મુકેલા હતા. કમ્યુનિસ્ટ પક્ષના સભ્ય પદના બિલ્લાઓ પણ તેમની ઉપર લટકાવેલા મળી આવ્યા હતા. યુવાન વીરની માતા વખતોવખત આ શાળાની મુલાકાત લે છે અને આ કીર્તિ હોલમાં પણ આવે છે અને એ રીતે પોતાનું આશ્વાસન મેળવે છે. તેણીએ મુલાકાતીઓની ચોપડીમાં આ પ્રમાણે લખ્યું છે.

> "અહીં સમય ગાળવો એ કેટલું બધું દિલાસારૂપ છે. આપણે શાંત સન્માન્ય હોલમાં પ્રવેશીએ છીએ અને આપણને એવું લાગવા માંડે છે કે આપણે એવા લોકોની પાસે છીએ જેઓ આપણા હૈયાની સૌથી વધુ નજીક અને સૌથી વધુ પ્રિય હોય. મારા એક માત્ર પ્રિય પુત્ર વિશેનું પ્રદર્શન જોવા હું ઊભી છું. મને એવું લાગ્યા કરે છે કે તે હમણાં જ કાંઈક બોલશે અને કહેશે, 'મમ્મી, તું મને આગળ ભેટતી હતી એવી રીતે ભેટી પડ.' પ્રિય બિરાદરો અને મિત્રો તમારો આભાર માનું છું કે તમે એવાને યાદ કર્યા છે જેઓએ તમારી કાલીતીઆન્સ્કીઆની ધરતીને મુક્ત કરવા પ્રાણાર્પણ કર્યા છે.

યુવાન વીરોને યાદ કરવા અને એમને ચાહ્યા કરવાનો એવો માર્ગ છે જેમાં સોવિયેત યુવાન લોકોને એમના દેશના ભૂતકાળનાં સાર્થક રીતના વર્ણન ભણી દોરી લઈ જવામાં આવે છે. તેઓ આજે વર્તમાનમાં ઘનિષ્ઠ રીતે જીવે છે અને પોતાનાં તથા પોતાનાં રાષ્ટ્રના ભાવિના ઘડતરમાં તેઓ પોતાનું મહત્ત્વ અનુભવતા થાય છે. આ હેતુપૂર્વકતા પૂરી પાડે છે.

કીરગિઝીઆમાં સ્ટ્રેલ્નીકોવાના ગામડામાંના સોવખોઝે પોતાને સુંદર સાંસ્કૃતિક હાઉસ પૂરું પાડયું છે. અહીં મનોરંજન, સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો પુખ્ત વયનાઓને પૂરાં પાડવામાં આવે છે અને બાળકો માટે અલાયદી સીરીઝ પૂરી પાડવામાં આવે છે. તેઓ માટે, કોરલ જૂથ માટે અને તળપદા વાજિત્રોના સમુચ્ચય માટે ક્રુઝકી છે કોમુઝ, નૃત્યજૂથ, સીવવાનું વર્તુળ, સાહિત્યિક વાંચનનું જૂથ પણ છે. એમાં લોક સંગીત જૂથ અને એવું ફિલ્મ વર્તુળ છે જે અઠવાડિયામાં અનેક વખત ફિલ્મો બતાવવાના કાર્યક્રમો ઘડે છે અને બીજાં કેન્દ્રોના સાહિત્યસ્વામીઓ પણ આ બાળકોને સંબોધવા માટે આવતાં હોય છે.

નવો શહેરી જિલ્લો અને તેની કલબ "Enthusiast"

દરેક સોવિયેત શહેર પોતાનો ઝડપી વિસ્તાર કરી રહેલ છે. એપાર્ટમેન્ટ વસવાટી સંકુલો લગભગ રાતોરાત ઊભાં થઈ જતાં હોય છે. આમાંના કેટલાક વસવાટી એપાર્ટમેન્ટોમાં હજારો કુટુંબો રહેતા હોય છે. મેં એન્થુસીઅસ્ટ (Euthusiast) કલબની મુલાકાત લીધી. એ આવા જ વિસ્તારમાં આવેલ છે અને કીવ શહેરથી એ ખૂબ આગળ લંબાઈ ગયેલ છે. આ કલબમાં નાનાં બાળકોને માટે શાળા બાદની પ્રવૃત્તિઓ પૂરી પાડવામાં આવે છે. ચાર પાસેપાસેના એપાર્ટમેન્ટ સંકુલોમાં તેઓ રહે છે. એક સાથમાં ૪૩ હજાર રહેવાસીઓ માટે ૧૦ હજાર એપાર્ટમેન્ટો એમાં પૂરા પાડવામાં આવ્યા છે. કલબ એન્થુસીઅસ્ટ બાળકો માટેની ત્રણમાંની એક આવી સુવિધા છે.

Scanned with OKEN Scanner

આ ક્લબનું સંચાલન નેલ્લા વાલદારસ્કાયા કરે છે. તેઓ એક શિક્ષક સંગઠક છે અને મનોરંજનનું સંગઠન કરે છે. તેણી શિક્ષણશાસ્ત્રમાં ઊંચી ડિગ્રી ધરાવે છે તેણી ૧૧ વર્તુળોની દેખરેખ રાખે છે. આ વર્તુળો ૧૮ વર્ષ સુધીની ઉંમરના કિશોરો માટેનાં હોય છે. નાના બાળકો માટેનાં થોડા નાનાં જૂથો પણ છે. ક્લબના મોટેરા સભ્યોની એક ચૂંટાયેલી કાઉન્સિલ છે. તેની બેઠક દર મહિને મળે છે અને ડિરેક્ટરના માર્ગદર્શન સાથે પ્રવૃત્તિઓ માટેની યોજનાઓ અંગેના નિર્ણયો કરે છે. એના એકંદર ઉદ્દેશો તો નાના બાળકોને સંગીતની કદર કરવાના લેકચરો યોજવાના હોય છે. તેઓમાં સંગીતની શક્તિઓનો વિકાસ કરવો, તેઓને રંગભૂમિની કલાનો પરિચય આપવો, તેઓમાં શ્રમ માટેની ભાવના દાખલ કરવી એટલે કે તેઓ રમકડાં અને પપેટો બનાવતા થાય, વગેરે. આ ઉદ્દેશોને આગળ વધારવા માટે યોગ્ય વર્તુળો હોય છે. એ ન્યુસીયસ્ટના કેટલાય હિમાયતીઓ હોય છે — બુદ્ધિવાન વિદ્યાર્થીઓ માટેની સંગીત શાળા, પ્લાંટ "Vulcan" અને કીવ સંગીત સંસ્થાની ફેકલ્ટી તેઓને સલાહ સૂચનો આપી મદદ કરે છે; મુલાકાતી લેકચરરો અને સાધનો વગેરેની મદદ કરે છે.

નાનાં બાળકો માટે બધું જ મફત હોય છે, આમાં સંગીતના વાદ્યોનો પણ સમાવેશ થાય છે. ક્લબને એપાર્ટમેન્ટ સંકુલના સંચાલન તરફથી દર વરસે ૧૭,૫૮૦ રૂબલ મળે છે. એવી જ રીતે શહેરી એજન્સીઓ તરફથી પણ નાણાંની મદદ આપવામાં આવે છે.

ડિરેક્ટરે મને એવી ખાતરી આપી હતી કે અઢી વરસના ગાળમાં આ લઘુક-ડિસ્ટ્રીક અને એની ક્લબોમાં બાળકોના કાયદા ભંગના કોઈ પણ કિસ્સા બનવા પામ્યા નથી. આ સૂચક છે કારણ કે આવા જ પ્રકારના એપાર્ટમેન્ટ સંકુલોને પોત પોતાની ક્લબો છે. બાંધકામની યોજનામાં તેઓ માટે જગ્યા ફાજલ પાડવામાં આવતી હોય છે અને કાયદા દ્વારા નાણાંની જોગવાઈ કરવામાં આવતી હોય છે. બાળકો માટે શાળા પછીની પ્રવૃત્તિઓનો આ પ્રકાર નસીબ પર રાખવામાં આવતો નથી. આ બધાએ સિદ્ધાંતનો, નીતિનો અને વ્યવહારનો સ્વીકાર કરવો પડે છે, જે બધું કેળવણી અને સંસ્કારના ખાતાએ મુકરર કરી આપેલું હોય છે.

કેટલાક બાળકો પાયોનિયર પેલેસના વર્તુળો અથવા તો ઈનર સીટી હાઉસમાં જોડાતા હોય છે. પણ જો તેઓ એટલે બધે દૂર જવા માગતા ન હોય અને સમય

Scanned with OKEN Scanner

બચાવવા માગતા હોય તો તેઓને કલબ એન્થુસીઅસ્ટ્સ જેવી વધુ નજીકની તકોની પસંદગી કરવાની મળતી હોય છે.

યુવાન ટેકનિશ્યનો માટે ખુલ્લાં દ્વારનાં દિવસો

ફ્રુન્ઝ (કિરગિઝીઆમાં) નાના ટેકનિશ્યનોના પ્રજાસત્તાક સ્ટેશનની મુલકાત લેતાં એવું બહાર આવ્યું છે કે શાળા બાદના કાર્યક્રમોના બીજા પ્રકારની કામગીરીઓ સોવિયેત સંઘમાં વ્યાપક છે. સોવિયેત સંઘમાં આવા લગભગ ૧૫૦૦ કેન્દ્રોમાંથી ૧૮ કિરગિઝીયા પ્રજાસત્તાકમાં છે. આ ૧૮ કેન્દ્રોમાંથી ફ્રુન્ઝમાંનું એક 'મેથોડોલોજિકલ' કેન્દ્ર છે. ડિરેક્ટર વાસીલી ગ્રિગોર્યેવે મને સારી પેઠે સમજાવવાની તકલીફ લીધી હતી અને નાના ટેકનિશ્યોનોના સ્ટેશનોને ચોક્કસ હેતુઓ છે તે પણ સમજાવ્યું હતું. એમના પોતાના શબ્દોમાં "બાળકોમાં ટેકનિકલ સર્જકતા અને વિચારનો વિકાસ કરવાનો એનો હેતુ છે. સામાન્ય શાળા તેઓને બુનિયાદી શિક્ષણ આપે છે, સ્ટેશન એનો વિસ્તાર કરે છે અને નાનાં બાળકોનાં વ્યવહારુ વિકાસમાં તે સહાયભૂત થાય છે."

અહીં પણ ફ્રુઝકીમાં જુદા જુદા જૂથોનું સંગઠન થતું હોય છે. ૯૮૦ બાળકો સ્ટેશનમાં હાજરી આપતા હતા તેઓને ટેકનિકલ તાલીમના ૨૦ પાસાઓ શીખવવામાં આવે છે. આમાંના અધઝાઝેરા તો સર્વ સાધારણ રીતે ટેકનિકલ સર્જકતા સાથે નિસ્બત ધરાવતા હોય છે. કેટલાક સૌથી વધુ લોકપ્રિય વર્તુળો વિમાન મોડેલીંગના હોય છે. ફિલ્મ ટેકનોલોજી, રોકેટ મોડેલીંગ, રેડિયો, રમતગમત, પ્રસારણ વગેરેનો આમાં સમાવેશ થાય છે. જહાજ મોડેલીંગ, ઓટો ડિઝાઈન, કેમિસ્ટ ટેકનોલોજી વગેરે પણ હોય છે. ૭ થી ૧૦ વર્ષની વયના બાળકોનો સ્વીકાર કરવામાં આવે છે અને ત્રણ વય જૂથોમાં તેઓના ભાગ પાડવામાં આવતા હોય છે. સપ્ટેમ્બરની ૧૫મી ખુલ્લા દ્વારનો દિવસ છે, એટલે કે, નામ નોંધાવાનો એ દિવસ છે. કેટલાંક વર્ષો સુધી પાંચેક હજાર જેટલાઓ આવતા હોય છે. અને જેઓ માટે જગ્યા ન હોય તેઓને અન્ય સ્થળોએ આવા વર્તુળોમાં જવાનું કહેવામાં આવે છે. વર્તુળો

અઠવાડિયામાં બે વાર મળતા હોય છે અને દરેક વખતે ત્રણ ત્રણ કલાક સુધી વિચારણા ચલાવવામાં આવે છે. એને નાના રાખવામાં આવે છે– પહેલે વરસે ૧૫ પછીનાં વરસની હાજરીમાં ૧૦. કેટલાંક બાળકો દર ચાર વરસ સુધી ચાલુ રહેતા હોય છે. (ઘણાં કુઝકીના પ્રકારની આ ખાસિયત છે)

શિક્ષકોને પગાર આપવામાં આવે છે. મોટા ભાગના તો આ કામ માટે ખાસ તાલીમ પામેલા હોય છે. અત્યારે શિક્ષકોની બધી જ સંસ્થાઓમાં શાળા કાર્ય પછીના ખાસ અભ્યાસક્રમો હોય છે — સૈદ્ધાંતિક અને પ્રેક્ટીકલ. બાળકોએ કશું જ આપવાનું હોતું નથી.

આનું શિક્ષણ ઉપરછલ્લું તો નથી જ. દા.ત. એવિયા-મોડેલીંગ જૂથોમાં બાળકો વિમાન ઉડ્ડયનનો ઇતિહાસ ભણતા હોય છે, વિમાનનું બુનિયાદી માળખું વગેરે, પણ ભણે છે. પાયલોટો સાથે બેઠકો યોજાતી હોય છે. આમાં ટેકનિશ્યનો, ટેસ્ટ-પાયલોટો, વિમાની ઈજનેરો, વગેરેનો સમાવેશ થાય છે. ક્રુઝસ્કોવત્સી મુકરર કરેલું તથા સ્વતંત્ર વાંચન કાર્ય પણ કરે છે.

સ્ટેશનના માળખાનું સામાન્ય વર્ણન આપ્યા પછી ડિરેક્ટર ગ્રિગોર્યેવે અને બીજા કેટલાક શિક્ષકોએ મારી સાથે નીચેના ભાગમાં જવાનું કર્યું હતું. દરવાજા ખોલીને જુદા જુદા ઓરડા તથા સામગ્રીનું નિરીક્ષણ કરવા દીધું હતું. અને પછી અમે પ્રદર્શન રૂમમાં ગયા હતા. એક જાહેર હરીફાઈનું આયોજન થયું હતું અને આ ઓરડામાં મોડેલોના ૪૫૦ નમૂનાઓ દેખાડવામાં આવ્યા હતા. સ્ટેશનના બાળકોએ જે શોધો કરી હતી તેનો પણ આમાં સમાવેશ થતો હતો અને વર્તુળો તરફથી તથા શાળા બાદની પ્રવૃત્તિનાં કેન્દ્રો તરફથી જે નમૂનાઓ આવ્યા હતા તેનો પણ આમાં સમાવેશ થતો હતો દીવાલો ઉપર દરવાજા સામે એક મોટું બોર્ડ લટકતું હતું, જેમાં એવો મુદ્રાલેખ હતો કે "કામ કરો–જાણો અને રાષ્ટ્રના ભલા માટે જીવો"—સોવિયેત પાયોનિયરનું આ પ્રદર્શન ખરેખર મને સારું લાગ્યું છે. એમાં ખૂબ કાળજી લેવામાં આવી છે અને કેટલીક વાર તો એમાં નોંધપાત્ર શ્રમ હતો. બાળકોની શોધોની મારા ઉપર ખાસ અસર થવા પામી હતી. અહીં હવાની સ્વચ્છતા જાળવી રાખવા માટેના કેટલાય નમૂના હતા. એક aero-mobile અને aero-sledge જે બિન-પ્રદૂષણ પદાર્થ ઉપર કામ કરતું હતું. એક ઈલેક્ટ્રોમોબાઈલ, જલ સ્થલ ઓઇલ ડ્રીલ, પણ હતું. ૧૪ વર્ષની ઉંમરના એક

૧૯૬-૨૩

બાળકે એવું નાનકડું ઈલેકટ્રોનિક માળખું બનાવ્યું હતું જેનાથી ફળની કે બોરની પરિપકવતાની કસોટી કરી શકાય. એમાં વાળ જેટલી પાતળી સોય નાંખીને આ થઈ શકે તેમ હતું. પરિપકવતા માટે લાલ લાઈટ દેખાતી હતી અને બીજા માટે લીલી લાઈટ દેખાતી હતી.

જે ઘણાં બધા મોડેલો અહીં પ્રદર્શનમાં મૂકવામાં આવ્યા હતા તેની જટિલતા તથા સંશોધનમાં અસર પાડે તેવા હતા. આ ઓરડામાં બીજું મોટું બોર્ડ એમ જણાવતું હતું કે: "આજનો મોડેલ બનાવનાર આવતી કાલનો વિજ્ઞાની." કોલંબસના "સાન્તા મારિયા અને મોટરયુક્ત બાબા—યાગા"ની નકલ પણ હતી. આ એક ડાકણ હતી, પણ તે બતકના પગે ચાલતી હતી.

આમાંના કોઈ પણ મોડેલો કે શોધોને યુદ્ધ ટેક્નોલોજી સાથે દૂર દૂરનોયે સંબંધ નહોતો.

કોયડા રૂપ કિશોરોને આ સ્ટેશનમાં નામ નોંધવા માટે ઉત્તેજન આપવામાં આવે છે. એમાં એવી ગણતરી હોય છે કે (અને એને અનુભવનું સમર્થન છે) વાતાવરણ અને પડકારયુક્ત પ્રવૃત્તિ, તેઓને દોરવણી આપવામાં મદદ રૂપ થશે. આ સ્ટેશન આવા વિદ્યાર્થીઓને આકર્ષવામાં ઈરાદાપૂર્વકનો હેતુ ધરાવે છે. તે શાળાઓનો સંપર્ક સાધે છે અને આવા મુશ્કેલ વિદ્યાર્થીઓના નામો મેળવે છે. તેઓને સ્ટેશનમાં બોલાવે છે અને એમને લઈ આવવા માટે બસ સુધ્ધાં મોકલે છે અને એટલે આ મુશ્કેલ બાળકને એકલવાયું ન લાગે. આ સ્થળના પ્રવાસ માટે સમગ્ર વર્ગને આમંત્રણ આપવામાં આવે છે. પણ પ્રવાસના ગાઈડો (શિક્ષકો) જાણતા જ હોય છે કે કોના વર્તનના કોયડા આમાં અભિપ્રેત છે અને તેમના તરફ ખાસ ધ્યાન તેઓ પરોવતા હોય છે.

અમે આ મકાન માર્ચની બપોરે છોડયું અને તે વખતે ઘણાં બાળકો પોતાની રચનાઓ અને શોધ લઈને ત્યાં આવતા હતા તે જોયું. તેઓ આ બધું હરીફાઈ માટે રજૂ કરવાના હતા. કેટલીક મોટી પેટીઓમાં તેઓની સર્જકતા તથા વિચારની કૃતિઓ ભરી પડી હતી. આવી પેટીઓ અનેક વિદ્યાર્થીઓ સાથે ઊંચકીને લઈ જતા હતા. દેખીતી રીતે જ બધું ટીમ વર્ક હતું. આ એક ઉત્સાહપ્રેરક સત્ય હતું અને ખાસ કરીને તો મારા જેવા દેશના નાગરિક માટે કે જેનો દેશ પુષ્કળ પ્રમાણમાં પોતાના નાનાં બાળકોની સર્જકતાની ઉપેક્ષા કરતો રહ્યો છે—ખાસ

Scanned with OKEN Scanner

કરીને તો આર્થિક રીતે, સામાજિક રીતે, અને સાંસ્કૃતિક રીતે આવી ઉપેક્ષા તે કરે છે. મને સોવિયેત સંઘમાં આવા સ્ટેશનોનો ૧,૫૦૦નો આકર્ષક એવો આંકડો યાદ આવ્યો અને નાના બાળકોના જીવનમાં તેનો શો મર્મ છે તે પણ યાદ આવ્યું. એમનો સમાજ એમની આટલી બધી સંભાળ લેતો રહ્યો છે અને તેઓનાં કલ્યાણની ચીવટ દાખવતો રહ્યો છે.

એક રાષ્ટ્રીય પાયા ઉપર આ બાળકો જે લાભો માણી રહ્યા છે તે ટેકનિકલ વિકાસમાંની તેઓની ભાગીદારીમાંથી બહાર આવતા રહ્યા છે અને તે દફતર ઉપર નોંધાયેલા બનાવવામાં આવે છે. ૧૯૭૭માં આશરે ૨,૫૦૦ શાળા બાળકોને સોવિયેત સંઘના રાષ્ટ્રીય આર્થિક સિદ્ધિના પ્રદર્શન તરફથી ચાંદ આપવામાં આવ્યા છે. આ કાયમી પ્રદર્શન છે. એમાં સ્પેશિયલ પેવેલિયનો છે જેમાં નાના બાળકોના સર્જક સંશોધન તથા શોધનાં પરિણામો બતાવવામાં આવે છે. ઔદ્યોગિક સાહસોના વડાઓ અને સંશોધન સંસ્થાઓના વડાઓ અહીં ઘણીવાર આવતા હોય છે. તેઓ નાની પેઢીમાં ભાવિ વિજ્ઞાનીઓ, શોધકો અને જુદા જુદા ક્ષેત્રોમાં રસ ધરાવતા વિશેષજ્ઞો જોતા હોય છે. બાળકો આ રસવૃત્તિને વાજબી ઠરાવવા માટે પોતાની શક્તિઓ બનાવી આપતા હોય છે.

દા.ત. ઈગોર લેન્કુન ૧૪ વર્ષની ઉંમરનો છે, અને વિતેબ્સ્કમાં બ્યેલો રશિયામાં એક સામાન્ય સમૂહ રહે છે. તેણે આત્મ સંચાલિત હળ શોધી કાઢ્યું છે, અને શેરીઓ સાફ કરવાનું મશીન પણ શોધી કાઢ્યું છે. શેવકાત આવતામોવ તાશકંદનો એક યંગ પાયોનિયર છે (ઉઝબેકિસ્તાનમાં), તેણે Chlorella Paste શોધી કાઢ્યો છે, તે ખેતીમાં વપરાય છે એને સોવિયેત સંઘની વિજ્ઞાન એકેડેમીએ પ્રમાણ પત્ર આપ્યું છે. ઉત્તર કોકેકસમાં ક્રાસ્નોદારના વોલોદ્યા બોરીસેન્કોએ એક seeder શોધી કાઢ્યું છે, યુનાઇટેડ સ્ટેટ્સમાં ખેતી મશીનરીની ૮મી વિશ્વ કોંગ્રેસમાં એને પ્રદર્શનમાં મૂકવામાં આવ્યું હતું.

દેશભરમાં કેટલાક સૌથી વધુ લોકપ્રિય ફઝકી તો એ છે કે, જેને આપણા જમાનાના સૌથી વધુ ઉત્તેજક વૈજ્ઞાનિક વિકાસ સાથે સંબંધ છે. દા.ત. અવકાશી સંશોધન, હજારો સોવિયેત બાળકોની કલ્પનાશક્તિને ઉત્તેજના આપે છે. એમાંના કેટલાક બધા એવાં વર્તુળોમાં જોડાય છે, જેઓ તેમને પહેલો આરંભ અવકાશયાત્રી બનાવવામાં કરાવે અથવા તો સંબંધિત ક્ષેત્રોમાં તેઓને વિજ્ઞાનના સવાઈ માનવ

Scanned with OKEN Scanner

બનાવે. સોવિયેત કેળવણીકારો એમ માને છે કે વૈજ્ઞાનિકો અને ઈજનેરોને નૃત્યકારો અને સંગીતજ્ઞોની જેમ બાળપણથી તાલીમ આપવી જોઈએ અને જો આ ક્ષેત્રોમાં વહેલો રસ ઉત્પન્ન કરી શકાય તો, નાનો યુવાન પોતે કયા વ્યવસાયમાં ઊંડો ઉભાર બનાવે છે. તેનો તેઓ નિર્ણય કરી શકે. અને તેઓ મોટા થાય તે પહેલાં જ આ બધું જાણી શકે અને યુનિવર્સિટીમાં દાખલ થઈ શકે, અથવા તો ટેકનિકલ સંસ્થામાં જોડાઈ શકે. સામાન્ય રીતે વર્તુળો અને કેન્દ્રો પાસે ઓજારો અને સાધનોની લાયબ્રેરી હોય છે. એમાંથી નાનાં યુવાનો ઘર આંગણે સ્વેચ્છાપૂર્વકના કાર્ય માટે એ ઉછીના લઈ જઈ શકે છે.

વિજ્ઞાન વર્તુળોમાં રોબોટો બનાવવાનો એક લોકપ્રિય વ્યવસાય છે. આમાં સારા પ્રમાણમાં વૈજ્ઞાનિક જાણકારીની જરૂર છે, તથા શોધવૃત્તિની પણ જરૂર પડે છે. બાલામુતોવકાના એક યુક્રેનિયન ગામડામાં, એની જનરલ શાળામાં એક અસાધારણ શક્તિશાળી ભૌતિકશાસ્ત્રના શિક્ષકે, નાના ટેકનિશ્યનોના મોટાં વર્તુળની નેતાગીરી લીધી નાના ગ્રામ્યવાસીઓની મગરૂરી તેઓએ બનાવેલા રોબોટની હતી, આમ તો ત્રણ કિશોરોએ એનું આયોજન કર્યું હતું, પણ શાળાનાં બધા જ બાળકોનો એમાં હાથ હતો. એક વાર રોબોટનું કામ પરિપૂર્ણ થયું એટલે, નાનકાઓ પોતાના શિક્ષકની સાથે ગંજીમાં લપાઈ જતા હતા. અને અદીઠ રીતે એમાં ફેરફારો કર્યા કરતા હતા. જેથી કરીને પસાર થતા કોઈ અજાણ્યાને અથવા તો બિન-જાગ્રત પડોશી ઉપર તેઓ છાપો મારવા માગતા હતા. રોબોટ પોતે સામે આવી જઈને પોતાનો હાથ સ્વાગતમાં ઊંચો કરતું હતું, અને તે પોતાની ઓળખ આપતું હતું કે "હું દૂર અંકુશિત રોબોટ છું, અને મને આલામુતોવકાની શાળાના વિદ્યાર્થીઓએ બનાવ્યું છે હું ચીજો ઊંચકી શકું છું, પાણી રેડી શકું છું, અને બીજું કામ કરી શકું છું, તમે શું કરી શકો તેમ છો?" તેને દુનિયાની આઠમી અજાયબી ગણીને, પોતાના રોબોટની બુદ્ધિમતા વધારતા થયા, છેવટે તે ૧૫ કામગીરીઓ કોઈ પણ આનાકાની વગર બજાવી શકતું હતું.

રોબોટ માસીક (મંગળના પરથી નામ એનું નામ પાડવામાં આવ્યું હતું) તે ધાતુની સ્ટ્રીટકારના કન્ડકટર તરીકે કામ કરે છે. કાલિનીગ્રાદના વર્તુળોએ બનાવી હતી, તે રશિયન ફેડરેશનનું છે. તે ટિકિટો આપે છે, અને કારને સ્ટોપનાં મથકોએ થોભાવે છે, એ વિધિસરનાં ભોમિયાની કામગીરી પણ બજાવે છે. અને ઊતારુઓને રસ્તામાં રસપ્રદ સ્થાનોની પણ વાત કરે છે. શહેરનાં ટ્રોલી બસોમાંની

Scanned with OKEN Scanner

એકમાં માસીકને મૂકવામાં આવે છે. આમાં બાળકો તો ખૂબ જ ઊભરાતા હોય છે. તેઓ એને સાચકલો કન્ડક્ટર જ માની લે છે.

મોસ્કોના પાયોનિયર મહેલમાંની નાની અવકાશયાત્રીઓની ક્લબનાં ૨૦૦ સભ્યો એના ૯ કુઝકીમાં સભ્યો છે. અવકાશયાત્રી આન્દ્રીયન નિકોલાયેવ જેઓ ૧૯૬૨માં ઓગસ્ટની ૧૧મીએ અવકાશમાં ઊડયા હતા તેઓ એના માનદ પ્રમુખ બન્યા હતા, અને તે જ વરસે એનું સંગઠન થયું હતું. ક્લબની પ્રવૃત્તિઓ માટે અંદરના ભાગમાં મોટી જગ્યા રાખવામાં આવી હતી, અને એમાં ઘણી બધી દળદાર સામગ્રી છે; જેમાં જેટ વિમાનની તથા પાંખનો અને અવકાશી કેપસ્યૂલનો સમાવેશ થતો છે. અલગ મકાન ઊભું કરવાની યોજનાઓ ઘડવામાં આવી છે. અને તે આ વર્તુળો માટે જ છે કે જેથી કરીને વધુ સામગ્રી માટે જગ્યા કરી શકે.

અવકાશયાત્રીઓની ક્લબના સભ્યો ૧૩ થી ૧૬ વર્ષની વયનાઓને રોકેટ ટેક્નોલોજિનો પરિચય આપવામાં આવ્યો છે આમાં અવકાશી નૌયાન, એરોડાઈને-મિક્સ, કોસ્મોગ્રાફી, અવકાશી જીવશાસ્ત્રના તત્ત્વો અને ખગોળશાસ્ત્રનો ઈતિહાસ તથા વિકાસ વગેરેનો પણ સમાવેશ થાય છે. સાથે સાથે ચાંદ્રાયણી ભૂસ્તર વિજ્ઞાન પણ આમાં હોય છે. નાનાં યુવાન લોકો આ વિષયો વાંચી લેતા હોય છે, અને કૉલેજોમાં વિશિષ્ટ વ્યાખ્યાનોમાં હાજરી આપતા હોય છે. તેમજ પસંદ કરેલા વિષયો પરના હેવાલો લાવે છે. તેઓ પ્રસ્તુત વિજ્ઞાન અંગેની ફિલ્મો જુએ છે, અને સામાન્ય રીતે સોવિયેત સંઘમાં તથા અમેરિકામાં અવકાશ સંશોધનના દરેકે દરેક બનાવને તેઓ અનુસરતા હોય છે, અને તે એવા બનાવ હોય છે જેને તેઓ સમજી શકતા હોય છે. યુવાન અવકાશયાત્રીઓની ક્લબના સભ્યો એવા સાધનોને પણ હાથમાં ધરતા હોય છે, જે દ્વારા પૃથ્વી અને અવકાશી સંદેશા-વ્યવહાર વચ્ચેનાં સંબંધો સ્થાપી શકાય. સાદા સેન્ટ્રીફ્યુજ જે તેઓ પોતે બનાવતા હોય છે તેમાં વાઝફરતી ચક્કર તેઓ લગાવે છે. કેટલીક ક્લબોમાં Surdo અને altitude ચેંબર હોય છે, જે ફેક્ટરીઓ અવકાશી સામગ્રી બનાવતી હોય છે, તેઓ તરફથી આ બક્ષિસમાં મળતું હોય છે.

ખગોળીય વર્તુળો અવકાશયાત્રી જૂથો સાથે સંકળાયેલા હોય છે. તેમાંના કેટલાક પોતે જ જુદા જુદા કદના ટેલિસ્કોપો બનાવતા હોય છે. તેઓના ક્લબના રૂમોમાં એવા અસાધારણ ગ્રહ મંડળોના ચાર્ટો તથા ફોટાઓ લટકતા હોય છે, જેમાં

Scanned with OKEN Scanner

અવકાશી પદાર્થોનો સમાવેશ થાય છે. આ અમેચ્યોર ખગોળશાસ્ત્રીઓ રાત્રીના સમયમાં આ બધાનું અવલોકન કરતા હોય છે. અને આકાશનું નિરીક્ષણ કરતા હોય છે.

વિમાની કુઝકી પણ ખૂબ જ લોકપ્રિય છે. સોવિયેત વિમાન ડિઝાઇનરો એમને ઉત્તેજન આપે છે, અને વિમાની વર્તુળોને મદદ કરે છે, અને તેઓ જાતે સ્વેચ્છાપૂર્વક એના આશ્રયદાતા તરીકે કામ કરે છે. આ વિશેષજ્ઞો સાથે યુવાન લોકોનો સંપર્ક થાય તેનાથી તેઓમાં એક પ્રકારની ઉત્તેજના આપે છે, અને તેઓ અસલ ડિઝાઈન ઉપર પોતાનો હાથ અજમાવવા લાગી જાય છે. પરિણામે કેટલીક વાર તો શહેરમાં, પ્રદેશમાં, અને રાષ્ટ્રીય પ્રદર્શનો, જેમાં યુવા વિમાની મોડેલરોની કૃતિઓ હોય છે; યા ન માની શકાય એવા ઉડતા વાહનો દેખા દે છે, પેરેશૂટમાંથી કૂદકો મારવો, એ આગળ વધેલા વિમાની વર્તુળના કાર્યક્રમનો એક ભાગ હોય છે. શાળાને વર્ષ દરમ્યાન ત્રીસ કલાક પેરે શુટીંગ માટે આપવામાં આવેલા હોય છે.

રોબોટો, રોકેટો, અવકાશી ટેકનોલોજી અને વિમાનો યુવાનોમાં જે લોકપ્રિય હોય છે, તેમાંના માત્ર થોડાક જ વિષયો છે. રેસીંગ અને ઊતારુઓની કારો, જેમાં કેટલીક તો રોકેટ એન્જીનોવાળી હોય છે, એમાં જહાજો, મૂવી કેમેરાઓ, ટી.વી. સેટ અને ખેતીની યંત્રસામગ્રી પણ બનાવવામાં આવે છે, અને કેટલીક વાર તો સર્વથા નવી ખાસિયતો એમાં હોય છે.

૧૯૭૧માં મોસ્કો ખાતે ભરાયેલા રાષ્ટ્રીય પ્રદર્શનમાં કુઝકીમાં બાળકો અને બાળાઓએ જે "૮૦૦૦ અજાયબીઓ"નું સર્જન કર્યું હતું, તે બતાવવામાં આવ્યું હતું. યુવાન વિજ્ઞાનીઓ અને ટેકનિશયનોના ઘણાં બધા હિમાયતીઓ અને શિક્ષકોએ, વિખ્યાત વિમાન ડિઝાઈનર એલેક્સી તુપોલેયે જે શુભેચ્છા વ્યક્ત કરી હતી, તે જ ઇચ્છા વ્યક્ત કરી હોત. પ્રદર્શનની મુલાકાત પછીથી એણે પોતાના અંગત અભિનંદનો કુઝકીવાસીઓને જેણે "૮,૦૦૦ અજાયબી"ઓનું સર્જન કર્યું હતું. તેને મોકલી આપ્યા હતા, તેમના શબ્દોમાં કહીએ તો : હું ઈચ્છું છું કે "તમારા હાથમાં ચોકસાઈ આવે; તમારા ભેજામાં સંવેદનશીલતા આવે; તમે જે કામ હાથ પર લીધું છે તે પ્રત્યે મારી ઊંડી ચાહના છે."

જે છોકરા અને છોકરીઓ એ જહાજો અને નૌકાઓને ચાહે છે, અને કોઈક દિવસે સમુદ્ર પર્યટને કાફલાના કપ્તાન તરીકે જવાની ઉમેદ રાખે છે, તેઓ આમાં

Scanned with OKEN Scanner

જોડાતા. અથવા તેઓ યુવા નાવિકો અને યુવાન બોટમેનોના વર્તુળોનું સંગઠન કરે કરે છે. આમાંના કેટલાક વર્તુળો પાસે અજમાયેશી જહાજો હોય છે. જેના ઉપર તેઓ પુખ્ત દેખરેખ હેઠળ અજમાયેશી પર્યટનો કરે છે. એમાંના કેટલાક તો પોતાના જ છોટા કાફલા, કેબિન-બોટો, હલેસા — બોટો અને હોડકા બનાવે છે. ઘણી બધી નદીઓ ઉપર સફરો લગાવવામાં આવે છે. જુદી જુદી હવાઈ સફરી આવડતોમાં હરીફાઈઓ યોજવામાં આવે છે.

દેશમાં ૪૫ બાળકોના રેલ—રોડો છે, લાંબા પહોળા પથરાયેલા આ રોડોનું સંચાલન પણ બાળકો જ કરે છે. આ લઘુક કામગીરીવાળા લઘુક રેલરોડોને ભંડોળો રેલ્વે—વ્યવહારના ખાતા તરફથી પૂરાં પાડવામાં આવે છે, અને આવાં વર્તુળોની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે, અને રેલ્વેમેન યુનિયન તરફથી એને મદદ આપવામાં આવે છે. આવા લઘુક રેલરોડો ભારે રસપૂર્વક તથા કલ્પનાશીલતાથી બાંધવામાં આવે છે અને એના ઉપર કામ કરવામાં આવે છે. આમાંનો એક દાખલો ગોર્કી શહેરનો છે. ૩૫ હજાર લોકો—પુખ્ત વયના અને બાળકોએ—પોતાના ફુરસદના સમયમાં એનું બાંધકામ કર્યું હતું. તે પાંચ માઈલ સુધી પથરાયેલ છે, અને એને ચાર સ્ટેશનો છે, દરેકની બાંધણી જુદા જુદા પ્રકારની છે. અને જમીનનાં દશ્યો પણ જુદા જુદા છે. બાળકો માટેની સેન્ટ્રલ રેલ્વેમેન કલબનાં વડા મથકો મોસ્કોમાં છે, ૩૦૦૦ શાળાઓ માટે કામ કરે છે, આમાં રેલ્વે જંકશનોના સમાજોને આવરી લેવામાં આવ્યા છે. રેલ્વેમેનના હોબી વર્તુળોનું સંગઠન કરવામાં તે મદદ કરે છે, અને યુવાનોને તેઓ એવું ઉત્તેજન આપે છે કે તેઓ રેલરોડોના કામકાજમાં સક્રિય રસ લેતા થાય તેવી કુશળતા તેઓ પ્રાપ્ત કરે છે. જેને રેલ્વેરોડ વ્યવહાર સાથે સંબંધ હોય છે. જૂના કુઝકીવાસીઓની સારી એવી સંખ્યા આ વર્તુળમાં થોડા વરસો સુધી કામ કર્યા પછી રેલરોડમાં પાકી નોકરીઓ પ્રાપ્ત કરે છે.

પંદર લાખ નાનાં ઊતારુઓ દર વરસે આ લઘુક રેલ્વે રોડો ઉપર ફરવા નીકળી પડે છે. એનું ભાડું તો થોડાક કોપેકનું જ હોય છે. આના બધા કર્મચારીઓ પોતાના યોગ્ય ગણવેશમાં હોય છે.

વર્ષોથી રેલ્વે વર્તુળોમાં કામ કરતા આ યુવાન લોકોએ કરોડો વૃક્ષો વાવ્યા છે, અને તે ટ્રાન્સ-સાઈબેરિયન રેલ રોડ પર કર્યું છે કે જેથી કરીને રસ્તાનું રક્ષણ થાય અને જમીનના ઘસારા સામે રક્ષણ મળી રહે, તથા બીજા નૈસર્ગિક કારણોથી

Scanned with OKEN Scanner

થતાં નુકસાન સામે પણ એ કામમાં આવે. બીજા વર્તુળોએ રેલ્વે પર માઈલોના માઈલો સુધી બગીચાઓ વાવ્યા છે કે જેથી કરીને, જમીનનું દશ્ય સુંદરતાભર્યું લાગે, સાથે સાથે એમાંથી ફળો પણ પ્રાપ્ત થાય.

આ ઉપરાંત યુવાન પ્રવાસીઓ શોધકો પથ-ફાઈન્ડરો વગેરે માટે લોકી વર્તુળો હોય છે. સોવિયેત સંઘમાં દરેક પ્રકારનાં પ્રદેશ છે અને દરેક પ્રકારની આબોહવા છે. વિશાળ મેદાનો, રણ પ્રદેશો, ઊંચા પર્વત શિખરો, સમુદ્રકદના સરોવર અને એવી અનંત નદીઓ છે, જેનાથી યુવાનોને આ વર્તુળમાં આવવાનો મોહ થતો હોય છે. કારણ કે એનાથી તેઓ લોભાવનારાં સ્થળોએ જઈ શકે છે. પ્રતિકાત્મક રીતે જોઈએ તો, કેટલાંક વર્તુળો પોતાને "કોલંબસનાં પૌત્રો" તરીકે ઓળખાવે છે, કારણ કે તેઓ પણ સાહસની શોધમાં આધુનિક પ્રવાસીઓ અને શોધકો છે. આવા તો સેંકડો જૂથો શાળા વર્ષની રજાઓ દરમ્યાન અને ગ્રીષ્મમાં ફરતા રહેતા હોય છે. આ બધા તો સામાન્ય રીતે સંચાલિત પર્યટનો હોય છે, આમાંથી આનંદ અને સાહસ બંનેની પ્રાપ્તિ થાય છે, પણ જે અનુભવ મળે છે તે તો જ્ઞાનમાં સમૃદ્ધ હોય છે.

કલાઓની મોહિની

રસવૃત્તિનાં કલાના વર્તુળોની સંખ્યા અને વિવિધતા આશ્ચર્યજનક છે. શાળાની ઉંમરના છોકરાઓ અને છોકરીઓ પોતાના ફુરસદના ઘણા કલાકો પોતાના સાહિત્યિક દશ્ય કે બીજી કક્ષામાં પોતાની શક્તિઓ વિકસાવવામાં ગાળતા હોય છે. તેઓ સંગીત, નૃત્ય, પેઈન્ટીંગ, લાકડાનું કોતરકામ, કાર્ટૂન અને ફિલ્મ બનાવટ, પપેટ્રી માટેના વર્તુળોમાં જવાનું પસંદ કરે છે. ઉપરાંત માટી કામ, રમકડાંની ડિઝાઈનો, શિલ્પ, કાવ્ય લેખન, પોશાક ડિઝાઈનો, ફોટોગ્રાફી, એમેચ્યોર ડ્રામા, વગેરેનો પણ આમાં સમાવેશ થાય છે. મોસ્કોના પાયોનિયર મહેલમાં લલિતકલા તથા એપ્લાઈડ કલામાં ૪૦૦ જેટલા વર્તુળો છે, અને લેનિનગ્રાદ પાયોનિયર મહેલમાં જેટલી સંખ્યા છે, તેના કરતાં પણ આ સંખ્યા મોટી છે. દેશના દક્ષિણ પશ્ચિમ ભાગમાં આવેલા કિશિનેવ નામના નાનકડા શહેરમાંયે (મોસ્કોની વસતી

Scanned with OKEN Scanner

કરતાં ૧૬માં ભાગની વસતી છે) ત્યાં પણ પાયોનિયર કેન્દ્રમાં ૩૭ કુઝકી છે. અગાઉ આ ટાઉન હાઉસ રૂમાનિયન રાજકુમારીનું હતું, તે વખતે (રૂમાનિયન રાજાશાહીએ પાસે અત્યારના સોવિયેત મોલ્દેવિયાના અમુક ભાગનો કબજો હતો).

કલા જૂથોના સભ્યો ૭ થી ૧૮ વર્ષની વયના હોય છે. અહીં દાખલ થવા માટે બાળકમાં કોઈ નોંધપાત્ર શક્તિ હોવાની જરૂર નથી, પણ તેમને સંગીન રીતે આમાં રસ પડવો જોઈએ. એણે એના તરફ રસ બતાવવો જોઈએ અને તેણે ઠીક ઠીક રીતે નિયમિતપણે વર્તુળમાં હાજરી આપવી જોઈએ, અને સાથે સાથે તેની શાળામાં નિયમિત રીતે પાસ થવાનું ધોરણ જાળવી રાખતો હોવો જોઈએ જેઓ કુઝકીમાં જોડાવા માગતા હોય તેઓ બધા માટે આ તો આવશ્યક છે જ. અને તો જ તેને આવકાર મળે છે. કેટલાક વધુ આગળ વધેલા જૂથો થોડા અજમાયશી સમયગાળા માટે નવા સભ્યોને દાખલ કરે છે, અને તે પછી જ નિયમિત સભ્ય પદનો દરજ્જો તેને અપાય છે.

તાલીમ પામેલા શિક્ષકો, સ્વયંસેવક અને પગારદાર સ્નાતક વિદ્યાર્થીઓ અથવા તો વ્યાવસાયિક કલાકારો તરફથી શિક્ષણ અને મદદ મળે છે. જો કે તેઓને પગાર આપવામાં આવતો હોય છે, છતાં આવા વર્તુળોના મોટા ભાગના આગેવાનો આવું કામ કરતાં હોય છે, કારણ કે તેઓને બાળકો પોતાની કલાત્મક શક્તિ વિકસાવે તેમાં ખાસ રસ હોય છે.

શક્તિને એક એવો વિરલ ભંડાર ગણવામાં આવે છે, જેની રક્ષા થવી જોઈએ, અને વિકાસ થવો જોઈએ, કે જેથી કરીને રાષ્ટ્રના સાંસ્કૃતિક ખજાનાને માતબર બનાવી શકાય અને બાળકોનું પોતાનું ભલું પણ થઈ શકે. એવું પણ સામાન્ય રીતે માનવામાં આવે છે કે, એક એમેચ્યોર તરીકે કલાની પ્રેક્ટીસ કરવી અથવા તો અંતિમ વ્યવસાયિક દશ્યો માટે પ્રેક્ટીસ કરવી. એનાથી આ યુવાન મનુષ્યને જગતને એ વધારે સારા પ્રકાશમાં જુએ, એમાં સહાય થાય છે અને તેને એવું વધારે સુખદ સ્થળ તરીકે જુએ છે કે જેમાં તે મોટો થતો રહે છે. એનાથી બાળકો વધારે સંતોષી, વધારે સંવેદનશીલ અને વધારે માનવીય બને છે. બીજા શબ્દોમાં કલા તેઓને વધારે સારા માનવી બનાવવામાં સહાય કરે છે. રશિયન કેળવણીકારે કહ્યું છે તેમ..."કલાથી યુવાન મનુષ્યના આત્મામાં મહત્ત્વની લાગણીઓના લીસોટા રહી જવા પામે છે."

જે બાળકો પૂરતા પ્રમાણમાં વ્યવસાયિક બનવાની શક્તિવાળા ન હોય તેઓ પોતાને ઠીક લાગે ત્યાં સુધી પોતે પસંદ કરેલી કુઝકીમાં ચાલુ રહે છે. જ્યારે આવા લોકો ઇજનેરો, નર્સો, કપ્તાનો, ડ્રાઈવરો, ડોકટરો કે ખાણિયાઓની કારકિર્દી અપનાવે છે, ત્યારે પણ તેઓને ઠીક લાગે તો એમેચ્યોર બેંડમાં કે ઓરકેસ્ટ્રામાં જોડાઈ શકે છે, સારા કોરસમાં ગાઈ શકે છે, પુખ્ત વયના નૃત્ય જૂથોમાં જોડાઈ શકે છે, અથવા તો પોતાના શાળાનાં વરસો દરમ્યાન વર્તુળોમાં જેનો આરંભ કર્યો હતો તેમાં તેઓ જોડાઈ શકે છે. અહીં તેઓએ જેની ઝંખના કરી હતી અને જે કાંઈ કર્યું હતું તેનાથી, તેઓને હંમેશાં વધુ આનંદ પ્રાપ્ત કરવામાં સહાય થાય છે. કોન્સોર્ટમાં હાજરી આપતી વખતે કલાના પ્રદર્શનમાં, ઓપેરામાં અથવા તો, કાવ્ય વાંચનમાં તેમને આનંદ મળતો હોય છે.

શક્તિશાળીઓ સંગીતની સંસ્થાઓમાં જઈ શકે છે, તેમ સ્પેશ્યિલ કોરીઓ-ગ્રાફીક શાળાઓમાં, કલા સંસ્થાઓમાં અને બીજી શૈક્ષણિક સંસ્થાઓમાં જઈ શકે છે. અહીં તેઓ વ્યવસાયિક બનવાનું શીખે છે અથવા નિષ્ણાત થઈ શકે છે. વિખ્યાત ગાયિકા તામારા સિન્યાવ્સ્કાયા અને નર્તિકાઓ નાતાલ્યા, બેસમર્તનોવા અને વ્લાદિ-મિર વાસિલ્યેવ (બોલ્શોઈ બેલેવાળા) વગેરેએ પોતાની તાલીમ એમેચ્યોર તાલીમ લોકનેવ, સોંગ અને નૃત્યદળમાં. (મોસ્કોના પાયોનિયર મહેલ ખાતે) લીધી હતી. બીજા ઘણ વિશ્વ–વિખ્યાત સોવિયેત કલાકારો છે જેઓની કલાની દીક્ષા આવી જ રીતે અપાઈ હતી.

રાષ્ટ્રીય પ્રજાસત્તાકોમાં અમેચ્યોર સંગીત અને નૃત્ય જૂથો રાષ્ટ્રીય લોક સંસ્કૃતિ ઉપર ભાર મૂકે છે. બાકુના પાયોનિયરનાં વર્તુળો (કાસ્પીઅન સમુદ્રમાં આઝર-બૈજાનનું એ પાટનગર છે) અહીં સેંકડો કલાકારો લોકવાદ્યો વગાડવાનું શીખે છે. આ મહેલ પાસે ૧૦૦ બાળકોનું એકોર્ડિઅન બેન્ડ છે, ૧,૦૦૦ જેટલા સંગીત કુઝ-કોવ્ત્સીએ પોતાના વર્ગોમાં સંગીત ઉપર બોલવા જેટલું તો શીખી જ લીધું હોય છે, તેમ નાનાં બાળકોનાં વર્તુળોમાં પણ તેઓ વાર્તાલાપ આપી શકે છે, અને કિન્ડરગાર્ટનિયાઓને સંગીત શીખવી શકે છે, સેંકડો છોકરીઓ રાષ્ટ્રીય નૃત્ય શીખે છે.

તાશકંદ મહેલે (સેન્ટ્રલ સોવિયેત એશિયામાં ઉઝબેક પ્રજાસત્તાકમાં) અસાધારણ નૃત્યનો અભ્યાસક્રમ વિકસાવ્યો છે. એમાં જુદા જુદા વર્તુળો દરેક સોવિયેત પ્રજા-સત્તાકના તેમ, ઘણા પરદેશોનાં તળપદી લોકનૃત્યો શીખે છે. સ્થાનિક અને પ્રાદેશિક

Scanned with OKEN Scanner

નૃત્યોત્સવ વખતે બાળકોની માંગ પુષ્કળ રહેતી હોય છે. અને તેઓની કલાનો આનંદ માણવામાં આવતો હોય છે.

કિવના પાયોનિયર મહોલમાં એમેચ્યોર નૃત્યકારોના સમારંભમાં હાજરી આપવી એટલે એક એવો પૂર્વાસ્વાદ છે, જેનો અનુભવ વિખ્યાત મોઈસેયેવ નૃત્યકારો જ્યારે, યુક્રેનિયન નૃત્ય કરે છે તેના જેવો થતો હોય છે. મોલ્દેવિયામાં બાળકો જે સમારંભો યોજતા હોય છે, તેને વિશે પણ એ એટલું જ સાચું છે. તેઓ આવેશયુક્ત આનંદી ઝડપી તળપદી નૃત્યો પોતાના જ મોહક તળપદી પોશાકોમાં કરતા હોય છે. ઈસ્ટોનિયા, લેટવિયા, અને લિથુઆનિયાના બાલ્ટિક પ્રજાસત્તાકોમાં ગીતનૃત્યના સામૂહિક ઉત્સવો દર વરસે થતાં હોય છે. એમાં ૩૦ હજાર એમેચ્યોર કલાકારો ભાગ લે છે, એમાં હજારો તો કુઝકીનાં બાળકો હોય છે.

કિશોરોમાં સામાજિક નૃત્ય બહુ જ લોકપ્રિય છે. એ સોવિયેત પ્રકારના જાઝ અને રોકની રીતે મોટે ભાગે ભજવવામાં આવે છે, અને પશ્ચિમ કરતાં વધારે શાંત અને વધારે ઉપયોગી છે. કેટલાંક સામાજિક નૃત્યોમાં આધુનિક અને લોકપગલાંનું સંયોજન કરવામાં આવે છે, અને તે ઘણી વાર આનંદપ્રદ તથા આવેશયુક્ત હોય છે. યુવાન લોકો સામાજિક નૃત્ય, કુઝકી ખાતે જ શીખે છે. કોરીઓગ્રાફરોને એવી અપીલ કરવામાં આવી છે કે તેઓએ સોવિયેત યુવાનો માટે સ્પેશિયલ નૃત્યોના ગીતો તૈયાર કરવા, એટલે કે લાવણ્ય સાથેનાં નૃત્યો તેઓએ તૈયાર કરવાં, અને એમાં વધારે સંસ્કાર પૂરવા; જેમાં આધુનિક ભાવના વ્યક્ત થતી હોય.

ઘણા ખરા મોટા મ્યુઝિયમોમાં બાળકો અને કિશોરો માટે કલા વર્તુળો છે. અલબત્ત દરેક પાયોનિયર કેન્દ્રમાં તેનું દશ્ય, પ્રાયોગિક અને કાર્યરત કલા કુઝકી તો છે જ.

સોવિયેત બાળકો મુવીના આશકો છે, અન્ય સ્થળોના લોકોની જેમ જ તેઓ પણ ફિલ્મોને ચાહે છે. નવા નિશાળીયાઓમાં કાર્ટૂનો સૌથી વધુ લોકપ્રિય માધ્યમો છે, કેટલીક બહુ ટૂંકી કાર્ટૂન ફિલ્મો વધારે મોટા બાળકોએ પોતાના વર્તુળોમાં તૈયાર કરેલી હોય. મોલ્દેવિયાના કિશીનેવમાંની કાર્ટૂન કલબે ૧૯૫૭માં પોતાની કામગીરી શરૂ કરી હતી, અને આવા પ્રકારની બાબતમાં તેઓ સૌથી પહેલાં હતાં. તે હજીયે સૌથી વધુ વિખ્યાત છે. અને બીજા એવા જૂથોને માટે તે હજીયે મોડેલ તરીકે કામ કરે છે. ફલોરીચ્કા (કાર્ટૂન કલબનો અર્થ "નાનું ફૂલ" થાય

છે. (મોલ્ડેવિયન ભાષામાં આ અર્થ છે.) આ કલબ પાસે ક્રમમાં કમ ૫૦ ફિલ્મો છે, અને એમેચ્યોર ફિલ્મોત્સવો વખતે તેણે અસંખ્ય ઘરગથ્થુ અને રાષ્ટ્રીય એવોર્ડો પ્રાપ્ત કર્યા છે, અને તેઓની કૃતિઓ અસંખ્ય દેશોમાં બતાવવામાં આવે છે. એમાં ફિલિપાઈન્સ, ભારત, સીરિયા અને કેટલાંક સમાજવાદી દેશોનોયે સમાવેશ થાય છે. એ જ નેતા શિક્ષકે ક્લબને શરૂઆતથી જ દોરવણી આપી છે, તે લેનિનગ્રાદ શિલ્પ સંસ્થાની સ્નાતિકા છે, જે પાછળથી ફિલ્મી કાર્ય ભણી વળી અને તેણીએ ફ્લોરીસ્કા જૂથોની દોરવણી સંભાળી. પણ સૌથી વધુ મહત્ત્વની બાબત એ છે કે બાળકોની ત્રણ પેઢીઓ જેઓએ આ કાર્યને વિકસાવ્યું છે, અને ઘણી બધી આવડતો પ્રાપ્ત કરી છે અને સિદ્ધિઓનો અનુભવ ભંડાર મેળવ્યો છે. તેઓએ આ માધ્યમની મોહિની ઊભી કરી છે.

સોવિયેત સંઘમાં કવિતા તો હવે એ સંપ્રદાય બની ગયેલ છે. કવિઓની પ્રશંસા થાય છે, અને તેઓની સૌથી વધુ પૂજા થાય છે. બાળકોનો ઉછેર સાહિત્ય ભંડારના આધારે થતો હોય છે, તેઓ જેમ જેમ મોટા થાય છે, તેમ તેમ તેઓ પોતાની બક્ષિસોની અજમાયશ કરવા માગતા હોય છે. મોસ્કોના મહેલમાં આવું એક વર્તુળ ૩૦ વર્ષથી હસ્તી ધરાવે છે, તે વખતે જયારે એના એક નિવૃત્ત થતા નેતાના વિદાય સમારંભમાં મેં હાજરી આપી હતી (નેતાનું નામ કુદ્રિયાશોવા હતું). આ તો કેટલાય વરસો પહેલાની વાત છે. તેણી આ સમગ્ર સમય ગાળા દરમ્યાન એના અધિકાર પદે હતી. એ સાંજે હાજર રહેલા છોકરા છોકરીઓ સાથે તેણીએ તે વરસે કામ કર્યું હતું. આમાં અસંખ્ય કુઝકીવાસીઓમાં કામ કરી ગયેલાઓ હતા. અને એમાંના કેટલાક તો એમની ચાલીશીમાં આવ્યા હતાં આ સાંજની ઉજવણીમાં મુખ્ય ભાગ લેનારાઓ ચાલુ જૂથના હતા. આ કાર્યક્રમને રેડિયો પરથી બ્રોડકાસ્ટ કરવામાં આવ્યો હતો. બાળકો એક પછી એક માઇક્રોફોન પર ગયા, અને પોતાના હૈયાથી કાવ્યની ઘોષણા કરી; એમાં પુષ્કળ ભાવવાહિતા હતી. આમાંના કેટલાક કાવ્યોને સંગીતમાં અને ગીતમાં વણી લેવામાં આવ્યા હતા. આ ક્રમ આ વર્તુળના એક એવા જૂના સભ્યે કર્યું હતું, જે પાછળથી સંગીતજ્ઞ થયા છે. એક કાવ્ય સારા કંઠવાળા વિદ્યાર્થીએ એવી મધુરતાથી મોસ્કો કન્ઝર્વેટરી ખાતે ગાયું હતું (તે પણ જૂનો સભ્ય હતો) એ કાવ્ય ૧૨ વર્ષની છોકરીએ લખી દીધું હતું. એના આવેશયુક્ત શબ્દો યુદ્ધમાં છેલ્લા ખતમ થનારા સૈનિકો વિશેના હતા. છેલ્લા યુદ્ધની લડાઈમાં એ સૈનિક ખપી ગયો હતો, મનુષ્યોમાં શાશ્વત શાંતિના અરૂણોદય પહેલાં એ વીરગતિને પામ્યો હતો.

Scanned with OKEN Scanner

પ્રસંગોપાત, યુવાન માણસ પોતાના કવિતા-પ્રેમની સાથે વિજ્ઞાનમાંના રસનું સંયોજન કરે છે, Elena નામની એક ૧૪ વર્ષની મોસ્કોવાસી છોકરીએ બરોબર એમ જ કર્યું હતું. તેનો પ્રિય વિષય શાળામાં ખગોળ વિજ્ઞાન હતો, પણ તેણીને પ્રિય કવિઓ પણ છે, અને તેણી પોતે કાવ્યો લખવાનું પસંદ કરે છે. એટલે તેણીએ વેરા કુદ્રિયાશેવાના વર્તુળમાં જોડાવાનું પસંદ કર્યું એ સાંજના વિદાય સમારંભમાં હાજરી આપ્યા બાદ, કેટલાક વરસો પછીથી મેં તે મહેલની મુલાકાત લીધી અને ફરીથી કવિતા વર્તુળમાં પાછી આવી હતી (આ સ્થળે જ હું એલેનાને મળી હતી). પોતાના કાવ્યમાં તે દિવસે પોતાના જૂથ સમક્ષ 'From My Castle in the Air" એ શીર્ષક હેઠળ કાવ્યનું વાંચન કર્યું હતું. તેણી આમાં નવી સદીના જીવનનું અવલોકન કરે છે, અને તે પણ અવકાશયાનમાંની પોતાની નાનકડી બારીમાંથી, આ બધું અવકાશ સ્ટેશન પર બન્યું હતું પૃથ્વીના ગ્રહને જોઈને તેણીને અનહદ આનંદ થયો હતો. આ પૃથ્વી કમમાં કમ યુદ્ધોથી મુક્ત બની હતી. બધા બાળકો હેમખેમ હતા: ઈલેનાનું હૈયું એવી આશાથી સભર હતું કે, હિંસાખોરી, બીમારી અને ભૂખમરો સદા માટે વિદાય થઈ ચૂકયા છે! આ ખરેખર એક સારું કાવ્ય હતું, એની વસ્તુ ભવ્ય હતી.

બીજું કાવ્ય કુઝકોવેસ્ત્ઝ, ૧૫ વર્ષનો નાનો ઓલેગ, વિજ્ઞાનીઓની અને કવિની સર્જક શક્તિ ઉપર વિવેચન કરે છે. એનું શીર્ષક છે "The Radiance of Creativlty" એમાં એ કાંઈક અંશે એમ જણાવે છે કે:

> ભલે એ વૈજ્ઞાનિક કે કવિ હોય—
> ભેદભાવની કોઈ જરૂર નથી;
> દરેકનાં એકના એક જ તારાની તેજસ્વિતા છે;
> દરેકમાં પ્રાણભૂત, ધબકારા મારતો તણખો છે.

પુસ્તક પ્રેમીઓ, પત્રકારો, વિવેચકો, કટાક્ષકારો વગેરેના વર્તુળો યુવાન લેખકોને પ્રેરણા આપવા માટે, વૈયક્તિક પસંદગીને માફક આવે એવી રીતે મૌજૂદ હોય છે. રસાસ્વાદ અને કલ્પનાથી આ કામ કરવામાંથી આવે છે.

મેં તો માત્ર એટલું જ જોયું અને મને સત્તાવાર રીતે કહેવામાં પણ આવ્યું હતું કે, (બાળકોની શાળા બહારની પ્રવૃત્તિઓ અંગે) આવા વ્યાપક કાર્યક્રમોની શૈક્ષણિક અને નૈતિક અસર પ્રચંડ પ્રમાણમાં થતી હોય છે. એનાથી એવું પણ

Scanned with OKEN Scanner

જોવા મળે છે કે, નાનાં લોકો કેટલી બધી સ્વેચ્છાથી આમાં ભાગ લેતા હોય છે. વ્યવસ્થા, આત્મશિસ્ત, સારી હાજરીના નિયમોનો સામાન્ય રીતે સ્વીકાર કરવામાં આવે છે. છોકરા અને છોકરીઓ બંને એને જાળવી રાખે છે. તેઓ એને આવશ્યક ગણે છે એના વિના તેઓ આ રસપ્રદ કામગીરી કરી શકે નહિ અને એના પરિણામો માણી શકે નહિ. આવા પરિણામો આમાંથી આવે એવી તેઓને આશા હોય છે.

લાખો શિક્ષકો જેઓ કુઝકીની આગેવાની લે છે, તેઓને પગારો આપવા માટે તથા મહેલોની સજાવટ, સ્ટેશનોની અને કેન્દ્રોની સજાવટ માટે મોટી રકમોની જોગવાઈ કરવી પડતી હોય છે. આ નાણાં નિયમિત રીતે રાજ્ય તરફથી, ટ્રેડ યુનિયનોની જનરલ કાઉન્સિલ તરફથી, સ્થાનિક શાળાઓ તરફથી અને મોટે ભાગે તો આ માટેનાં જવાબદાર રાજ્ય તરફથી પૂરા પાડવામાં આવતા હોય છે.

શાળા પછીની સોવિયેત પ્રવૃત્તિના કાર્યક્રમોની કક્ષા અને એની સફળતાની કક્ષા અજોડ છે. આ સમાજ કેટલી બધી બુદ્ધિપૂર્વક અને માનવીય રીતે નિસ્બત ધરાવે છે, તેને વિશે ઘણું ઘણું કહી જાય છે. નવી પેઢી પરત્વેની આ નિસ્બત અને સંસ્કૃતિની ચાવી ઊંચી સ્થિતિએ પહોંચવા માટે, આ રાષ્ટ્રની ઝંખના બીજા સમાજોને પણ માર્ગદર્શન અને પ્રેરણા પૂરી પાડે છે.

Scanned with OKEN Scanner

સોવિયેત રમત-ગમતોના વિશ્વમાં બાળકો અને કિશોરો

તેઓના ભાવિમૂલક સમાજમાં સોવિયેત બાળકો અને કિશોરોને એવું પ્રોત્સાહન આપવામાં આવે છે કે, તેઓએ પોતાનાં જીવનનાં ધ્યેયો વિશે વહેલા વિચારતા થવું જોઈએ. દા.ત. મોસ્કો શાળા નં ૧૩૦માં છોકરા અને છોકરીઓને એવું કહેવામાં આવ્યું કે, ધારો કોઈ જાદુથી તમને જોઈતું બધું જ મળી જાય છે, તો એનું તેઓ શું કરશે. તે તેઓએ લખી આપવું જોઈએ. છોકરામાંથી એક શશા બોન્દ્રાસ્કી, ૧૨ વર્ષની વયનો તેણે પોતાનો જવાબ આ પ્રમાણે લખ્યો: "મારા ધોરણનાં બધા જ છોકરા સર્વોત્તમ ગુણાંક મેળવે એવી વ્યવસ્થા થાય એવું ઈચ્છું છું. એ પછીથી હું સારો ફૂટબોલર થવા માગું છું. મારા મિત્રો અને હું વિશ્વ ટીમમાં રમીએ અને મંગળવાસીઓ તથા બાકીનાઓને આંબી લેવા બીજા ગ્રહોમાં અમે ઉડ્ડયન કરીએ."

બીજા પણ સંખ્યાબંધ જવાબો સામાન્ય રીતે એટલા જ ભવ્ય મહત્વાકાંક્ષી રમત-ગમતોના તેજસ્વી ભાવિ પરત્વે હતા.

લાયકાત અને આનંદ માટે વ્યાયામ

સોવિયેત સંઘમાં શાળા બાળકો માટેનાં આવા પ્રત્યાઘાતો આવે એ કાંઈ સહસંજોગ નથી અને રમત-ગમતના ઉત્સાહીઓનાં રાષ્ટ્રનો એ એક ભાગ છે.

Scanned with OKEN Scanner

મોટા ભાગનાં તો કોઈ શોખીનો નથી, પણ એક યા બીજી ઘણી લોક રમતોમાં તેઓ ક્રિયાશીલો હોય છે. રાષ્ટ્રીય પ્રજાસત્તાકોમાંના બાળકો દેશી રમતોમાં સક્રિય હોય છે એકંદર રીતે આખા દેશ વિશે કહીએ તો ૬ કરોડ લોકો આ રાષ્ટ્રીય રમત-ગમતમાં ભાગ લે છે. આમાંથી ૧ લાખ ૪૭ હજાર સોવિયેત સંઘમાં Master of Sportની ઊંચી પદવી પ્રાપ્ત કરે છે. ૧૨ વર્ષની વયના બાળકો જો તેઓ પુખ્ત વયનાઓ જેવી જ લાયકાત મેળવે તો તેમને પણ આવી પદવી મળી શકે. માસ્ટર થવા માટે આ વ્યાયામ વીરે પહેલા તો ત્રણ નાની કક્ષાની પરીક્ષાઓ પસાર કરવી પડે છે, આમાંની દરેક પરીક્ષા ચકાસણીઓ ઉપર આધારિત હોય છે, અને અમુક ચુનંદીર મનોમાં માન્ય થયેલી સિદ્ધિ પ્રાપ્ત કરવી પડે. હજારો યુવાનો અને કિશોરો જેઓએ આ પદવી મેળવી છે અને ૧ કરોડ બીજા યુવાનોએ સ્પોર્ટમેનની ઓછી કપરી કક્ષા પ્રાપ્ત કરી છે

સોવિયેત સંઘે એવા સમય ગાળામાં વિકસ સાધ્યો છે, જ્યારે વિશ્વભરમાં રમત-ગમતોમાં રસ વધતો હતો. પણ રમત-ગમતોમાં ભાગ લેવા માટેના તથા તેમાંના અસાધારણ ઉત્સાહનાં બીજાં કારણો છે. આ રસવૃત્તિ દેશ આખામાં છે અને સરકારે પણ એને પુષ્કળ ટેકો આપ્યા કર્યો છે, છેક શરૂઆતથી જ સોવિયેત રાજ્ય પાસે એવા રાષ્ટ્રીય નેતાઓ હતા, જેઓને એમ લાગતું હતું કે રમત-ગમતો એક એવું આવશ્યક સાધન છે, જે દ્વારા શારીરિક રીતે લાયક અને માનસિક રીતે સ્ફૂર્તિવાળા માણસોનો વિકાસ કરી શકાય. આવા માણસો હરીફાઇ કરી શકે તેવા પણ હોય, અને સમાજ-વાદી રાષ્ટ્ર હાંસલ કરવામાં એ સાધન બની શકે. આ સમાજવાદી રાષ્ટ્ર પોતાના બધા જ રસાલા અને વફાદારીઓ સાથે રમતગમતોમાં ભાગ લેતું થાય. આમાં મગરૂરી અને હરીફાઈની ઉત્તેજના હોય છે. પોતાની ટીમ પ્રત્યેની વફાદારી, શહેર ગ્રામ્ય, તળ પ્રજાસત્તાક અને સ્વાયત્ત પ્રદેશ અથવા તો દેશ પ્રત્યેની પણ આ વફાદારી હોય છે.

લેનિન જેઓ નવા સોવિયેત રાજ્યના સૌથી મોટા અગ્રીમ નેતા હતા તેમણે આમાં દાખલો બેસાડયો હતો. તેમણે રમત–ગમતોની મહત્ત્વની ઘોષણા કરી હતી અને પોતાની પ્રચંડ જવાબદારીઓ છતાં તેઓ પોતે એમાં ભાગ લેતા હતા. તેઓ રોજ સાયકલ પર જતા અને જેટલો સમય મળતો તેમાં તેઓ સાઈકલ પર હંકારી જતા હતા પોતાના મનને કસરત આપવા માટે તેઓ ચેસ રમતા હતા, જે આજે સોવિયેત સંઘમાં એવી રમત ગણાય છે, જે આવડત, પ્રેકટીસ અને મજબૂત

હરીફાઈયુક્ત વલણ માગી લે છે. લેનિનની આગેવાની હેઠળ સોવિયેત રાજ્યની ૧૯૧૮માં સ્થાપના થયા પછી, માત્ર થોડાક જ મહિનાઓના ગાળામાં શાળા પદ્ધતિમાં શારીરિક શિક્ષણ દાખલ કરવામાં આવ્યું હતું બાળકો માટેનાં વ્યાપક રમત-ગમતોનાં અભ્યાસક્રમોના ઉદ્દેશો તથા પરિમાણોનો વિસ્તાર કરવામાં આવ્યો છે અને એને વિધિપૂર્વકના બનાવવવામાં આવેલ છે.

શારીરિક કસરત માટેના તથા રમતગમત માટેના પ્રધાનમંડળ ખાતાની સોવિયેત કમિટીને પ્રધાન જેટલી કામગીરી તથા દરજ્જો છે. એનો ચેરમેન પ્રધાનમંડળનો સભ્ય હોય છે. કેળવણી ખાતાં સાથે મળીને અને એની વૈયક્તિક કમિટીઓ આ બધાનું આયોજન કરે છે અને સંચાલન કરે છે. એના કાર્યક્રમનો મોટો ભાગ બાળકો અને કિશોરોને આવરી લે છે. એટલે કે કિન્ડરગાર્ટનોઅરથી માંડીને ૧૭ વર્ષની ઉંમરનાઓ અને ૧૦મા ધોરણનાઓને આવરી લે છે

સોવિયેત સંઘ આ બાબતમાં અજોડ છે કારણ કે તેણે પોતાના ૧૯૭૭નાં બંધારણમાં આવો આગવો પ્રયાસ કરેલો છે. આ કમિટીના પ્રમુખ સર્ગેય પાવલોવ એની રજૂઆત આ પ્રમાણે કરે છે: "સોવિયેત બંધારણ જે ૧૯૭૭માં અપનાવવામાં આવ્યું છે, તેમાં એની બાંયેધરી આપવામાં આવી છે કે દેશની ઉગતી પેઢીને યોગ્ય શારીરિક શિક્ષણ મળે. તંદુરસ્ત રાષ્ટ્ર બાંધવા માટે તે અત્યંત આવશ્યક છે. મૂળભૂત કાયદો સોવિયેત નાગરિકને એવી બાંયેધરી આપે છે કે સામુદાયિક રમતો વાટે તેઓને મનોરંજન અને આરામનો હક્ક છે, અને એ માટે શારીરિક વ્યાયામની પ્રવૃત્તિઓની જોગવાઈ કરવામાં આવી છે."

અધ્યક્ષ પાવલોવ નીચેની હકીકતોની જાણકારી આપી અને ઓછામાં ઓછું કહીએ તોયે તે આશ્ચર્યજનક તો છે જ. જાહેર આરોગ્ય સેવા અને શારીરિક શિક્ષણ તથા રમત-ગમત માટેનું જાહેર ખર્ચ ૧૯૭૯માં ૧૩ બિલિયન અને ૬૦૦ મિલિયન રૂબલનું હતું. ઉપરાંત એક ધરખમ ભંડોળ આવી શારીરિક પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગીદારી માટે ટ્રેડ યુનિયનો, ઔદ્યોગિક અને ખેતીનાં સાહસો ફાજલ પાડતા હોય છે. આમાં રમતગમતની સોસાયટીઓનો પણ સમાવેશ થાય છે આવી પ્રવૃત્તિઓને આટલી બધી ઉદાર સબસીડી પૂરી પાડવામાં આવે છે, ને એવા સિદ્ધાંત ઉપર આધારિત છે કે, શાળાનાં બાળકોને શારીરિક શિક્ષણની જોગવાઈ પૂરી પાડવાની જરૂરિયાત એ શાળા પદ્ધતિનો અન્તર્ગત ભાગ છે. આ પદ્ધતિનો ઉદ્દેશ યુવાનોમાં સારી શારીરિક અને બૌદ્ધિક શક્તિઓની ખિલવણી કરવાનો છે. એવું માનવામાં

૧૯૬-૨૫

આવે છે કે સારી બૌદ્ધિક કામગીરી માટે નિયમિત શારીરિક અને રમતગમતની પ્રવૃત્તિની જરૂર છે. કાંઈક આશ્ચર્યજનક રીતે સોવિયેત સંઘમાં જ્યાં એકેડેમિક ભણતર ઉપર આટલો બધો ઝોક અપાય છે, ત્યાં રમતગમતમાંના મજબૂત રસને અને અભ્યાસનાં મોટા ક્ષેત્રોમાંના રસને જુદા પાડવામાં આવતા નથી. એટલે કે વિજ્ઞાન, સાહિત્ય, લલિત કલાઓ વગેરેથી વધુમાં એવું માનવામાં આવે છે કે આનંદ પ્રમોદની માટેની અમુક રમત-ગમત વિના વેગના પલટા તથા તંગદિલીની હળવાશ વિના ગંભીર વિદ્યાર્થી સફળ બની શકે નહિ.

દર વરસે ૯૦ લાખ શાળા બાળકો રમત-ગમતોના કાર્યક્રમોમાં લાયકાત પ્રાપ્ત કરે છે, અને તેઓને એમાં આંક પ્રાપ્ત થાય છે. જ્યારે ૧૨ થી ૧૩ મિલિયન બાળકોને GTOનો બિલ્લો આપવામાં આવે છે અને એમાંનાં રશિયન અક્ષરોનો અર્થ થાય છે. એટલે કે "Ready For Lobor And Defence." GTO એક એવું બુનિયાદી લક્ષણ છે જે શારીરિક લાયકાતના એકંદર કાર્યક્રમને આવરી લે છે (માધ્યમિક અને વ્યાવસાયિક શાળાઓમાં).

સમગ્ર સોવિયેત સમાજ શારીરિક કેળવણીના આ કાર્યક્રમની સિદ્ધિ હાંસલ કરવામાં ભાગ ભજવતો હોય એમ લાગે છે. આમાં વાલીઓના પણ સમાવેશ થાય છે. ૧૩ વર્ષના ફેદ્યાના પિતાએ મને જણાવ્યું હતું કે : આ છોકારાનો રમતગમતમાંનો પોતાનો રસ આ રીતનો છે :

> "મને લાગે છે કે મારો છોકરો કોઈક દિવસે એક લેખક બનશે. એટલે કે એવું થવાની એની ઈચ્છા છે. એણે કેટલીક સુંદર વાર્તાઓ તો ક્યારનીયે લખી નાંખી છે. પણ હું એને એમ કહી રહ્યો છું કે તેણે કુસ્તીનો શોખ છોડવો જોઈએ નહિ શાળામાં તે ઓછામાં ઓછી ચાર સુંદર ગ્રેડ પ્રાપ્ત કરે છે. સાહિત્યમાં, ઈતિહાસમાં, વર્ણનકૂમાં અને શારીરિક શિક્ષણમાં. સાહિત્યમાં એટલા માટે કે સારા પુસ્તકો કેવી રીતે વાંચવા એ સમજ્યા વિના તેને પોતાના જાતભાઈઓને સમજવાનું અને ચાહવાનું આવડશે નહિ. દેશના ઇતિહાસનાં સારા જ્ઞાન વિના તેને પોતાની માતૃભૂમિની ખબર નહિ પડે, અથવા તો એના કલ્યાણમાં કેવું યોગદાન કરવું તેની તેને ખબર નહિ પડે. જો તે સારું વર્નન કરવાનું ન શીખે તો. પોતાનો મુખ્ય ઉદ્દેશ હાંસલ કરવા માટે

Scanned with OKEN Scanner

એની પાસે શારીરિક અને માનસિક ગુંજાશ નહિ હોય, એટલે કે સારા લેખક બનવાનો ઉદ્દેશ બહાર નહિ આવે."

કદાચ આ દષ્ટિવંત પિતાના મનમાં એવું પણ હશે કે એણે જ્યારે પોતાના પુત્રને કુસ્તી શીખવાનું કહ્યું હતું, ત્યારે એક ઉગતા લેખક તરીકે એણે અણગમના શબ્દો સામે પણ કુસ્તી કરવમાં લાયકાત મેળવવી જોઇશે.

માત્ર વાલીઓ જ નહિ પણ મોટા ભાગના શિક્ષકો સુધ્ધાં પોતાનો સાવ-ચેતીભર્યો અભિપ્રાય ઉપયોગમાં લે છે, અને એક ઊંડી સમજદારી બતાવતા હોય છે. પાર્ટટાઇમ રમતગમતની શાળામાં દાખલ થવા માટે અને ચાલુ રહેવા માટે બાળકે પાસ થવાનું ધોરણ તો જાળવવું જ જોઈએ. કસરત વિભાગના વડા શિક્ષક તાન્યા વિશે એવો ખુલાસો કર્યો હતો કે આ છોકરી ભણવામાં નિયમિત શાળામાં મંદ હતી, પણ એને દૂર કરવામાં આવી નહિ કે જેથી કરીને હોમવર્ક માટે તેને વધુ સમય મળે. તેણીને પણ કસરત ગમે છે અને એમાં ખૂબ મહેનત કરે છે, તેણીએ સારી પ્રગતિ કરી છે. જો એને પડતી મૂકવામાં આવે તો એનું મન ભાંગી જાય. અમે એની સાથે ઘણી વાતો કરી અને પોતાના સમયના વધુ સારા ઉપયોગ કરીને શાળાના ધોરણમાં સુધારો કરવા તેણી ખૂબ મથામણ કરશે. કેટલીક મોટી ઉંમરની છોકરીઓ એને મદદ કરી રહી છે અને એને નિયમિત ટ્યુશન આપ્યા કરે છે.

અઠવાડિયામાં બે વાર શારીરિક વ્યાયામના વર્ગો સિવાય (રેગ્યુલર દસ વર્ષની શાળામાં) રમતગમતની બધી જ પ્રવૃત્તિઓ સ્વૈચ્છિક છે. બાળકો અને કિશોરોને લાખોની સંખ્યામાં આવી પ્રવૃત્તિમાં આકર્ષવા માટે રમતગમતના કાર્યક્રમો અને તાલીમને રસપ્રદ બનાવવામાં આવે છે, અને ઉત્તેજના તથા પડકાર રૂપ બનાવવામાં આવે છે. સોવિયેત પ્રજામાં એક જાતની એવી બક્ષિસ હોવાનું જણાય છે કે તેઓ જે કાંઈ કરે છે, તેને તેઓ નાટકીય ઘાટ આપી દેતા હોય છે. આમાં ભપકાનો આનંદ હોય છે. રંગ-બે-રંગી રમતો રમવામાં મણા રાખતા નથી. રમતગમતોની પરેડો, ભપકાઓ, ઉત્સવો વગેરે તેઓ ઉજવે છે. અસંખ્ય રમતગમતોને પોતપોતાનાં ગીતો હોય છે.રમતગમતોને લોકપ્રિય બનાવવાનાં માર્ગો ઘણી વાર તો સંગીન રીતે મૌલિક હોય છે, ભપકાદાર હોય છે અને એમાં પુષ્કળ વિનોદ હોય છે.

બાળકોને શારીરિક શિક્ષણમાં બહુ જ વહેલી ઉંમરથી આકર્ષવામાં આવે છે. બાળમંદિર કિન્ડરગાર્ટનના ૧૫૮ પાનાના એક મેન્યૂઅલમાં પૂર્વ પ્રાથમિકિયાઓ

Scanned with OKEN Scanner

માટેના શારીરિક શિક્ષણના સિદ્ધાંત અને વ્યવહારનું નિરૂપણ કરવામાં આવ્યું છે. વિષયોનો વિકાસ કરવા, બુનિયાદી નિશાળમાં કસરત, નિસર્ગ વાટે મનોરંજન અને કસરત, પ્રવાહી રમતો, અખાડાની કવાયતો, રમતગમતની પ્રવૃત્તિઓની તૈયારીમાં કસરત. કુટુંબમાં પૂર્વ પ્રાથમિકશાઓ માટે શારીરિક કામગીરીનાં સૂચનો, ભલામણ-વાળા સાહિત્યનું એક આખું પાનું આમાં આપવામાં આવ્યું છે.

ઘોડિયાઘર અને કિન્ડરગાર્ટનની જે દરેકે દરેક શાળાની મેં મુલાકાત લીધી (સોવિયેત સંઘના મારા વ્યાપક પ્રવાસ દરમ્યાન), તેમાં મને જોવા મળ્યું છે કે એને એવા મોટા ઓરડાઓ છે. જે શારીરિક શિક્ષણનાં સાધનોથી સુસજ્જ હોય છે અન એમાં પુષ્કળ જગ્યા હોય છે, તથા બહારના ભાગનાં સાધનો પણ આ હેતુ માટેનાં હોય છે. આમાંની દરેક સંસ્થામાં જે અભ્યાસક્રમને અનુસરવામાં આવે છે તે આ મેન્યુઅલ પ્રમાણેનો જ ચોક્કસ રીતે હતો. નોવોસિબીરસ્કના સાઈબેરિયન શહેરના પરામાં પાંચ છ વરસની વયનાં ૧૧૦ બાળકોએ હજી તો હમણાં જ એક અસાધારણ રમતમાં સ્થાનિક સ્ટેડિયમમાં ભાગ લીધો હતો. ૧૧ કિન્ડરગાર્ટનોના આ વિદ્યાર્થીઓ હતા.

ઓગસ્ટનો બીજો રવિવાર રાષ્ટ્રીય શારીરિક શિક્ષણ દિન તરીકે જાહેર કરવામાં આવ્યો છે. અસંખ્ય સામાન્ય પ્રકારના અને રમત-ગમતોના ગ્રીષ્મ કેમ્પોમાં કરોડો બાળકો ભેગા થાય છે, અને તેઓ છેલ્લી બેઠક સાથે આ દિનની ઉજવણી કરે છે. સિદ્ધિઓ પ્રાપ્ત કરનારા બાળકોને પીનો અર્પણ કરવામાં આવે છે, વિજેતા ટીમો તેઓના સૂર્યતાપથી પ્રકાશતાં ચહેરાઓ ઈનામો લેવા માટે મોખરે આવે છે. તેઓ પડઘમ વગાડે છે અને ગીતો ગાય છે. પોકારો અને તાળી-ઓના ગડગડાટ કરે છે. આ પ્રવૃત્તિઓની વિશેષતા એ હોય છે કે એમાં પ્રદર્શ-નની રમતો અને સિદ્ધિઓ દર્શાવાય છે. ઘણી છાવણીઓવાળા રાબેતા મુજબના જીવનમાં પાછા ફરતા હોય છે પણ તેઓમાં એવો નૂતન આશા સંચાર થયો હોય છે કે, એક દિવસ એવો આવશે કે તે વખતે તે કે તેણી છાવણીની હરીફાઈ નહિ પણ ઓલિમ્પીક મેડલ જીતશે.

શાળાની રજાઓ દરમ્યાન કે વેકેશનો દરમ્યાન હરીફાઈઓ યોજાય છે કે જેથી કરીને વર્ગોમાં બહુ ગેરહાજરી રહેવા ન પામે. શિક્ષણ ખાતું એવો તકાદો કરે છે કે જે બાળકો ઘર આંગણાથી દૂર હરીફાઈઓમાં ઊતરતા હોય તેઓને

પ્રજાસત્તાકોના ઈતિહાસ અને સંસ્કૃતિનું જ્ઞાન હોવું જોઈએ. અથવા તો પરદેશોમાં જે સ્થળે તેઓ હરીફાઈ કરવા જવાના હોય તેને વિશે પણ જાણકારી હોવી જોઈએ.

નાની આંતરરાષ્ટ્રીય હરીફાઈઓને બાળકોનાં પ્રકાશનોમાં પુષ્કળ સ્થાન આપવામાં આવે છે. નાના રમત-ગમતના શોખીનોની કલ્પનાશક્તિ અને હરીફાઈની ભાવનાને તે ઉત્તેજીત કરે છે અને તેઓમાં પુષ્કળ ઉમંગ એનાથી ઊભો થતો હોય છે

સૌથી વધુ પ્રેરણાદાયી અને આંખને ગમે એવાં કાર્યક્રમો તો સોવિયેત સંઘમાં કીર્તિવંતા અને ભપકાભર્યા રમતગમતોવાળા છે, તે તો લોકોની રમતો છે લેનિન સેન્ટ્રલ સ્ટેડિયમ મોસ્કોના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં ઊંચાણવાળા ભાગમાં બાગમાં આવેલું છે. ૧૯૫૬થી માંડીને આ જંગી રમતનું કેન્દ્ર બનતું રહ્યું છે. આ રાષ્ટ્રીય દશ્યનું સ્થળ એવું છે કે જેમાં ઑલિમ્પીકના હરીફોની આખરી પસંદગી કરવામાં આવે છે. આ રમતો દર ચાર વરસે યોજાતી હોય છે. વિશ્વ ઓલિમ્પીક પહેલાનું આ વરસ હોય છે. ઓલિમ્પીકના હરીફોની છેવટની ચાળણી તૈયાર કરવા ઉપરાંત હરીફાઈની કેટકેટલીય સપાટી કિશોર વ્યાયામવીરોને પસંદ કરવામાં સહાય કરે છે, અને વધારે ઘનિષ્ઠ તાલીમ પૂરી પાડે છે. આ પ્રસંગે બાસ્કેટ બૉલ, બૉક્સીંગ, ફ્રીસ્ટાઈલ, અને ગ્રીકો રોમન મલ્લવિદ્યા, સાયકલીંગ, વોટર પોલો, વોલીબોલ, વ્યાયામ, હલેસા મારવા, ઈક્વેસ્ટ્રીયન રમતો, Track and Field, ટેનીસ, વજન ઊંચકવું, વાડ બાંધવી, સોક્કર નરવું, ડુબકીઓ મારવી, શુટીંગ, બાણ વિદ્યા, આધુનિક Pentathlon, ટેબલ ટેનીસ, ટેનીસ, અને ચેસ વગેરેનો આમાં સમાવેશ થાય છે. તમામ પંદરે પંદર પ્રજાસત્તાકોમાંના વ્યાયામ વીરો હરીફાઈ માટે આવે છે અને એટલા જ માટે એને 'પીપલ્સ ગેમ્સ'નું નામ આપવામાં આવ્યું છે.

સોવિયેત સંઘમાં બાળકો માટે રમતગમતોનું મહત્ત્વ સાચી રીતે સમજવા માટે, આપણે તેઓ માટેના કેટલાય સામુદાયિક કાર્યક્રમો જે હોય છે તે જાણવા પડે.

Scanned with OKEN Scanner

રમતગમતોની શાળાઓ

સોવિયેત સંઘે બાળકો અને કિશોરો માટેની રમતગમતની શાળાઓના વિકાસની હિમાયત કરી છે આ શાળાઓનો અલ્પાક્ષરી નામ DYUSH છે. રમતગમતના લેખકો એનો ઉલ્લેખ એવી રીતે કરવાનું વલણ બતાવતા રહ્યા છે કે આ તો પાટલીઓ વિનાની શાળાઓ છે. આવી રમતની શાળાઓ ૧૯૫૦ના દાયકના પાછલા ભાગમાં ખોલવામાં આવી હતી, અત્યારે આવી ૬ હજાર શાળાઓ છે જે દેશભરમાં પથરાયેલી છે અને એમાં લાખો બાળકોએ નામ નોંધાવેલા છે.

DYUSH ૧૧ થી ૧૮ વર્ષની વયના બાળકોને દાખલ કરે છે અને કેટલીક વાર તો આથી નાનાં બાળકો પણ હોય છે. વર્ગો અને પ્રેક્ટીસના પિરિયડો બપોરે અને સાંજે રાખવામાં આવતા હોય છે. કેટલીક વાર તો સવારના વહેલા પણ રાખવામાં આવતા હોય છે, અને નિયમિત શાળાઓ ખાતે વર્ગો શરૂ થાય તે પહેલાં પણ હોય છે. આમાં કઈ રમત વિશિષ્ટ હોય છે તે અગત્યનું નથી, પણ આ શાળા વિશિષ્ટ પ્રકારનો અભ્યાસક્રમ અનુસરતી હોય છે અને એવી તાલીમ આપે છે જેમાં સત્તાવાર અભ્યાસનો કોર્સ ઉપયોગમાં લેવામાં આવે છે. એમાં એના કાર્યક્રમના ઉદ્દેશોની રૂપરેખા આપવામાં આવી હોય છે.

નાના રમતપ્રેમીઓએ પોતાના સ્નાયુઓ કેળવવાના હોય છે અને સર્વોચ્ચ ગુંજાશનો વિકાસ કરવાનો હોય છે કે જેથી કરીને નમૂનેદાર શરીર તૈયાર થઈ શકે એટલું જ નહિ પણ, તેઓને સોવિયેત સમાજના નૈતિક આદર્શો પણ આપવાના હોય છે, એમાં સારા રમતિયાળપણા ઉપર ભાર મૂકવામાં આવે છે અને હરીફો પ્રત્યે સારી ભાઈચારાની ભાવના બતાવવાની હોય છે. આત્મશિસ્ત, ટીમ પ્રત્યેની વફાદારી, રેફરી પ્રત્યેનો આદર જાળવવાનો હોય છે. છોકરા-છોકરીઓને આવા વલણો વિકસાવવાની તક મળે એટલા માટે નિયમિત રીતે હરીફાઈઓ યોજવામાં આવતી હોય છે.

બાળકો અને કિશોરો પોતાની રમતો પસંદ કરવામાં મુક્ત હોય છે. ડયુશમાં બધું જ શિક્ષણ મફત હોય છે. યુવાન અરજદારે સાદું ફોર્મ ભરવાનું હોય છે. બીજું પણ ફોર્મ ભરવાનું હોય છે, જે ઘેર લઈ જાય છે, જેમાં એના વાલીઓ પરવાનગીના

Scanned with OKEN Scanner

નિર્દેશ કરે છે. અને નિયમિત શાળાના પ્રિન્સિપાલ અરજદારના કાર્ય અને વર્તન વિશેનો અભિપ્રાય આપે છે. આ પછીથી અરજદારે કડક તબીબી પરીક્ષા પસાર કરવાની હોય છે. આ પરીક્ષાઓ શાળામાં જ થાય છે.

સામાન્ય રીતે તો, અરજદારે પોતાના ગ્રેડનો અને વર્તનનો સારો હિસાબ રાખવો પડે છે, પણ પ્રસંગોપાત કોઈ મુશ્કેલી, એટલે કે, 'વર્તનનો કોયડો હોય તો બાળકને એવી આશાથી દાખલ કરવામાં આવે છે કે રમતમાંથી એની રસવૃત્તિ અને ટ્યુશની કાળજીભરી દોરવણી એની ખોટી કામની ટેવો અને વર્તન સુધારી લેશે.

ગ્રામ્ય વિસ્તારોમાં નિયમિત શાળાઓ પાસે વધારે જગ્યા હોય છે. રમતની શાળા શાળાનું મેદાન વાપરે છે અને અંદરની રમતો પોતાના મકાનમાં જ રાખે છે. ઘણી વાર તો મોટા છોકરાઓ પોતે મકાનો બાંધી લેતા હોય છે અને વધારાના મેદાનો ઊભાં કરે છે. કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં રાજ્ય અને સામૂહિક ફાર્મો એટલાં બધાં માતબર હોય છે કે પોતાની જ રમતની શાળાઓને તેઓ ટેકો આપી શકતા હોય છે.

રમતની શાળાને મોટા પાયોનિયર મહેલમાં પણ સમાવી લેવામાં આવે છે. મોસ્કોના એક કેન્દ્રમાં તો આવી કેટકેટલીય શાળાઓ છે : તરવાની, કુસ્તી, કસરત, ચેસ, કલાત્મક વ્યાયામ, હેન્ડબોલ અને બીજી શાળાઓ અહીં છે. આવી શાળાઓ ઔદ્યોગિક સાહસોની આસપાસનાં લોકો માટે બાંધવામાં આવે છે. આમાં ટ્રેડ યુનિયનની કાઉન્સિલનો ટેકો હોય છે. અહીં પણ શાળા તો ખુદ વિદ્યાર્થીઓ જ બાંધતા હોય છે, એમાં એમનાં કામદાર વાલીઓનો સંભવિત ટેકો પણ હોય છે. એમાંના કેટલાકને અનુભવી સ્પોર્ટ્સમેન તરીકે લેવામાં આવ્યા હોય છે (તેઓ રમતની માસ્ટરની ડિગ્રી ધરાવતા હોય છે). આવી શાળાઓમાં એવી રમતો શીખવવામાં આવે છે જેમાં સ્થાનિક બાળકોને મોટામાં મોટો રસ હોય.

આટલી બધી વ્યાપક સામગ્રીથી સુસજ્જ અને સ્ટાફવાળી રમતની શાળાઓ યુવાન લોકોની વિશાળ સંખ્યાને તાલીમ આપતી હોય છે. આવી શાળાઓની બહુમતીને નાણાકીય સહાય શહેર, પ્રાદેશિક, પ્રજાસત્તાક અને કેન્દ્રીય સરકારી એજન્સીઓ કરતી હોય છે. તેઓ પોતાના જાહેર આરોગ્ય અને શૈક્ષણિક બજેટોમાંથી આ નાણાં ફાજલ પાડતા હોય છે. શાળાઓના ત્રીજા ભાગને ટ્રેડ યુનિયનની વ્યવસાયિકની સ્પોર્ટ્સ સોસાયટીઓનો ટેકો હોય છે. આ ઉપરાંત રાજ્ય અને સામૂહિક ફાર્મ જેવા મોટાં સંગઠનો પણ એને મદદ કરતાં હોય છે.

Scanned with OKEN Scanner

આ બધાને પણ રમતગમતની શાળાઓ ગણવામાં આવે છે; કારણ કે સોવિયેત સંઘમાં ચેસને રમત ગણવામાં આવે છે. તેથી, અગાઉ જણાવવામાં આવ્યું છે તેમ એની ઘનિષ્ઠ તાલીમ આપવાની જરૂર છે અને એમાં મોટી આવડત જરૂરી છે, સાથે સાથે જીતવાનો એક મક્કમ નિર્ધાર હોવો જોઈએ. દેશમાં કેટલાય વરસોથી ચેસ સૌથી વધુ લોકપ્રિય રમત છે — માત્ર સોકર હને હોકી આનાથી ચઢી જાય છે. ૧૪ વરસની ઉંમરનો લેનિનગ્રાદની શાળાનો એક છોકરો મિખાઇલ બોત્વીનીક વિશ્વ ચેમ્પીયન તરીકે વિજેતા થયો હતો, ૧૯૨૫માં કાસાબ્લાંકા ખાતે આ વિશ્વ-ચેમ્પીયનશીપ મેળવી હતી. ૧૯૪૮માં પણ એ વિશ્વવિજેતા થયો હતો. અને છેક ૧૯૬૨ સુધી તેણે આ ચેમ્પીયનશીપ જાળવી રાખી હતી (બે રીટર્ન મેચોની આમાં ગણતરી કરવામાં આવે છે) આ સમયથી માંડીને ઉત્તરોત્તર ૨૪ વરસ સુધી સોવિયેત ખેલાડી-ઓએ વિશ્વમુગટ ટકાવી રાખ્યું. કેટલાક વરસો બાદ ૧૯૭૨ બોબી ફિશર સામે હારી ગયા. તે પછીથી આનાતોલી કાર્પોવે (તેઓ પણ લેનિનગ્રાદની ચેસ વિભૂતી છે) તેમણે આ મુગટ ફરીથી જીતી લીધો છે અને તેઓ હજીયે એ ધારણ કરી રહેલ છે.

કોઇ પણ સમાજે આવી શક્તિઓનું રોકાણ રમતમાં સંપૂર્ણતાપૂર્વક કદી જ કર્યું નથી; અને પોતાના નાગરિકોની તાલીમ માટે પણ કદી જ કર્યું નથી. એમ પણ કહી શકાય કે કોઈ પણ દેશમાં ચેસને એટલો બધો સામુદાયિક ટેકો કદી જ મળ્યો નથી. આમાં બાળકો અને કિશોરો સામેલ થયેલા છે; કારણ કે આમાંના લાખો આ રમત રમતાં હોય છે. આમાં બુદ્ધિશાળીઓની મોટી સંખ્યા પસંદ કરવાનું શક્ય છે અને તેઓને ચેસની એટલી વિશિષ્ટ તાલીમ આપવાનું શક્ય છે. બીજી રમતોની જેમ આનું પણ સંગઠન કરવામાં આવે છે, અરજદારે તો માત્ર વૃત્તિની પરીક્ષા પાસ કરવી પડે છે અને દર અઠવાડિયે એના વર્ગોમાં હાજરી આપવી પડે છે અને આ કામ તેણે નિયમિત રીતે કરવું પડે છે, તેણે હરીફાઈઓમાં ભાગ લેવો પડે છે. અને પોતાની રમતમાં ઉત્તરોત્તર સુધારો બતાવવો પડે છે, તેણે નોંધપાત્ર ચેસ-રમનારાઓની રમતોમાંથી જાતે શીખી લેવાની નિષ્ઠા કેળવવી પડે છે.

Scanned with OKEN Scanner

યુવાન વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાય છે અને તેઓની કામગીરી મુજબ તેઓને ગુણાંક અને વર્ગીકરણ મળે છે.

બે મોટા તાલીમ કેન્દ્રો – લેનિનગ્રાદની ચેસ શાળા અને મોસ્કોની ચેસ શાળા – લેનિનહિલ્સ પરના રમતોનાં શાળા સંકુલમાં છે. લેનિનગ્રાદ શાળાએ બોન્વીનીક, સ્પાસ્કી અને કાર્પોવ જેવા વિશ્વ ચેમ્પીયનો પેદા કર્યા છે, મોસ્કો શાળા પણ પોતાના બાળકોને મહાન શિખરો પર પહોંચવા માટેની તાલીમ આપતી હોય છે અને એણે ચેસના યુવાનોને ચેસના યુવાન કેળવણીકારો અને પીઠ કેળવણીકારોમાં પોતાનું યોગદાન કર્યું છે.

મેં મોસ્કો શાળાની મુલાકાત લીધી હતી અને એના ડિરેક્ટરે મારું સ્વાગત કર્યું હતું. દર સપ્ટેમ્બરમાં અહીં ૨૦૦ બાળકો શરૂઆતમાં પોતાના નામ નોંધાવે છે. પણ બોબી ફિશર સામે સ્પાસ્કીની હાર થતાં ૫૦૦ છોકરા-છોકરીઓએ દાખલ થવા માટેની પડાપડી કરી. અહીં અરજી કરનારાઓની આ મોટામાં મોટી સંખ્યા હતી. ૨૫૦ જણા આકરી કસોટીમાંથી પસાર થયા. બાકીનાઓને સ્પોર્ટ્સ કલબોમાં ચેસ જૂથોમાં વહેંચી નાંખવામાં આવ્યા. આ કલબો પાયોનિયર સંગઠનો દ્વારા ચાલે છે અને તે એવા વચન સાથે કે તેઓ જ્યારે રમતની અમુક કક્ષાએ પહોંચે ત્યારે તેઓએ ચેસ શાળાને ફરીથી અરજી કરવાની છે.

મેં ડિરેક્ટર સાથે હસ્તધૂનન કર્યું કે તુરત જ તેમણે મને એક પુસ્તક "મારી ૬૦ યાદગાર રમતો" બતાવ્યું જે બોબી ફિશરનું રશિયન ભાષામાં ભાષાંતરિત કરેલું હતું. ૧૯૭૨ના ઉનાળામાં વિશ્વ ચેમ્પીયનશીપ રમતો બાદ તુરત જ તે રશિયન આવૃત્તિમાં પ્રકટ થયું હતું અને એની ૫૦ હજાર નકલો એક જ દિવસમાં વેચાઈ ગઈ હતી!

મુખ્ય રમતના ઓરડામાંનાં દરેકે દરેક ૪૦ ટેબલો છોકરા-છોકરીઓથી ભરાઈ ગયા હતા અને તેઓ બધા ઊંડી રીતે એમાં પરોવાઈ ગયા હતા.

૩૫૦ વિદ્યાર્થીઓમાં ૩૦ છોકરીઓ હતી.

અખિલ યુનિયન વાર્ષિક મેચોમાં સમગ્ર શાળા ભાગ લે છે. ચેસ શાળાનાં શિક્ષકોને તે તાલીમ આપે છે અને તે નાની ચેસ શાળાઓમાં મોકલવા માટે હોય છે અથવા તો જુદાં જુદાં મનોરંજનના કેન્દ્રોની ચેસ કલબો માટે હોય છે.

Scanned with OKEN Scanner

ચેસને પુસ્તકો, ટી.વી. (તે તો ચેસની શાળા પણ હવાઈ માર્ગે ચલાવે છે) અને રેડિયો દ્વારા લોકપ્રિય બનાવવામાં આવે છે. બાળકોનું અખબાર "પાયોનિયર ટ્રુથ" જેનો ફેલાવો ૧૫ વર્ષની વયના વાચકોમાં ૮૦ લાખ કોપીઓ કરતાં વધુ છે તે પણ અત્રિધિસરની ચેસ શાળા ચલાવે છે. તેણે પેશ્કીનનુ પપેટ જેવું પાત્ર ઊભું કર્યું છે, જે આ રમનનો આશરો લે છે. ચેસ વિશે જેટલું જેટલું જાણવા જેવું હોય તે બધું જ જાણે છે. તે હરીફાઈઓનો પ્રવાસ કહે છે અને એનો હેવાલ પેશ કરે છે. અને પોતાના વાચકોને પોતાના ટીખળી પ્રશ્નોના તાબડતોબ ઉકેલ લાવવાનો પડકાર ફેંકે છે. "ફન વીથ ચેસ" નામની ચોપડીની–એના લેખક છે–એમ. યુદોવીચ,–બાળ ચેસ પ્રેમીઓ માટે બે લાખ નકલો કાઢવામાં આવી છે. ચીલીઅન કવિ પાબ્લો નેરૂદા (નોબેલ ઇનામ વિજેતા)નું એવું અતવરણ ટાંકવામાં આવ્યું છે કે "ચેસ શું છે? તે પોતા પરનો એક માનવ વિજય છે–મારા માટે એક કવિતા છે–આ કવિતા મન અને જીતવાની ઈચ્છાશક્તિ વચ્ચેના ઘર્ષણની કવિતા છે." રશિયન કવિ સર્ગેઇ પ્રોકોફિએવેને એવું કહેતા ટાંકવામાં આવ્યા છે કે, "ચેસ મને એક અનોખી દુનિયામાં લઈ જાય છે. આ દુનિયા એવી છે કે જ્યાં સંઘર્ષમાં વ્યૂહ રચના સંડોવાયેલી હોય છે અને એમાં જીતવાનો આવેશ હોય છે." આ બધા પછીથી એમાં કાંઇ જ આશ્ચર્ય નથી કે સોવિયેત સંઘમાં એવા કેટલાય ચેસ પ્રેમીઓ છે જેઓ મોટાં થતાં જ કવિતા અને રમતનો આવેશ બંનેનો અનુભવ કરે છે.

યુવાનો માટેના રમતગમતોના વિભાગો

રમતોની શાળાઓ સાફ રીતે આશાસ્પદ જુવાન વીરો માટેની છે. જો કે આવી તો હજારો શાળાઓ છે અને એની સંખ્યા તો વધતી જ રહી છે, છતાં એવા તો લાખો બાળકો અને કિશોરો છે જેઓની રમતની શક્તિઓ હજી ચકાસવામાં જ આવી નથી, અને જેઓ શાળાઓથી દૂરદૂરના ભાગોમાં રહેતા હોય તેઓ માટે બીજા પ્રકારની તાલીમ હોય છે. આવા પ્રકારોને રમત ગમતોના વિભાગો તરીકે ઓળખવામાં આવે છે.

Scanned with OKEN Scanner

અસંખ્ય નિયમિત શાળાઓના માળખાની ભીતરમાં જ (શહેર અને ગ્રામ્ય વિસ્તાર) શહેર અને ગ્રામ્ય પાયોનિયર કેન્દ્રોમાં રમત વીરોને વિશાળ પાયા ઉપર તાલીમ આપવામાં આવે છે. અસંખ્ય રમત જૂથો અને દરેકે દરેક જૂથ જુદા જુદા રમતનું હોય તે બધા જ આ માળખાના રમતોના વિભાગો બની જાય છે.

શાળા કાર્યક્રમ પછીના ભાગમાં રમતોના આ વિભાગો પર ઝીણવટથી દેખ-રેખ રાખવામાં આવે છે અને તેઓના કાર્યનું નિયમિત રીતે અવલોકન કરવામાં આવે છે. અહીં વિદ્યાર્થીઓને વ્યવસાયિક શિક્ષકો તરીકે કેળવવામાં આવે છે, જેઓને ઘણી વાર વિશિષ્ટ રમત શાળાઓના જૂના વિદ્યાર્થીઓ મદદ આપતા હોય છે. બાળક આ વિભાગના કોઈ પણ જૂથમાં જોડાઈ શકે છે. પણ એની પૂર્વ શરત માત્ર એટલી જ છે કે છોકરા-છોકરીઓ તેઓની નિયમિત શાળાની શારીરિક કેળવણી માટેની તબીબી પરીક્ષામાંથી પસાર થયેલા હોવા જોઈએ. નાનો બાળક અઠવાડિયામાં બે વાર બે-બે કલાકના વર્ગોમાં હાજરી પુરાવે છે અને સૌથી મોટા બાળકો ત્રણથી ચાર કલાકના વર્ગ માટે અઠવાડિયામાં બે વાર હાજર રહેતા હોય છે.

તાલીમનો નિયોજિત કાર્યક્રમ, સાધન સામગ્રી અને સિદ્ધાંતનાં ધોરણો વગેરે બધું જ દરેક રમતની શાળાઓમાં સરખું જ હોય છે. અમુક વિભાગ આમાં પાર ઉતરે કે નહિ તેનો આધાર સ્થાનિકતા, પૂરતી જગ્યાની પ્રાપ્યતા અને બીજા સાધનો ઉપર રહેલો છે. ઘણાં વિભાગો આમાં સફળ થતાં હોય છે,

ટીમોથી ઉભરાતા પાછલા વાડાઓ અને રેતીના ભાગો

એવા કેટલાય બાળકો છે જેઓ રમતની શાળાઓ અથવા તો રમતના વિભાગોના જૂથો કરતા ઓછા માળખાગત માર્ગોએ રમતમાં આનંદ અને સ્પંદન મેળવવાનું પસંદ કરતા હોય છે. વિસ્તીર્ણ સોવિયેત સંઘમાં અને એના હજારો આડમાર્ગે આવેલા નગરો, ગામડાઓ, નવી વસાહતો, જૂની વસાહતો, ગામો, વગેરે

સ્થળોએ ઈલાયદા લાખો બાળકોને વિધિપૂર્વકના શૈક્ષણિક તાલીમી કેન્દ્રો હોતા નથી આ બાળ સમુદાયોને અસાધારણ રીતે મદદ કરવામાં આવે છે.

અસંખ્ય અખબારો અને સમયિકો જે શાળા બાળકો માટે પ્રકટ થાય છે તેમાં તેઓને જોઈતી જરૂરિયાતો પ્રમાણે જુદી જુદી જાતના હેવાલો પ્રકટ થતા હોય છે, અને તેઓનો ટીમો બનાવવા તથા હરીફાઈઓ યોજવામાં સહાયભૂત થાય છે. "સોવિયેતસ્કાયા પ્રાવદા" ૩૦ જુદી જુદી સોવિયેત ભાષામાં પ્રકટ થાય છે અને એક કરોડ ૬૦ લાખ બાળકોમાં તે પહોંચી જાય છે. આ અખબરનું લવાજમ દરેક શાળા અને બાળ લાયબ્રેરીઓની જાળગુંથણીઓ ભરતી હોય છે, તેણે રાષ્ટ્રીય રમત કલબોમાં સંગઠન ઊભું કરવામાં ચાવીરૂપ ભાગ ભજવેલો છે. રમતના શિક્ષક કેવી રીતે મેળવવા તે તેઓને જણાવવામાં આવે છે. રમતોના નિયમોની માહિતી આપે છે, તેઓની બેઠકો વગેરેની ખબરો આપે છે અને કેટલીક પ્રાદેશિક તથા સ્થાનિક રમતો-સત્રના હેવાલો આપે છે. રાષ્ટ્રીય હરીફાઈનું પણ તે સંગઠન કરે છે, મેચોની જાહેરાતોની જટિલ પદ્ધતિ દ્વારા તે આ કામ કરે છે. આ અખબાર સોવિયેત સંઘની શાળા રમતોના સંગઠનમાં ભાગ ભજવે છે આમાં તો માત્ર રેગ્યુલર શાળાઓ જ ભાગ લે છે. આવા કાર્યક્રમો દેશભરના બાળકો માટે આકર્ષણ ઊભું કરે છે. ગ્રામ્ય સપાટીનાં જૂથોમાંથી મેચોનો આરંભ થાય છે અને તે રાષ્ટ્રીય ફાઈનલ સુધી આગળ વધે છે. આ બનાવમાં ભાગ લેવા માટે ખાસ કરીને ઉત્તેજન આપવામાં આવે છે. આ બધું દૂર દૂરનાં ગ્રામ્ય વિસ્તારોમાં વસાહતી વિસ્તારોમાં યોજવામાં આવતું હોય છે. આવા સ્થળની ટીમોને એક્સ્ટ્રા પોઈન્ટસ આપવામાં આવે છે

પણ આ અખબારનો મુખ્ય પ્રયાસ રાષ્ટ્રીય રમત-કલબો ઊભી કરવામાં કેન્દ્રિત થયેલો હોય છે, આમાં પાછલા વાડાની અને Sandlot ટીમો જોડાય છે. તેઓ રમતો શીખી લે છે, તેઓ હરીફાઈઓમાં દાખલ થાય છે. મોટી કલબો આ પ્રમાણે છે: "લેધર બોલ" સોકર કલબ; ૧૩ વર્ષની વયના છોકરાઓ આ સૌથી વધુ લોકપ્રિય રમતના પુખ્ત સ્વરૂપમાં રમે છે. નાના બાળકો "મીની ફૂટબોલ" રમે છે અને તેઓ "મીનીલેધર બોલ" કલબમાં જોડાય છે. આ રમત તો લગભગ કોઈ પણ સ્થળે રમી શકાય છે, એમાં ચોક્કસ સ્વરૂપના મેદાનની જરૂર નથી. આ ટીમો નાની હોય છે અને એનો રમવાનો સમયગાળો નાનો હોય છે. આ પછીની "ગોલ્ડન પક" કલબ હોય છે. એનું સંગઠન ૧૯૬૫માં થયું હતું અને આનાતોલી તારાસોવે એની

સોવિયેત હોકી શાળાના એ સૌથી વધુ જાણીતા
આગેવાની લીધી હતી. બાળકો માટેની
વડા છે. તારાસોવે આ હિલચાલનો આરંભ કર્યો હતો કે જેથી કરીને શકય એટલા
છોકરાઓને આઈસ હોકીમાં સામેલ કરવા, સભ્યપદ માટેની લાયકાત મેળવવા
માટે ખેલાડીએ પોતાની હોકી રિન્ક ઊભી કરવામાં મદદ કરવી જોઈએ અને
રમતની સ્થિતિમાં ટકાવી રાખવી જોઈએ ટીમમાં ચાલુ રહેવા માટે પોતે રમત
શીખી લીધા પછીથી પડોશમાંના નાનાં બાળકોના દરેક જૂથને રમતાં શીખવવું
જોઈએ. વાર્ષિક ગોલ્ડન પક રાષ્ટ્રીય હરીફાઈ નાના હોકીના શોખીનો માટે તરવરા-
ટનો બનાવ છે. દર વરસે આ હરીફાઈઓ 30 લાખ હરીફોને આકર્ષે છે. ગરમ
સેન્ટ્રલ એશિયન પ્રજાસત્તાકોના પ્રદેશોએ પણ "ગોલ્ડન પક"માં જોડાવાનું પસંદ
કર્યું છે. તેઓ હોકી સ્ટેડિયમોને કૃત્રિમ બરફથી છાવરી દે છે

બીજી રમતો માટે પણ આવી જ રાષ્ટ્રીય ક્લબો હોય છે: "ધ વ્હાઈટ કેસલ" ચેસ ક્લબ; "મેજિક ચેકર્સ" ટીમ્સ; "ઓટો — સ્કૂટર રેસીંગ ક્લબ; ધ સ્કીઈંગ ક્લબ; વોલીબોલના ચાહકો માટે "વિન્ગ્ડ બોલ" ક્લબ; બાસ્કેટ બોલ ક્લબ; સ્પીડ એન્ડ ફીગર આઈસ સ્કેટીંગ ક્લબ, ટ્રેક અને ફિલ્ડ સ્પોર્ટ માટે "ફ્રેન્ડશીપ" ક્લબ.

પાયોનિયર અખબારોએ કેટલીય રમતો શોધી કાઢી છે કે જેથી કરીને સ્પીડ સ્કેટરોને પોતાની આવડત સુધારવામાં સહાય અને લાંબા ગાળાની તાલીમનો કંટાળો હળવો બની જાય.

પરંપરિત ૧૨ દિવસની શિશિર રજાઓ સોવિયેત લાક્ષણિકતાથી અને રસ-વૃત્તિથી ઉજવવામાં આવે છે, એમાં રંગબેરંગી વિધિઓ હોય છે. તથા ઉત્સવો હોય છે. એની એક ખાસ લાક્ષણિકતા એ છે કે ફીગર સ્કેટીંગનું એક પ્રદર્શન હોય છે. બાળકો મોટી સંખ્યામાં ભાગ લે છે ફીગર સ્કેટીંગ ક્લબનો કાર્યક્રમ જેને માટેના તરવરાટમાં ચેમ્પીયન સ્કેટરો ભૂલકાઓને પ્રેરણા આપતા હોય છે. રેન્કો અને કોચીં-ગની સર્વસામાન્ય ઉપલબ્ધિને લઈને આ બન્ને મફત હોય છે. ફીગર સ્કેટીંગ છોકરા છોકરીઓમાં સામુદાયિક રમત બની જવા પામી છે.

આવી સુસંગઠિત અને સારી ક્લબો અને તેઓનાં સ્થાનિક તથા રાષ્ટ્રીય હરીફાઈઓએ કરોડો યુવાનોને આકર્ષી લીધા છે. આમાં કાંઈક એક કરોડ બાળકો અને કિશોરો એકલા ટ્રેક અને ફિલ્ડની રાષ્ટ્રીય હરીફાઈઓમાં ભાગ લેતા હોય છે.

Scanned with OKEN Scanner

રમત શાળાઓ, વિભાગો, સ્પોર્ટ્સ સોસાયટીના બાળ વિભાગો, જુદી જુદી રાષ્ટ્રવ્યાપી ક્લબો, વગેરેમાં સામેલ થતા બધા જ યુવાન લોકોને આપણે ગણતરીમાં લઈએ તો આ આંકડો બાળકોની કુલ સંખ્યા જેટલો થઈ જાય છે.

યુવાનોની એકંદર ગંજાવર રમતોમાં પુરુષાર્થોનું એક મજિયારું આકર્ષણ છે. પ્રજાસત્તાકોમાં તથા જાતિય પ્રદેશોમાં તળપદી પરિસ્થિતિ અને સંસ્કાર જાળવી રાખવામાં આવે છે. તે જ પ્રમાણે પરંપરિત રમતોને પણ જાળવી રાખવામાં આવી છે. પણ નાની રાષ્ટ્રીયતાઓના સભ્યોને માટે તેઓ રાષ્ટ્રવ્યાપી અને આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો ભાગ લેતા થઈ શકે એટલા માટે આ વિસ્તારોના બાળકો અને કિશોરોને એવું ઉત્તેજન આપવામાં આવે છે. દુનિયાના મોટા ભાગમાં જે લોકપ્રિય રમતો છે તે અંગેની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. આવી રમતો પાછી સોવિયેત સંઘના મોટા ભાગોમાં પણ લોકપ્રિય હોય છે. તળપદી રમતો, કુસ્તીના વિશિષ્ટ પ્રકારો, રેઈન્ડીઅર અને કૂતરાથી ચાલતાં વાહનોની હરીફાઈ, ઘોડેસવારીનાં સ્થાનિક સ્વરૂપો વગેરે પણ યુવાનો શીખી લેતા હોય છે અને સ્થાનિક લોકોત્સવ વેળા એની પ્રેક્ટીસ થતી હોય છે, તેમ ઋતુઓની રજાઓના ઉત્સવોમાં પણ એની અજમાયેશ થતી હોય છે. કેટલીક વાર તો કરોડો લોકો—યુવાન અને વૃદ્ધો-આવા રંગબેરંગી અને ઉત્તેજક રમતોના બનાવોમાં ભાગ લેતા હોય છે. એવા પ્રસંગો પણ પૂરા પાડવામાં આવે છે કે જયારે રાષ્ટ્રીય પ્રજાસત્તાકોમાં યુવાન વીરો પોતાની સ્થાનિક રમતો પોતાના સમોવડિયાઓને બીજા વિસ્તારોમાં બતાવતા હોય.

રમતોની બધી જ તાલીમ અને સુવિધાઓ બાળકો અને કિશોરો માટે મફત હોય છે. અને આવું તમામ પ્રકારનાં તાલીમી કેન્દ્રોમાં હોય છે.

અમારા પોતાના નિરીક્ષણના પાયા ઉપર એટલું કહી શકાય કે સોવિયેત સંઘમાં જે ગંભીરતાપૂર્વક નાનાં બાળકોને રમતોમાં તાલીમ આપવામાં આવે છે તે બીજાં બાળકોને એ દેશમાં વિખ્યાત સંગીતકારો કે નૃત્યકારો થવાની જે તાલીમ આપવામાં આવે છે તેના કરતા જુદી નથી. પરિપૂર્ણતાની ત્યાં પણ મથામણ ચાલ્યા કરતી હોય છે. અને બધી જ સાબિતીઓ પરથી એવું જોવા મળ્યું છે કે આ યુવાન લોકો પોતેય લાંબા અને કપરા માર્ગે તાલીમ લેવા તૈયાર હોય છે, આમાં શ્રમ અને નિરાશાઓના વર્ષો જતાં હોય તો પણ તેઓ તૈયાર હોય છે, અને કેટલીક વાર તો છેક જ નાઉમેદીપણું પણ આવી જતું હોય છે, પણ એ બધું સંતોષ અને આનંદમાં વળી લેવામાં આવે છે

Scanned with OKEN Scanner

આમ છતાં આવા વિશાળ કાર્યક્રમમાં આટલી બધી સંસ્થાઓ, સંગઠનો તથા વ્યક્તિઓ સંડોવાયેલી હોય ત્યાં કેટલીકવાર ઘણું વાંકું પણ પડતું હોય છે. કેટલાક તાલીમ આપનારાઓ વધુ પડતા મહત્ત્વાકાંક્ષી બની જતા હોય છે, અને નાનાં તાલીમાર્થીઓ ઉપર વધુ પડતા દબાણ અને અસર કરતા હોય છે. આવા કેટલાક યુવાન લોકો દષ્ટિક્ષેપ ખોઈ બેસે છે અને પોતાનાં અભ્યાસની ઉપેક્ષા કરતાં થઈ જાય છે અને "હું મહાન ખેલાડી છું એવા અહંતાના ચાળે ચઢી જાય છે. કેટલાક કિશોર એવું પણ ભૂલી જતા હોય છે કે તમે હારો કે જીતો એ મહત્ત્વનું નથી પણ તમે કેવી રીતે રમો છો તે જ ગણતરીમાં લેવાનું હોય છે. જ્યારે આવી ક્ષતિઓ બહાર આવે છે ત્યારે એની ગંભીર આલોચના થાય છે. આવી ક્ષતિઓ અવશ્ય હસ્તી ધરાવે છે, પણ તે કોઈ રીતે વ્યાપક નથી.

કાર્યક્રમોના અસાધારણ વિજયનો બીજો શો ખુલાસો થઇ શકે. આ સફળતા આંતરરાષ્ટ્રીય બનાવોમાં, વિશ્વ ઓલિમ્પીક રમતોમાં સોવિયેત આગેવાનમાં જ એ વ્યક્ત થતી નથી પણ આપણે સર્વસ્થળે છોકરાઓ અને છોકરીઓના પ્રફુલ્લ અને આતુર ચહેરાઓ અને રમતગમતનાં તેમના પોતાનાં વિશ્વમાં પણ જોવા મળે છે લેનિનગ્રાદના બાળકોના તાલીમી શિક્ષકે જણાવ્યું છે કે "હીરો તો ત્યારે જ બને છે જ્યારે ઝવેરીએ એના ઉપર હાથ માર્યો હોય." વિશાળ સંખ્યાના આવા તાલીમી શિક્ષકોનો આમાં સુયશ રહેલો છે કે તેઓ પોતાના તાલીમાર્થીઓને નિષ્ઠાપૂર્વક એવી તાલીમ આપે છે કે આ બાળકો આરોગ્ય અને કૌવત બંને પ્રાપ્ત કરે છે, તેમ તેઓ પુરુષાર્થ પ્રત્યે તથા સિદ્ધિ પ્રત્યે સારું વલણ અપનાવતા થાય છે. પોતાનાં પ્રત્યે તેઓ સારી લાગણીઓ ધરાવતા હોય છે એવી જ રીતે પોતાની ટીમ પ્રત્યે પણ સારી લાગણી ધરાવતા હોય છે અને સૌથી વિશેષ તો પોતાના હરીફો પ્રત્યે રમતવીર જેવું જ વલણ જાળવી રાખે છે.

ખરેખર સોવિયેત સંઘમાં રમતગમતો ઉછેરનો એક મહત્ત્વનો ભાગ બની ગયેલ છે.

Scanned with OKEN Scanner

બાળકો અને નિસર્ગ—
એક જીવંત ગાંઠ

એવો એક સમય હતો જ્યારે મોસ્કો લાકડાના મકાનોનું શહેર હતું અને એની આસપાસ જંગલ હતું. આજે આપણે ઊલટો ક્રમ જોઈએ છીએ, અત્યારે એ દુનિયાભરમાં સૌથી વધુ હરિયાળું શહેર છે. દરેક રહેવાસી માટે ૨૦૦ ચો. ફીટની લીલોતરી છે. પોક્રોવ્સ્કો સ્ટ્રેશનેવો શહેરની અંદરના ભાગમાં એક નાનકડું વન છે. એમાં સૌથી વધુ રળિયામણાં બાગો છે. એનો વિસ્તાર ૬૦૦ એકરનો છે. ત્રણ વસવાટી વિકાસોના ત્રિભેટા સુધી એનો વિસ્તાર થયો છે. હજારો બાળકો એની મુલાકાતો લેતાં હોય છે. એમાં પાળેલી ખિસકોલીઓ, બતકો અને એનો સંસાર, હંસો, સાબરો, આફ્રિકન વાનરાઓ અને શિયાળો છે. બાળકોના રમવાનાં મેદાનોમાં પરીકથાનાં ઝૂંપડાઓ છે અને જૂના ઘોડેસ્વાર યોદ્ધાઓની શિલ્પાકૃતિઓ છે. માછલીઓ માટેના હોજો પણ છે બાળકના જીવનમાં નિસર્ગને એક પ્રાણભૂત પરિબળ તરીકે ગણવામાં આવેલ છે અને બાળકોને એનાથી વંચિત રાખી શકાય નહિ.

"વિશ્વના લેખકો"ની એક અપીલમાં બાળકો અને કિશોરો માટેનાં લેખકોની એક આંતરરાષ્ટ્રીય બેઠક મોસ્કો ખાતે ૧૯૭૩ના માર્ચમાં બોલાવવામાં આવી હતી. તેણે કરેલી અપીલમાં જણાવવામાં આવ્યું હતું કે નિસર્ગ અને બાળકોની બાબતના મજિયારા ધ્યેય અંગે અમે અમારા સાથીઓ જોગી આ અપીલ કરીએ છીએ છે.

> "નિસર્ગ સાથેનું બાળકનું તાદાત્મ્ય, નિસર્ગને ચાહવાનું કહેતા એના પ્રિય પુસ્તકો બાળકમાં માનવિયતાનાં બીનું રોપણ કરશે. જીવંત નિસર્ગની હૂંફના શ્વાસથી સભર ભરેલા વધુને વધુ પુસ્તકો બાળકોને પ્રાપ્ત થાઓ."

Scanned with OKEN Scanner

સોવિયેત શૈક્ષણિક સમાજ એવી ચીવટ રાખે છે કે નિસર્ગની હૂંફનો પ્રાણ-સ્પર્શ બાળકોની ભાવનાને માતબર બનાવવા સુધી ફેલાય અને તે પણ વહેલા બાળ-પણથી માંડીને આગળ જતાં સુધી. બાળકો માટેનો પ્રેમ સંશોધનની માતા બની ગયેલ છે. આ સમાજ અને એના નાના લોગ વચ્ચેના સંબંધમાં આવું બનવા પામેલ છે. કેવી સંશોધિકતા, બુદ્ધિ એના કાર્યક્રમોમાં આવવા પામેલ છે કે જેથી કરીને બાળકો અને નિસર્ગ વચ્ચે ગાંઠ બંધાય આ ઉછેરમાં આ તંદુરસ્ત ગાંઠના તત્ત્વો આ પ્રમાણે છે : નિસર્ગના આનંદો અને મોહકતાની ખિલવટ એ વિશ્વનું જ્ઞાન પૂરું પાડવું; એ પ્રત્યેની નિષ્ઠાને પોષવી તથા રક્ષણાત્મકતાની ભાવનાને પોષવી; એના લણણી સમયમાં કામગીરીની ભાગીદારી, વૈજ્ઞાનિક શોધ માટેની તકો પૂરી પાડવી

નિસર્ગના ચાહકો અને મિત્રો તરીકે Yunnaty

કિશોર વય સુધીના બધી જ ઉંમરના બાળકોને શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં એક સરખી રીતે નૈસર્ગિક દુનિયાની આહ્‌લાદકતાને માણવા માટે મદદ કરવામાં આવે છે, એટલું જ નહિ પણ તેઓ એનું રક્ષણ કરતા પણ થાય છે. નિસર્ગના મિત્રોની એક સમગ્ર વસતી મોજૂદ છે. ૭ થી ૧૭ વર્ષની વયના કરોડો બાળ લોકો બાળ નૈસર્ગિક કુઝકીના હોય છે તથા બાળ નિસર્ગ સ્ટેશનોના હોય છે. આ ઉત્સાહીઓની સંખ્યા યુવાન રોકેટીઅરો, રોબોટ બાંધનારાઓ, દરિયાઈ સફરીઓ, અમેચ્યોર ફિલ્મ બનાવનારાઓ કરતા ઘણી વધી જાય છે આ બધાઓ ખૂબ લોકપ્રિય હોબીઓવાળા છે. એમાં શંકા નથી.

The Yunnaty (આમાં રશિયન ભાષાના શબ્દ Yunnyi (યુવાન) અને Natooraleest નિસર્ગ પ્રેમીના આગલા અક્ષરોનું જોડાણ કર્યું છે.) બાળ નિસર્ગ-ગામીઓ માટેનો આ શબ્દ છે. તેઓને સમગ્ર જીવંત દુનિયામાં રસ હોય છે–વૃક્ષો, છોડવા, પ્રાણીઓ, માછલી, જંતુઓ, એક હોબી વર્તુળ આ બધામાં કોઈને કોઈ ક્ષેત્રમાં ધ્યાન કેન્દ્રિત કરે છે. બધા હજારો પાયોનિયર કેન્દ્રોમાં "યુન્નાતી કુઝકી"

Scanned with OKEN Scanner

તો હોય જ છે. શાળાઓમાં, બાળકોની ક્લબોમાં, ટ્રેડ યુનિયનોના મનોરંજનના કેન્દ્રોમાં. ટેકનિકલ બાગોમાં અને પ્રાણી સંગ્રહાલયોમાં આ જોવા મળે છે.

નિસર્ગનાં વર્તુળોને ટેકો આપવા ઉપરાંત શિક્ષક આગેવાનોને પગારો આપીને; જમીન, સામગ્રી અને પ્રયોગશાળાના ઓજારો આપીને રાજ્યે પોતે પણ અસંખ્ય યુવા નિસર્ગ સ્ટેશનો ઊભા કર્યા છે યુક્રેનમાં એક એવું સ્ટેશન છે જેને ૬૦ વર્તુળો છે અને એની સભ્ય સંખ્યા ૧૨૦૦ની છે. તે ૧૦૦ એકર જમીનનો ઉપયોગ કરે છે અને તે કીવ શહેરની બહારના ભાગમાં છે વર્ષોથી એની પ્રવૃત્તિઓ એટલી બધી વિવિધતાભરી તથા વિસ્તૃત બની છે કે એનું નામ યુવા લોકોના જીવશાસ્ત્રીય તથા વિષયક કેન્દ્રનું રાખવામાં આવ્યું છે આ સ્ટેશનમાં ૮૫ માળીઓ, એગ્રોઈકોનોમીસ્ટો અને જીવશાસ્ત્રીય શિક્ષકોનો સ્ટાફ છે. મોસ્કોનું સ્ટેશન ૭૬ પૂરા કદના અને ૨૪૫ પેટા સ્ટેશનો (જે રશિયન ફેડરેશનમાં ઠેર ઠેર પથરાયેલા છે) તેમની કામગીરીને માર્ગદર્શન આપે છે. હું હમણા તો આ કેન્દ્રની કામગીરી વિશે વધુ કહેવા માગું છું

દરેક પ્રકારના વર્તુળનું સભ્યપદ મરજિયાત હોય છે અને સભ્ય ફી હોતી નથી

યુવાતીની મોટામાં મોટી સંખ્યા "ગ્રીન પ્રેટ્રોલ કુઝકી"માં જોડાતી હોય છે. તેઓ હાથમાં એવા બીલ્લાઓ લગાવતા હોય છે જેમાં "Z.P."ના અક્ષરો લખેલા હોય છે, અને સોનેરી ઓક પાંદડાના પ્રતીક ઉપર એની મહોર મારવામાં આવી હોય છે. આ બાળકો દરેક સ્થળે જોઈ શકાય છે—ગામડાઓમાં અને શહેરોના ચૌટા ચક્લાઓમાં તેઓ દેખા દે છે; જાહેર બાગોમાં, જંગલોમાં, વનરાઈઓમાં તથા રસ્તાના માર્ગો પર પણ જોવા મળતા હોય છે. તેઓ રીતસર તો છ છની ટીમોમાં કામ કરતા હોય છે. છોડવાને પાણી પાતા હોય છે, જમીનના ઢેફા ઊંચા નીચા કરતા હોય છે અને વૃક્ષોના પાયાની માવજત કરતા હોય છે, વૃક્ષો અને વેલાઓ વાવે છે, નવા વૃક્ષો ઉગાડે છે તથા ફૂલો ઉગાડે છે. કેટલીક વાર તો અસંખ્ય ગ્રીન પેટ્રોલ જૂથો આમાં જોડાતા હોય છે અને આખો નવો બાગ વાવતા હોય છે તેમ જ જમીન દશ્ય ઊભું કરતાં હોય છે આ તો શાળાના વાડાને સુસજ્જ કરતાં હોય છે.

રીગા (લેટવિયા)માં તાજેતરના એક વરસમાં ગ્રીન પેટ્રોલોએ વૃક્ષોની ગણતરી કરી હતી અને માંદા વૃક્ષોની જુદી રીતે ગણતરી કરી. બગીચા ખાતાએ આવાં

Scanned with OKEN Scanner

માંદલા વૃક્ષોની ગણતરી પણ કરી અને બાકીની માહિતીનો ઉપયોગ ભાવિ નિસર્ગ દશ્યોની યોજના માટેની માહિતીમાં કર્યો હતો. લિથુઆનિયામાં દરેક યુવાન પુરુષ એકેક ઝાડ વાવે એવી અપેક્ષા રખાય છે.

ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રીન પેટ્રોલ જૂથોએ વનરાજીના રક્ષણનાં પગલામાં મદદ કરવાનું રાખ્યું છે. થોડા વરસોમાં પાયોનિયરોએ નાવી વનરાજીનાં ૨ લાખ ૩૭ હજાર હેક્ટર જમીનમાં વૃક્ષોના વાવેતરો કર્યા છે અને ૫ લાખ ૮ હજાર વનરાજીની જમીનની માવજત કરી હતી. આ કામ સારી પેઠે સંગઠિત કરવામાં આવ્યું છે જે યુવાન માણસોના સમય તથા શક્તિ ઉપર માત્ર વાજબી તકાદો કરે છે અને તેઓને એવા જ્ઞાનનો સંતોષ આપે છે કે તેઓ પોતાના દેશને રૂપાળો બનાવવામાં અને નૈસર્ગિક સમૃદ્ધિ વધારવામાં સહાય કરી રહેલ છે. કારણ કે કેટલીક ઉપયોગી નીપજો લાકડામાંથી થાય છે, જંગલો અને વનરાજીઓને દેશના 'હરિયાળા સોનાના" ખજાના તરીકે ગણવામાં આવે છે

હજી તો હમણાં જ, ધોરી માર્ગોના ખાતાએ ગ્રીન પેટ્રોલ ક્રુઝકીમાં અને બીજી યુવા નિસર્ગવાદીઓમાં રાષ્ટ્રીય હરીફાઈનું આયોજન કર્યું હતું. ધોરી માર્ગોને હરિયાળા કેમ બનાવવા — એ એનો વિષય હતો. એના વિજેતાઓએ ટેપ રેકર્ડરોના ઈનામો મેળવ્યા હતા. આમાં સંગીતના વાદ્યો, રેડિયો અને નિસર્ગ પુસ્તકોનો પણ સમાવેશ થતો હતો. શ્રેષ્ઠ જૂથોના નેતાઓને મોટર સાઈકલો આપવામાં આવી અથવા તો રસપ્રદ સ્થાનોના પ્રવાસનું ભાડું આપવામાં આવ્યું. પણ અખબારોમાં જે ચર્ચાઓ આવે તે પરથી જોઈએ તો દરેક ભાગ લેનારે પોતાના દેશ ભાઈઓને ઋણી બનાવ્યા છે.

નિસર્ગવાદીઓના ઘણાં ખરાં વિભાગોમાં અને યુવાતીના વર્તુળોમાં કોઈ પણ સભ્ય ધારે તો સંશોધન કરી શકે છે. ગ્રીન હાઉસો અને લેબોરેટરીઓ તેઓને માટે ઉપલબ્ધ છે, ખાસ કરીને સ્ટેશનો પાસેથી તે મળી શકે છે. યુવા લોકો તો વૃક્ષો અને છોડ વાવેતરમાં મશગુલ થયેલા છે અને નવા ઉપયોગી પ્રાણી ઉછેરમાં પણ પરોવાયા છે. દા.ત. સાઈબેરિયાના દૂર ઉત્તરના ભાગમાં જ્યાં રાજ્ઞેતા મુજબના ઘઉં ઉગાડવાનું અશક્ય હતું કારણ કે ત્યાં ઉનાળો ટૂંકા ગાળાનો હોય છે ત્યાં આ યુવા નિસર્ગવાદીઓએ એક એવા ઠંડા બીને ઉછેર્યું કે જે અગાઉ કરતાંયે ઘઉંનું વહેલું વાવેતર કરવાનું શક્ય બનાવે અને પાછળથી એની લણણી થઈ શકે છે.

બીજી રીતે સરેરાશ માધ્યમિક શાળામાં મોલ્ડેવિયન પ્રજાસત્તાકના એક ગામમાં યુવાની વર્તુળે અનાજની સામાન્ય જાતો તૈયાર કરવામાં પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. સુયોજિત પ્રયોગના કેટલાંક વરસો બાદ કુલ ૧૩૬ જાતો પેદા થવા પામી છે, અ માંની ઉત્તમ જાતોની પસંદગી કરીને સમગ્ર પ્રદેશમાં એના વાવેતરના ખપમાં લેવામાં આવેલ છે. યુવા લોકોએ દરેક નવી જાતનાં નામોની કાળજીભરી નોંધ રાખી છે: બી કેટલા ઊંડા વાવવામાં આવ્યા છે, ઉગવાની તારીખો, પાકવાનો સમય, વગેરે. કેટલાક યુવાતીઓએ પોતાના વર્તુળમાં રહેવાનું પસંદ કર્યું છે. ૧૦ વર્ષના શાળાનાં અભ્યાસક્રમ પછીથી તેઓએ આમ કર્યું છે કે જેથી કરીને નવા અને નાના સભ્યોને આ પ્રયોગ ચાલુ રાખવ માં મદદ કરી શકાય શાળાના જીવ. શાસ્ત્રીય શિક્ષકો અને સ્થાનિક એગ્રોનોમીસ્ટો કેટકેટલીય કુઝકીના નેતાઓ તરીકે કામ કરે છે

સસલું નહિ અને નોળિયો નહિ —
તો એ શું છે? પૂસ્તેલ્ગા – ના!

જુદા જુદા પ્રાણીઓની જાતો ઉછેરવામાં વારંવાર રસપ્રદ પરિણામો હાંસલ કરવ માં આવે છે મોસ્કોના પરામાંની એક શાળામાં એક નાનું પણ વિખ્યાત સસલાનું ફાર્મ છે કેટલાંક વર્તુળોએ ચઢિયાતી જાતનાં સસલા ઊછેરવા માંડ્યા — શરીરમાં મોટું અને લાંબા વાળ. છેવટે તેઓએ રુંવાટી સાથેનું સસલું પેદા કર્યું. જે નાના પ્રાણીને મળતું આવે અને બીજું કે આ સસલાની રૂંવાટી નોળિયાને મળતી આવે છે. આ સસલાની રૂંવાટી નોળિયા જેવી સફેદ છે પણ એના કાન, પંજા અને નાક કાળા છે નાના બાળકોનો આ ફાર્મનાં સંપૂર્ણ કબજો છે. એમના માર્ગદર્શન માટે બે વિજ્ઞાનના શિક્ષકો છે.

યુવાન પક્ષી-પ્રેમીઓ આવા જૂથોમાં જોડાય છે, તેઓ પીંછાં, વાળ, પક્ષીઓની ટેવો અને ગીતો વિશે જ્ઞાન મેળવે છે તેમજ તેઓની કેવી રીતે સંભાળ લેવી તે પણ શીખે છે તથા તેઓનું રક્ષણ કેમ કરવું તે પણ જાણવા લાગે છે. એક ઘવાયેલું

Scanned with OKEN Scanner

પંખી ત્રણ નાનાં પક્ષી ચાહકોમાં કવિ માયાકોવ્સ્કીની કાવ્ય પંક્તિઓની લાગણીઓ પ્રેરે છે.

મિત્ર પંખી, તું આકાશમાં કેમ નથી?
પ્રિય નાનાં પંખી તું ઉડતું કેમ નથી?

આ કાવ્યનો બાકીનો ભાગ શા માટેનું કારણ કહે છે? પીછાંવાળા પંખીને ક્રૂર બાળકે ઘાયલ કર્યું છે બીજી રીતે સુધરેલા દેશોમાં હોય છે તેના કરતાં સોવિયેત સંઘમાં પણ આવા ક્રૂર લોકોની સંખ્યા ઘણી નાની છે. આપણે ઈચ્છીશું કે ગ્રીન પેટ્રોલ એનો પણ વસતી ગણતરી કરશે જ.

વસંતની શરૂઆતમાં 'પંખીઓનો દિન" તેઓના ગરમ પ્રદેશોમાંના પુનરાગમને આવકરે છે. બાળ પક્ષીપ્રેમીઓની પક્ષીઓના પોશાકો પહેરીને પરેડ થાય છે. તેઓ માયાકોવ્સ્કીની કાવ્ય પંક્તિઓ ગણગણ્યા કરે છે, તેઓ પંખીઓના અવાજો બબડે છે, અને એના અંચળા હેઠળ તેઓ પરેડ કરે છે અથવા તો તેઓના ધ્વનિનું અનુકરણ કરે છે અને તે પણ ઘર બનાવવાની સીસોટીથી નાનકાઓ અંચળા પહેરીને મરઘાની પૂછડીઓ ધારણ કરે છે અને મરઘીઓ પાછલી હરોળમાંથી આવે છે. આ પાછલા વાડાના રહીશો એવો અગ્રહ રાખે છે કે એમને પજવણી થવી ન જોઈએ.

પોતપોતાનાં વર્તુળોમાં પંખીઓની જુદી જુદી જાતોને તથા તેમનાં માળખાને ઓળખતા શીખતાં હોય છે અને પાકને તથા વૃક્ષોને કોણ ઉપયોગી છે અને કોણ હાનિ કરે છે તે પણ શોધી કઢે છે. ઘવાયેલા પંખીઓની માવજત કેમ કરવી તે પણ તેઓ શીખે છે. આ જાતને ખોરાક અને પાણી કેવી રીતે પૂરાં પાડવા તેયે શીખે છે.

પંખી ચાહકોમાંયે સંશોધકો હોય છે. કેટલીક વાર વર્તુળના સભ્યો પક્ષી સંરક્ષણના વિશિષ્ટ પ્રશ્નોમાં રસ લેતા થાય છે. દા.ત. શિકારીઓ અને પંખી રખેવાળો વચ્ચે નાના બાજ પંખીની વર્તણૂકની બાબતમાં લાંબો વિવાદ ચાલ્યો હતો. શિકારીઓએ એવો ભાર મૂકયો હતો કે આ પંખી એક આક્રમક પંખી છે, મરઘાં બતકાનો એ કટ્ટર દુશ્મન છે અને નિષ્ઠુરતાથી એનો શિકાર કરે છે. જ્યારે રખેવાળોએ નાના બાજ કે શકરાઓ મુખ્યત્વે કરીને તો હાનિકારક જંતુઓને ખાઈ જાય છે. આમ બે છોકરાઓ સર્ગેઈ અને યુરા (૧૪ અને ૧૦ વર્ષની વયના) આ વિવાદની પતાવટ

Scanned with OKEN Scanner

માટે કટિબદ્ધ થયા. ઉનાળા દરમ્યાન નજીકના વનમાં રહેતા સંબંધીઓને ત્યાં તેઓએ દિવસો ગાળ્યા. અહીં નાનકડા બાજ પક્ષીઓ પોતાનાં અસંખ્ય માળામાં રહેતા હતા. રોજ રોજ કલાકો સુધી તેઓએ એનું નિરીક્ષણ કર્યું — અલબત્ત કોઈ પણ અવાજ કે હિલચાલ વગર જ. તેઓએ આ પંખીઓની ખાવાની આ ટેવનું રેકર્ડ તૈયાર કર્યું અને તેઓએ શોધી કાઢ્યું કે આ પંખીઓમાં પ્રચંડ ભૂખ હોય છે અને ખેતરોના ઉંદરો, ગરોળીઓ અને હાનિકારક જંતુઓને પ્રાથમિક રીતે ખાઈ જાય છે અને મનુષ્યને ઉપયોગી એવા કોઈ પણ જંતુ એને ભાવતા નથી. સર્જાઈ અને પુરાએ નિસર્ગના એક સામયિકમાં પ્રસિદ્ધિ મેળવી. તેમની શોધને લઈને અસંખ્ય નિવૃત્ત જંતુઓનો ઉદ્ધાર થવા પામ્યો

અને એક નાટ્યાત્મક માછલીની પણ કથા છે. અમેચ્યોર બાળ માછીમારોની કુઝકી અને માછલીની ખાવાની આદતના અભ્યાસીઓ આતુર માછીમારો અને ઉગતા વિજ્ઞાનીઓ હોય છે. કેટલાક તો સારી સંખ્યામાં માછલી પકાવતા શીખે છે અને તેઓ આ અંગે રસપ્રદ માહિતી શોધી કાઢતા હોય છે. આવા વર્તુળોને સામાન્ય રીતે પોતાના જ હોડકા અને જાળ હોય છે.

વખતોવખત આવાં બાળકો સાચવણી જાળવણીની તરફેણ કરતાં થઈ જાય છે. એના વર્તુળ સભ્યો પોતાની રીતે પોતાની શાળાઓનું સંગઠન કરે છે. વસંતઋતુમાં જ્યારે નદીઓમાં પૂર આવે છે ત્યારે માછલીઓની કેટલીક જાતિઓ છીછરા પૂરનાં પાણીમાં ઈંડા મૂકે છે. પૂર ઓસરે ત્યાં સુધીમાં કરોડો નવી જન્મેલી માછલીઓ કાદવમાંથી બહાર આવે છે. અહીં તેઓ જલદીથી મરી જાય છે. આ તો ઝઝૂમી રહેલો સામુદાયિક આપઘાત છે. બાળકો ત્યાં દોડી જાય છે. તેઓ વેગનો કે ટ્રકામાં આવે છે, પાણીની ડોલો અને પીપો લઈ આવે છે. એમાં તાજું પાણી ભરેલું હોય છે. બાળ માછલીને તુરત જ બહાર કાઢવામાં આવે છે અને પીપોને નદીના નીચલા વાસમાં લઈ જવામાં આવે છે અને આ ઉગરેલી માછલીઓ સાફ કરે છે અને પછી તેઓને એના નૈસર્ગિક સ્થાનમાં પાછી ફેંકી દેવામાં આવે છે.

પ્રાણી સંગ્રહાલયોમાં નિસર્ગવાદી વર્તુળો જે બાળકો ઘર આંગણાના પાળેલા પ્રાણીઓ કરતાં આ પ્રાણીઓ સાથે સંપર્ક સાધવા માગતા હોય છે, તેઓને એ માટેની તકો પૂરી પાડવામાં આવે છે; આ વર્તુળો પ્રાણી સંગ્રહાલયમાં મળે છે અને જીવશાસ્ત્રી શિક્ષકોની દોરવણી હેઠળ તેઓ કામ કરે છે. આમાં પ્રાણી સંગ્રહાલયના કર્મચારીઓ પણ હોય છે. રીગા શહેરના પ્રાણી સંગ્રહાલયમાં બીજા મોટા

શહેરોની જેમ, અસંખ્ય વર્તુળો છે. રીગાના પ્રાણી સંગ્રહાલયમાં ૫૦ સભ્યોનું એક વર્તુળ છે. મોટા છોકરાઓ અમુક પ્રાણીને "દત્તક" લે છે અને એના માવજત કરે છે. બીજાઓ પ્રાણી ભૂગોળમાં ઊંડા ઊતરે છે અને દુનિયાના જુદા જુદા ભાગોમાં પ્રાણીઓ માં વસવાટો તથા આદતો વગેરે અંગેનું સંશોધન કરે છે.

આપણે સૌ યુન્નાત કુટુંબના મિત્રો છીએ

મોસ્કોના યુન્નાત સ્ટેશનની મારી મુલાકાતે મને ફરી વાર પ્રતીતિ કરાવી આપી કે કાર્યક્રમોમાં અમુક સૌથી વધુ સૂચક લાક્ષણિકતાઓ રહેલી હોય છે અને સુસંવાદી વ્યક્તિત્વ ખીલવણીનું શિક્ષણ આપવાનો એમાં પ્રયાસ કરવામાં આવે છે. આ કાર્યક્રમો મજબૂત રીતે પ્રસ્થાપિત થયેલા છે અને તે લાંબા ગાળાના હોય છે. એમાં ઉત્તરોત્તર વિસ્તાર અને સુધારાઓ થતા જ રહેતા હોય છે. દા.ત. બાળ નિસર્ગ-વાદીઓનું પહેલું સ્ટેશન ૧૯૧૮ના જૂનમાં શરૂઆતમાં ખોલવામાં આવ્યું હતું. ઑક્ટોબર ક્રાન્તિ પછીના માત્ર થોડાક જ મહિનાઓ બાદ આ થયું હતું અને આંતર વિગ્રહ, દુષ્કાળ, રોગચાળો અને પરદેશી દરમ્યાનગીરી એમ કોઈએ પણ આ યુન્નાતી આંદોલનને થંભાવી દીધું નથી. મોસ્કો સ્ટેશન ૧૯૩૪થી અસ્તિત્વમાં આવ્યું છે. એ જ નક્કર બે માળનું મકાન આ હેતુ માટે જ બાંધવામાં આવ્યું હતું, તેનું તે જ છે. શહેરની ભીડે અસલ છ હેક્ટર જમીનમાં અતિરેક લાવી દીધો નથી. સ્થિરતા અને શાશ્વતતાની બીજી બાબત એ છે કે અગ્રેવાન કર્મચારીઓએ લાંબા વરસોની સેવાઓ એની તહેનાતમાં ન્યોછાવર કરી છે. વેલેન્તીના ઈફીમોવા આ સ્ટેશનના ઉછેરના નાયબ ડિરેક્ટર છે તેણીએ ત્યાં કામગીરીનો આરંભ, જ્યારે તેઓ ૧૮ વર્ષની વયના હતા અને ભૌગોલિક સંસ્થાના હજી તો માત્ર વિદ્યાર્થી જ હતા ત્યારે કર્યો, અને ૨૩ વર્ષ સુધી તેમની સેવાઓ ચાલુ રહી છે દરમ્યાન તેમણે શિક્ષણશાસ્ત્રની સંસ્થામાંથી પણ ડિગ્રી સંપાદન કરી લીધી છે.

આ સ્ટેશનમાં ૭૧ જણનો સ્ટાફ છે, જેમાં ૧૯ શિક્ષકોનો સમાવેશ થાય છે. આ અને બીજા કેન્દ્રોના કાર્યક્રમો કેળવણી ખાતા તરફથી નક્કી થતા હોય છે. જુદા

Scanned with OKEN Scanner

જુદા જૂથોને જીવશાસ્ત્રીઓ, વનસ્પતિશાસ્ત્રીઓ, ભૂગોળશાસ્ત્રીઓ અને મત્સ્ય વ્યવ-સાયીઓ દ્વારા શીખવવામાં આવે છે. આ બધા નિષ્ણાતો બાળકોને પોતપોતાના ક્ષેત્રનું મૂળભૂત જ્ઞાન આપે છે.

આ કેન્દ્રમાં એક "મેથોડોલોજિકલ કેન્દ્ર" છે અને તે સમગ્ર રશિયન ફેડ-રેશન માટેનું છે. તેણે આ પ્રગતિ અને પ્રદૂષણના યુગમાં વાતાવરણના રક્ષણ માટેની યોજનાઓ દાખલ કરવાની પહેલ કરી છે. નિસર્ગની રક્ષા માટેના રાષ્ટ્રીય સમાજના ઘણાં બાળકો સભ્યો છે (એની સભ્ય ફી વરસની પાંચ કોપેક છે.)

આ બાળ નિસર્ગવાદીઓ વર્ષે એવા પર્યટન પર જાય છે જે સોવિયેત સંઘના ચારે ખૂણામાં આવેલા હોય આવા વૈજ્ઞાનિક પર્યટનો વાટે તેઓ વિજ્ઞાનની સંસ્થાઓ સાથે સંપર્ક સાધે છે અને એવા કેટલાક કેન્દ્રોના પણ સંપર્ક સાધે છે જેઓ આવા પર્યટનોને મદદ કરતા હોય છે. તેઓ દ્વારા બાળકોને નમૂનાઓ એકઠા કરવાનું કહેવામાં આવતું હોય છે અને એવી કેટલીક ઘટનાઓનું નિરીક્ષણ કરવાનું કહેવામાં આવતું હોય છે જેનાથી તેઓના સંશોધન કાર્યમાં મદદ થાય જ્યારે આ યુવાતી પર્યટનોમાંથી પાછા ફરે છે ત્યારે સ્ટેશન વતી એનાં પરિણામો એકઠા કરવામાં આવે છે અને જે સંસ્થાએ આનું આયોજન કર્યું હોય તેને હેવાલો મોકલવામાં આવે છે. અલબત્ત, કેટલાક યુવાતી પાછળથી વિજ્ઞાનીઓ બનતા હોય છે પ્રસંગોપાત, વિજ્ઞાનીઓ આ યુવા લોકોને કહેતા હોય છે કે તેઓએ એમના પોતાના સંશોધનોની ચકાસણી કરવામાં સહાયભૂત થવું જોઈએ. આવા મદદનીશોને વિજ્ઞાન સમાજનાં સંગઠનમાં સમાવી લેવામાં આવે છે.

ખેતી અને વનરાજી ખાતું કેળવણી ખાતાના સહયોગમાં કામ કરે છે. તેઓ આવા કામને પુષ્કાળ ટેકો આપે છે તથા નાણાંની મદદ પણ કરે છે અને આવા બાળકોના પોતાના કાર્ય માટે નાણાંની રકમ પણ આપે છે. આને લઈને પ્રયોગો માટેનાં બી રોપાય છે, વિશેષજ્ઞોની ફાળવણી થાય છે, હરીફાઈઓ યોજાય છે અને એના સમારંભોને માટે નાણાં પૂરા પાડવામાં આવે છે અને ઈનામોની ખરીદી કરવામાં આવે છે, જ્યારે આવી શાળા એક સફળ યોજનામાં જોડાય છે ત્યારે સામૂહિક ઈનામ તરીકે તેઓને એક બસ પણ મળે છે.

લાક્ષણિક રીતે, બાળકોની રસવૃત્તિઓ અને કામગીરીનું નાટયાત્મકીકરણ કરવામાં આવે છે. એમાં રંગ બેરંગી રજાઓ તથા વિધિઓનો સમાવેશ થતો હોય

Scanned with OKEN Scanner

છે. ૧૯૨૭થી માંડીને વાર્ષિક "પંખીઓનો દિન" ઉજવવામાં આવે છે અને "વન-રાજનો દિન" પણ ઉજવવામાં આવે છે. "લેનિન અને નિસર્ગ" "રશિયન, વૃક્ષો માટેની રજાઓ." "નિસર્ગ દશ્યોની ઉજવણી," ગીત, નૃત્ય, પરેડો વગેરેથી કરવામાં આવે છે, તેમ બીજી વિધિઓ પણ એમાં થતી હોય છે.

હરીફાઈઓ, અલબત્ત, એક પ્રોત્સાહન અને લાલચ છે મોસ્કો સ્ટેશનમાં મહત્ત્વની હરીફાઈઓ માટેની તૈયારીઓ ચાલી રહી હતી. ઓરડાઓમાં શણગારો સજવામાં આવ્યા હતા, પાટીયાઓ અને સૂત્રોમાં પૂર બહારનાં પ્રયાસો કરવાની હાકલો હતી. યુન્નાતીને એવું યાદ રાખવાની હાકલ કરવામાં આવી હતી કે :

તમારું નામ યુન્નાત છે, કાર્યદ્વારા એનો મર્મ આગળ વધારો,
સ્ટેશન તમારું ઘર છે, એની સંભાળ લેજો,
સ્ટેશનનું સૌંદર્ય તમારા હાથનું કૃત્ય છે, યુન્નાત
આ ગૃહમાં સેંકડો વ્યવસાયી બાળકો રહે છે
ધીમા ન પડો પણ યુન્નાતની ઉષ્માથી ધીકતા બનો.

અને આવા શીર્ષકોની નામાવલિનો ઉપસંહાર કરતી વખતે કયા નક્કર માર્ગોએ આ બધું આચરણમાં મૂકવાનું છે તેનો નિર્દેશ કરવામાં આવ્યો હોય છે :

તમે તે, હું — બધા યુન્નાતીનું કુટુંબ છે. યુન્નાતીને પોતાનું જ આગવું સચિત્ર માસિક છે. એનું નામ છે "યુવાન નિસર્ગવાદી." એનો ફેલાવો આશરે ૪૦ લાખનો છે. હજી તો દસ વર્ષ પહેલા જ આ ફેલાવો ૧૫ લાખનો હતો. આ આંદોલનની સ્થિરતા અને વિકાસનું એક વધુ નિર્દેશન છે. સોવિયેત સંઘમાં અને અન્ય દેશોમાં અમેચ્યોર નિસર્ગવાદીઓએ જે કામ કર્યું અને જે શોધો કરી તેના હેવાલો આમાં રજૂ થાય છે, વિખ્યાત વિજ્ઞાનીઓના લેખો પ્રકટ થાય છે અને સંશોધનના પ્રશ્નોનું સૂચન કરે છે. હરીફાઈઓ યોજે છે, વિચિત્ર વૃક્ષો અને પ્રાણીઓ વિશેના લેખો પ્રકટ કરે છે

આનંદ અને મુગ્ધતાપૂર્વક તેઓ જ્ઞાન સંપાદન કરે છે અને કેટકેટલીય નિસર્ગ યોજનાઓમાં તેઓ ભાગ લે છે એનાથી ઘણાં યુવાનોને પોતાની કારકિર્દી અંગેના નિર્ણયમાં વિશ્વાસ પેદા થાય છે અને આ કારકિર્દી આનંદપૂર્વક અનુસરવામાં મદદ થાય છે.

Scanned with OKEN Scanner

યુવા વાચકો માટેનું સાહિત્ય, વાર્તાઓ, કાવ્યો, નિસર્ગ લેખન યુન્નાતની રચ-વૃત્તિને પુષ્ટિ આપે છે અને આમાં આદર્શવાદ ઉપરાંત રચાત્મક પરિમાણનો પણ ઉમેરો કરે છે. એક પ્રિય લેખક પ્રિશ્વીન, જેના સુંદર નિસર્ગ શબ્દ ચિત્રો. મોટા ભાગના યુવાનોમાં સુવિખ્યાત છે. તેમણે જણાવ્યું છે કે: "નિસર્ગની રક્ષા કરવી એનો અર્થ એ થયો કે પોતાના જન્મસ્થાનને સલામત બનાવવું," એટલે કે, પોતાના દેશને સલામત બનાવવો. આનું આચરણ આપણે શાળાની દીવાલોમાં, યુન્નાત વર્તુળોમાં અને જ્યાં જ્યાં બાળકો અને નિસર્ગ સાયુજ્યમાં હોય ત્યાં બધે જોવા મળે છે. પ્રિશ્વીનના શબ્દો કાવ્યમય છે પણ એનો મર્મ સંગીન શબ્દોમાં તો The Red Bookમાં સમાવેલો છે. આ એક એવો સંગ્રહ છે જેમાં વિરલ વૃક્ષો માછલી, જંતુઓ અને પ્રાણીઓ વગેરેની નામાવલી આપવામાં આવી છે અને યુન્નાતે તથા તમામ બાળકોએ એનો હેવાલો લેવો જ પડે છે કે જેથી કરીને તેઓ નિસર્ગની રક્ષા કેમ કરવી તે જાણી શકે અને એ રીતે પોતાની જન્મભૂમિને સલામત બનાવી શકે

નિસર્ગ સંરક્ષણ સાથેના જોડાણને આંતરરાષ્ટ્રીય પરિમાણ પણ આપવામાં આવે છે, એકેડેમીશીઅન ફ્યોદોરોવના શબ્દોમાં કહીએ તો (તેઓ સમાજ અને નિસર્ગ પર વિવેચન કરે છે): વાતાવરણની રક્ષા કરવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગ આંતર-રાષ્ટ્રીય તંગદિલીના સંજોગોમાં નરાતાર વ્યર્થ બનશે, આમાં સશસ્ત્ર સંઘર્ષની વાત તો બાજુએ રાખીએ. એટલે આરોગ્યમય વાતાવરણ હાંસલ કરવાના પ્રયાસો હવે એકંદર શાંતિ અને નિઃશસ્ત્રીકરણના જંગ માટેયે આવશ્યક છે, સામાજિક પ્રગતિનો પણ આમાં સમાવેશ થાય છે." વધારે મોટી શાળા—બાળકો આ કામગીરીમાં સામેલ થઈ શકે છે કે કેમ તે હું જાણવા માગતી હતી, મેં વિલ્નીઅસ (લિથુઆનિય)માં ૧૦મા ધોરણની મુલાકાત લીધી ત્યારે વિદ્યાર્થીઓને કેટલાક પ્રશ્નો પૂછ્યા. તેઓના જવાબોએ એવો નિર્દેશ કર્યો કે વાતાવરણના આંતરરાષ્ટ્રીય મથિતાર્થોથી તેઓ સંપૂર્ણ વાકેફ છે. હકીકતમાં તેઓ એટલું બધું જાણતા હતા કે આવા પ્રશ્ન ઉઠાવવા માટે હું તો મૂર્ખ જ દેખાવા લાગી.

આમ છતાં, નિસર્ગની રક્ષાની પ્રાથમિક વૃત્તિ એની વિવિધતા તથા સૌંદર્યના પ્રેમમાં રહેલી છે. આ વસ્તુ બાળકમાં છેક શરૂઆતથી જ કેળવવામાં આવે છે અને સાહિત્ય વાટે આ બધું એની ઉપર અસર કરતું રહે છે, અને ઊર્મિકાવ્ય-માંથી કેટલા બધા લાભનો સમૃદ્ધ વારસો એને પ્રાપ્ત થાય છે તેમ વાર્તાઓ અને

Scanned with OKEN Scanner

નવલકથાઓમાં પ્રેમાળ ગદ્ય ફકરાઓનો પણ કેવો સમૃદ્ધ આ વારસો છે! એમાં નિસર્ગની કલ્યાણગામીતાની પ્રશંસા કરવામાં આવી હોય છે અને માનવજાતના જીવનમાં એનું શું સ્થાન છે તે બનાવવામાં આવ્યું હોય છે. આ બધું છેક પ્રારંભિક સાહિત્યક કૃતિઓથી માંડીને છેક આજ સુધીની કૃતિઓમાંથી લેવામાં આવતું હોય છે. બાળકો પોતેય પોતાના કાવ્યો લખતાં હોય છે અને આ સાહિત્યક અભિવ્યક્તિની સમૃદ્ધિમાં તેઓ ઊમેરો કરે છે, એમાંના ઘણાં બધા પોતાના કાવ્યો લખે છે. બોર્યા લાપીન, ઉંમર ૧૨ વર્ષ, નિસર્ગનાં જીવંત શ્વાસ સાથે પોતાની ગાંઠ અનુભવે છે અને લખે છે કે:

જો હું પશુ કે પંખીની જેમ
બોલી શકતો હોત તો,
ચકલીને સાંભળીને,
મેં શું સાંભળ્યું તે સમજી શક્યો હોત.

દેડકાં છિદ્રથી જે
બોલે તે હું જાણી શકત,
રાત્રે જ્યારે બધું જ શાંત હોય ત્યારે શું,
ઉંદરોના થથરાટમાં એ કહેવાતું હોય છે.

મરઘીના બચ્ચાં શું ગાય છે તે હું જાણી શકત,
અને ઉડતું પંખી ચીચી કેમ કરે છે તે હું જાણી શકત,
ઘૂવડ ઊંઘી કેમ શકતું નથી,
બિલાડી પોતાના બચ્ચા પ્રત્યે ઘુરકે છે શા માટે?

આટલા બધા શાંત જંગલમાં શિયાળીયા આટલા બધા
આટલા બધા ઊંચેથી શા માટે રડતા હશે તે હું
જાણી શકું.

Scanned with OKEN Scanner

યુવા સોવિયત આંતરરાષ્ટ્રીયતાવાદીઓનું શિક્ષણ

૧૯૭૭, ૧૭મી જુલાઈ, મોસ્કો. ૧૦૨ દેશોમાંથી નાના કિશોરો અને બાળકોના આગમનનો એ દિવસ હતો, શાંતિ અને મિત્રતા માટેનો એ પહેલો આંતરરાષ્ટ્રીય ઉત્સવ હતો અને એમાં પ્રતિનિધિઓ તરીકે આ બધા આવ્યા હતા. મોટા ભાગના એક હજાર પરદેશી બાળકોથી હોટેલ ઓર્લ્યોનેકની જંગી લોબીઓ ભરચક ભરાઈ ગઈ હતી. આ એક નવું ચમકદાર આધુનિક દસ માળવાળું મકાન, પાટનગરના અત્યંત પહોળા લેનિન હિલ્સની વૃક્ષરાજીઓથી લચી પડેલી પહોળી શેરીઓ ઉપર આવેલું છે યુવા (મોસ્કો) પાયોનિયરો તેઓનું સ્વાગત કરી રહ્યા હતા. આમાં તેઓ કાબેલ છે કારણ કે તેઓનો ઉછેર જ એવી રીતે થયો છે કે અન્ય સ્થળના બાળકો પ્રત્યે તેઓ મિત્રતા અને કાળજીની લાગણી અનુભવતા હોય છે. આમાં તેઓની સંગીન આંતરરાષ્ટ્રીયતાની ભાવના રહેલી છે અને આંતર-વર્ણીયતા રહેલી છે.

સામાન્ય રિવાજ પ્રમાણે, પ્રારંભિક સ્વાગત હસ્તધૂનનથી થાય છે પણ તો અ પણને એવી બીજી પણ બુદ્ધિશાળી રીતિઓ જોવા મળે છે જેનાથી નવા આગંતુકને—આમાંના કેટલાય તો મહાસાગરો પરથી; રણ વિસ્તારો, પર્વતોની હારમાળાઓ પરથી અને સમગ્ર ખંડો ખુંદીને ઉડ્ડયનો દ્વારા આવ્યા હતા—તેઓને આ સ્વાગતનો અનુભવ થાય એવી આ રીતિ હતી. આસપાસના નૃત્યો અને રમતો યોજવામાં આવી હતી, આવકાર દેનારા અને લેનારાની ભાષાઓના શબ્દો અને વાક્યો સાદા હતા. એમાંથી ભાષાના અંતરાયો ભાંગી પડતા હતા અને મહેમાનોને નૃત્યના

Scanned with OKEN Scanner

પગલાં તથા રમતોની પ્રચલિતતા શીખવવામાં આવતી હતી. પુષ્કળ હસાહસીની વચ્ચે તથા આનંદમાં આવું બધું કરવામાં આવતું હતું પગલાઓમાં બહુ જ હોશિયારીપૂર્વક આની તકો પૂરી પાડવામાં આવે છે. એમાં વચ્ચે વચ્ચે એકમેકને ભેટવામાં પણ આવે છે. એનાં ગીતોમાં પણ ટૂચકા હતા. રશિયન ભાષામાં સ્વાગતનાં ગીતો હતા, એમાં બીજી કેટલીય ભાષાઓની સંકરણ પણ ભેળસેળ પામી ગઈ હતી. સ્વાગત વિધિનો અંત આવે છે પછી વધારે હસ્તધૂનન, આત્પો. પ્રતિકાત્મક બિલ્લાઓની આપ–લે, પાયોનિયર અને બીજી કલબોમાં ગળાના રૂમાલનો પણ આમાં સમાવેશ થતો હતો. અનંત હસાહસી થાય છે આવું સ્થળ તેજ છાયાઓથી, ઉત્તેજનાઓથી સભર બની જાય છે અને આ સરળ મિત્રતાની હૂંફમાં એને આવરી લેવામાં આવે છે. એનો આવિર્ભાવ નેકદિલ અને હૈયા સભર હતો. યુવા પાયોનિયર યજમાનો આ વૈશ્વિક મહોત્સવમાં શાંતિના હિમાયતીઓ છે. આ મહોત્સવનો મુદ્રાલેખ એ છે કે, "હંમેશાં સૂર્યપ્રકાશ રહેજો." મોસ્કોમાં એક દિવસ સુધી તો ઉદ્ઘાટન સમારંભોની વચ્ચે બે હજાર સોવિયેત પાયોનિયર (બધા પ્રજાસત્તાકોમાંથી આવ્યા હતા) અને ૧૦૨ દેશોમાંથી બે હજાર બાળકો આવ્યા હતા. આમાં તમામ પ્રજાઓ અને ખંડોનો સમાવેશ થતો હતો. તેઓ બધાં ક્રિમીઆમાં આર્તેક ખાતે શાંતિ અને મિત્રતાની ઉજવણીમાં ઉતરી પડશે અને તેઓ પોતાનો બાળઅવાજ યુદ્ધ, રંગભેદ અને કંગાલિયતની સામે ઉઠાવશે.

આ મહોત્સવમાં અમેરિકન પ્રતિનિધિ મંડળના સભ્ય બનવાનો મને વિશિષ્ટાધિકાર મળ્યો હતો. યુવાન શાંતિ ચાહકોમાં આ ગંજાવર સમારંભમાં હાજરી આપવી એ પણ એક રોમાંચ હતો સોવિયેત બાળકો અને તેઓનાં આંતરરાષ્ટ્રીયતાવાદને વિશ્વભરમાંથી આવેલા તેઓના પ્રતિનિધિઓના સંગાથમાં નિરખવા એ પણ એક લહાવો હતો. આટલા બધા રાષ્ટ્રોના નાનાં બાળકો સાથે અને બધી જ જાતિઓના બાળકો સાથે ઓતપ્રોત થઈને મિત્રતા અને સંગઠનના મજિયારા હેતુ માટે આ બધું થાય તે સોવિયેત પાયોનિયરો સહિત આ બધા માટે એ અજોડ મહત્ત્વ ધરાવતું એક પ્રકારનું શિક્ષણ હતું. આ મહોત્સવમાં તમામ બાળકો—બાલિકાઓ માટે એક એવો અવિસ્મરણીય પદાર્થ પાઠ હતો કે એમાં આંતરરાષ્ટ્રીય સહકારની તાકાત વ્યક્ત થતી હતી, મિત્રતા તથા હેતુની એકવાક્યતાની તાકાત દેખા દેતી હતી. સમકાલીન ઈતિહાસમાં તેઓ એક ન ભૂંસી શકય એવો બોધપાઠ શીખ્યા કે પૃથ્વી પરના પછાત અને તકલીફોભર્યા સ્થાનોમાં એમના કરોડો

Scanned with OKEN Scanner

સાથીઓ દુઃખ અને યાતનાઓમાં જીવી રહ્યા છે. તેઓ બધા સંઘર્ષ કરે છે અને આશામાં જીવે છે. સાથેસાથે તેઓ એ પણ શીખ્યા કે શાંતિની દોડ જીતવામાં શો મર્મ રહેલો છે, હથિયારથી નહિ પણ શાંતિની હરીફાઈ શો મર્મ દાખવે છે. આ રળિયામણા માનવ ગ્રહ ઉપર તમામ માનવજાત માટેની સારી જિંદગીના સંદર્ભમાં આનો શો અર્થ છે તે પણ તેઓએ જાણી લીધું

બધાં જ શાંતિના હિમાયતીઓ

આમાંની બધી જ ચર્ચાઓમાં, કામગીરીઓમાં, ગીતોમાં અને વિધિઓમાં જે પ્રતીતિ ઓતપ્રોત બની ચૂકી હતી તે તો એ હતી કે શાંતિની પરિસ્થિતિમાં જીવન એ યુવા લોકોનો પ્રાથમિક હક્ક છે અને બીજા બધા હક્કો અને સ્વાતંત્ર્યો શાંતિની રક્ષા ઉપર અવલંબે છે. યુવાન સોવિયેત યજમાનોને દુનિયાભરમાંથી આવેલા પોતાના મુલાકાતીઓની બાબતમાં પુષ્કળ જાણવાનું મળ્યું અને બદલામાં તેઓએ પણ હૈયા-સભર, સુમાહિતગાર, વ્યવહારમૂલક આંતરરાષ્ટ્રીયતાના મોડેલો તરીકે કામ કર્યું હતું. (હકીકતમાં તો સમગ્ર દેશ અને એના બાળકો આ મહોત્સવમાં સામેલ થયા હતા. બાળ અખબારોમાં એની છણાવટ રોજે રોજ થયા કરતી હતી. તેનો ફેલાવો બે કરોડનો હતો. તમામ હજારો ગ્રીષ્મ કેમ્પોમાં એની ઉજવણી થઈ હતી. પોતાના પરદેશી મહેમાનોને બાળકોએ બક્ષિસો આપી હતી અને મહોત્સવમાં ભાગ લેનારાઓ માટે અસંખ્ય સંદેશાઓ આવ્યા હતા.)

ડૉ. બેન્જામીન સ્પોક (Spock), (તેઓ વિખ્યાત અમેરિકન શિક્ષણશાસ્ત્રી છે અને શાંતિના ક્રિયાશીલ છે) મહોત્સવના અતિથિ પણ હતા તેમણે પાછળથી લખ્યું છે કે: 'હું તો માત્ર એટલું જ ઇચ્છીશ કે ૩૨ અમેરિકન છોકરાઓ અને છોકરીઓને બદલે હજારો અહીં હોવા જોઈતા હતા કે જેથી કરીને તેઓ રીતસર વ્યવહારમાં અહીં વિશ્વ એકતાના આદર્શને પામી શકે... વિધિઓનો મુદ્દો આંતર-રાષ્ટ્રીય મિત્રતાની કોઈને કોઈ પ્રકાર માટેની ખોજનો જ હતો. અને એ વાત પ્રકટ જ હતી કે બાળકોએ એનું ગંભીરતાથી આચરણ કર્યું હતું...મારે ચાલીને કે તરીને જવાનું હોત તો પણ હું તો મહોત્સવમાં હાજરી આપવા જાત જ."

Scanned with OKEN Scanner

આ મહોત્સવ બાળકોના આંતરરાષ્ટ્રીય વર્ષ (IYC)નો પૂર્વગામી હતો. યુનોની મહાસભાએ ૧૯૭૯ના વર્ષને બાળ વર્ષ તરીકે જાહેર કરેલ છે. સોવિયેત સંઘમાં જે રીતે આ વરસ ઉજવવામાં આવ્યું અને એમાં બાળકોએ અને કિશોરોએ આંતરરાષ્ટ્રીયતાની એટલી બધી વિપુલ સાબિતી આપી કે એનામાં આ ભાવના રગેરગમાં પ્રસરી ચૂકી છે. પ્રત્યેક શાળા અને શાળા બાદની પ્રત્યેક પ્રવૃત્તિનું કેન્દ્ર આ બનાવમાં યુવાનોને સામેલ કરી શકેલ છે. તેઓને એવા પ્રશ્નોની વિચારણા ભણી દોરી લઈ જવામાં આવ્યા કે એના બધા જ કારણો તથા જરૂરિયાતો એમાં સમાઈ જતાં હતાં. આ બધાનો શાંતિમય વિશ્વમાં કેવો મુકાબલો થાય તે પણ તેઓને વિચારવાનું આવ્યું—કરોડો બાળકો કંગાલિયત, યાતના અને યુદ્ધના ત્રાસથી પીડાઈ રહ્યા છે. મેં જે જે શાળા અને પાયોનિયર કેન્દ્રની મુલાકાત લીધી—દક્ષિણ-મધ્ય સોવિયેત એશિયાથી માંડીને બાલ્ટિક વિસ્તાર સુધીના ભાગમાં—તે બધાએ યુવા લોકોની વિચારણાઓ, તેઓના કાર્યક્રમો- ચાર્ટો, સૂત્રો, ઠરાવો, ભૌતિક મદદની યોજનાઓ, વિશ્વ સમાજને શાંતિની જે જે અપીલો કરવામાં આવી છે અને યાતના ભોગવતા તમામ બાળકોના જીવનને સુધારવાની જે જે હાકલો કરવામાં આવી છે તે બધો જ નીચોડ બહાર પ્રદર્શિત કરવામાં આવ્યો હતો.

પ્રેસિ. લિયોનીદ બ્રેઝનેવે વ્યક્તિગત રીતે રાષ્ટ્રવ્યાપી ટી.વી. ઉપર દેખા દીધા હતી અને તે પણ વર્ષના પ્રથમ દિવસે જ. એમાં સોવિયેત બાળકો તથા વિશ્વ બાળકોને સંદેશો આપવામાં આવ્યો હતો. રાજ્યના તેઓ એકલા જ એવા વડા હતા જેમણે તાબડતોબ અને લાગણીભરી રીતે આ કામ કર્યું હતું. અને સોવિયેત સંઘ જ એક એવો દેશ હતો જેણે આંતરરાષ્ટ્રીય બાળ વર્ષ વિશ્વ પરિષદ બોલાવી હતી અને એનું યજમાન પદ ધારણ કર્યું હતું (સપ્ટેમ્બર ૧૯૭૯). એનો મુદ્રાલેખ એ હતો કે "તમામ બાળકો માટે શાંતિમય અને સલામત ભાવિ માટે."

આ પરિષદ મોસ્કોમાં મળી હતી અને શહેરના બાળકો અને બાલિકાઓને એના હેતુ તથા મહત્ત્વ માટે તૈયાર કરવામાં આવ્યા હતા. બાળકોના અખબારોએ આ બનાવને સંપૂર્ણ રીતે આવરી લેવાનું કહ્યું હતું. એનો મર્મ દેશભરના બાળકોમાં ગાજતો થયો હતો. અને એક રીતે એમાં એક વધુ પુષ્ટિ ઉમેરવામાં આવી હતી કે તેઓ પોતાના બાળકોને કેવી રીતે આંતરરાષ્ટ્રીયતામાં ઉછેરી રહેલ છે. આ વર્ષની ઉજવણીએ એ પોતાના પુરુષાર્થોને એવી રીતે ઘનિષ્ઠ બનાવી દીધી હતી કે એમાં માત્ર સૌથી વધુ પીડિતો માટે સહાનુભૂતિ જ બતાવવામાં આવી ન હતી, પણ

Scanned with OKEN Scanner

તેઓને ભૌતિક મદદ પણ આપવામાં આવી હતી — ખાસ કરીને તો યુદ્ધ દ્વારા જેઓએ સહન કર્યું હોય તે પરત્વેની હમદર્દીની આ વાત છે, સાથેસાથે ભાનના અને ગરીબાઈમાંથી મુક્તિ માટેની લડાઈઓમાં પરોવાયેલાઓનો પણ આમાં સમાવેશ થતો હતો

આંતરરાષ્ટ્રીય મૈત્રીની ક્લબો (KID's)

તખલ્લુસ—"KID's" રશિયન શબ્દો પરથી આવેલ છે, Klub Internationalnoy Druzhby એક લાખ પચાસ હજાર સામાન્ય અને વિશિષ્ટ શાળાઓમાં એની હસ્તી છે, અને પચાસ હજાર પાયોનિયર કેન્દ્રોમાં પણ તે છે. યુવાન લોકોની આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિઓની આ ક્લબ છે. મોસ્કોમાં, દા.ત. આવી ૧,૦૦૦ શાળાઓમાં ૯૬૮ KID's ક્લબો છે.

મોસ્કોના પાયોનિયર મહેલમાં આવી ક્લબ પ્રવૃત્તિઓનો એવો તો મધપૂડો છે જે મોસ્કોભરમાં બધી ક્લબોમાં પહોંચી જાય છે, માર્ગદર્શન અને માહિતી પૂરા પાડે છે, યોજનાઓનો આરંભ કરે છે અને આંતરરાષ્ટ્રીય સંપર્કોનો વિકાસ કરે છે. આ સેન્ટ્રલ ક્લબના કાર્યશીલોના જૂથો સાથે મેં કેટલાંક કલાક ગાળ્યા છે, એમાં એમના કેટલાંક પુખ્ત આગેવાનોનો પણ સમાવેશ થાય છે. મારી સાથેની ગોઠવાયેલી બેઠકોમાંના દરેક ૧૮ યુવાનો જુદી જુદી શાળા કે શાળાના સમૂહોનું પ્રતિનિધિત્વ ધરાવતા હતા અથવા તો તેઓ ક્લબના કાર્યના વિશિષ્ટ વિભાગના આગેવાનો હતાં મારા જેવી એક અમેરિકન, જે જાણતી હતી કે આંતરરાષ્ટ્રીયતામાંનો આ ઉછેર કેટલો બધો નમૂનેદાર છે, તેને માટે આ રોમાંચક બાબત હતી. મારા પોતાના દેશમાં મેં જે કાંઈ નિરખ્યું હોય તેની સરખામણી કરતા તો એવું લાગે તેવું હતું જ અથવા તો બીજા અસંખ્ય યુરોપિય દેશોમાં જ્યાં હું ફરી છું ત્યાંની સરખામણીમાં પણ આ મોહક દૃશ્ય હતું.

આંતરરાષ્ટ્રીય મૈત્રીની ગાગારીન ક્લબ ઈતિહાસ, અર્થશાસ્ત્ર, ભાષાઓ અને પરદેશી સંસ્કૃતિઓ વિશે અભ્યાસ જૂથો ચલાવે છે. અહીં નીચેની ભાષાઓમાં અલગ અલગ અભ્યાસ જૂથ છે: જાપાનીસ, ઝેક, જર્મન, નોર્વેજિયન. ગ્રીક, પોલિશ, પોર્ટુગીઝ, અંગ્રેજી, બલ્ગેરિયન, સ્પેનીશ અને ફ્રેન્ચ. આ ક્લબ સમાજવાદી અને બિન-સમાજવાદી દેશોમાંનાં પાયોનિયર બાળ સંગઠનો સાથે સંપર્કો રાખે છે, સાથે સાથે પ્રગતિશીલ બાળ સંસ્થાઓના બીજા પ્રકારો સાથે પણ તેને સંબંધ હોય છે. પર-દેશોના બાળકો પાસેથી તેઓને સેંકડો પત્રો મળતા હોય છે અને જવાબો માટે જુદા જુદા પ્રકારના KID's વર્તુળોમાં વહેંચવામાં આવે છે; એટલે કે તેઓ જે પ્રકારની પરદેશી ભાષાઓનો અભ્યાસ કરતા હોય છે ત્યાં તે પહોંચતા કરવામાં આવે છે. ગાગારીન ક્લબ વાટે વિશ્વ શાંતિ કાઉન્સિલ, આંતરરાષ્ટ્રીય રેડ ક્રોસ, આફ્રો-એશિયન સોલિડારીટી કમિટી, વગેરે સાથેના સંપર્કો જાળવી રાખવામાં આવે છે. વિશ્વભરની બીજી પણ અસંખ્ય સંસ્થાઓ સાથે આવા સંબંધો ટકાવી રાખવામાં આવે છે.

દરેક ક્લબ પોતાની સમગ્ર શાળાની ફેબ્રુઆરીની ૮મી તારીખ યુવા ફેસીસ્ટ વિરોધી વીર દિનની ઉજવણીમાં આગેવાની લે છે. આ એક ઐતિહાસિક દિન છે. તે વખતે ફ્રેન્ચ યુવાન, ડેનિયલ ફેરી અને ઈરાનીઅન છોકરો ફાદીલ જમાલ ફાસિસ્ટોને હાથે ઠાર થવા પામ્યા હતા. એ દિવસે ઈતિહાસનું અવલોકન કરવામાં આવે છે અને યુદ્ધનો ભોગ બનેલાઓને સન્માનવામાં આવે છે ભૂતકાળની સ્મૃતિ ભાવિના રક્ષણ માટેની ઉત્તેજના પૂરી પાડે છે. મોસ્કોના મહેલમાં અને કીર્તિના દરેકે દરેક ઓરડામાં દરેક શાળામાં અને પાયોનિયર કેન્દ્રમાં એવી દીવાલ હોય છે જેમાં આવા યુદ્ધ વીરોના ફોટાઓ લટકાવવામાં આવ્યા હોય છે. આ વીરોએ પોતાની યુવાનીમાં જાન આપ્યા છે કે જેથી કરીને નાઝી શાપને પૃથ્વીના પટ ઉપરથી ભૂંસી નાખવામાં આવે.

આવી ક્લબો પરિષદો અને દેખાવોનું વખતોવખત આયોજન કરે છે – ખાસ કરીને તો જ્યારે મુક્તિ જંગ એના નાજુક તબક્કાઓમાં હોય છે ત્યારે.

વાતાવરણના રક્ષણને વૈશ્વિક પ્રશ્ન ગણી લેવામાં આવેલો હોઈ આંતરરાષ્ટ્રીય મૈત્રી ક્લબોએ તાજેતરના સમયમાં પોતાને એવી પ્રવૃત્તિઓમાં સામેલ કરી દીધેલ છે કે જેને આ સાર્વત્રિક પ્રશ્ન સાથે નિસબત હોય.

ગાગારીન ક્લબનો દક્ષિણ–અમેરિકન વિભાગ ૧૬ વર્ષની વયના ગાલ્યાની આગેવાની હેઠળ કામ કરે છે. એમાં જુદી જુદી શાળાઓમાંથી ૩૦ સભ્યો છે. તેઓ

Scanned with OKEN Scanner

બધા સ્પેનીશનો અભ્યાસ કરે છે. આ વિભાગનું ગુરુસૂત્ર એવું છે (તે ચે ગુવેરાના શબ્દો છે) : "સૌથી વધુ મહત્ત્વની બાબત એ છે કે અન્યાય સાથે સમાધાન કરવું જ નહિ, પછી ભલે દુનિયાના ગમે તે ભાગમાં આવા અન્યાયનું આચરણ થતું હોય." ગાલ્યાનો વિભાગ પોતે એ ખંડના લોક સંઘર્ષોની સ્થિતિ અંગેના બનાવો વગેરે અંગે ગાઢ માહિતી પ્રાપ્ત કર્યા કરે છે. આન્યા (૧૯ વર્ષની ઉંમર)એ મને જણાવ્યું હતું કે "તમે પોતે જ્યારે સમજતા હો ત્યારે જ તમે બીજાઓને ખાતરી કરાવી શકો..." આન્દ્રેઈ જેઓ પુશ્કીન જિલ્લામાં (મોસ્કોથી ૨૦ માઈલ પર) ૩૬ શાળાઓના કીડનું પ્રતિનિધિત્વ ધરાવે છે તેણે આન્યાને સમર્થન આપતા જણાવ્યું હતું કે [લેનિનના શબ્દોનું અવતરણ ટાંકીને] દરેક વસ્તુ સમજવા માટે દરેક વસ્તુ જાણવી જરૂરી છે અને દૃષ્ટિવંતતાપૂર્વક દરેકનો પ્રતિભાવ પાડવો જોઈએ.

ઘેના, એક તીવ્ર આંખવાળા, થોકબંધ વાળવાળો કિશોર છે. એને મૂછનો દોરો હજી હમણાં જ ફૂટતો હતો. તેણે એવું વર્ણન કર્યું કે તેમણે પોતાની બોર્ડિંગ શાળા ખાતે Dove of Peace કીડનું પ્રતિનિધિત્વ ધારણ કરેલું છે અને એમની કલબ એશિયાઈ દેશો પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે. અને સ્વાભાવિક રીતે જ શાળાનું પરદેશી ભાષાનું કેન્દ્ર ચીની ભાષાનું છે. બીજા ધોરણથી શરૂ કરીને ૧૦મા ધોરણ સુધી આ ભાષા શીખવવામાં આવે છે.

તે બપોરે હું જે ૧૮ યુવા આંતરરાષ્ટ્રીયતાવાદીઓને મળી તેમાંના દરેકે દરેક જણે કલબની વૈવિધ્યભરી પ્રવૃત્તિઓ પરત્વે માહિતી પૂરી પાડવાની આતુરતા બનાવી હતી અને આમાં સમગ્ર દુનિયાને આવરી લેવામાં આવી હતી. હું મુગ્ધ બની ગઈ હતી પણ એવું નોંધવા માટે મારે સ્ફૂર્તિ રાખવી પડે તેમ હતું કે કીડની આ સ્થળમાંની માહિતીના પ્રવાહની હકીકતો તો મારે ટપકાવ્યા જ કરવી પડે તેમ હતું. તેઓ સોલિડારીટી મેળાઓ ભરે છે. અહીં તેઓ રમકડાં વેચે છે અને કલા કારીગરીની ચીજો વેચે છે, આ બધુ બાળકોએ પોતે બનાવેલું હોય છે. દા.ત. ચીલીના દેશ નિકાલ બાળકો માટે એકાદ આવા મેળામાં ૧ હજાર રૂબલ પ્રાપ્ત થયા. "મૈત્રીના પાર્સલો" મોકલી આપવામાં આવ્યા — શાળાનો પુરવઠો, દવાઓ, રમકડાંઓ — આંતરરાષ્ટ્રીય સંગઠનો વાટે મોકલવામાં આવે છે અને આવી કલબોને આ બધા સાથે સંપર્કો હોય છે. દાખલો : ભૂખે મરતા કમ્પુચિયનો માટેનું સોવિયેત જહાજમાંથી ખોરાક ઉતારતા એમાં નોટબુકો, પેન્સિલો અને રમકડાંઓ પણ સોવિયેત

Scanned with OKEN Scanner

કીડ તરફથી મોકલવામાં આવ્યાં હતા. કીડના સભ્યો અને બીજાઓ ખેતરોમાં મદદ કરે છે અને એમાં જેટલા કમાય છે તેમાંથી હોસ્પિટલના પુરવઠા જેવી સામગ્રી ખરીદીને મોકલવામાં આવે છે. કપડાં, શાળાની ચીજો વગેરે યુદ્ધગ્રસ્ત સ્થળોમાં પોતાના ગરીબીમાં સબડતા સમવયસ્કો માટે મોકલવામાં આવે છે.

ગાગારીન ક્લબે નીચે મુજબ અપીલ બહાર પાડી છે :

મોસ્કોના કોમસોમોલ અને પાયોનિયરો !

મોસ્કો મહેલના ગાગારીન આંતરરાષ્ટ્રીય મૈત્રી ક્લબના અમે સભ્યો નિકારાગુઆના લોકોની સાથેના સંગઠન માટેની યોજનાઓ હાથ ધરવાની તમને વિનંતી કરીએ છીએ. ખેતરોમાં અને કારખાનાઓમાં શ્રમ જૂથનું સંગઠન કરો, કોન્સર્ટો યોજો અને સોલિડારીટી મેળાઓ ભરો. આમાં જે કાંઈ નાણાં મળે તે બધાં સોવિયેત શાંતિ ભંડોળમાં રવાના કરવા. મોસ્કોના દરેકે દરેક પાયોનિયર અને કોમસોમોલનો પ્રત્યેક ફાળો નિકારાગુઆની પ્રજા સાથેના સોવિયેત પ્રજાની મૈત્રીનું એ પ્રતીક બનવું જોઈએ.

સરમુખત્યાર સોમોઝાએ દેશને ખંડેર બનાવી નાસી જવાનું કર્યું, દેશને લૂંટીને વેરણછેરણ બનાવી દીધો છે. દેશના અર્થતંત્રનો ૮૦ ટકા ભાગ કામ કરતો નથી. રાજ્યના ખજાના ખાલી છે, બેંકો બંધ છે, વેપાર ખોરવાઈ ગયો છે, ખોરાકનો પુરવઠો નથી, હજારો નિકારાગુઆવાસીઓ ઘરબાર વિનાના છે. આ કરુણ પરિસ્થિતિમાં ૮ લાખ ૫૦ હજાર લોકો —નિકારાગુઆની વસ્તીનો ત્રીજો ભાગ—મોટા ભાગના તો સ્ત્રીઓ અને બાળક છે તેઓ બધા આવી કરુણ હાલતમાં મુકાયા છે.

૪૦ વર્ષ સુધી સરમુખત્યારે આ નાનકડા મધ્ય અમેરિકન દેશ ઉપર અમલ ચલાવ્યો છે. આ બધા વરસો સુધી નિકારાગુઆની બહાદુર પ્રજા પોતાના સ્વાતંત્ર્ય માટે ઝઝૂમતી રહી છે. એના શ્રેષ્ઠ છોકરા-છોકરીઓ આ પવિત્ર જંગમાં ખપી ગયા છે.

આપણી પૃથ્વી નાની છે અને જીવનની દષ્ટિએ આપણે સૌ એક સમાન જ છીએ. દરેક જણની એ ફરજ છે કે જેઓ શાંતિ માટે ખડા છે, તેઓની તરફ મદદનો હાથ લંબાવે. આપણા ભૂમંડળ પર સુખ શાંતિ અને મુક્તિ માટે આ આવશ્યક છે.

Scanned with OKEN Scanner

પૃથ્વીના બધા બાળકો સુખી થાઓ!
શ્રમજીવી આંતરરાષ્ટ્રીયતા અમર રહો!

મેં જે કાંઇ બધું કીડ વિશે જોયું અને સાંભળ્યું અને તેઓના નિષ્ઠાવાન સુમાહિતગાર બાળકોનો આમાં સમાવેશ થાય છે તે પરથી મને તો એવી પ્રતીતિ થવા પામી છે કે તેઓના જોશીલા શબ્દોને આચરણમાં પણ મૂકવામાં આવતા હોય છે

યેરેવાન (આર્મેનિયા)ના પાયોનિયર પેલેસ ખાતે કીડની મારી પાછોતરી મુલાકાતે મને એથી વધારે સાબિતી પૂરી પાડી કે આવી કલબ ગમે ત્યાં હોય તોય એના સભ્યો માહિતીસભર તથા ગળથુંથીમાં પ્રાપ્ત થયેલી હમદર્દીથી જ વર્તતા હોય છે. મેં આ પ્રશ્ન હાજર રહેલા આઠ બાળકોને પૂછયો : "તમે કયા દેશમાંથી એવા બાળકને તમારી સાથે રહેવા બોલાવશો કે જેથી કરીને તે તંદુરસ્ત અને જુસ્સેદાર બને?" દરેકનો જવાબ વારા ફરતી એ હતો કે કમ્પુચિયા, વિયેતનામ, ભારત, શ્રીલંકામાંથી; બીજો જવાબ કમ્પુચિયા, નિકારાગુઆ, બાંગ્લાદેશ; એક વધારાનો ભાર માંથી. આ બધા સરેરાશ તો શાળા બાળકો હતા. બીજાઓ કરતા પણ વધારે શરમાળ અને નમ્ર હતા પણ તેઓના ધીમા અવાજના જવાબો તેઓના કાળજીભર્યા ઉછેરને વધુ દીર્ઘ સાદે વ્યક્ત કરતા હતા આ ઉછેર તેઓની માહિતી અને માનનીય યુવા આંતરરાષ્ટ્રીયતાવાદનો હતો

કોમસોમોલ અને પાયોનિયર સંગઠનો જે તમામ યુવા લોકોના જીવનને સ્પર્શી જાય છે તેનો આ ઉછેર હતો. એમાં કેળવણી ખાતા અને કમ્યુનિસ્ટ પક્ષના અંગોની દોરવણી હોય છે. તેઓ બંને સંયુક્ત રીતે એ જુએ છે કે બાળકોના ઉછેરની આ બાજુને સાચવી લેવી જોઈએ અને તે પણ આંતરરાષ્ટ્રીયતાની ભાવના અનુસાર બનવું જોઇએ.

પહેલા બાળ-આંતરરાષ્ટ્રીય મહોત્સવમાં કીડના હજારો સભ્યોએ હાજરી આપી હતી. નોવોસિબીરસ્કના ૯૫ નં.ની શાળાની આ કલબના પ્રમુખ તામારા છે. તેમણે વિશ્વના બાળકોને માટે નીચેનો સંદેશો મોકલ્યો છે :

> શાંતિ જીવન છે. જીવન પ્રગતિ છે.
>
> પ્રગતિ સુખ છે. આપણે જુદા જુદા દેશોમાં રહીએ છીએ અને જુદી જુદી ભાષાઓ બોલીએ છીએ, છતાં આપણને એકની એક જ

Scanned with OKEN Scanner

બાબત જોઈએ, એટલે કે, અભ્યાસ કરવો, ભણવું અને જિંદગી માણવી અને બીજા દેશોના બાળકોનાં મિત્ર બનવું.

શાંતિ માગનારા આપણે ઘણા છીએ અને જો આપણે પગલાં લઈએ તો અને આપણામાંના બધા જ એમાં સામેલ થાય તો આપણે મિત્રતામાં એકસાથે એમ કરી શકીએ છીએ. આપણે ભેગા મળીને સાચી ટકાઉ મજિયારી શાંતિ ભણી દોરી જતા માર્ગને સાફ કરી શકીએ તેમ છીએ.

શાંતિ અમર રહો!

ઘણાં રાષ્ટ્રોવાળા સોવિયેત કુટુંબમાં યુવા આંતરરાષ્ટ્રીયતાવાદીઓ

નાનાં બાળકોની બાબતમાં સોવિયેત સંઘમાં આંતરરાષ્ટ્રીયતાવાદને હજીયે વધુ એક પરિમાણ છે: બાળકો, કિશોરો વગેરે જે ઘણી આવી રાષ્ટ્રીયતાઓ અને જાતીય જૂથોમાં છે, તેમના આંતર સંબંધો ઉપર એ અસર કરે છે. દેશની વસ્તી આ બધા જૂથોની બનેલી છે. સંપર્ક જાળવવો અને વિસ્તારવો—એ કીડની એક મહત્ત્વની કામગીરી છે.

સોવિયેત સમાજને મજબૂત રીતે ખબર છે કે એની તાકાત એકતામાં રહેલી છે. આ માટે સમગ્ર પ્રજા દેશની વૃદ્ધિ અને સમાજવાદી સમાજના વિકાસની સિદ્ધિ માટે કામ કરી રહી છે. દેશની ભીતરમાંની વિવિધતા જે જાતિ, સંસ્કૃતિ, સાહસી, રાષ્ટ્રીયતા વગેરેમાં છે તેમાં એકતા લાદવાનું કામ પદ્ધતિસર રીતે પોષવામાં આવે છે; પારસ્પરિક સ્વીકાર અને કદરને પોષવામાં આવે છે. કિન્ડરગાર્ટનના વરસોથી માંડીને યૌવન વાટે સમાનતાના સિદ્ધાંત અને વ્યવહારને લઈને નિખાલસતા, કાર્યશીલતા અને શક્તિપૂર્વક આ બધું આગળ લઈ જવામાં આવે છે.

આંતરરાષ્ટ્રીય અને બહુભાષી સમૃદ્ધ કિશોર સાહિત્ય અનુવાદમાં અને બીજા સોવિયેત ભાષાઓમાં એકંદર સૌથી વધુ મજબૂત પરિબળ છે. મુલાકાતોની આપ

Scanned with OKEN Scanner

લે, ઉત્સવો અને મેળાવડાઓ; એમેચ્યોર અને વ્યવસાયિક ૃથોના પ્રવાસો, રમતોના કાર્યક્રમો તમામ પ્રકારની હરીફાઈઓ, વગેરેનું સંગઠન કરવામાં આવે છે. યુવા લોકો જુદા જુદા રાષ્ટ્રીય જાતીય પ્રદેશોમાંથી આમાં ભાગ લેતા હોય છે. આ બધા એટલા અગણિત પ્રસંગો છે જેમાં જુદી જુદી જાતિઓ અને રાષ્ટ્રીયતાઓના સોવિયેત બાળકો ભાગ લેતા હોય છે. આમાં કિન્ડરગાર્ટનીયાઓ બાકાત રહેતા નથી.

આંતરરાષ્ટ્રીયતાના આ ક્ષેત્રમાં પણ જ્ઞાનથી સાચાં વલણો પોષાય છે, સમાનતા અને મિત્રતાની લાગણીઓને પુષ્ટિ મળે છે કારણ કે સોવિયેત બાળક અને બાલિકા પોતાના જ દેશના એવા વિધાયક અનુભવમાં ઉછરે છે કે આમાં આટલી બધી જાતીય અને રાષ્ટ્રીય વિવિધતાઓ હોવા છતાં તેઓ અમને જલદીથી સમજી શકે છે અને એ અનુભવને તેઓ વિશ્વના બીજા ભાગમાંની એવી જ વિવિધતા સાથે ખપમાં લે છે. આંતરરાષ્ટ્રીયતામાં આવો કાળજીભર્યો ઉછેર સોવિયેત બાળકને એક ભૂમંડળીય નાગરિક બનાવી દે છે અને એને શાંતિનો હિમાયતી બનાવે છે.

Scanned with OKEN Scanner

માતાઓ અને બાળકોની આરોગ્ય સંભાળ

માતાઓ અને બાળકોની આરોગ્ય સંભાળ તથા તેઓના આરોગ્યનું રક્ષણ કરવું એ લગભગ દરેક રાષ્ટ્રનો મોટો પ્રશ્ન છે. સોવિયેત સંઘ તબીબી સેવાઓની બાબતમાં અજોડ પદ્ધતિ ધરાવે છે. રુકાવટી અને સારવારાત્મક બન્નેની બાબતમાં સગર્ભા માતાઓ અને તમામ વયના બાળકો માટે આવું છે. એટલે એ વાત વાજબી જ હતી કે પહેલી આંતરરાષ્ટ્રીય શિક્ષણશાસ્ત્રીઓની પરિષદ સોવિયેત સંઘમાં (મોસ્કો, ઑક્ટોબર ૧૯૭૯)માં મળી હતી. સોવિયેત સંઘ સર્વસ્થળે બાળકો અને માતાઓની આબાદીની કાળજી રાખે છે. તેની અભિવ્યક્તિ WHO / ONICEF (વિશ્વ આરોગ્ય સંગઠન યુનાઈટેડ નેશન્સ ઈન્ટરનેશનલ ચીલ્ડ્રન્સ ઈમરર્જન્સી ફન્ડ) કોંગ્રેસ પ્રાથમિક આરોગ્ય સંભાળ માટે વર્ષના આગલા ભાગમાં મળી હતી. એ આલ્મા-આટા ખાતે સોવિયેત કાઝાખસ્તાનમાં મળી હતી. આમ આપણે આ સમાજ-વાદી દેશે જે પહેલ કરી તેની આગેવાનીને અને પહેલને જોઈએ છીએ તથા તેને વધાવી લઈએ છીએ. આ એક એવા ક્ષેત્રની બાબત છે જેમાં ૧૯૧૭ની ક્રાંતિ પહેલા તે પોતેયે સૌથી વધુ પછાત દેશ હતો.

લોક સમુદાયો માટે તબીબી સંભાળનો અભાવ, પૂરતા પોષણનો અભાવ, વસવાટોની બિન-આરોગ્યમય હાલત, બાળ મજૂરી અને ચગદી નાંખે એવી કંગા-લિયત, વગેરેને લઈને સરેરાશ આયુષ્ય મર્યાદા ઝારના રશિયામાં ૩૨ વર્ષની હતી ૫ વર્ષની ઉંમર પહેલાં જ ૧૦૦ બાળકે ૪૩નું મરણ થતું હતું. હવે જીવન આવરદા સોવિયેત સંઘમાં ૭૦ વરસની છે. આ એક મજબૂત લાભ છે.

જે લોકો કરોડો અને કરોડો માતાઓ અને બાળકો તબીબી ઉપેક્ષાથી પીડાતા હોવા વિશે દુ:ખ અને આઘાતની લાગણીથી બેચેન બની જાય છે તેઓને માટે

Scanned with OKEN Scanner

વિકાસશીલ અને ઔદ્યોગિક દેશોમાં સમાજવાદી સમાજની બહાર સોવિયેત વાસ્ત-વિકતાના આંકડાઓ અને હકીકતો તો શ્વાસ રોકી નાંખે એટલા બધા છે.

શ્વાસ રોકી નાંખે એવા આંકડાઓ અને હકીકતો

તમામ તબીબી સંભાળ અને મદદ મફત છે.

WHOએ એવી ભલામણ કરી છે કે દર એક લાખની વસતીએ ૨૮૦ ડૉક્ટરો હોવા જોઈએ, સોવિયેત સંઘ પાસે અત્યારે ૩૧૪* ડૉક્ટરો છે. બીજા કોઈ પણ દેશ કરતાં આ વધારે છે. સરખામણીમાં યુનાઈટેડ સ્ટેટ્સમાં ૨૧૦, ફ્રાન્સમાં ૧૭૫ અને જાપાનમાં ૧૫૧ છે.

પ્રસૂતિગૃહમાંથી જ માતા અને બાળકને બાળ-ડૉક્ટરની દેખરેખ તળે લેવામાં આવે છે. પહેલા વરસમાં બાળકની આ ડૉક્ટર દર મહિને મુલાકાત લે છે અને પછી બીજે વરસે ત્રણ ત્રણ મહિને ચકાસણી કરે છે. આ મુલાકાત સર્વથા ફર-જિયાત છે.

સાત વર્ષ સુધી બાળકને બાળ-ડૉક્ટરોની છ માસિક રુકાવટી તપાસણી કરવામાં આવે છે. આમાં સ્પેશિયાલિસ્ટો હોય છે. આ બધા ડેન્ટીસ્ટો, ઑપ્ટીશીઅનો અને ઓર્થોપીડીસ્ટો હોય છે.

૧૪ વર્ષની ઉંમર સુધી દરેક બાળકને ફરજિયાત વાર્ષિક આરોગ્ય તપાસણી મળે છે અને રમતોની શાળાઓમાં ઈલાયદી તપાસણી થાય છે.

જો બાળક માંદુ પડે તો બાળડૉક્ટરની કાળજી સંપૂર્ણ બની જાય છે. બાળકને જરૂર પડે તો એવી હોસ્પિટલોમાં પણ મોકલી આપવામાં આવે છે જ્યાં બાળકોની વિશિષ્ટજ્ઞતા હોય. અને એને છેલ્લે આરોગ્યગૃહમાં મોકલવામાં આવે

* આ આંકડા ૧૯૭૫ની સાલના છે ૧૯૮૧માં દર એક લાખની વસતીએ ૩૮૦ ડૉક્ટરો છે.

છે જ્યાં એ સંપૂર્ણપણે સાજો થઈ જાય છે. નબળા બાળકોને વનમાં એટલે કે બોર્ડિંગ શાળામાં મોકલવામાં આવે છે. અહીં ધીમી ગતિઓ એને પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનું હોય છે. તે કરાયેલું થાય છે. કિન્ડરગાર્ટનીયા માટે જેને માંદગી તથા પ્રજનનીય નબળાઈ આવી હોય તે જ્યાં સાજો ન થાય ત્યાં સુધી નજીકની પૂર્વ પ્રાથમિક શાળામાં હાજરી આપે છે.

કુલ ૧૨ હજાર આઉટ પેશન્ટ કલીનીકો છે અને એવાં તબીબી કેન્દ્રો છે જે કેવળ બાળકો માટેના જ છે. એમાં બાળ ડૉકટરો અને સ્પેશિયાલિસ્ટો હોય છે.

૯૦ ટકા સગર્ભા સ્ત્રીઓ પ્રોનેટલ કલીનીકોમાં આવે છે. દેશના દૂર દૂર પથરાયેલા સ્થળોની સેવાઓ પણ તેઓને પ્રાપ્ત થાય છે કારણ કે એવું સાર્વત્રિક રીતે માનવામાં આવે છે કે તંદુરસ્ત બાળકો તંદુરસ્ત મા-બાપોમાંથી જન્મે છે. સગર્ભા સ્ત્રીને કામના સ્થળે આરોગ્યની સંભાળ પ્રાપ્ત થતી હોય છે, તેમ તેમના ઘરમાં પણ આ સેવાઓ મળે છે.

સોવિયેત સંઘમાં ૧ લાખ ૨૦ હજાર ઘોડિયાઘર અને કિન્ડરગાર્ટનો છે. અહીં બાળકની તબીયત વ્યવસાયિક ડૉક્ટરો અને નર્સો દ્વારા કાળજીપૂર્વક તપાસી લેવામાં આવે છે.

સોવિયેત બંધારણની ૫૩મી કલમ જણાવે છે કે; "રાજ્ય કુટુંબને મદદ કરે છે અને બાળ સંભાળની વિશાળ પદ્ધતિ જોગવાઈ તથા વિકાસ કરે છે. બાળકના જન્મ વખતે ગ્રાન્ટ આપે છે અને બાળ ભથ્થા આપે છે અને મોટા કુટુંબો માટેના લાભો પૂરા પાડે છે. આ ઉપરાંત બીજી કૌટુંબિક ભથ્થા અને મદદ આપવામાં આવે છે."

"સંભવિત વાલીઓ માટેની શાળાઓ" અને "તંદુરસ્ત બાળકો માટેનાં વર્ગો"

દરેક જિલ્લામાં બાળકો માટે એની પોલીકલીનીકો હોય છે અને અનેક પ્રકારની કામગીરીઓ બજાવે છે. અને મહત્ત્વની બાબત તો એ છે કે સંભવિત વાલીઓ

Scanned with OKEN Scanner

અને તાજા વાલીઓને શિક્ષણ પૂરું પાડે છે. આમ તો સર્વસામાન્ય આરોગ્ય અને કેળવણીએ મોટા ભાગના લોકોના આરોગ્ય સુધારામાં મોટું યોગદાન કરેલું છે જ, છતાં વિશિષ્ટ આરોગ્ય કેળવણીના પ્રયાસોના મહત્ત્વનો ઉદ્દેશ વાલીઓ માટેનો છે. આમાં પિતાઓનો સમાવેશ થાય છે. આવી કેળવણીની એકંદર પદ્ધતિનું મહત્ત્વ હવે સ્વીકારાતું થયું છે. આનો ધરખમ ભાગ તો રોગની રુકાવટનો ઉદ્દેશ ધરાવે છે અને કુટુંબમાં સારું વાતાવરણ ઊભું કરવાનો એનો ઉદ્દેશ છે, કારણ કે બાળકોના વિકાસ માટે આ જરૂરનું છે. આ પ્રયાસનું એક નવું લક્ષણ એ છે કે એવા આરોગ્ય ઉપર ઝોક આપવાનો હોય છે કે જેનાથી વ્યક્તિ આજના તંગદિલીના વાતાવરણમાં યોગ્ય રીતે કામ કરતી રહે આવા અભિગમના શ્રેષ્ઠ દાખલાઓમાંનો એક તો એ છે કે બાળકને વધુ પ્રમાણમાં શારીરિક તાલીમ અને રમત-ગમતોમાં પરોવાયેલા રાખવામાં આવે છે, અને આ કામ ઉત્તરોત્તર વધુને વધુ પ્રમાણમાં તથા પદ્ધતિસર કરવામાં આવે છે. આનાથી શારીરિક ગુંજાશમાં વધારો થાય છે. તેમ માનસિક કામની ગુંજાશમાં વધારો થતાં એકંદર રીતે સુસંવાદિત વિકાસ થવા પામે છે.

સોવિયેત સંઘમાં ચકાસણીની અમુક રીતિઓ વય જૂથોનાં તફાવતોમાં વિકસાવવામાં આવી છે જે શારીરિક તાલીમના પગલાં તરીકે કરવામાં આવ્યું છે. શાળાભરનાં બાળકોએ આવું કામ કરવાનું હોય છે તેમજ જુદી જુદી એવી નબળાઈઓવાળા યુવાનોએ પણ આ કરવાનું હોય છે, જેઓને શારીરિક કસરતની પણ એટલી જ જરૂર હોય છે – પછી ભલે તંદુરસ્ત બાળકો કરતા આમાં કશું વધારે ન હોય. નીકીતીન્સે એક સૌથી વધુ વેચાતું પુસ્તક પ્રકાશિત કર્યું છે જેમાં પોતાના સાત બાળકોની શારીરિક તાલીમની પોતાની પદ્ધતિનું આહ્લાદક વિગતોમાં તેઓએ વર્ણન કર્યું છે અને તેઓની તંદુરસ્તી જાળવી રાખવામાં જે આશ્ચર્યજનક પરિણામો આવવાં પામ્યા છે તેનું પણ વર્ણન કરવામાં આવ્યું છે. આ બાળકોએ શાળામાંયે ઊંચી બૌદ્ધિક કામગીરી બજાવી છે. તેઓએ પોતાના કામમાં સતત રસ લીધો છે અને સર્જક તથા વ્યવહારુ કામમાં તેઓએ ઊંચી આવડત બતાવી હતી.

"તંદુરસ્ત બાળક"ના ઉછેરના વર્ગોમાં યુવાન માતાઓ અને જે માતાઓના બાળકો નાદુરસ્ત તબીયતને કારણે પાછળ લબડતા રહેતા હોય તેઓને બાળકોની યોગ્ય સંભાળનું શિક્ષણ આપવામાં આવે છે. તેઓને કેમ ખવડાવવું, કેમ કસરત કરાવવી, તેઓને કેમ મજબૂત રાખવા, અને તેમની સંભાળ અને પ્રેમની જરૂરિયાતને કેમ સંતોષવી વગેરેનો આમાં સમાવેશ થતો હોય છે.

Scanned with OKEN Scanner

ઉપરોક્ત જે કામનું વર્ણન કરવામાં આવ્યું તે "આરોગ્ય શિક્ષણ ગૃહો"ની જાળ ગૂંથણી દ્વારા અમલમાં મૂકવામાં આવે છે. આ ગૃહો જુદી જુદી સંસ્થાઓ સાથે જુદી જુદી સપાટીએ સંકળાયેલ હોય છે અને રાષ્ટ્રવ્યાપી સ્વૈચ્છિક જ્ઞાન (Znaniye) સમાજ દ્વારા આ કામ થાય છે. આ સોસાયટીની સભ્ય સંખ્યા હજારોની થવા જાય છે અને એમાં તબીબી વિશેષજ્ઞો તથા આ ક્ષેત્રમાંના વિજ્ઞાની-ઓનો સમાવેશ થાય છે. એમનું મુખ્ય કાર્ય તો આધુનિક વિજ્ઞાનની સિદ્ધિઓને સર્વ સુલભ બનાવવાનું હોય છે અને આ બીજા વિશેષજ્ઞો વારંવાર બાળકોની પોલીક્લીનીક, ક્રેચીસ અને કિન્ડરગાર્ડનોમાં જે જૂથીય વાર્તાલાપનું આયોજન કરવામાં આવે છે તેમાં તેઓ દેખા દેતા હોય છે. એવો અંદાજ કાઢવામાં આવ્યો છે કે તબીબી હકીકતો એકાદ દાયકામાં જ જરી પુરાણી બની જાય છે. એટલે અસરકારક આરોગ્ય કેળવણી માટે જ્ઞાનના સાતત્યયુક્ત પ્રવાહની જરૂર રહે છે.

બાળકો અને આરોગ્ય માટે શિક્ષણ

યુવાનોની બાબતમાં તબીબી હકીકતો પલટાયા કરે છે, એટલું જ નહિ પણ, બાળકો જેમ જેમ મોટા થાય છે તેમ તેમ પણ તે બદલાય છે. એટલે આરોગ્ય અંગેની કેળવણી માટેની તેઓની જરૂરિયાત વિસ્તૃત અને જટિલ હોય છે. શાળામાં તેઓને શરીરરચનાશાસ્ત્ર, શરીરશાસ્ત્ર અને સ્વચ્છતાનું બુનિયાદી જ્ઞાન આપવામાં આવે છે, જે શાળાની આરોગ્ય કેળવણીના કાર્યક્રમમાં હાર્દનું કામ કરે છે.

હજારોને લાખો પ્રાથમિક આરોગ્ય સંભાળનાં કાર્યકરો, જિલ્લા બાળ—વૈદ્યો અને નર્સો અને ડૉક્ટરોના મદદનીશો અને ગ્રામ વિસ્તારમાં દાયણો વૈયક્તિક અને જૂથ આરોગ્ય શિક્ષણનું કાર્ય કરતા હોય છે. તેઓના કામના કલાકોનો અમુક ભાગ આરોગ્ય શિક્ષણના કામમાં આપવામાં આવે છે. આ પ્રક્રિયાનો આરંભ બાળ જન્મ પહેલાં માતાના શિક્ષણથી થાય છે અને બાળપણ દરમ્યાન તે ચાલુ રહે છે અને શાળા ખાતે વાલીઓ અને કુટુંબ જીવન માટેની તૈયારી સાથે એ નવા વર્તુળમાં પ્રવેશ કરે છે.

Scanned with OKEN Scanner

શાળા-બાળકોની બાબતમાં હવે તે કિશોરોમાં શારીરિક પ્રવૃત્તિની જરૂરિયાત સજાગ રીતે ઊભી કરવાનું કામ કરે છે, સમતુલા ખાસ કરીને તો માનસિક અને શારીરિક કામ વચ્ચેની ટકાવી રાખવાની શક્તિ પેદા કરે છે. આ બધું વી. તાનોચેન્કોના શબ્દોમાં કહીએ તો (આરોગ્ય કેળવણીના એક નિષ્ણાત), "કમ તાકાતનો મુકાબલો કરવાનો શ્રેષ્ઠ માર્ગ (આધુનિક જલદીથી પ્રસરી રહેલા રોગ છે) આરોગ્યનું શિક્ષણ આપવાનો છે"

પૂર્વ પ્રાથમિકિયાઓના શ્વાસની માંદગીના બનાવને કમી કરવા માટેનો એક મક્કમ પ્રયાસ તેઓને કસાયેલા બનાવવાનો છે કે જેથી કરીને ઠંડી અને ઠંડા હવામાનનો તેઓ બરાબર મુકાબલો કરી શકે. ઘણી પૂર્વપ્રાથમિક શાળા સંસ્થાઓમાં ઉઘડતી ઉષ્માના અને ધૂપની ગરમીથી ઉત્તરોત્તર કમી પ્રકારની ઉષ્માવાળા ફૂવારાઓ છોડીને આ કામ કરવામાં આવે છે. શ્વાસની માંદગી અર્ધાથી એક–તૃત્યાંશ સુધી ઘટાડવામાં આવી છે. વાલીઓને એવી રીતે તાલીમ આપવામાં આવે છે કે તેઓએ પોતાના બાળકોને વધુ પડતા કપડાં પહેરાવવા નહિ અથવા તો ગરમ રૂમમાં રાખવા નહિ.

બે નાના સોવિયેત પ્રજાસત્તાકોમાં બાળકો અને આરોગ્ય પર દૃષ્ટિપાત

સોવિયેત લિથુઆનિયામાં ડૉક્ટરો અને બીજા ગૌણ તબીબી કાર્યકરોની બાબતમાં હોસ્પિટલોની પથારીની સંખ્યા ૧૯૪૦ થી ૧૯૭૯ સુધીમાં (આ પ્રજાસત્તાક સોવિયેત સંઘમાં ૧૯૪૦માં ફરીથી જોડાયું હતું) આ પ્રમાણે સુધારા થવા પામ્યા છે; ડૉક્ટરોની સંખ્યામાં ૬ ગણો વધારો થયો; ગૌણ તબીબી કાર્યકરોની સંખ્યામાં ૧૭.૨ ગણો વધારો થયો; હોસ્પિટલની પથારીઓમાં ૪ ગણો વધારો થયો; બાળ-સંભાળમાં એટલા જ પ્રમાણમાં સુધારો થયો હોવાની આપણે ખાતરી રાખી શકીએ અને બહુ જ સંભવત: એથીયે મોટો વધારો થયો હોય.

કીરગિઝીયાના જાહેર આરોગ્ય ખાતાના જણાવ્યા મુજબ બાળ–મરણનો દર ૫૦ વરસના ગાળામાં ૧૦ ગણો ઘટી જવા પામ્યો છે. આજે આ પ્રજાસત્તાકોમાં

Scanned with OKEN Scanner

એની ૩૫ લાખની વસતીમાં આશરે ૪૦ હજાર ડિપ્લોમાવાળા તબીબી કાર્યકરો છે. આ નાનકડું રાષ્ટ્ર સૌથી વધુ વિકસિત દેશની સપાટીએ આવી ગયું છે. સોવિયેત સંઘમાં સર્વ સ્થળોની મફત બધા બાળકોને ઓરી, અછબડા, આંચકી અને ટી.બી. સામે રસી મૂકવામાં આવે છે. ઉંટાટીયુ-ડિપ્થેરીયા અને પોલીયો સામે પણ તકેદારી રાખવામાં આવે છે. તબીબી અને દાંતના કાર્યકરો દૂરદૂરની પહાડોમાંની વસાહતોમાં વિઝીટે જાય છે અને તેઓ એમ્બ્યુલન્સ કારનો ઉપયોગ કરે છે અને એને આધુનિક તબીબી સાધનોથી સજ્જ કરવામાં આવી છે.

ફ્રુન્ઝ (કીરગિઝીયામાં) પૂર્વપ્રાથમિકિયાઓ માટે સેનેટોરિયમનું નામ Talaay છે. (એનો અર્થ "સુખ" થાય છે.) અનો હેતુ તબિયત પુનઃપ્રાપ્ત કરવાનો છે એટલે સુખ પ્રાપ્ત કરવાનો છે. આ સુખ ૨૭૦ પૂર્વપ્રાથમિકિયાઓ માટેનું છે કારણ કે તેઓને ૬ થી ૮ અઠવાડિયા સુધી અહીં દાખલ કરવામાં આવ્યા છે. Talaay સેનેટોરિયમ એ પૂર્વપ્રાથમિકિયાઓ માટેના ત્રણમાંનું એક સેનેટોરિયમ છે અને તે પ્રજાસત્તાકોના પાટનગર ફ્રુન્ઝ શહેરમાં જ આવેલા છે. શહેરમાંથી અને એના વાતાવરણમાંથી આવતા બાળકોની તે સેવા કરે છે. બીજા બે સેનેટોરિયમો પણ એમ જ કરે છે એ એવે સ્થળે આવેલા છે કે એના વાલીઓ પોતાના બાળકોને મળવા આવી શકતા હોય છે. વધુ મોટા બાળકો માટેનાં આરામગૃહો ગ્રામ્ય વિસ્તારમાં સાધારણ રીતે રાખવામાં આવેલા હોય છે.

તાલાયના ૨૭૦ નાનાં દર્દીઓમાંથી ૨૧૦ને ફેંફસાની બીમારી છે અને ૬૦ને વાના દર્દો છે. બીજાં બે સેનેટોરિયમો વિશિષ્ટ જાતની બીમારીનો ઉપચાર કરે છે. આ સંસ્થાઓમાં દરેક ૩૦ બાળકે એક શિક્ષક હોય છે, એવી જ રીતે એક બાળવૈદ્ય, એક નર્સ, અને નર્સની મદદનીશ પણ હોય છે. આ સંસ્થા દાંતના ડૉક્ટર અને ગળાના સ્પેશિયાલિસ્ટને પણ રોકે છે સારવાર મફત હોય છે. શહેર દ્વારા એને સબસીડી મળે છે એનું નિભાવખર્ચ વાલીઓ આપે છે. ત્રણ વર્ષની ઉંમર સુધીના બાળક દીઠ રોજના ૯૦ કોપેક સુધીનો ચાર્જ હોય છે અને ૩ થી ૭ વરસનાં વર્ષની વયના બાળકો દીઠ રોજના ૧ રૂબલ અને ૨૦ કોપેક લાગે છે. બાળકોને દિવસમાં છ વાર ખવડાવવામાં આવે છે અને તેઓને વિટામીનોના ઈલાયદા ડોઝ મળતા હોય છે. વધુમાં તેઓને ફિઝીઓથેરેપી, મસાજ, તબીયત પ્રાપ્યતા માટેની કવાયતો અને અને સારી ઋતુમાં બહારના ભાગમાં પુષ્કળ પ્રમાણમાં આરામ મળે છે.

Scanned with OKEN Scanner

સ્ટાન્ડર્ડ ક્રેચ અને કિન્ડરગાર્ટન કાર્યક્રમોનું અનુસરણ ધીમી ગતિએ થતું હોય છે પણ સંગીત, પપેટ્રી, હાથકામ, પુસ્તક અને વિશિષ્ટ સામગ્રીવાળા ઓરડામાં કસરતો રોજિંદી પ્રવૃત્તિના ભાગ તરીકે હોય છે, તેમ બહારના ભાગમાં લટાર મારી આરામ કરવો એ પણ એનો એક ભાગ છે

જે બાળકને આઠ અઠવાડિયા સુધી રિલેપ્સનો સમયગાળો મળ્યો તેઓ પણ ફેંફસા કે વાના દર્દમાં છ અઠવાડિયા સુધી રહી શકે છે.

આ ઓરડાઓ અતિશય વિશાળ અને સ્વચ્છ હોય છે અને ખુશ મિજાજથી શણગારાયેલા હોય છે વાતાવરણ શાંત હોય છે પણ એને દેખીતી રીતે સંસ્થાગત હોતું નથી.

ડૉ. ઉલ્કાન સોદોનબેકોવા Talaayના વડા બાળકોના ડૉક્ટર છે અને તેઓ અહીંના વહીવટદાર પણ છે. તેઓ મોકળાશવાળા આનંદી ઉષ્માભર્યા હૈયાવાળા મહિલા છે. એમનો પ્રેમાળ સ્વભાવ અને માતા જેવી રસમો બાળકોને સાજા બનાવવામાં એટલાં જ મહત્ત્વનાં છે, જેટલી અદ્યતન ફીઝીઓ—થેરેપીનાં સામગ્રીઓ હોય. આમાં સ્ટાફ અને ખોરાકનો પણ સમાવેશ થાય છે. આ ભલા ડૉક્ટર બાળકોની સંસ્થા-ઓમાં જે કાળજી લેવામાં આવે છે તેની આ મૂર્તિરૂપ ગણાય. બાળકોને ચાહનારો સ્ટાફ એટલા માટે પસંદ કરવામાં આવ્યો છે કારણ કે તેઓ બાળકોને ચાહતા હોય છે. અને તેથી જ તેમણે આ વ્યવસાય પસંદ કર્યો છે.

વિલ્નીઅસમાં એક બાળ હોસ્પિટલ ખાતે મેં હોસ્પિટલના ચીફ ડૉક્ટરમાં અને તબીબી અને બિન—તબીબી સ્ટાફમાં પણ આવી જ બાબતનું નિરીક્ષણ કર્યું. આ સંસ્થામાં નાનાં દર્દીઓ કીડનીના રોગથી પીડાતા હોય છે. તેઓના મોં પીળાં હોય છે અને તેઓની ચામડીનો રંગ ફીકો હોય છે. તેઓની આંખો વિશ્વાસપ્રેરક હોય છે. મેં જોયું કે માતાના વહાલથી નર્સો અને તેમના મદદનીશો બાળકોની માવજત કરતી હતી. જ્યારે તેઓએ એક બાળકને પોતાની કાંખમાં તેડ્યું ત્યારે માતા જેટલી જ વહાલથી એને ભેટી પડી હતી. કેટલાંક નાનાં બાળકો તેઓને "મમ્મા" કહીને બોલાવતાં હોય છે.

હોસ્પિટલમાં રમવાના ઓરડાઓ છે, રસવૃત્તિનાં વર્તુળો છે અને અસંખ્ય મૌલિક પેઈન્ટીંગો અને દીવાલ ચિત્રો છે. આખું વાતાવરણ ગૃહ સમોવડું હતું.

Scanned with OKEN Scanner

માતૃત્વને મળતો આવતો વ્યવસાય

બાળકોના ડૉક્ટર ઈલેના નોવીકોવા (સોવિયેત સંઘના જાહેર આરોગ્ય ખાતાના ડેપ્યુટી પ્રધાન છે) તેમણે કહ્યું છે કે બાળ-ડૉક્ટર તરીકેના મારા વ્યવસાય માતૃત્વને કોઈ મળતા આવતા વ્યવસાય તરીકે ગણું છું. તેણી પાસે હવે ૭ કરોડ બાળકોની જવાબદારી છે. એમની માયાળુ મુદ્રા માતૃત્વના અંબાર અને કાળથી ઘડાયેલા છે અને ચમકી ઉઠે છે. બાળકો અને બાળ ડૉક્ટરોનું પ્રમાણ દુનિયામાં સૌથી ઊંચામાં ઊંચું છે. બાળકોના રોગોમાં સ્પેશીઅલાઈઝેશન કરનારા બાળ ડોક્ટરો કદાચ પુષ્કળ પ્રમાણમાં હશે.

૨૬ પેડીઆટ્રીક સંશોધન કેન્દ્રોએ નોંધપાત્ર પ્રગતિ કરી છે અને રુકાવટી તથા ઉપચારમૂલક તમામ સારવારમાં તેણે પ્રગતિ સાધી છે અને તમામ વયના બાળકોની સંભાળ લેવામાં આવે છે. બીજા દેશોથી ઊલટી રીતે સોવિયેત સંઘ કિશોરો અને મોટી ઉંમરનાઓની તબીબી સારવાર અંગે ઉપેક્ષા કરતું નથી. કેન્દ્રો તો જ્ઞાનનો વિનિમય કરવા અને બીજા સાથે પદ્ધતિઓની આપ-લે કરવા માટે આતુર હોય છે કે જેથી કરીને સર્વસ્થળે બાળકોનું કલ્યાણ થાય.

સૂત્ર એ છે કે તંદુરસ્ત બાળકો તંદુરસ્ત મા-બાપને ત્યાં જન્મે છે. આ લાજવાબ છે. પણ તો એનું સમર્થન પણ એટલું જ સાચું છે કે જે સમાજ પોતાના બાળકોની કાળજી રાખે છે તેઓ માતાના તંદુરસ્તીની પણ કાળજી રાખતા હોય છે, ખાસ કરીને શ્રમજીવી માતાઓની. તેઓને જો પોતાના નાનાં માંદા પડતા બાળકોને લઈને જ્ઞાનતંતુની તંગ હાલત સહન કરવી પડતી ન હોય તો તેઓ પોતાની તંદુરસ્તી અને કૌવત વધારે સારી રીતે જાળવી શકે છે. જો પોતાનું બાળક માંદુ પડતું હોય, તબીબી સારવાર ન મળતી હોય અને એને જોઈતી માવજત ન સાંપડતી હોય તો માતા પણ માનસિક તંગદિલી ભોગવતી રહે છે અને માતાને માટે આ ખાસ ચિંતાનો બોજો હોય છે. આમાં વળી કામ પરથી રજા લઈને બાળકની સંભાળ તે ન લઈ શકતી હોય ત્યારે આવું બનતું હોય છે. પણ સોવિયેત સંઘમાં તો તે આવું કરી શકતી હોય છે. સોવિયેત માતા બીજા ઓછા સંભાળ લેનારા સમાજોમાંની પોતાની બહેનો કરતા આ બાબતમાં કેટલી વધારે નસીબદાર છે?

Scanned with OKEN Scanner

ખામીઓવાળાની સંભાળ
અંધો અને લગભગ અંધો માટે બોર્ડિંગ શાળા

મને એમ કહેવામાં આવ્યું હતું કે બાળકો પોતાની આંખની રોશની ગુમાવી ગયા પછીથી પણ અંધલિપિ-બુકથી વાંચતા ઝડપાઈ જાય એ અસાધારણ બાબત નથી અને આમાં વળી બાળકને તો સમગ્ર જગત અંધકારમય હોય છે. અહીં એની ખોડખાંપણને એક લાભ છે અને એને રૂઢિ પ્રમાણેના ઉજળા પ્રકાશ વિના પણ ચલાવી લેવાની આદત પડી જાય છે. બાળકની વાંચવાની કાયદેસરની આદતને ઉત્તેજન આપવા માટે શાળા અંધલિપિના ૨૦ હજાર પુસ્તકોની લાયબ્રેરી ચલાવે છે. આ પુસ્તકો લિથુઆનિયન અંધ સમાજે તૈયાર કર્યા છે. અને શાળાએ તે ખરીદેલ છે. વધુમાં લાયબ્રેરીમાં ૨૬ હજાર પુસ્તકો ટેપ કરેલા છે અને લગભગ-અંધ બાળકોને દુર્બળ થતા અટકાવે છે. આ શાળા સોવિયેતની લિથુઆનિયાના પાટનગર વિલ્નીઅસમાં આવેલી છે. અહીં બધું જ શિક્ષણ લિથુઆનિયન ભાષામાં હોય છે. એનું નામ એન્તોનાસઈ ઓનીનાસ નામના એક અંધ કવિના નામથી પાડવામાં આવેલું છે. તેઓ અંધજનો માટેની લિથુઆનિયન સંસ્થાના પ્રથમ પ્રમુખ હતા. મેં જે વરસમાં આ સંસ્થાની મુલાકાત લીધી હતી (૧૯૮૦) તે વખતે એમાં ૩૧૦ છોકરા અને છોકરીઓ હતાં. તેઓ ૭ થી ૧૮ વર્ષની વયનાં હતાં. આમાંથી ૨૭ તો સંપૂર્ણ અંધ હતા. વધુમાં એણે ૪૦ જેટલા પૂર્વ પ્રાથમિકિયાઓને બોર્ડિંગ પૂરી પાડી હતી અને તેમને શિક્ષણ આપ્યું હતું. આમાંના ૩ તો અંધ હતા અને ૧૦ થી ૧૨ જણા જયારે તેમની આંખની ખામી પૂરતા પ્રમાણમાં સુધરી જશે ત્યારે તેઓ રાબેતા મુજબની શાળાઓમાં જશે.

બહુ જ ઓછા અંધજનો કે લગભગ અંધજનો ઘેર રહેતા હોય છે; કારણ કે તેઓ રેગ્યુલર કિન્ડરગાર્ટનમાં કે સામાન્ય શાળામાં હાજરી આપી શકતા નથી.

Scanned with OKEN Scanner

કાયદામાં એવી જોગવાઈ છે કે તમામને માટે સાર્વત્રિક કેળવણી આપવામાં આવશે. આમાં ખોડખાંપણવાળાનો પણ સમાવેશ થતો હોય છે એટલે વાલીઓએ એને માન આપીને પોતાના અંધ બાળકોને વિશિષ્ટ બોર્ડિંગ હાઉસમાં મોકલવા પડે છે. અહીં તેઓ સાચી કેળવણી પામે છે અને સાથે સાથે ચઢિયાતા પ્રકારની ઓપ્થેલ્મોલોજિકલ સારવાર પણ સતત મેળવે છે.

દૃષ્ટિ વિહિનોની
પ્રેમ દૃષ્ટિથી સભર સંભાળ

શાળાના ડિરેક્ટર ઓઝાઝ પીઆત્કોવીચુસ એક રૂપાળા અને ખુશ મિજાજી પુરુષ છે. તેઓ પચાસના દાયકાના ઉત્તરાર્ધમાં છે. તેમણે મને શાળા બતાવી, સાથે એમના સ્ટાફના સિનિયર સભ્યો પણ હતા. પોતાના કામમાં તમને જે તૃપ્તિ અનુભવવાની મળતી હતી તેનો તેજ અંબાર તેમનામાં દેખાતો હતો અને પોતાની સંભાળ હેઠળના દુ:ખી બાળકો પ્રત્યેની નિષ્ઠા પણ આમાં ડોકિયા કરતી હતી. બાળકો સાથે કામ કરતા એક સન્નિષ્ઠ ઉત્સાહીની લાક્ષણિક હૂંફથી મ રા આ યજમાન શાળાના જીવનનો અર્ક પૂરો પાડવા આતુર હતા અને પોતાનો સમય તેઓ ઉદારતાથી આમાં આપી રહ્યા હતા. હકીકતો અને આંકડાઓમાં તેમણે આ સંસ્થાના પુરુષાર્થો અને સિદ્ધિઓની ઓછી નક્કર પણ બોલતા પાસાઓની પુરવણી કરી હતી.

આ શાળામાં ૩૧૦ વિદ્યાર્થીઓ માટે ૯૮ શિક્ષકો છે અને ૪૦ પૂર્વ પ્રાથમિકિયાઓ માટે વધારાના શિક્ષકો છે. સાથે સાથે ૨ ઓપ્થેલ્મોલોજિસ્ટો, એક શિક્ષણશાસ્ત્રી, એક દાંતનો ડૉકટર, એક ન્યૂરો પેથોલોજિસ્ટ (અંધજનો અને લગભગ-અંધજનોની જ્ઞાનતંતુની પદ્ધતિ ખૂબ જ દબાણ હેઠળ હોય છે.) આ બધા અહીં રહેતા હોય છે. ૧૬ પથારીઓની નાની હોસ્પિટલ પણ છે અને ૨૪ કલાક ચાલતું દવાખાનું છે, જેમાં ૧૦ નર્સો રહીશ તરીકે હોય છે.

અંધ અને લગભગ-અંધબાળો બંનેનું શિક્ષણ, નિભાવ અને કપડાં તથા તબીબી સારવાર મફત હોય છે. ૧૬ વર્ષની વયે છોકરાને ખોડખાંપણવાળા મનુષ્ય તરીકે સ્ટાઇપેન્ડ મળે છે.

Scanned with OKEN Scanner

રાજ્યને ૨૦ લાખનું અને સંસ્થાને ૧૦ લાખ રૂબલનું ખર્ચ આવે છે. આ શાળા ૧૩ હજાર ચો.મી.માં પથરાયેલ છે. આવા પ્રકારની ૧૩૦ થી ૧૩૫ શાળાઓ સોવિયેત સંઘમાં છે. દરેક વિદ્યાર્થીના શિક્ષણ અને નિભાવનો ખર્ચ વર્ષે ૨૩૦૦ રૂબલ હોય છે. રાજ્ય પોતાના દરેક બાળકને માટે સંગીત (કન્ઝર્વેટરી)માં ખર્ચે છે. તેટલું જ આ ખર્ચ છે. વિલ્નીઅસ શાળાને ૫૦૦ ઓરડા છે અને એને પોતાનાં ૩૫૦ બોર્ડિંગ બાળકોને માટે ૫૦ શયનખંડો છે.

આંખની ખોડવાળાઓ માટે ઉનાળાનો કેમ્પ હોય છે, જેમાં આ શાળાના બાળકો (વિદ્યાર્થીઓ) પોતાના ઉનાળો પસાર કરવા જતા હોય છે, અને તે પણ પોતાના કુટુંબો સાથે. આવું જ વસંત તથા શિયાળાના વેકેશનોમાંયે હોય છે. જે દિવસે મેં મુલાકાત લીધી હતી તે દિવસે બાળકો પોતાની વસંતની વેકેશનોમાંથી પાછા ફર્યા પછીનો બીજો દિવસ હતો. મને બાળકોમાં ખુદ નાનાં બાળકોમાંયે કાંઈ ગ્લાનિ જોવા મળી નહોતી. ગમે તેમ પણ આ વિશાળ સંસ્થાનું વાતાવરણ ઉષ્માભર્યું કુટુંબ જેવું અને દેખીતી રીતે જ બાળકોને સાવ પ્રતીતિકર લાગે તેવું હતું. ડિરેક્ટરે પોતાના આ બાળકો વિશે જણાવ્યું હતું કે, "અંધ બાળકોની સંવેદનશીલતા તેઓ સાફ રીતે જોઈ શકે છે—તેઓને કોણ ચાહે છે અને કોણ તેઓ તરફ આદરભાવ બતાવે છે..." દૃષ્ટિ વિહોણાઓની આંતરસૂઝ વિશે પણ તેમણે કહ્યું (આમાં તેઓ પ્રત્યેની પરખ અને તેઓ માટેની લાગણી તેમણે પ્રકટ કરી હતી.)

સામાન્ય શાળાનો અભ્યાસક્રમ લિથુઆનિયામાં ૧૧ વર્ષોને આવરી લે છે. વિશિષ્ટ શાળાઓમાં પણ આવા જ પ્રકારનો અભ્યાસક્રમ હોય છે. બધું જ શિક્ષણ, તાલીમ અને અભ્યાસક્રમ, બહારની પ્રવૃત્તિઓનો, ઉદ્દેશ એવો હોય છે કે દૃષ્ટિથી ખામીવાળા બાળકને મદદ કરવી અને તેમને સમગ્ર સમાજના એક ભાગ બનાવવામાં સહાયભૂત થવું. મને એવું કહેવામાં આવ્યું કે રાબેતા મુજબના બાળકો કરતાંયે વધારે પ્રમાણમાં આવા અંધજનોની વિશિષ્ટ આવડતો, વૃત્તિઓ, વલણો, વગેરેનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરવામાં આવે છે અને એને વિકસાવવામાં આવે છે. જીવન પ્રત્યે અને પોતાના ભાવિ પ્રત્યે તેઓનું વલણ નક્કી કરવામાં આ બાબતને મહત્ત્વની ગણવામાં આવે છે.

ડિરેક્ટર, શિક્ષકો અને બાળકોની સામૂહિકતા અંધ બાળકોને મદદ કરે છે. તાજેતરમાં જેણે માંદગીમાં આંખ ગુમાવી હોય તેનો મેળ બેસાડવામાં સહાયભૂત થવામાં આવે છે.

Scanned with OKEN Scanner

શાળાની ભીતરમાં જ અસાધારણ સંગીતશાળા
મજા, આનંદ અને રસવૃત્તિની ક્લબો

૩૧૦ વિદ્યાર્થીઓમાંથી ૮૦ વિદ્યાર્થીઓને નોંધપાત્ર સંગીતનું વલણ હતું. તેઓએ આ વરસે સંગીતના અભ્યાસનો વિસ્તૃત કાર્યક્રમ અપનાવ્યો છે; ગાવું, વાદ્યો વગાડવા, સંચાલન કરવું અને રચનાઓ કરવી. આ વર્ગોનું શિક્ષણ માધ્યમિક શાળાની ફેકલ્ટી દ્વારા ચલાવવામાં આવે છે, જેમાંના કેટલાક તો કન્ઝરવેટરી ખાતે પણ ભણાવતા હોય છે. બાળકોને મોટે ભાગે તો ટ્યુટોરિયલ પદ્ધતિથી શિક્ષણ આપવામાં આવે છે. એટલે કે, વૈયક્તિક પાઠ આપવામાં આવે છે. કિશોરોને લોક-પ્રિય સમકાલીન સંગીતમાંથી ફેંકાઈ ગયાની લાગણી પેદા ન થાય એટલા માટે ઈલેક્ટ્રોનિક વાદ્યો ઉપર શિક્ષણ આપવામાં આવે છે. કેટલાંક યુવાન સંગીતજ્ઞો કન્ઝર્વેટરીમાં જતા હોય છે. એક તાજેતરનો સ્નાતક, સર્વથા અંધ, ત્યાં વ્યવસાયિક સંચાલક તરીકે દાખલ કરવામાં આવેલ છે; બીજા એક સ્નાતકે જનરલ શાળા ખાતે સંગીતની ફેકલ્ટીમાં જોડાવાનું પસંદ કર્યું છે.

આ પીડિત બાળકો માટેના કલ્યાણ અને સુખને માટે જે હેતાળ લાગણી પ્રવર્તે છે તે હૃદયસ્પર્શી રીતે એ શારીરિક શિક્ષણના શિક્ષકોના કાર્યમાં જોવા મળી છે. તેઓએ બન્નેએ સંગાથમાં સાધનોની અને રમતોની ન માની શકાય એટલી બધી વિવિધતા ઉપજાવી કાઢી છે કે જેને લઈને દૃષ્ટિ શારીરિક રીતે વિકાસ પામી શકે અને પોતાની સ્ફૂર્તિમાં સુધારો કરી શકે. અને આ પ્રક્રિયમાં પાછી તેઓને પુષ્કળ મજા આવ્યા કરતી હોય આ બાળકોની બેઠાડુતાનો પ્રતિકાર કરવા માટેના નિર્ધારથી તેઓએ એમને તમામ પ્રકારની પડકારયુક્ત અને આનંદી પ્રવૃત્તિઓમાં ખેંચવાનો પ્રયાસ કર્યો છે. આ બધું એવા સાધનો ઉપર થતું હોય છે જે તેઓએ પોતે ડિઝાઈન કરીને બનાવેલા હોય છે.

નાટક—ક્લબ ખાસ કરીને સંપન્ન અને સર્જક હોય છે. ક્લાસીકલ અને આધુનિક નાટકોમાં પોશાકવાળા નટોના ફોટાઓ દીવાલોના મોટા ભાગને આવરી લેતા હોય છે, મકાનનાં રંજનાત્મક વિભાગમાં તે ટિંગાડવામાં આવેલા હોય છે. અહીંયા પપેટ્રીનો પણ એક વિભાગ છે. એણે શહેરવ્યાપી હરીફાઈમાં ભાગ લીધેલો છે અને પહેલા નંબરનું ઈનામ જીતી લીધું છે. આમાં ચેસ, ક્લબ, રાષ્ટ્રીય અને

Scanned with OKEN Scanner

સામાજિક નૃત્ય જૂથો, કોરલ જૂથો, યુવા સાહિત્યકારોના વર્તુળ, વગેરેનો સમાવેશ થાય છે.

આ શાળા નજીકના સ્ટેટ ફાર્મના શેવત્વો હેઠળ છે તેણે એને જમીન દશ્યો અને વિશાળ મેદાનો પૂરાં પાડયા હોય છે. તેઓએ ૩૦૦ ફળનાં ઝાડ વાવ્યા છે અને વિરલ બગીચો ઊભો કર્યો છે. તેઓએ બે હજાર છાયાવાળા વૃક્ષો વાવ્યા છે અને સુગંધી ફૂલોનો બાગ બનાવ્યો છે. એની મનોહર ફોરમ એવા બાળકોને આનંદ આપે છે જેઓ એના સૌંદર્યને જોઈ શકતા નથી. બાળકો આ ફૂલોને એની ફોરમ પરથી ઓળખી બતાવે છે. શ્રમનું નીતિશાસ્ત્ર અહીં ઉપેક્ષિત બનતું નથી. બાળકો ફૂલોની સંભાળ લેવામાં મદદગાર થાય છે.

અહીં દષ્ટિહીન બાળકો સામાજિક અને આંતરરાષ્ટ્રીય દુનિયાથી બહાર ફેંકાઈ જતા નથી તેઓને પણ આંતરરાષ્ટ્રીય મિત્રતાની કલબ હોય છે. તેઓના પાયોનિયર અને કોમસોમોલ જૂથો હોય છે. તેઓ બીજી શાળાઓમાંથી આવતા પોતાનાં સમવયસ્કો સાથના સમારંભોમાં યજમાનપણું કરે છે અને બધા સાથે મળીને એવી કામગીરમાં રોકાઈ જાય છે જે તેઓને યુવાન નાગરિકો તરીકે પોતાનો ભાગ ભજવવાનું નક્કી કરી આપે છે. યુવાન દેશભકતો અને આંતરરાષ્ટ્રીયતાવાદીઓ તરીકેનો તેઓનો ભાગ પણ રેખાંકિત બની જતો હોય છે.

આ પુખ્ત વયનાઓની માનવીયતા તથા વિચારશીલતાથી હું ખૂબ ઊંડી રીતે મુગ્ધ થઇ હતી કારણ કે તેઓની સંભાળ હેઠળ તેઓ હોય છે. અન્યથા ક્રૂર નશીબે આ બહાદુર યુવાન આ માને પડતા મૂકી દીધા હોત, બિન સંભાળ લેતા સમાજોમાં આવા જ પીડિત બાળકોની બાબતમાં હોય છે તેના કરતાં વધારે નસીબવંતા છે.

સોવિયેત સંઘમાં તમામ ખોડખાંપણવાળા બાળકો, અવિકસિત માનસિક સ્થિતિવાળા સહિત, વિશિષ્ટ બોર્ડિંગ શાળાઓમાં હાજરી આપે છે. અહીં તેઓને એવા પ્રકારનું શિક્ષણ અને સંભાળ મળે છે જે તેઓને પોતાની ગુંજાશનું ભાન કરાવવામાં સહાયભૂત થાય છે, અને અહીં દેશના જીવનનો મુખ્ય પ્રવાહ શકય રીતે દાખલ થતો હોય છે.

અંધજનો માટેની વિલ્નીઅસની શાળાના કાર્યક્રમ અને વાતાવરણ અપવાદ રૂપ નહિ પણ નિયમ તરીકે અસરકારક છે.

Scanned with OKEN Scanner

જટિલ મોઝેકમાંના રત્નોની માફક યુવાનો માટેની સંસ્કૃતિનાં અજોડ પ્રકટીકરણો

બાળકો અને યુવાનોના વિશ્વને આપણે જેમ જેમ શોધતા જઈએ છીએ (પહેલા અને આગેવાન સમાજવાદી દેશ સોવિયેત સંઘમાં) તેમ તેમ એક સંસ્કૃતિના અનુભવો અને મોહિની ઊભી થાય છે જેનો જોટો સૌથી વધુ માતબર દેશો અને જૂનામાં જૂની સંસ્કૃતિઓમાં પણ મળી શકે નહિ. અને આ સરસાઈયુક્ત કેળવણીમાં પ્રબુદ્ધતામાં અને બાળકોના ઉછેરની ભીતરમાંયે એવા તો કેટલાંક નરાતાર અજોડ દાખલાઓ છે (સંસ્થાઓ અને વ્યવહારના) જે જટિલ પંચરંગીપણાના નોંધપાત્ર મોઝેકમાં તેજસ્વી સાંસ્કૃતિક રત્નો તરીકે બહાર આવવા પામે છે. અહીં તો હું થોડાક આવાં રત્નોનું ટૂંકમાં જ માત્ર વર્ણન કરીશ.

બાળકો અને યુવાનો માટે રાજ્ય સંગીત થિયેટરનું નવું ઘર

મોસ્કોના લેનિન ટેકરીની ટોચ ઉપર એક ઊંચું અને ભવ્ય, વિશ્વભરમાં સૌથી પહેલું, યુવાનો માટેનું સંગીતનું થિયેટર આવેલું છે. બાળકોના આંતરરાષ્ટ્રીય વર્ષ નિમિત્તે રાજ્ય તરફથી શહેરના બાળકો અને યુવાનો માટેની આ બક્ષિસ છે. એમાં તેઓને ઓપેરા, બેલે, કોન્સર્ટો અને સાંગિતિક આહ્‌લાદનો મળશે. તે પૂરું બંધાઈ ગયા

પછીથી મેં તેની મુલાકાત લીધી હતી. આ મુલાકાત ૧૯૧૯ના ડિસેમ્બરમાં એના ઉદ્ઘાટન પછી થઈ હતી.

નોંધપાત્ર રીતે તો આ માનબર રમત ઘર છે. નાતાલિયા સાત્સે જે લાંબા સમયથી સ્વપ્ન સેવ્યું હતું તેનો આ અવતાર છે. નાતાલિયા સાત્સ વિશ્વવિખ્યાત યુવા લોકોના અસંખ્ય થિયેટરોના પાયે નિયર સ્થાપક છે. તેણી પોતાના મૂર્ત થયેલા સ્વપ્ન વિશે કહે છે કે:

> "બાળકો અને યુવાનો માટેના થિયેટરનો આદર્શ મૂર્ત થયેલ છે, માત્ર એની રજૂઆતમાં જ નહિ પણ મકાનના ખ્યાલમાંયે મૂર્ત થયેલ છે. અને આપણા પ્રિય શ્રોતાજનોને તે જે કલાત્મક તસ્વીરો પેશ કરે છે તે હંમેશાં થિયેટરમાંના મારા કાર્યનો અન્તર્ગત ભાગ હતો. બાળ-સાંગીતિક ના પ્રથમ થિયેટર માટેના આ ઘરના સર્જનની સાથે મને Blue bird મારા સુખનું Blue bird પ્રાપ્ત થયું છે."

આ ભવ્યોદાત્ત ઈમારત નાતાલિયા સાત્સના ૬૦ વર્ષના જીવનકાર્યની એ સુખદ ચરમસીમા છે અને આ એનું પ્રતીક છે, એનાં સર્વોચ્ચ બિંદુએ સોનેરી સિનાર પર પથરાયેલી પાંખો સાથે Blue Birdની મોહક તસ્વીરને મૂકવામાં આવી છે, અત્રે આ થિયેટરનું પણ એ જ પ્રતીક છે.

બારેક વરસ ઉપર આ યોજના તૈયાર કરવામાં આવી હતી અને હજી હવે ઊભા થનારા યુવા લોકો માટેના થિયેટરોની હારમાળાનું એ પ્રતિનિધિરૂપ બનવાનું હતું. બે અગ્રેવાન આર્કીટેકટો, છ શિલ્પીઓ, અસંખ્ય પેઈન્ટરો, કાપડ ડિઝાઈનરો, દશ્ય યોજનાના કલાકારો અને બીજા વિખ્યાત લોક કલાકૃતિઓમાં કામ કરનારાઓ, વગેરે બધાએ પોતાની પ્રેરણાઓ, શક્તિઓ આવડતોથી નાતાલિયા સાત્સના જીવનદર્શનની અપ્રતિહત મોહિની હેઠળ કામ કર્યું હતું તેઓ બધાએ એકસાથમાં કામ કરીને પોતા સમક્ષ એવો પ્રશ્ન ઊભો કર્યો કે આ સ્થાપત્યયુક્ત ઘટનાને એ હેતુની અભિવ્યક્તિમાં મૂર્ત કરવી કે જેમાં બાળકો અને યુવકોને સંગીત સંસ્કારમાં આકર્ષવા અને થિયેટરની જાદુઈ અસર હેઠળ તેઓને અજોડ લાભો પૂરા પાડવા.

આર્કીટેકટોએ એવો નિર્ણય લીધો કે મકાનની એવી ડિઝાઈન કરવી કે જેમાં સમકાલીન સ્થાપત્ય શૈલીઓ નજર સમક્ષ રાખવામાં આવે તો તે લાંબા ગાળાના

Scanned with OKEN Scanner

દૃષ્ટિ ક્ષેપમાં અધૂરું ગણાય, જો સ્થાપત્યને જરીપૂરાણું ન બનાવી દેવું હોય તો એ સમકાલીન ન હોવું જોઈએ અથવા તો આજની પરિભાષામાં "મોખરાની ટુકડી" ન હોવી જોઈએ, એ તો સાદી અને સુંદરતાપૂર્વક માળખાના ઉપયોગો સાથે તાલ મિલાવતું હોવું જોઈએ. અલબત્ત, આ દષ્ટિબિંદુનો અમલ કરવા કરતાં એને વ્યક્ત કરવું વધારે સહેલું હતું. એવું મકાન સર્જવું કે જે સમયાતીત અને તે પણ આધુનિક સામગ્રીથી અને ટેક્નોલોજીથી બાંધવું, એ ઓછામાં ઓછું કહીએ તોયે પડકારરૂપ તો હતું જ. આર્કીટેક્ટોએ નાટયાત્મક રીતે જગ્યાનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું. સદ્દભાગ્યે આ ઊર્મિલતામાં સંડોવાયેલા આર્કીટેક્ટો પાસે "૧,૧૫,૦૦૦ ક્યૂબીક મીટરની અંદરનાં ભાગની જગ્યા હતી અને વાપરવા માટે રાજ્યનું ૧૫ મિલિયન રૂબલનું ભવ્ય બજેટ હતું, એટલે કે ૭ કરોડ ડોલર થયા." પરિણામે "જગ્યાનો અને Spatial rhythmનો નાટયાત્મક ઉપયોગ" થિયેટરની અંદરના ભાગમાં તથા બહારના ભાગમાં કરવાનું શક્ય બન્યું, એના આગલા ભાગ તથા ભૂમિ ઉપર આ બધું હાંસલ કરવામાં આવ્યું. આમાં મૌલિકતા અને સ્તબ્ધ કરી નાંખે એવા સૌંદર્ય સમાયેલા હતાં, અંદરની જગ્યાઓ રૂમની અંદરની ખાલી જગ્યાથી માંડીને ઝુલાઓ—બાલ્કનીઓ અને ગંજાવાર આરસની દીવાલોના નાનકડા સેતુઓ જે થિયેટરના જુદા જુદા ભાગોમાં લઈ જાય છે અને એના બે ઓડિટોરીયમો ભણી પણ લઈ જાય છે તે બધામાં કલાકારીગીરીનાં પદાર્થોના ખજાનાને સમાવી લેવાના હતા અને એવી રીતે એને મૂકવાના હતા જેનાથી અચંબો થાય અને દૃશ્યનો આનંદ પ્રાપ્ત થાય અને યુવા માનસની કલ્પનાને પણ તે પકડી રાખે. આવું થિયેટર પડદો ઊંચકાય તે પહેલાં જ ઠીક ઠીક હોવું જોઈએ.

આકાશમાં બેસાડાયેલા Blue Bird સાથે બહારના ભાગમાં નાટયાત્મકતાનો આરંભ થાય છે, પ્રિય વાર્તા પુસ્તકો લટકતા સ્થાપત્યો સાથે અને ઓપેરાના પાત્રોને પાંચ દરવાજાઓ ઉપર મૂકવામાં આવ્યા હતા. અંદરની નાટયાત્મકતા સ્ફટિક—ઝુમરો સાથે ચાલુ રહે છે અને એમાં સંગીતના સૂરોનું સૂચન થતું હોય છે તથા ભીંતચિત્રોને પણ અંગિત કરવામાં આવ્યા છે. આમાં જંગી એકકૃતિવાળા ગ્લાસ લેમ્પો અને નાટયાત્મક પડદાઓ, પીછવાઈઓ, દીવાલચિત્રો અને વધારે નોંધપાત્ર રીતે તો ક્રીમવાળા લટકતા સ્થાપત્યો વગેરેનો સમાવેશ થાય છે. આ સમૃદ્ધ દૃશ્યો અને રંગબેરંગી ઉત્તેજક તસ્વીરો આસપાસના કાલ—તાલના લયવાળી મૃદુ ,કાબરચિતરા જાંબૂડિયા રંગની દીવાલો અને ફર્નિચરમાં ગોઠવવામાં આવેલ છે.

Scanned with OKEN Scanner

સોવિયેત સંઘમાં, જ્યાં બાળકો હાજર હોય છે ત્યાં નિસર્ગનાં પ્રકટીકરણો બહુ દૂર રાખવામાં આવતા નથી. થિયેટરના માનવ સર્જન કલા કારીગીરીની વચ્ચે છોડવાઓ, ફૂલો (આમાં પ્લાસ્ટીકના તો કોઈ જ નહિ) ની વિપુલતા, ભવ્ય અને મૌલિક ડિઝાઈનવાળુ ઉડ્ડયન ગૃહ, વગેરે રાખવામાં આવેલ છે. બે માળ ઊંચુ મકાન છે અને એમાં સાચા ગાતા પંખીઓને રાખવામાં આવ્યા છે કારણ કે તે નિસર્ગના સંગીતનું સૌથી પહેલું ઉદ્દભવસ્થાન છે!" એની બારીના કાચની છત સારી ઋતુમાં આકાશ ભણી ખલે છે સુંદર લોખંડનું પાંજરુ બનાવવામાં આવ્યું છે અને એને સફેદ રંગથી રંગવામાં આવ્યું છે. પંખીઓના સૂરિલા ગાનો થિયેટરના શિક્ષણશાસ્ત્રીઓએ અહીં યોજેલી સંગીતની ટૂંકી વાતચીતના સંગાથમાં સરોદો તરીકે કામમાં આવતા હતા. શિક્ષણશાસ્ત્રીએ બાળકો સાથે ટૂંકી વાતચીત કરી હતી. (એક બીજો ઓરડો છે એ જૂના થિયેટરગામીઓ સાથેની ચર્ચાઓ માટે વધારે સુયોગ્ય છે.) જ્યારે પંખીઓ ગાવાના મિજાજમાં નથી હોતા ત્યારે તેઓના ભૂતકાળના શ્રેષ્ઠ ગાનોનું રેકર્ડિંગ વગાડવામાં આવે છે.

બહારના વિસ્તારને પણ નિસર્ગની મોહિની આપવામાં આવી છે. પાંચ પહોળા માર્ગો બાગ ભણી લઈ જાય છે, આમાં થિયેટર આવેલું છે અને તે મકાનના ઢાળ તરફ અને પાંચ દરવાજાઓ તરફ લઈ જાય છે. આ ઢળાવની આસપાસની જમીન સ્થૂલતાભર્યા દશ્યોથી શણગારવામાં આવી છે. આમાં ફૂલો, પહાડો, શિલ્પો વગેરેનો સમાવેશ થાય છે. આમાંની કેટલીક જગ્યા નજીકના ભવિષ્યમાં ઓપન–એર–થિયેટરને સમાવી લેશે. તે એક અનુસંધાન હશે અને ખુલ્લામાં ગ્રીષ્મના નાટકો માટે યોજાયેલ હશે.

અંદરના અને બહારના ભાગો બાળકોમાં "હોલીડેનો થનગનાટ" લાવી દે છે. આનંદની અપેક્ષા અમુક અસાધારણ અનુભવમાં પ્રાપ્ત થાય છે. આ બધું સંગીતના માધ્યમ વાટે થાય છે.

વધુ મોગ ઓડિટોરીયમોનું સ્ટેજ આમ તો ત્રણ સ્ટેજોનું એક બનેલ છે. આ ઓડિટોરીયમ ૧૨૦૦ બેઠકોનું છે. એને બેઠકો બદલાવવા તથા દશ્યો માટેની સુધારમૂલક યાંત્રિક રસમો છે જેમાં નટોના આગમન અને અદશ્યતા વગેરે સાચવવામાં આવે છે. આવા સ્ટેજ ઉપર કપોળ કલ્પનાની વૃદ્ધિને તો કોઈ મર્યાદા જ નથી હોતી. બેઠકોના વિસ્તાર વચ્ચે વળાંક લેતી જગ્યા હોય છે જે સ્ટેજના એક

છેડાથી બીજા છેડા સુધી લઈ જાય છે. અભિનયકારો એનો ઉપયોગ કરે છે કે જેથી કરીને ઓડીટોરિયમ વાટે તેઓ પોતાના સ્થાન પર આવી શકે. આ તો અનેક રીતિઓમાંની એક રીતિ છે, જેમાં શ્રોતાવર્ગ અને અભિનયકાર વચ્ચેનો સંપર્ક સાધવામાં આવતો હોય છે.

આવો સંપર્ક ભજવતાં પહેલા પણ સ્થપાતો હોય છે. તે વખતે બાળકો મકાનમાં પ્રવેશ કરતા હોય છે અને પોશાક પહેરેલા અભિનયકારોને તેઓ જુએ અને સાંભળે છે. તેઓ બાલ્કનીમાં કે નાના પૂલોમાં ઊભા રહેતા હોય છે. બાળકોનું તેઓ સ્વાગત કરે છે, વિનોદ અને નરમાશના સ્પર્શથી તેઓ કદાચ કોઈની અસંસ્કારી વર્તણૂક ઉપર ટીકા પણ કરતાં હોય છે જેમ કે આગળ ધૂસી જવું અથવા તો પોતાના કોટને આમ કે તેમ લઈ જવાની આ બાબત હોય છે. નાનકડા રેડ રાઈડીંગ હૂડ દ્વારા સ્વાગત પામવું કે મૃદુતાપૂર્વક ઠપકાને પાત્ર બનવું એમાં તો પુષ્કળ મજા આવતી હોય છે. આનાથી એક્ટરોને બાળકોની દુનિયામાં લાવવામાં આવે છે. અને બાળકો એક્ટરોની દુનિયામાં પહોંચી જાય છે.

આ દીવાલો પરથી ભવ્ય વાર્તાકથન થતું હોય છે જે તળિયેથી ટોચ સુધી આમાં છવાયેલી હોય છે. વિખ્યાત પાલેખ લોકકલાની આમાં પેનલો છે. એનું પેઈન્ટીંગ શ્રેષ્ઠ કલાકારોએ કરેલું છે અને ભારે મહેનત ઊઠાવીને આ કામ કરવામાં આવ્યું હોય છે. એની પાર્શ્વ ભૂમિકા કાળા રંગની છે, આમાં રૂઢિગત રીતે એવા દશ્યો ચીતરવામાં આવ્યા છે કે તે લોકવાર્તાઓમાંથી લેવામાં આવેલા હોય છે. આ ઓરડા માટે આવી વાર્તાઓ પસંદ કરવામાં આવી છે અને એને આ થિયેટર માટે સંગીતપૂર્વક એવું સર્જન કરવામાં આવ્યું છે, તેમ જે વાર્તાઓ હજી એના સંઘરામાં રાખવાની બાકી હોય તેનો પણ આમાં સમાવેશ થાય છે.

આ નોંધપાત્ર થિયેટરની બીજી પણ કેટલીક વિશિષ્ટ ખાસિયતો છે.

એનાં નાટક સંગ્રહમાં હવે ૩૪ ઓપેરાઓ, ઓપેરેટીઓ, સાંગીતિક હાસ્યો, વર્ણનાત્મક બેલે અને નાટકીકૃત કોન્સોર્ટોનો સમાવેશ થાય છે. આમાંની કેટલીક રજૂઆતો કેટલીક જાતિઓ ઉપર ઝોક મૂકતી હોય છે. અને હવેના વરસોમાં યોજનાઓમાં કોઈ મર્યાદા જ નથી કારણ કે શક્તિઓ અને બજેટની મર્યાદાઓ એને નડતી નથી. આ બન્ને અહીં વિપુલ પ્રમાણમાં છે.

Scanned with OKEN Scanner

આર્કીટેક્ટો પોતાના સર્જનોને સમકાલીન કે મોખરાના બનાવવાની બાબતમાં ઓછા નથી. તેઓએ એને કોઈને કોઈ રીતે ભાવિનો ઉઠાવ આપ્યો છે. આ શુભ ચિહ્ન બની રહો, અને આવાં થિયેટરો ભૂમંડળના બધા જ બાળકો માટે બંધાતા રહો, અને તે પણ શાંતિમય વિશ્વમાં કારણ કે તેઓ પણ પોતાના સુખનું Blue bird એમાં પામી શકે.

ગંભીર સંગીતના હેતુઓ માટે રચાયેલું સંગીત, અને તે પણ પ્રતિભાશાળી સંગીતજ્ઞોને હાથે, બહુરાષ્ટ્રીય આવકાર પ્રાપ્ત કરે છે અને યુવાન તથા વૃદ્ધો બંને એને વધાવી લે છે – પછી એની ભાષા ગમે તે હોય અને સંસ્કૃતિ પણ ગમે તે હોય. જ્યારે સંગીતની દુનિયાએ યુવાનો માટેનાં પહેલા સંગીત થિયેટરની સ્થાપનાને આવકાર આપ્યો ત્યારે દીમીત્રી શોસ્તાકોવીચ અને દીમીત્રી કાબાલેવ્સ્કી જેવાં સંગીતજ્ઞોએ સંયુક્ત રીતે પોતાનો ઉમંગ વ્યક્ત કર્યો હતો :

> "બાળકોનું મ્યુઝીકલ થિયેટર બાળઉછેરમાં સર્વોચ્ચ મહત્ત્વનું છે અને આપણને આનંદ થાય છે કે વિશ્વનું પહેલું ઓપેરા થિયેટર આપણી માતૃભૂમિ મોસ્કોમાં જન્મ્યું છે. સંગીતજ્ઞો અને લેખકો આનંદપૂર્વક પોતાના પ્રયાસો નવાં બાળ ચહેરાઓ તથા મ્યુઝીકલ કોમેડીઓ માટે અર્પણ કરશે, આમાં સીમ્ફાથીક કથા, લોકવાર્તાઓ, વગેરે બાળ સાંભળનારાઓ માટે હશે."

વાંચન માટેનું "મંદિર"–પ્રજાસત્તાક બાળકોની કીવમાંની લાયબ્રેરી

યુક્રેનમાં આ મારો છઠ્ઠો દિવસ હતો. દરેક દિવસ સંશોધન માટેની મુલાકાતો અને વડાઓ તથા મદદનીશ વડાઓ સાથેની સ્પષ્ટીકરણની વાતચીતોથી ભરચક બની ગયો હતો, આ ઉપરાંત આગેવાન સાંસ્કૃતિક સંસ્થાઓની પણ મુલાકાતનો આમાં સમાવેશ થાય છે. હું છેક થાકી ગઈ હતી. લાયબ્રેરી સુધીનો કારનો પ્રવાસ લાંબો હતો. હવામાન ભેજવાળુ હતું અને ઠંડું હતું. અમે જેમ જેમ

આગળ વધતા હતા તેમ તેમ શેરીઓ ભીની હતી. મને એમ લાગ્યું કે મારા અઠવાડિક કાર્યક્રમમાંથી આ મુલાકાતને દૂર રાખવી જોઈતી હતી. પણ અમે એ મકાન પાસે આવ્યા કે તુરત જ બધી જ દિલગીરીઓ અદશ્ય થઈ ગઈ. ભારે આકર્ષક આધુનિક કાળી ઈંટ અને લોખંડકામવાળા આકર્ષક માળખાનું દશ્ય અને આંખને જકડી રાખે એવા એના પ્રતીકાત્મક શિલ્પમાં અને તે પણ કુનેહભરી રીતે મુકાયેલી હાલતમાં તથા બીજી અસાધારણ શૃંગારયુક્ત રસમો, તાબડતોબ તાજગીભર્યું લાગવા માંડયું. એનો આગલો ભાગ નીરખવા જેટલો સમય નહોતો કારણ કે અમે આવવામાં મોડા પડયા હતા. અમે સમય લેનારા આ લાંબા પ્રવાસની ગણતરી કરી નહોતી.

એકવાર ઈમારતમાં દાખલ થઈ એટલે હું મને નસીબદાર માનવા લાગી કે આ સ્તબ્ધ બનાવી મૂકે એવા મંદિરની મુલાકાત લેવાની તક હું ચૂકી ન ગઈ. આ મંદિર બાળકોના વાંચનનું છે. એની અંદરના ભાગમાં છેક જ અસાધારણ અને સુંદરતાભર્યું છે. આ લાયબ્રેરીને મંદિર કહેવાનું મને વાજબી લાગવા માંડયું કારણ કે પુસ્તકને સોવિયેત સંઘમાં માનવંતું સ્થાન છે અને અહીં સ્વર્ગે એ પૂરું પાડયું છે એટલે એના તરફ પૂજ્યભાવ વ્યક્ત થાય છે. એમાં બાળકો માટે પ્રેમ અને આદરભાવ આ દેશમાં વ્યક્ત થાય છે, જે કીવના યુવાન વાચકોને માટેની એ બક્ષિસ હતી (આંતરરાષ્ટ્રીય બાળવર્ષ દરમ્યાન આ બક્ષિસ આપવામાં આવેલ છે).

અહીં દરવાજા પાસે અમે બે વહીવટી લાયબ્રેરીઅનોને મળ્યા તેઓએ જે રીતે આવકાર આપ્યો એને લઈને કાંઈ જ શંકા રહેવા પામી નહિ કે આ સંચાલિકા આ લાયબ્રેરીઓના શ્રેષ્ઠ નમૂનાની માહિતી આપવા આતુર અને તૈયાર છે. ૧૯૭૯ના નવેમ્બરમાં એનું કામ પૂરું થયું અને ઉદ્દ્ઘાટન થયું એણે આંતરરાષ્ટ્રીય બાળવર્ષ માટે બીજી મોટી યોજનાનુંયે પ્રતિનિધિત્વ કરેલું છે. એ યોજના બાળકોનું માટે વધુ મોટું કલ્યાણ કરશે.

એ તો સ્પષ્ટ હતું કે શક્તિ, કલ્પના, નાણાં અને બાળ વાચકને ખુશ કરવાની વૃત્તિમાં તો કોઈ જ મણા નહોતી. આ સ્થળ નોંધપાત્ર રીતે વિશાળ છે, સુઘડ અને અત્યાધુનિક છે છતાં એમાં ભૂતકાળની કાળજી રાખવામાં આવી છે અને તે નોંધપાત્ર રીતે ભિન્ન છે. સૂચક સંદર્ભમાં અને સેન્ટ્રલ લાયબ્રેરી તરીકે તે બાળવાચકને એટલી જ ભવ્ય સેવાઓ પૂરી પાડે છે. તે મેથોડોલોજીની તથા વ્યવ-

Scanned with OKEN Scanner

હારની બાબતે પણ માર્ગદર્શન પૂરું પાડે છે અને પુકેનમાં બીજી બાળ લાયબ્રેરીને પણ વ્યવહારુ માર્ગદર્શન આપે છે.

હું એની બિન—અહેશાનમંદ મુલાકાતી પુરવાર ન થાઉં અને વાચક પ્રત્યે અનુદાર વ્યક્ત ન થાય એટલા માટે હું અહીં થોભી જઈને ઘણી બધી અસરકારક ખાસિયતોમાંની કેટલીકનું વર્ણન કરવા પ્રયાસ કરીશ. પ્રવેશ હોલમાં આપણું ધ્યાન તુરત જ આંતરિક "બાગ" તરફ જાય છે. એ એટલું બધું ચિત્ર—વિચિત્ર છે કે એનું મોડેલ દૂરના કોઈ ગ્રહને જોયા પછી જ તૈયાર કરવામાં આવ્યું હશે અથવા તો વિચિત્ર મહાસાગરના તળિયા પર જોયું હોય એના પરથી થયું હોવું જોઈએ. ખરેખર તો મારા યજમાનો એને આપણા "ચિત્ર-વિચિત્ર બાગ" તરીકે જ ઉલ્લેખતા હતા અને તેઓ એવું જણાવતા હતા કે આમાં હેતુ એ છે કે નાના બાળકની કલ્પના-શક્તિ સતેજ થાય. અને આ લાયબ્રેરીમાં પ્રવેશ કરે તે તુરત જ એનું ઉદ્દીપન થવું જોઈએ.

છીછરા પાણીના હોજમાં મોટા અને નાનાં ફૂલોની વિવિધતાઓ ખીલવવામાં આવેલ છે, અને દરેકમાં આશ્ચર્યજનક રંગવૈવિધ્ય છે. પાણીના સ્ફટિકમાં એનું પ્રતિબિંબ પડે છે, તેઓ પોતાના ગેબી પડછાયા હોજના સ્ફટિક તળિયામાં નાંખે છે. થોડે દૂર કલાત્મક રીતે ગોઠવાયેલા નૈસર્ગિક છોડવાઓ છે તે પણ આશ્ચર્યજનક રીતે આ હોજની જ જાત છે અને ફૂલોની સુંદરતામાંથી ધ્યાનમાં વિક્ષેપ પાડવાને બદલે એની પુરવણી કરે છે. આ બાગમાં ઓરડાના ચોરસ દીવાલોની વાડ કર-વામાં આવી છે અને એનાં ઉપર હળવા રંગનું લક્કડ કામ કરવામાં આવ્યું છે. સોહામણી એક નીસરણીનો માર્ગ છે જે ઉપર લઈ જાય છે અને ખુદ લાયબ્રેરીના જુદા જુદા ભાગો ભણી લઈ જાય છે એનો આરંભ આહ્લાદક રીતે હોજની આરપાર થી શરૂ થાય છે.

"બાગ"ની એક બાજુએ એક નાનો ૧૪૦ બેઠકનો ઓડીટોરિયમ ખંડ છે જે સંગીતના કાર્યક્રમો માટે છે, ઉપરાંત વ્યાખ્યાનો, પપેટ શો, વગેરે એમાં થાય છે. અને ચિત્ર-વિચિત્ર ઘાટ આંખને મનોહર લાગે છે, મૃદુ પ્રકાશમાં ખંડમાં નાનાં સ્ફટિકના સંયોજનો જાણે સ્નાન કરતાં હોય એમ લાગે છે.

નિસરણી સુધી અને ઓડીટોરિયમની ઉપર સંગીત વિભાગની લાયબ્રેરી છે. એમાં ચોપડીઓના એના જુદા જુદા ઘોડાઓ, રેકર્ડો અને ટેઈપો, મ્યુઝિક પરની

ફિલ્મો છે. અહીં આંખ વચલી હારમાં જકડાઈ જાય છે. એમાં એવા શોભનાત્મક ટાઈલ્સ હોય છે જ્યાં પુરાણા યુક્રેનિયન વાજિંત્રોનું ચિત્રણ છે, સાથેસાથે બીજા પોશાકી અભિનયકારોનો પણ આમાં સમાવેશ થતો હોય છે આ ટાઈલ્સોનું પેઈન્ટીંગ તળપદા કલાકારે કરેલું છે. એ કલાકારનું નામ ઓલ્ગા રાપાઈ છે. એમણે આ ગંજાવર પડદા પદ્ધતિનું આયોજન કર્યું છે અને એને વણવાનું કામ કર્યું છે. તે આખી ભીંતને આવરી લે છે જે મુખ્ય વાંચન રૂમની જ દીવાલ છે. આ પીંછવાઈ નાહક રીતે એવું સૂચવે છે કે સંગીત અને નિસર્ગ વચ્ચે સગપણ છે. અને એનાં બધા જ તત્ત્વોમાં એ એક કલાકૃતિ જ છે. એની રચના, રંગ અને પોતમાં આનું સર્જન કરતાં કલાકારને દસ વર્ષ લાગ્યા હતા.

સંગીત વિભાગને પણ બે સુઘડ ખંડો છે. સંગીત સાંભળવા માટે અને મુલાકાતી સંગીતજ્ઞો સાથેની વાતચીત માટે એમાં આકર્ષક રીતે શેતરંજી પાથરવામાં આવી છે અને એમાં બેઠકની વ્યવસ્થામાં નાનાં મઢેલા બાંકડાઓ છે અને તે દીવાલોમાં બાંધવામાં આવેલ છે. તેઓને એવી રીતે મૂકવામાં આવેલ છે કે શાળામાં ટટ્ટાર બેસી રહ્યા પછી બાળકો એના ઉપર આરામ કરી શકે છે.

પરીકથાનો ખંડ ગોળાકાર છે. એની છત પ્રકાશિત રંગબેરંગી કાચની છે અને તે વર્તુળાકારની છે. એમાં ગ્રહોનાં ચિહ્નો છે. દરેક વર્તુળ સારી પેઠે ગમતી પરીકથાની તસ્વીરરૂપ છે. અહીં બાળકો વર્તુળોના રેકર્ડિંગો સાંભળે છે અને ફિલ્મો જુએ છે. આ ખંડની એવી આકૃતિ છે અને એને એવી રીતે શણગારવામાં આવેલો છે કે બાળકને કામચલાઉ રીતે જાણે દુનિયાની રોજિંદી વાસ્તવિકતાઓની બહાર લઈ જવામાં આવ્યો હોય એવું ચિંતન, મનન તથા કલ્પોત્થતા લાવી દે છે.

મુખ્ય વાંચન ખંડમાં મોટા છોકરાઓ માટે બેઠકોની વ્યવસ્થા એવી રીતે કરવામાં આવી છે કે દરેક વાચક માટે ગમતા જેવા મળે છે. બેઠકો પેલી સુંદર પીંછવાઈની સામે હોય છે અને બીજી બેઠકો સેરામીક ટાઈલ્સોથી છવાયેલી ભીંતનું દશ્ય આપે છે. એમાં સાક્ષરતાનો અને પુસ્તક રચનાનો ઈતિહાસ આપવામાં આવ્યો છે. નાનાં વાંચન ખંડો પણ વિચારપૂર્વક અને સક્રિયતાથી સુસજ્જ કરવામાં આવેલ છે અને એને આકર્ષક રીતે શણગારમાં આવેલા છે.

ત્યાર બાદ એવો ખંડ આવે છે જેનો ઉપયોગ નાના મ્યુઝિયમ તરીકે થાય છે. એનો ઈરાદો એવું બતાવવાનો છે કે ચોપડીઓ શો ભાગ ભજવે છે અને યુવા-

Scanned with OKEN Scanner

નની સંસ્થા કોમસોમોલમાં લેખકોની સામેલગીરી કેવી હોય છે. દીવાલોમાં તાંબાની આકૃતિઓમાં એવાં દશ્યો બનાવવામાં આવ્યા છે જેમાં કોમસોમોલ યુવાન આંદોલનના નાટકનો ઈતિહાસ એની ક્રાંતિકારી દેશભક્તિ, યુક્રેનની શ્રમસિદ્ધિઓ પણ બતાવવામાં આવી છે. સમાજવાદી સમાજના જન્મ, વૃદ્ધિ અને સંરક્ષણ માટે આ અતિશય પ્રાણભૂત બાબત છે.

લાયબ્રેરીમાં ૨૬ હજાર રજીસ્ટર્ડ વાચકો છે. તમામ પૂર્વ-પ્રાથમિકિયાઓથી ૧૫ વર્ષ સુધીનાઓનો આમાં સમાવેશ થાય છે અને રોજના ૫૦૦ વાચકોની સેવા કરે છે. એની પાસે બે લાખ પુસ્તકોનો સંચય છે, આમાં તમામ સાહિત્યક પ્રકારોનો સમાવેશ થાય છે. આ બધામાં યુવાનોની સાહિત્યક રૂચિનો સમાવેશ થયેલો હોય છે. આમાં પરદેશી સાહિત્યોમાંથી ભાષાંતરનો પણ સમાવેશ થાય છે. વાચકની માગણી પરથી આ લાયબ્રેરી વરસે દહાડે બીજી લાયબ્રેરીઓ પાસેથી ૪ લાખ પુસ્તકો ઉછીના લે છે. સ્ટાફની સંખ્યા ૧૧૮ની છે, જેમાંથી ૨૮ તો વ્યવસાયિક લાયબ્રેરીઅનો છે અને તેઓએ જુદી જુદી વિશિષ્ટતાઓ પ્રાપ્ત કરેલી છે. આધુનિક લાયબ્રેરી ટેક્નોલોજીનો ઉપયોગ રેકર્ડ કીપીંગની સગવડોમાં થાય છે અને યુવાન વાચક માટે સંદર્ભ સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે. દરેકે દરેક આધુનિકતા બદલ અહીંનો સ્ટાફ મગરૂબી અનુભવતો હતો.

આ પુસ્તકોના સંચયને રશિયન અને યુક્રેનિયન પુસ્તકોમાં વિભાજિત કરવામાં આવે છે. સામયિકો ૬૦ ટકા પહેલાના અને ૫૦ ટકા બીજાનાં હોય છે. જે જિલ્લામાં આ લાયબ્રેરી આવેલી છે તેમાં વધારે રશિયન શાળા છે અને યુક્રેનિયનો કરતા વધારે રશિયન રહીશો છે. બીજા જિલ્લાઓમાં જયાં વસતીમાં જુદા ભાગ હોય છે ત્યાં સંચયનું પ્રમાણ જુદું હોય છે.

મોટા સ્ટાફનો અમુક ભાગ જુદી જુદી પ્રવૃત્તિઓની આગેવાની લેવાનું સંગઠન કરે છે: સંગીત ક્લબ, યુવાન વિવેચકોનાં વર્તુળો, સર્જક લેખન જૂથો, યુવાન પપેટરો. તેઓ સંગીતની કદરની હરીફાઈઓ ચલાવે છે, કવિઓને આમંત્રે છે, લેખકો અને કલાકારોને પણ આમંત્રે છે કે જેથી કરીને તેઓ બાળકોના જૂથો સમક્ષ બોલે. વાલીઓની પણ સક્રિય કાઉન્સિલ હોય છે અને માતાઓને તથા પિતાઓને મદદ કરવા માટેના વ્યાખ્યાનો યોજવામાં આવે છે કે જેથી કરીને તેઓ પોતાના બાળકોને વાંચનની બાબતમાં દોરવણી આપી શકે અને તેઓ બાળકોના હિતોને સમજતા થાય.

Scanned with OKEN Scanner

લાયબ્રેરીએ સૌથી વધુ તેજસ્વી યુવાન કલાકારોને આકર્ષેલા છે, આ કલાકારો બધા જ યુક્રેનિયન હતા અને તેઓ સુધારાવાદી વલણ ધરાવતા હતા તેઓએ દેખીતી રીતે જ આ સ્થાન નાના બાળકોને આનંદ આપવામાં આકર્ષક રહે તે માટે પોતાની સર્વોત્તમ સેવાઓ આપી છે. આ આનંદ, જ્ઞાન, પ્રેરણા સાહિત્યિક પુસ્તકોની દુનિયા છે.

યુક્રેનના સાંસ્કૃતિક ખાતાએ ધરખમ ભંડોળ મંજૂર કરેલ છે અને પોતાની વ્યવસાયિક દોરવણી પણ પૂરી પાડે છે. આ લાયબ્રેરીની ખ્યાતિ સમગ્ર દેશમાં છે. સોવિયેત સંઘમાં આવી બાબતો જે બને છે તે પરથી અભિપ્રાય આપતા એ આશ્ચર્યજનક નહિ લેખો કે બીજા પ્રજાસત્તાકો પણ મનમાં પોતાના બાળકો માટે આવી બક્ષિસ પૂરી પાડવાનું વિચારી રહ્યા હોય. સમાજવાદી અનુકરણનો આ માર્ગ દેખાય છે.

ત્રણ ગીત કલાઓ-વિલ્નીઅસમાં બુદ્ધિશાળી બાળકો માટેની શાળા

સિયુરલીઓનીસ એ લિથુઆનિયાનો રાષ્ટ્રીય વીર પુરુષ છે. આ નાનકડું સોવિયેત બાલ્ટીક પ્રજાસત્તાકનું રાષ્ટ્ર છે. એ કાંઈ યુદ્ધનો વીર નહોતો, તેમ આગેવાન વિજ્ઞાની નહોતો કે શ્રમવીર પણ નહોતો. તે એક મહાન લિથુઆનિયન આત્મ-સમર્પણવાળો ચિત્રકાર અને સંગીત રચયિતા હતો. એની સ્મૃતિ પૂજાય છે, એની પ્રતિભાની પ્રશંસા થાય છે. એનાં ચિત્રો અને દૃશ્ય કૃતિઓનું એક મ્યુઝિયમ છે અને તે કૌનાસ શહેરમાં છે. મુલાકાતીઓને પહેલાં તો વિશિષ્ટ ખંડમાં લઈ જવામાં આવે છે. ત્યાં એમની સંગીતની રચનાઓ વગાડવામાં આવે છે એ બધાને એમની કલાકૃતિઓ માટે યોગ્ય ચિત્ત સ્થિતિમાં મૂકવા માટે આમ કરવામાં આવે છે, તેમ આ સંગીતજ્ઞ અનેક બક્ષિસો ધરાવતો હતો તેનું પણ આ મુલાકાતીઓને ભાન કરાવવામાં આવે છે. તેઓ એવા સમયગાળામાં જીવ્યા હતા અને સર્જન કર્યું હતું જ્યારે પ્રતીકતા અને આત્મસમર્પણનો ઉદય થઈ રહ્યો હતો, અને એમના પેઈન્ટીંગો તથા સંગીત મુખ્યત્વે એ જ પ્રકારના હતા. આમ છતાં લિથુઆનિયાના સોવિયેત

Scanned with OKEN Scanner

પ્રજાસત્તાકોમાં તો તેઓ એક સાંસ્કૃતિક દેવ તરીકે પુજાઈ રહ્યા છે. આ પ્રજાસત્તાકના પાટનગર વિલ્નીઅસમાં કલાની માધ્યમિક બોર્ડિંગ શાળા એમના નામ પરથી ચાલે છે. અહીં ગીતકલાઓ, સંગીત, દશ્ય કલાઓ અને નૃત્ય પારસ્પરિક વૃદ્ધિ માટે સહઅસ્તિત્વમાં છે.

વાયનોનાસ સેરેઈકા શાળાના સંશોધક ડિરેકટર છે. તેમણે શાળાના અસાધારણ ઉદ્‌ગમની કાળજીભરી રીતે સમજૂતી આપી આ શાળાનું ૧૯૪૮માં ઉદ્‌ઘાટન થયું હતું, એ પછી તેણે ૧૯૫૨માં પોતાના અભ્યાસક્રમમાં નૃત્યનો ઉમેરો કર્યો અને ૧૯૬૦માં દશ્ય કલાઓનો ઉમેરો કર્યો. આમાં જે ખાસ અજોડ છે તે તો એ છે કે આ ત્રણે કલાઓ અલગ અલગ અસ્તિત્વ ધરાવતી નથી, પણ બાળકોને જે ઠીક લાગે તેવી વિશિષ્ટીકરણની પ્રક્રિયામાં તેઓના અનુભવની અભિવૃદ્ધિ કરવા માટે ખપમાં લેવામાં આવે છે. ડિરેકટર સેરેઈકાએ આ પ્રમાણે જણાવ્યું હતું : “શાળા તો પોતાની શક્તિ પોતાના વિદ્યાર્થીઓને ટૂંકી-દષ્ટિના સ્પેશ્યિયાલિસ્ટો તરીકે નહિ પણ ભાવિ વ્યવસાયિકો અને કલાઓમાં સારા કેળવાયેલા બને એમાં ખર્ચે છે. આ હેતુ બર લાવવા માટે ભાવિ પેઈન્ટરો, દશ્ય કલાકારો અને શિલ્પીઓને એવી તક આપવામાં આવે છે કે તેઓ બુદ્ધિપૂર્વક સંગીતને સાંભળે; ભાવિ નૃત્યકારો સંગીતના ઈતિહાસનો અભ્યાસ કરે; યુવા સંગીતજ્ઞો મ્યુઝિયમો અને કલાના પ્રદર્શનોની મુલાકાતે જાય; પોતાના કલાકાર શાળા સાથીઓની રચનાઓ ઉપર વિવેચનાત્મક લખાણો લખે. ટૂંકમાં શાળા તરફથી એના બાળકોને—અત્યારે એની સંખ્યા ૭૯૦ની છે—સાચી રસાત્મક કેળવણી આપવામાં આવે છે, એ સાથે જ દરેક બાળક એક જ કલા ઉપર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે અને એવી કલા જેમાં તેની શક્તિ બહાર આવે.”

આ શાળાએ જે મોટામાં મોટી સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે તેમાંની એક તો એ છે કે એના વિદ્યાર્થી ઓરકેસ્ટ્રાએ ૧૯૭૬માં આંતરરાષ્ટ્રીય યુવા ઓરકેસ્ટ્રાની હરીફાઈમાં (જેનું આગેવાન સંચાલન હર્બર્ટ, ફોન કારજાને પશ્ચિમ બર્લિનમાં કર્યું હતું) ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. બાળકો અને કિશોરોએ કલાકાર કવિ સિયુરલીઓનીસની સ્મૃતિનો આદરભાવ કર્યો છે કારણ કે તેઓએ ત્રણે કલાના ઘણાં મોડેલો, ડિપ્લોમાઓ અને બીજા એવોર્ડ મેળવવાની લાયકાત પુરવાર કરી બનાવી છે. “પણ શાળાની સૌથી વધુ શોભા એટલા માટે છે કે, ડિરેકટર સેરેઈકાએ જણાવ્યું છે તેમ, સોવિયેત લિથુઆનિઆના આ ભાવિ નિષ્ણાતોમાં નૈતિક ગુણો રહેલા છે.” તેમણે વધુ ચોખવટ કરતાં જણાવ્યું હતું કે, “આ શાળામાં હાજરી આપતી વખતે શક્તિઓ

Scanned with OKEN Scanner

બહુ જ મહત્ત્વની બાબત છે જ, પણ બાળકોએ ચારિત્ર્યનાં બીજા વિશિષ્ટ લક્ષણો પણ ધરાવવા જરૂરના છે. તેઓ ઉદ્યમશીલ હોવા જોઈએ. તેઓમાં આત્મવિશ્વાસ હોવો જોઈએ, એકાગ્રતા હોવી જોઈએ અને તેઓ તીવ્ર રીતે બુદ્ધિશાળી હોવા જોઈએ." પ્રવેશક પરીક્ષકો આ જરૂરિયાતો પોતાના બાળકોને તથા વાલીઓને સમજાવવાની કાળજી રાખતા હોય છે અને તેઓને જણાવી દેવામાં આવે છે કે કઠણ શ્રમ કરવો પડશે અને એવી સાતત્યતા ધારણ કરવી પડશે જે તેઓને કલાના સમન્વયના માર્ગ ઉપર લઈ જાય.

જો કે અગાઉની કોઈ તૈયારીની આવશ્યકતા હોતી નથી છતાં દરેક બાળકને દષ્ટિવંત શિક્ષકો સંગીતકારો, ગાયકો, નૃત્યકારો અને કલાકારો તરફથી જણાવી દેવામાં આવતું હોય છે કે એમની સંભાળ બાળક ખાતર અને શાળા ખાતર એમ બંને ખાતર લેવામાં આવે છે. આમાં ઘણી ઘણી બાબતો ધ્યાનમાં લેવામાં આવતી હોય છે. આમાં જો કે એવી સંભાવના પણ હોય છે કે છોકરાઓ કરતાં ઘણી છોકરીઓ પોતાની કારકિર્દીઓ છોડી દેશે. છોકરીઓ લગ્નને કારણે અને માતૃત્વને કારણે આમ કરતી હોય છે. પરિણામે છોકરાઓ કરતાં વધારે છોકરીઓને દાખલ કરવામાં આવે છે કે જેથી કરીને આવા પ્રસંગોને પહોંચી વળી શકાય અને છોકરીઓને આ કારણે દાખલ થવાની ના પાડવામાં આવતી નથી. ૧૯૮૦માં ૭૯૦ વિદ્યાર્થીઓમાંથી ૪૫૦ છોકરીઓ હતી, ૩૫૦ છોકરાઓ હતા

આ શાળાએ એક એવો સુધારો કર્યો છે કે પાંચ વરસના માટેની બિન-બોર્ડિંગ શાળાના બાળકોમાંના ૬૦ને બે વરસની પ્રારંભિક તાલીમ શાળા ખાતે આપવામાં આવે છે કે જેથી કરીને પાછળથી તેઓને શક્ય રીતે દાખલ કરી શકાય. આમાંના સૌથી વધુ આશાસ્પદ ૩૫ને સાત વર્ષની વયે દાખલ કરવામાં આવે છે અને બીજા ૨૦ ને ૧૮૦ નવા અરજદારોમાંથી આ જ ઉંમરે દાખલ કરવામાં આવે છે.

ડિરેક્ટર સેરેઈકા ઔપચારિકતામાં માને છે, એક ગંભીર વિધિ વખતે નવા દાખલા થનારાઓ એવી પ્રતિજ્ઞા લે છે કે તેઓ કઠણ શ્રમ કરશે, શાળાને યશ અપાવશે, આવી નામાંકિત શાળામાં ભણવાનાં વિશિષ્ટાધિકારને તેઓ લાયક બનશે શાળાની જમીન ઉપર જ એક ભવ્ય ઓકનું વૃક્ષ છે. એનું નામ સિયુર્લીઓનીસ ઓક એવું રાખવામાં આવ્યું છે. તે તાકાત અને સર્જકતાનું પ્રતીક છે. શાળાના પહેલાં દિવસે પહેલાં ધોરણવાળાઓ ઝાડને પાણી પાય છે અને આ રીતે તેઓ

Scanned with OKEN Scanner

પોતાની પ્રતિજ્ઞાને વ્યક્ત કરે છે કે તેઓ કલામાં એવું સર્જન કરશે જેમાં આ
રાષ્ટ્રીય કલાકારે સિદ્ધિઓ હાંસલ કરી છે. આ પ્રારંભ કરનારાઓ દિવસનાં અંતે એકઠા
કરેલા ફૂલો પોતાના શિક્ષકો માટે રૂઢિ—પ્રણાલિકા પ્રમાણે લાવે છે અને સિપુર્દગીઓની-
સની કબર ઉપર ચઢાવે છે. સૂચકતાપૂર્વક એમને શાળાના પહેલા ડિરેક્ટર ગણવામાં
આવે છે. શાળા વર્ષને અંતે વર્ગોના છેલ્લા દિવસે પહેલા ધોરણીયાઓ નવા સ્ના-
તકોની મોખરે રહીને એક ઝાડ પાસે જાય છે, આ સ્નાતકો ૧૧મા ધોરણના હોય
છે, અને હવે આ મોટા વિદ્યાર્થીઓ એને પાણી પાય છે. આમ તેઓ મહા પુરુષને
આપેલા વચનનું પાલન કરે છે કે કલામાં આગળ વધવું અને એનું સન્માન કરવું.
આ વિદ્યાર્થીઓના સંગાથમાં વિદ્યાર્થીઓએ રચેલા ગીતો ગાવામાં આવે છે.

"જેટલા ઓછા શબ્દો તેટલું વધારે સારું", એમ ડિરેક્ટરે શબ્દાળુતા સામેની પોતાની સૂગ વ્યક્ત કરી હતી. એમની એવી માન્યતા છે કે શબ્દાળુતા ઊંડેરી લાગણી-ઓને વેડફી નાંખે છે અને એને ઉત્તેજીત કરતી નથી. ગંભીર પ્રસંગોએ જેમ કે વિજય દિને, (ફાસીસ્ટ ધાડાના પરાજય વખતે) આવી ઉજવણીઓ મૌન રીતે હોય થતી છે. ભાષણ વિના, પ્રતિજ્ઞાઓ વિના, દેખાવો વિના, બાળકો સૈનિકોના સ્મશાનમાં ફૂલો લઈને જાય છે, વચ્ચે શાળાના વૃક્ષોની હારમાળામાંથી પસાર થાય છે જે ખડા સૈનિકોને મળતા આવતા હોય એમ ગણવામાં આવે છે. તેઓ એક ગીત ગાય છે, Pianissimo, એક મિનિટનું મૌન પાળે છે અને શાળામાં પાછા ફરે છે.

આ ભાવિના ચુનંદા કલાકારો સામાજિક સેવાની પણ અવજ્ઞા કરતાં નથી. પાંચ વર્ષની વયના બાળકો કામદારોના ફેક્ટરીઓ ખાતે લંચ સમયે ગીત ગાય છે. મોટા છોકરાઓ પણ હોસ્પિટલો ખાતે એવી કામગીરી બજાવે છે. જે અમે-ચ્યોર સંગીત વર્તુળને સહાય કરે છે તેઓના સમવયસ્કોને કલાના પ્રેમ અને ધાકની પ્રેરણા આપે છે, ખાસ કરીને તો જ્યારે તેઓ રેડિયો અને ટી.વી. ઉપર ગાના હોય છે ત્યારે આવું બને છે.

શાળાએ સલાહકારોની પદ્ધતિ ઊભી કરી છે. દરેક વર્ગને પોતાની એક ઢબ હોય છે. એક આગેવાન સંગીતજ્ઞ કે કલાકાર હોય છે જે એ જૂથના બાળકોને માટે મોડેલ તરીકે હોય છે અને તેમાં પોતાની આશાઓ તથા અરમાનોનું રેખાંકન કરે છે.

Scanned with OKEN Scanner

"સ્વચ્છ આકાશમાંથી વીજળી"—એક જર્મન અખબારમાં એક વિવેચકે યુવા ઓરકેસ્ટ્રાઓમાં કારાજાન હરીફાઈમાં આ શાળાના ઓરકેસ્ટ્રાને સાંભળ્યા બાદ લખ્યું હતું. સમગ્ર શાળા આવી તસ્વીર ઊભી કરે છે.

હર્મીટેજના વારસદારો-
મ્યુઝિયમનો બાળ વિભાગ

આ વિશ્વ વિખ્યાત મ્યુઝિયમના અસાધારણ કાર્યક્રમથી હું મુગ્ધ થઈ હતી. આ કાર્યક્રમ યુવાનોને માનવીયતાની કેળવણી આપવાનો હતો મેં ચાર કલાક આ વિભાગના ૩૩ વર્ષ જૂના ડિરેક્ટર લીયુબોવ આન્તોનોવા સાથે પસાર કર્યા. આનો ઉદ્દેશ તેણીના પોતાના જ ટાંકેલા શબ્દો મુજબનો છે. મેં બાળકોનાં બે પ્રદર્શનો જોયા, એકાદ કલા કદરના વર્તુળનીયે મુલાકાત લીધી, પ્રાચીન વિદ્યા પરના એક પ્રવચન પણ સાંભળ્યું આ પ્રવચન મ્યુઝિયમના પ્રાચીન વિદ્યા વિભાગના વડા ડિરેક્ટરે આપ્યું હતું. આ વિભાગે જનરલ શાળાઓ માટે જે કેટલીક માર્ગદર્શિકાઓ પ્રકટ કરી છે તે પણ વાંચી.

આ હર્મીટેજ મ્યુઝિયમના ૫ થી ૧૦ ધોરણના બાળકો એટલે કે ૧૨ થી ૧૭ વર્ષની વયના બાળકો જે આશ્ચર્યચકિત કરે તેવા કાર્યક્રમને અનુસરે છે, તે અહીં ટૂંકમાં આ પ્રમાણે છે:

ગેલેરીઓની વર્ગો દ્વારા મુલાકાત: આ કાર્યક્રમ એટલો બધો લોકપ્રિય છે કે સપ્ટેમ્બરની ૧૦મી સુધીમાં શાળાનું સત્ર શરૂ થયા પછીના માત્ર ૧૦ જ દહાડા બાદ આખા વર્ષ માટેનાં આ પર્યટનના પ્રવેશોની નોંધણી બંધ કરી દેવામાં આવી હતી. એક તાજેતરનાં વરસમાં ૨,૨૧૦ સંચાલિત પર્યટનો હતા, એમાં ૬૬,૩૦૦ શાળા બાળકોએ હાજરી આપી હતી.

મ્યુઝિયમના શાળા બાદની કલાશાળા: આમાં ૮૦ બાળકોને દર વરસે દાખલ કરવામાં આવે છે અને તે જુદા જુદા વર્તુળો માટે હોય છે. દરેકમાં ૨૦ થી ૨૨ છોકરા-છોકરીઓ હોય છે. ૫મા, ૬ઠ્ઠા અને ૭મા ધોરણના એમ દરેકના

Scanned with OKEN Scanner

પાંચ પાંચ વર્ગો હોય છે. આમાં હાજરી અઠવાડિયે એક વાર બે કલાક માટેની હોય છે. આમાં દાખલ થવાનું મરજિયાત છે, પણ હાજરી સારી હોવી જોઈએ. કેટલાક ધોરણ માટે કલા ઈતિહાસ વર્ગો હોય છે અને તે શાળાના અભ્યાસક્રમ સંદર્ભમાં હોય છે. કલાના જુવાન મિત્રો માટેની બે કલબો છે અને યુવા પ્રાચીન વિદ્યાર્થીઓ માટે એક છે. બે વર્તુળો અંગ્રેજી કલાનાં પશ્ચિમ યુરોપિય કલામાં ધ્યાન પરોવે છે, તેઓને અંગ્રેજી ભાષામાં પણ ખાસ શિક્ષણ મળે છે.

બાળકો સાથે કામ કરતો સ્ટાફ કલા એકેડેમીઓમાંથી પસંદ કરવામાં આવે છે અને બાળકો માટેની ખાસ કામગીરી માટેના સ્ત્રી-પુરુષોની તાલીમી સંસ્થાઓના નવા પ્રકારનાં લોકોમાંથી પણ એની ભરતી કરવામાં આવે છે. આ પસંદગી બહુ જ કાળજીપૂર્વક કરવામાં આવે છે –૩૦૦ અરજદારોમાંથી ૨૭ને જ પસંદ કરવામાં આવ્યા હતા.

આ વર્તુળો હરીફાઈઓમાં ભાગ લે છે બીજા મ્યુઝિયમો જ્યાં ખાસ પ્રદર્શન હોય કે લોક કામગીરીના પ્રદર્શનો હોય ત્યાં પર્યટનો ગોઠવે છે. વખતોવખત તેઓ દૂરના શહેરોમાં પણ પ્રવાસે જય છે અથવા તો સ્થાપત્ય માટે જાણીના પ્રદેશોમાં જાય છે

પ્રાચીન વિદ્યા કલબનો અભ્યાસક્રમ સામાન્ય રીતે યુવા લોકો સાથે જે કામ કરવામાં આવે છે તે બતાવે છે આ અભ્યાસક્રમ બે વર્ષમાં પૂરો કરવાનો હોય છે અને એને વિભાજિત કરીને પૌર્વાત્ય, પ્રાચીન અને રશિયન પ્રાચીન વિદ્યામાં વર્ગીકરણ કરાયું છે. અહીં મુલાકાતી વિશેષજ્ઞોનાં પ્રવચનો યોજાતા હોય છે અને યુવા લોકો ખોદ કામ માટે પણ જતા હોય છે. મ્યુઝિયમના ડિરેકટર એકેડેમીશીઅન બોરીસ પીઓત્રોવ્સ્કી પોતેયે પ્રાચીન વિદ્યાશાસ્ત્રી છે અને તેઓ અંગત રીતે યુવા લોકોની કલબમાં રસ લેતા હોય છે.

દૃશ્ય કલા વર્તુળના બાળકો કેટલાંક વરસો સુધી ચાલુ રહી શકે છે. જેઓ પૂરતી શક્તિ પ્રકટ કરી શકતા નથી તેઓને કલા ઈતિહાસના જૂથોમાં ફેરવાઈ જવાની સલાહ આપવામાં આવે છે.

સમજી શકાય એવું છે કે વર્તુળમાં દાખલ કરી શકાય તેનાં કરતા વધારે અરજીઓ કરતા હોય છે. કલાના શિક્ષક જે અરજદારે પોતાની કૃતિ લાવવાનું કર્યું હોય છે તેની સાથે વાતો કરી લે છે. કેટલીયવાર તો અરજદારો કબૂલ કરતા

Scanned with OKEN Scanner

હોય છે કે એમની દાદીમા એમને દાખલ થવાનું કહેતા હોય છે પણ "મારે એમાં જવું નથી. મને તો કૂતરા પ્રિય છે." એનો અસ્વીકાર થવાથી એ આનંદમાં આવી જાય છે આને કારણે સાચી રીતે રસ ધરાવનારને તથા આશાસ્પદ બાળકને સ્થાન મળે છે.

આ માટે જ હર્મીટેજ ખાતે એક નાનું થિયેટર છે અને તે નાનકડી પાંખમાં આવેલું હોય છે. મહાન કેથેરીને એ પોતા માટે બાંધેલ હતુ. અહીં કિશોરોનું ડ્રામા વર્તુળ નાટકો કરે છે અથવા તો નાટકોના અમુક ભાગ ભજવે છે. સામાન્ય રીતે તો એ પિરિયડોની જ કૃતિઓ હોય છે અને ગેલેરીઓમાંના પ્રદર્શનોનો ઉપયોગ તેઓ અભ્યાસના દશ્યો તરીકે કરે છે. મુદ્દાના હાવભાવો, પોશાકો, જે આમાં બંધબેસતા આવતા હોય છે તેનો આમાં સમાવેશ થાય છે. મેં જ્યારે મુલાકાત લીધી ત્યારે યુવા લોકો રેસ્ટાન્ડના Cyrono de Bergeracનો અમુક ભાગ ભજવવાની તૈયારી કરતા હતા. આ હર્મીટેજના ખજાનાએ તેઓને જે માર્ગ-દર્શન આપ્યું હશે તેમાં કેવી મજા આવી હશે!

હર્મીટેજ અને શાળાઓ : તાજેતરના વરસમાં લેનિનગ્રાડ શાળામાં આ મ્યુઝિયમના વિશેષજ્ઞો કે જેઓ શાળા બાળકોના વિભાગ સાથે સંકળાયેલા હતા, તેઓએ ૧૦૭ વ્યાખ્યાનો આપ્યા હતા. શિક્ષણ સુધારણાની સંસ્થાના સંગાથમાં આ મ્યુઝિયમ શિક્ષકો માટે સેમીનારોનું આયોજન કરે છે કે જેથી કરીને તેઓ શાળાનાં પદાર્થપાઠો સંસ્કૃતિ અને કલાની બાબતમાં વધારે ઊંડાણપૂર્વક ચલાવી શકે. અને એને વધારે રસપ્રદ બનાવી શકાય. એ જ હેતુ સાથે આ હર્મીટેજે અસંખ્ય ફોટોગ્રાફીક નમૂનાઓ એકઠા કર્યા છે. અને એને શહેર બહારની શાળાઓમાં પ્રવાસી પ્રદર્શનો માટે મૂકી શકાય છે.

મ્યુઝિયમનો બાળ—વિભાગ અસંખ્ય સચિત્ર પુસ્તિકાઓની માળાઓ તૈયાર કરવામાં ભાગ લે છે. એને "ભૂતકાળ ભણીનાં પ્રવાસો" તરીકે ઓળખવામાં આવે છે અને એ કામ હર્મીટેજની ગેલેરીઓ વાટે થતું હોય છે. આ બધું શાળા બાળકો માટે હોય છે, પણ તેને શબ્દાર્થમાં કરવામાં આવતું નથી. મારી મુલાકાતનાં સમયે આ માળાએ ૩૦ જેટલી પુસ્તિકાઓ તૈયાર કરી હતી. એક રોમન શિલ્પ પરની હતી. એમાં ઈતિહાસ તથા પુરાણકથાની હકીકતો આપવામાં આવી છે. જીવનશૈલી તેમ જ કલાના વિષયો પરની ચર્ચાઓ મ્યુઝિયમની ગેલેરીમાં મૂકવામાં આવેલ છે. બીજી પુસ્તિકાઓ પણ એવી જ મોહક છે.

Scanned with OKEN Scanner

કલા ઇતિહાસ વર્તુળમાં મેં એક સાંજે હાજરી આપી હતી તેમાં મને ગિઓટ્ટો કલા (ઈ.સ. ૧૨૬૬—૧૩૩૭) વિશે જાણવાનું મળ્યું. એના ચિત્રકામ અને કોતરણીના ધાર્મિક વિષયો આદરભાવથી ચર્ચાયા હતા, પછી ભલે એમાં પૂજનીયતા ન હોય. ઈસુ અને જુડાસની મુદ્રાઓ બનાવતી સ્લાઈડો આવી ત્યારે શિક્ષકે ઈશુના સૌંદર્ય અને જુડાસની બેવફાઈની અધમતા વચ્ચેનો વિરોધાભાસ ચીંધી બતાવ્યો હતો. Assisiના સેંટ ફ્રાન્સીસનું ચિત્ર આવતાં જ શિક્ષકે ભાવિ સાથેના સુસંવાદવાળા માનવીનો વિષય છેડયો હતો. ઈલીના કુરેએવા પોતાના જ્ઞાનમાં સૌથી વધુ અસરકારક હતી. કલા અને બાળકો માટેનો એનામાં પ્રેમ હતો. તેણીએ છેલ્લા ૧૫ વર્ષ સુધી હર્મીટેજ ખાતે બાળકોના કલા-કદર જૂથોમાં કામ કર્યું હતું.

મને એમ લાગ્યું કે બાળકોની કૃતિઓના પ્રદર્શિત નમૂનાઓ શાશ્વત સંચયના ભાગ બની જાય એવા છે કે જેથી કરીને બીજી વખત પણ હું એને લેનિનગ્રાદ ખાતે નિહાળી શકું. આ ચિત્રો એટલા બધા મૌલિક હતાં કે એનું નિરીક્ષણ કર્યા કરવાનું આહ્લાદક હતું. મેં અન્ય સ્થળોએ જે કાંઈ જોયાં હતા તેનાં કરતા આ અત્યંત ચઢિયાતા હતા. તે વાત સ્પષ્ટ જ હતી કે શાળા બાળકોનો વિભાગ પ્રયોગાત્મક દૃશ્યકલાના શિક્ષણમાં શાળા બાળકોમાં વધારે મોટી અંતરસૂઝ ઉત્તેજવા માટે આતુર હતી. મારા પોતાના વિચારો અભિપ્રાયોની પોથીમાં વ્યક્ત કરવામાં આવેલ છે, એ ઈજનેર એ વિલનેરના એકાદ નમૂના અંગેના હતા, એમણે લખ્યું હતું કે :

> "આ પ્રદર્શન ભવ્ય છે, સૌથી પહેલાં તો એટલા માટે કે એમાં એવું બતાવવામાં આવ્યું છે કે બાળકોને કલ્પનાશીલતાથી વિચાર કરતાં કેવી રીતે શીખવવું. તે આપણને આદતના અંકુશિત માળખાની બહાર લઈ જાય છે. અહીં તેઓ બાળકોનો વિશ્વાસ કરે છે, બાળકોના દર્શનની પ્રગલ્ભતાને તેઓ દાબી દેતા નથી, તેમ વૈયક્તિકતાવાદી ખ્યાલો તથા દર્શનને દાબી દેવામાં આવતા નથી...આ નમૂના અજોડ છે. મહેરબાની કરીને એને અહીંથી ખસેડશો નહિ."

શાળા બાળકોના વિભાગના હર્મીટેજના ડિરેક્ટર હું એટલું જાણી લઉં તેમ ઈચ્છતા હતા કે તેણીના અને સ્ટાફના યુવા લોકો સાથેનું કાર્ય એક આનંદ અને છુટીનો તહેવાર છે. મારા માટે પણ આ છુટીનો જ તહેવાર હતો. હર્મીટેજના

Scanned with OKEN Scanner

વારસદારોની ખુશનશીબીની આધીન અસરોનો પૂરબહાર લઈને હું ત્યાંથી પાછી ફરી છું.

યેરેવાન ખાતે બાળકોની કલા ગેલેરી

લેનિનગ્રાદ મ્યુઝિયમમાં અભિપ્રાયોની પોથીમાં જે માણસે આટલી બધી વાકચાતુરીથી લખ્યું છે તેમને અહીં પણ એટલો જ ઉમળકો આવે એવું હતું. આને વિશ્વભરની નોંધપાત્ર બાળકલા ગેલેરી તરીકે ઓળખવામાં આવે છે, એ બાળ કલાઓના મ્યુઝિયમનો આરંભ છે અને એની પરાંગ કોટિ બાળકોની કલાની એકેડેમીમાં આવેલ છે.

એ ઉજળો દિવસ હતો. માર્ચ મહિનામાં એ વિરલ હતો. આ પાટનગરની ઊભરાતી શેરીઓમાંથી અમે ચાલીને બાળકોની કલા ગેલેરી ભણી ગયા. હું તો અપેક્ષાઓથી સભર હતી. યુનાઈટેડ સ્ટેટ્સમાં મેં લાંબા સમયથી એના વિશે સાંભળ્યા કર્યું હતું અને મેં આર્મેનિયન બાળચિત્રોનું મોહક પ્રદર્શન જોયું હતું. એ પ્રદર્શન આ ગેલેરી પરથી ઊછીનું લીધેલું હતું. અમે હવે એના નવા ઘરમાં પ્રવેશ્યા હતા. એમાં વિશાળ જગ્યાઓ હતી. અગાઉ એ બક્ષિસ ભંડાર હતો. વસવાટોની સાદાઈ એણે જ ભંડાર ભરી રાખવાનો હતો તેની સાથેના સીધા વિરોધાભાસમાં આવે તેમ હતી. મોટા ભાગના ગણતર સંચયો હજી ટાંગવામાં આવ્યા નહોતા, પણ કેટલીક દીવાલો પેઈન્ટીંગથી ભરાઈ ગઈ હતી. અમે જે કાંઈ જોયું તે તો ખૂદ સૂર્યનેયે આંબી જાય તેવું હતું. એટલો બધો થનગનાટ અને રંગનો પ્રભાવ હતો કે નિસર્ગનું દશ્ય ખુશખુશાલ લાગતું હતું અને બધું જ જીવન આ સાચી કલાકૃતિઓમાં વ્યક્ત થયેલું હતું. યુવા કલાકારો એકંદર રીતે આદર્શની ભાવનામાં સહભાગીદારી ધરાવતા હતા પણ તો દરેકે દરેક કૃતિએ એવી રીતે એને વ્યક્ત કરી હતી કે એમાં બાળકોની પોતાની સાહજિકતા અને મૌલિકતા બહાર આવતી હતી.

આ ગેલેરી અસલ તો ૧૯૭૦માં સ્થાપવામાં આવી હતી. એના નવા વસવાટમાં એનું ઉદ્‌ઘાટન ૧૯૮૦ના જૂનની ૧લી તારીખે થયું હતું અને તે પણ

આંતરરાષ્ટ્રીય બાળ દિને થયું હતું. એની અસલ સ્થાપકની દોરવણી હેઠળ (તેઓ નમ્ર અને ઉત્સાહશીલ છે, તેમનું નામ હેનરીખ ઈધીતીઆન છે) એનું વિસ્તરણ કરીને અને મ્યુઝિયમમાં બાળકો માટેના એસ્થેટિક કેન્દ્રમાં પલટાઈ રહ્યું છે. કલા દેવીઓના આ ઘર પાસે આમ તો મોટા કાયમી પ્રવાહનો એવો સંચય છે જેમાં સેંકડો પ્રતિભાશાળી આર્મેનિયન બાળકો અને હજારો બીજા સોવિયેત યુવા કલાકારોનું પ્રતિનિધિત્વ રહ્યું છે. એમાં ૧ લાખ કલાકૃતિઓનો સમાવેશ થાય છે. ૬૦ પરદેશોનાં યુવા લોકોની કૃતિઓનો પણ આમાં સમાવેશ થાય છે.

હેનરીખ ઈધીતીઆન કલાત્મક અભિવ્યક્તિના સ્વાતંત્ર્યમાં અસમાધાનકારી માન્યતા ધરાવે છે. બાળકો માટેની વૈયક્તિક કૃતિઓમાં તેઓ શ્રદ્ધા ધરાવે છે. બાળકોનો દરજ્જો એક ખુશામતીયા તરીકે નહિ પણ સંગીત કલાકાર તરીકેનો આ દરજ્જો છે. તેઓ દશ્યકલાઓની જેમ જ બીજી કલા કાર્યોના પણ આવેશયુક્ત હિમાયતી છે. લાંબા સમય સુધી એમણે એક એવી યોજના પોષ્યા કરી છે કે આ કલા કેન્દ્રની સ્થાપના કરવી. બાળકોનું એ Philarmonic ઓરકેસ્ટ્રા છે. એમાં પુરાણા વાજિંત્રો, કોરસ, ફિલ્મ સ્ટુડિયો અને યુવા થિયેટરોનો એ સમુચ્ચય છે

૮ થી ૧૬ વર્ષની વયના આ યુવાન શક્તિશાળી લોકો આ ઓરકેસ્ટ્રામાં રમશે, ફિલ્મોના દશ્યો લખશે, નાટકો, ડિઝાઈનો કરશે, પોશાકો બનાવશે, ડિઝાઇન અને પેઇંટીંગ કરશે, પોતાના જ સંગીત ગીતોનું યોગદાન કરશે, તેઓ ભજવણીઓ વખતે હાજરી આપશે. કોન્સર્ટોમાં અને સ્ક્રીનીંગ્સમાં વર્ગો સાથે કે બીજા જૂથો સાથે નહિ પણ વ્યક્તિઓ તરીકે હાજરી આપશે. દરેક જણ આવશે કારણ કે એમાં એને રસ છે અને બીજા કોઈ પણ કારણસર નહિ. અહીં સામુહિકતા નહિ, પણ વ્યકિતની ખિદમત કરવામાં આવશે.

ધીમે ધીમે મી. ઈધીતીઆને મને જણાવ્યું કે આ યોજનાઓને મૂર્ત બનાવવાનું કાર્ય ત્યારે જ પરિપૂર્ણ બનશે જ્યારે કલાની બાળ એકેડેમીનું સર્જન થાય. આનાથી ધોરણો જડ બની જવાનાં નથી પણ એનાથી યુવા કલાકારોની સ્વતંત્રતા તથા મૌલિકતાને ઉત્તેજન મળશે.

એવું લાગતું કે આ આવેશયુક્ત નિષ્ઠાવાન ડિરેકટર જે આહ્લાદક મુલાકાત આપી રહ્યા હતા તેનો તો હજી ભાગ્યે જ આરંભ થયો હતો. તે વખતે પાંચ વિશિષ્ટ દેખાતા અફસરો આવી ચઢ્યા. આમાં એક તો આર્મેનિયાના કમ્યુનિસ્ટ

Scanned with OKEN Scanner

પક્ષની સેન્ટ્રલ કમિટીના પ્રથમ સેક્રેટરી હતા, તેઓ અમારા યજમાનની સાથે અમને આ માનસ સંતાન જેવી સંજ્ઞાના નાણાંની બાબત અંગે ચર્ચા કરવા આવ્યા હતા. દેખીતી રીતે જ તેઓ ખુશ થયા હતા અને ઉમળકો પણ આવ્યો હતો પણ તેમણે માફી માગી અને પ્રથમ સેક્રેટરીનો ઉલ્લેખ કરીને (તેમણે જણાવ્યું તે પ્રમાણે આ સેક્રેટરી પણ બાળકોની બાબતમાં તથા કલાની બાબતમાં એવો જ આત્મા ધરાવે છે એને જણાવ્યું કે, "અમે એને ખૂબ જ ચાહીએ છીએ."

યેરેવાનમાંથી થોડા સમય બાદ મારી વિદાય પહેલાં અમને કહેવામાં આવ્યું કે ફીલહાર્મોનિક પ્રોજેક્ટ માટેનાં નાણાં તે જ દિવસે મંજૂર થયા હતા, અને બાકીની બાબતોની વિચારણા ચાલી રહી છે. હેનરીખ ઈઘીતીઆન દેખીતી રીતે જ આશાવાદી હતા, જયારે તેમણે આ અંગેનો હેવાલ પેશ કર્યો હતો.

આ નોંધપાત્ર કેન્દ્રની બાબતમાં પુષ્કળ પ્રકાશિત સામગ્રી પ્રાપ્ત થાય છે. અને આ ડિરેક્ટરે જે સિદ્ધાંતો અને પદ્ધતિઓ અપનાવી છે તે અંગેની પ્રકટ સામગ્રી પણ મળે છે. એમણે જે હિલચાલ શરૂ કરી હતી તેના સમગ્ર આર્મેનિયામાં પડઘા પડી રહ્યા છે, એટલું જ નહિ પણ સમગ્ર સોવિયેત સંઘ તથા પરદેશોમાંયે પડઘા પડયા છે.

ઈઘીતીઆનની નિષ્ઠાની પ્રેરણા તથા બીજા કેળવણીકારોની પ્રેરણામાંની આસ્થા એ છે કે જ્યાં સુધી શક્તિશાળી વિદ્યાર્થીઓને પોતાની સર્જકતાને બહાર લાવવા માટેનો માર્ગ કરી આપવામાં ન આવે, કે તેમની શક્તિને કેળવવામાં ન આવે, ત્યાં સુધી એમાંના મોટા ભાગાતો તો પોતાની સર્જકતાની ઉત્તેજના ગુમાવી બેસશે, એટલે કે તેઓ કિશોર વય સુધી પહોંચે ત્યાં તેઓ એ ખોઈ બેસશે. આનાથી કલા અને વ્યક્તિને ન પૂરી શકાય એવી ખોટ જાય છે. પણ જો ઈઘીતી-આનના અગ્રગામી કાર્યને તથા એમના જેવાના કાર્યને અમલમાં મૂકવામાં આવે તો આમાંથી કલા અને વ્યક્તિ બંનેને લાભ થાય છે. તેઓ અત્યારે પોતાની ચાળી-શીની અધવચ્ચે આવેલા છે. સોવિયેત સંઘ પોતાના ૭મા દાયકામાં છે. બંને જણ ભેગા થઈને બાળકોની સેવામાં સારો આરંભ કરી શકે તો તેઓ વિશ્વના બીજા ભાગોને માટે સુંદર દાખલો પૂરો પાડી શકે.

Scanned with OKEN Scanner

યુવા લોકોની અપેક્ષાઓ

યુવાનો પોતાના વિકાસના દરેક તબક્કે, પોતાની ઉંમરની સંવાદી રીતે ભાવિ અંગેના સોવિયેત દૃષ્ટિના સહભાગીદાર છે. આ દૃષ્ટિબિંદુમાં સાવચેતી અને આશાવાદનું સંયોજન થતું હોય છે. આ ઝડપથી વિકાસ પામી રહેલા સમાજવાદી દેશમાં બધી જ પેઢીઓ, લોકો તથા તેઓના આગેવાનો ભૂતકાળનો ગંભીરતાથી વિચાર કરતી વખતે આ સાવચેતીનો પુરાવો આપતા હોય છે. યુવા લોકોને ભૂતકાળના એવા સંજોગોથી વાકેફ કરવામાં આવ્યા છે કે જેનાથી તેઓના દેશને સૌથી વધુ દુ:ખ અને હાનિ થયેલી હોય. એટલે તેઓ ભૂતકાળને એક ચેતવણીરૂપે યાદ કરે છે, ખાસ કરીને તો બિન-સમાજવાદી પદ્ધતિના પુનરાગમન સામેની આ ચેતવણી છે. સાથે-સાથે ગુંજાયશી પરદેશી આદર્શવાદી પગપેસારો અને લશ્કરી આક્રમણ સામેની આ ચેતવણી છે. શોષણ, ત્રાસ, કંગાલિયત અને યુદ્ધ વગેરે એટલાં બધા બહુમાથાળાં રાક્ષસો છે જે આ દેશના ઈતિહાસનો ઘણો બધો ભાગ રોકે છે.

એ સાથે જ તેઓના વડેરાઓની માફક સોવિયેત યુવાનો પુષ્કળ પ્રમાણમાં વર્તમાનમાં જીવે છે અને તેઓને મહાન અપેક્ષાઓના ભવ્ય ભાવિને જોવાની દોરવણી આપવામાં આવી છે. તેઓના વડેરાઓના સંગાથમાં યુવાનોને વાસ્તવવાદીઓ અને સ્વપ્ન સેવીઓ એમ બન્નેની તાલીમ આપવામાં આવે છે. ભાવિ અંગેની તેઓની આશાવાદી અપેક્ષાઓ પોતાની જ શક્તિ અને તાકાતમાંની આસ્થામાંથી ઊભી થવા પામે છે, ખાસ કરીને તો એવા સોવિયેત લોકો અને સમગ્ર માનવજાતની શક્તિઓ અને કૌવતમાંથી એનું આગમન થાય છે જેઓ એમ નિશ્ચિત માને છે કે આ શક્તિ અને કૌવત મનુષ્યને માટે જીવન વધારે આસાન બનાવી દેશે. યંત્રો વધારેને વધારે પ્રમાણમાં ખાણીયાઓ, લોખંડ કામદારો, બંધ બાંધનારાઓના થકવી નાંખતા અને ભયજનક કાર્યોને કરતાં થશે. તબીબી જ્ઞાન મનુષ્યને

Scanned with OKEN Scanner

સારી તંદુરસ્ત અને લાંબી આવરદાની બાંયેધરી આપશે. પર્યાવરણીય વિજ્ઞાન વધુને વધુ પ્રમાણમાં માનવ વાતાવરણની રક્ષા માટેનું જ્ઞાન અને ટેકનિક પૂરાં પાડશે. કલાઓ વધુને વધુ લોકોના જીવને શણગાર આપતી થશે.

ભાવિનું આશાવાદી દર્શન

પંચવર્ષીય યોજનાઓ અર્થશાસ્ત્રીઓના પાંચ વર્ષના સમય માટેનાં ભાવિની રૂપરેખાઓ છે. એના દ્વારા વધારે વસવાટી ચીજો, કપડાં, શાળાઓ વધારે સારો વાહનવ્યવહાર, વગેરે પૂરાં પાડવામાં આવે છે. એનાથી અબોટ જમીનોનો વિકાસ કરવામાં આવે છે અને ગ્રામ વિસ્તારના જીવનમાં સુધારા લાવી દેવામાં આવે છે. આ બધુંયે ભાવિ વિશેની ધારણાઓનો એક ભાગ છે. અને જેમ જેમ તેઓ પુખ્ત વય ભણી જઈ રહ્યા છે તેમ તેમ છોકરાઓ અને છોકરીઓ એવું જાણતા હોય છે કે તેઓને પોતાનું યોગદાન કરવાની પ્રત્યેક તક સાંપડવાની છે. કવિઓ અને વિચારકો પાસે પણ આગામી વરસો માટેની રૂપરેખાઓ હોય છે. એ બધી સોનાનાં પતરાઓમા લખાયેલી હોય છે. આમ તેઓ જે ભાવિનું દર્શન કરે છે તે તેજવંતુ છે.

એક અસાધારણ ચોપડી, એનું શીર્ષક છે The year 2017, એમાં કેટલાય નામાંકિત સોવિયેત સ્ત્રી-પુરુષોએ મહોત્સવના વર્ષમાં કેવા પ્રકારના જીવનનું તેઓ આર્ષદર્શન કરે છે તે પરત્વેના પોતાના દષ્ટિબિંદુઓ આગળ ધરવામાં આવ્યા છે. ૧૯૧૭ની ઑકટોબર ક્રાંતિની એ શતાબ્દી ઉજવણી હશે. આ પુસ્તક યુવા વાચકો માટે લખવામાં આવ્યું છે. એ બધા ૨૦૧૭ના વર્ષમાં મોટી ઉંમરના સ્ત્રી પુરુષો બની ગયા હશે. એના લેખકો આર્ષદર્શન કરે છે અને બ્રહ્માંડમાંના આગેકૂચો વિશે પૃથ્વી પરની આગેકૂચો અને સોવિયેત સંઘમાંની આગેકૂચો વિશે લખે છે, એવી રીતે ભાવિના શહેરમાંની આગેકૂચો વિશે પણ લખે છે. સૌથી વધુ મહત્ત્વનું તો તેઓ ખુદ મનુષ્યમાં જ સુધારાઓ તરફ મીટ માંડે છે તેમ વૈશ્વિક પાયા ઉપરના માનવ સંબંધો તરફ પણ તેઓ નજર નાંખે છે કારણ કે તેઓ એમ માને છે કે બીજા બધા સોવિયેત લોકોની સાથે તમામ ભાવિ પ્રગતિની બુનિયાદી શરત

Scanned with OKEN Scanner

સોવિયેત સંઘ માટે અને બાકીની દુનિયા માટેની આ બુનિયાદી શરત "ટકાઉ શાંતિ છે".

જો શાંતિ ચાલુ રહેશે તો પૃથ્વીના સાધનો તમામ માનવજાતના જીવનની સુધારણા માટે ઉપયોગમાં લઈ શકાય, અવકાશી સંશોધનો અને શોધખોળો, હવામાન પરના અંકુશમાં સહાયભૂત થાય, તમામ માલસામાન મનુષ્યો વગેરેના ઝડપી વાહન-વ્યવહારમાં સુધારાઓ થાય, સૌર-શક્તિનાં અમાપ સાધનો પૂરાં પાડવામાં આવે. જો લોકો શાંતિમાં રહેવાનું શીખે, યુદ્ધને કાયમને માટે જાકારો આપે તો સર્વસ્થળે માનવ જીવનની આબાદી અને સલામતી માટે કોઈ સીમા જ રહેવાની નથી. જે રીતે સોવિયેત યુવાનોને કેળવવામાં આવે છે અને પાકી રીતે ઉછેરવામાં આવે છે તેમાં તેઓમાં ભાવિના આશાવાદી દર્શનની ભાવના રગેરગમાં ઊતરતી થઈ જાય છે. આ એવું દર્શન છે જે અગાધ રીતે તેઓને કૌવત આપે છે, ધ્યેય પૂરું પાડે છે અને તેઓને એવી પ્રેરણા આપે છે કે તેઓ આ પ્રક્રિયામાં શીખે છે, શોધે છે, સર્જન કરે છે અને જિંદગી માણે છે.

ભાવિમાંની નોકરી

જે છોકરા-છોકરીઓ વ્યવસાયિક શાળાઓમાં જાય છે અથવા તો જેઓ ૧૦ વર્ષની સામાન્ય શાળામાંથી સ્નાતક થવાની તૈયારીમાં છે તેઓ પોતાની રોજગારી અને સંભાવનાઓ કોઈ પણ જાતની ભીતિ વગર કલ્પી શકે છે. આ ભીંતિ એવા પ્રકારની હોય છે કે તેઓએ કદાચ બેકારીની હરોળમાં મૂકાવું પડે. છેક ૧૯૩૦ની સાલથી માંડીને સોવિયેત સંઘનાં કોઈ બેકાર નથી. ખરેખર તો મજૂરોની તંગી પડવા માંડે છે, વસતીમાં સતત અને ધરખમ વધારો થયેલો હોવા છતાં આવી ખોટ વર્તાવા માંડે છે. એક રાષ્ટ્ર તરીકે સોવિયેત પ્રજા એની યુવાન પેઢી સહિત શ્રમનો આદર કરે છે અને આજીવિકા રળવા માટે એને આવશ્યક ગણે છે એટલું જ નહિ પણ સંતોષી માનવ બનવા માટેયે એને આવશ્યક ગણે છે.

ક્રાંતિના સમયથી માંડીને શ્રમની કીર્તિ ગાવામાં આવી છે કારણ કે સ્નાયુઓ અને મગજની એટલી બધી જરૂર વિનાશમાંથી પુનરૂઘડતર કરવા માટે કરે છે, એને

Scanned with OKEN Scanner

ઘણી જ પછાત ગંજાવર જમીનને અદ્યતન ઔદ્યોગિક દેશમાં પલટાવવા માટે પણ આની જરૂર પડે છે, મહત્ત્વાકાંક્ષી વૃદ્ધિ અને વિકાસ માટે પણ એની જરૂર પડે છે. અને દેશ એવા મહત્ત્વાકાંક્ષી વિકાસની ઘોષણાઓ સેવી રહ્યો છે. યુવાન કામદારોની જરૂર રહ્યા કરે છે, તેઓનો આદરભાવ થાય છે અને તેઓને આગળ વધવા માટે તકો પૂરી પાડવામાં આવે છે.

તાજેતરની એક સોવિયેત ગણતરી મુજબ સોવિયેત યુવાનો માટે ૩૦૦ વ્યવસાયો અને ૧૫૦૦ ધંધા મોજૂદ છે. વ્યવસાય કે ધંધામાં તેઓએ દાખલ થવાનું છે. અને વ્યક્તિને માફક આવે તેમ છે તે શોધી કાઢવાથી પોતાના કામમાં સૌથી વધુ મોટામાં મોટો સંતોષ પ્રાપ્ત થાય છે. આ બધું સોવિયેત છોકરા-છોકરીઓને માટે ઘણું જ વધારે આસાન છે. મોટા ભાગના બીજા દેશોના લોકો કરતાં સોવિયેત સંઘમાં તે વધારે સરળ છે. આ પુસ્તકના ભાગો સ્પષ્ટ કહે છે તેમ શાળાના અભ્યાસક્રમની અંદર જ શ્રમ તાલીમ માટેનો કાર્યક્રમ અને સ્વવૃત્તિઓની ક્લબોની અગાધ જાળગૂંથણી તથા શાળા બાદની બીજી પ્રવૃત્તિઓ તથા હૉબીના કેન્દ્રો, વ્યવસાયિક શાળાઓની પદ્ધતિ અને વેકેશનના સમયમાં કામ કરો અને કમાઓની તકો, કામ કરો અને ભણોની તકો, વગેરેથી યુવાન મનુષ્ય પોતાની પસંદગી નક્કી કરતાં થાય છે અને પોતાની પસંદગી મુજબનો વ્યવસાય મેળવી શકે છે અથવા તો પોતાની આવડત મુજબ એ મેળવી શકે છે. જે યુવાનમાં નેતાગીરીની શક્તિ હોય, સામાજિક સંસ્થામાં કે સહકારમાં પોતાની કારકિર્દી માટે મીટ માંડી શકે છે. તાજેતરની એક ગણતરીએ એવું બતાવ્યું છે કે સુપ્રિમ સોવિયેતના ૧૫૦૦ સભ્યો (સર્વોચ્ચ વૈધાનિક સંસ્થા)માંથી ૨૧.૧ ટકા ૩૦ વર્ષની નીચેના છે. છોકરીઓ પણ આવા ભાવિ તરફ મીટ માંડી શકે છે. ૧૫૦૦ સભ્યોમાંથી ૩૨.૫ ટકા સ્ત્રીઓ છે.

માત્ર અમુક વ્યવસાયો અને ધંધાઓ છોકરીઓ માટે તથા સ્ત્રીઓ માટે ખુલ્લા નથી કારણ કે એનાથી તબિયતને નુકશાન થતું હોય છે. પણ તેઓ જહાજના કપ્તાનો તરીકે, ટેસ્ટ પાયલોટો તરીકે, નગર આયોજનકારો તરીકે જ, ખાણ સામગ્રીના ડિઝાઈનરો તરીકે અને એવી અસંખ્ય કારકિર્દીઓ અન્ય સ્થળોએ સ્ત્રીઓ માટે ખુલ્લી જ હોય છે સોવિયેત સંઘમાં મોટા ભાગના શિક્ષકો અને તબીબો સ્ત્રીઓ હોય છે અને ૧૦ લાખની જંગી બહુમતી બાળકો સાથે કામ કરે છે. તેઓના જુદા જુદા વર્તુળોમાં અને ક્લબોમાં સ્ત્રીઓ હોય છે.

Scanned with OKEN Scanner

ભારે નોંધપાત્ર રીતે શક્તિશાળી સર્વોચ્ચ દરજ્જાઓ પ્રાપ્ત કરવામાં રુકાવટ નાંખે એ જાહેર નીતિ છે જ નહિ. આવા મોટા ભાગના કિસ્સાઓમાં આ પ્રશ્ન માતૃત્વ અને કુટુંબની કામગીરીનો ભારે તકલીફયુક્ત નોકરી સાથેના સંયોજનનો છે. ઘણી જુવાન સ્ત્રીઓ મહત્તમ રોજગારીની આગેકૂચને જતી કરી દે છે કે જેથી કરીને તેઓ પોતાના બાળકો પ્રત્યે વધારે ધ્યાન પરોવી શકે. આમ છતાં ઘણી સ્ત્રીઓ પ્રધાનમંડળોના વડા તરીકે, જાહેર અને સ્થાનિક સરકારોના વડા તરીકેના સ્થાનોમાં, યુનિવર્સિટીઓના સેક્ટરો તરીકે, ટ્રેડ યુનિયનોના વડા તરીકે તથા ઉત્તમ કલાકાર તરીકે દરજ્જાઓ ધરાવતી હોય.

સારું શરીર અને માનસિક તંદુરસ્તીથી સુસજ્જ સ્ત્રીઓ પોતાનું શિક્ષણ અને વ્યવસાયિક તાલીમ પ્રાપ્ત કરે છે. આ એક આશ્ચર્ય છે જ નહિ કે છોકરા-છોકરીઓ સામાન્ય રીતે કારકિર્દીમાં સજાગ હોય છે અને તેઓ શરૂ શરૂના ભાગમાં જ પસંદગી કરવાની બાબતમાં વિચાર કરતા થઈ જાય છે, તેઓ જાણતા હોય છે એક નોકરી કે સ્થાન ખાલી પડેલ છે એને લઈને તેઓમાં ઉમંગ અને દિશાસૂઝ આવી જાય છે અને એ રીતે પોતાના ભાવિનું તેઓ આયોજન કરે છે. તેઓ ઉપર ખૂબ જ કાળજી રાખવામાં આવી હોય છે અને છેક પારણામાંથી કારકિર્દી સુધી તેઓને માર્ગદર્શન અપાયા કરતું હોય છે; એટલે યુવાન લોકો આવતી કાલ માટે તો વિશ્વાસ-પૂર્વક જ મોટા થતા હોય છે.

સ્વપ્નાઓ અને અરમાનો રાખ બનવા માટે નિર્માયા જ નથી હોતા.

ઉપસંહાર

અંતમાં હું થોડાક કાવ્યોદિત રૂપકોનો ઉપયોગ કરીને મારા વાચકોને કહીશ કે તેઓ મારી સાથે એના પરત્વે મનન કરતાં થાય. આપણે બાળકોને ખીલેલા પુષ્પો તરીકે જોતા થઈએ, તેઓનું કુલ વાતાવરણ શારીરિક, સામાજિક, વાંગ્મયિક અને નૈતિકને આપણે જમીન ગણવી જોઈએ. સમાજને એવો બાગ ગણવો જોઈએ જેમાં તેઓ ઉછરે છે. આમાં એવા લોકો હોય છે જેઓ પોતાના શિક્ષણ અને ઉછેરમાં માળીઓ તરીકે રોકાયેલા હોય છે.

આગલા પાનાઓમાં મેં આ "વાતાવરણ"નું વર્ણન કર્યું છે. આ એક સામાજિક "ભૂમિ" છે, જેમાં યુવાનોને મોટા થવામાં મદદ કરવી પડે છે, એમાં સારા પોષણો પુષ્કળ વિપુલતામાં પૂરા પાડવામાં આવે છે તેનું હું પૃથક્કરણ કરું છું.

અંતમાં, હું ટૂંકમાં, જે હાનિકારક તત્ત્વો સોવિયેત સામાજિક ભૂમિમાંથી સર્વથા ગેરહાજર છે તેમાં ૭ કરોડ સોવિયેત બાળકો મોટા થઈને ઉંમરલાયક બને છે — બચપણના બીજથી માંડીને કિશોર કિશોરીઓ બને છે.

આ પુસ્તક પોષક અને ઉછેરનારા તત્ત્વોનું નિરૂપણ કરે છે. યુવાન પેઢીના જીવનની આવશ્યક ગુણવત્તાનું એ નિર્માણ કરે છે. આ ગુણવત્તાના રેખાંકનના સમીકરણની રચના કરવામાં આપણે એવી નકારાત્મક પરિસ્થિતિની વિચારણા કરીશું જે કરોડો યુવાન લોકોના જીવન ઉપર અન્યત્ર અસર કરે છે. પણ સોવિયેત સંઘમાંના વાતાવરણમાં બાળકના જીવનના આરંભકાળથી જ એનો અભાવ હોય છે.

સંભવિત માતાઓને ગરીબીને કારણે અને તબીબી સેવાઓના અભાવને લઈને પોતાની તંદુરસ્તીની ઉપેક્ષા કરવી પડતી નથી અને એટલે તેઓ પોતાની તબિય ને ગર્ભથી તે બાળક જન્મે ત્યાં સુધી જોખમમાં મુકતી હોતી નથી.

બચ્ચાંને તબીબી સંભાળ વિના રહેવું પડતું નથી, પૂરતાં પોષણ વગર પણ રહેવું પડતું નથી, યોગ્ય આશ્રય યોગ્ય પુખ્ત સંભાળ અને શ્રમ વિના રહેવું પડતું નથી.

Scanned with OKEN Scanner

પૂર્વ પ્રાથમિકિયાને સંભાળ કે ઉત્તેજના વગર રહેવું પડતું નથી, તેમ શાળાના અનુભવ વગર પણ રહેવું પડતું નથી.

નાનું શાળા-બાળક આજની વિસ્તૃત શાળા દિનને લઈને સંભાળહીણું હોતું નથી. અને તે પણ કામદાર માતા ઘેર પાછી ફરે ત્યાં સુધી બિન-સંભાળવાળુ હોતું નથી.

મોટા શાળા-બાળકને આરોગ્યપ્રદ શાળા બહારની પ્રવૃત્તિ-વિહોણા રહેવું પડતું નથી, પોતાની શક્તિઓ અને વૃતિઓ કે વલણો શોધી કાઢવાની તેઓને તક મળતી જ હોય છે.

સોવિયેત સંઘના લઘુમતી બાળકોને હીણપત અનુભવવા મળતી નથી, કંગાલ જીવન-પરિસ્થિતિમાં મુકાવું પડતું નથી; નબળી શાળાઓ, અપૂરતા પોષણ, શારીરિક, સામાજિક, સાંસ્કૃતિક, હીણપતમાં મુકાવું પડતું નથી.

સોવિયેત બાળકના વાતાવરણમાંથી જે ગેરહાજર છે તે તો માત્ર ભયજનક પ્રદૂષિત હવા-પાણી જ નથી, પણ નૈતિક અને રસાત્મક પ્રદૂષણો જે છેવટે તો અપરાધ, હિંસાખોરી અને જાતીય દેખાવો અને પ્રાકૃતતા ભણી લઈ જાય છે તેમજ વેપારી સામુદાયિક માધ્યમોનું સર્વવ્યાપી ગાંડપણ જે પશ્ચિમના બાળકોને પીરસવામાં આવે છે અને તે પાછા ત્રીજી દુનિયામાંયે નિકાસ કરવામાં આવતા હોય છે તે બધાનો અહીં અભાવ છે.

સોવિયેત બાળકના વાતાવરણમાંથી એની સામાજિક-આર્થિક પરિસ્થિતિ પણ ગેર-હાજર હોય છે — જેનાથી દુ:ખદ બિન-સલામતીની લાગણી પેદા થતી હોય છે. આમાં વળી કુટુંબના રોટી રળનારની બે-રોજગારીની ભીતિ બીન-સલામતીને પુષ્ટિ આપતી હોય છે અથવા તો એવી ચિંતા રહ્યા કરતી હોય છે જેમાં રોજગારી શોધવાનો સમાવેશ થતો હોય છે. ઉંમરલાયક થતાં જ સોવિયેત બાળકના જીવનમાંથી એનો પણ અભાવ જ હોય છે કે જેમાં કુટુંબને ગંભીર બીમારીનો મુકાબલો કરવાની કરુણતા આવતી હોય છે કારણ કે તબીબી સારવારની કિંમત ચૂકવી શકતા નથી. આ સારવાર પ્રાણભૂત રીતે આવશ્યક હોય છે. સોવિયેત બાળકને ગરીબીની ભીતિ જ નથી. વિશ્વના કેટલાય બાળકો આવી ગરીબીમાં જ સબડયા કરતાં હોય છે, (છેલ્લા આંકડા એ છે કે ભૂમંડળના બાળકોનો જથો ભાગ કંગાલિયતની સપાટીની નીચે જીવે છે).

Scanned with OKEN Scanner

તેમ વળી સોવિયેત બાળકને માનવ અધઃપતન અને કિશોરો તથા યુવાનોનું વિચ્છેદીકરણ, અપરાધ, કેફી ઔષધના વ્યસનો, પોતાના ભાવિ અંગેની નરાતાર નિરાશા વાટે થાય છે તેને સોવિયેત બાળકે જોવાના હોતા નથી.

બીજા જે "ઝેરી" તત્ત્વ આ જમીનમાં ગેરહાજર છે અને સોવિયેત બાળકો તથા બાળિકાઓ જે માટીમાં ઉછરતા હોય છે અને એમાં મોટા થતા હોય છે તથા પાંગરતા હોય છે અને તેમની માટીમાં આ ઝેરી તત્ત્વોનો જે અભાવ હોય છે તે તો પશ્ચિમી યુદ્ધ પ્રચારનો હિસ્ટીરીઆ તથા બુદ્ધિમંદતા છે, જેમાં હથિયારોની નિષ્ઠુર હરીફાઈ સામાજિક જરૂરિયાતોની નિષ્ઠુર ઉપેક્ષામાં પરિણમતી હોય છે. સોવિયેત બાળકને શાંતિ અને સાર્વત્રિક મૈત્રીની ભાવનામાં કેળવવામાં આવે છે એની જરૂરિયાત તથા શક્યતાની ભાવના એના મનમાં ઠસાવવામાં આવે છે. તેઓને એવું માનતા પણ કરવામાં આવે છે કે તેઓ તેઓના પોતાના જ પ્રયાસો દ્વારા વૈશ્વિક એકતાને આગળ વધારવામાં મહત્ત્વ ધારણ કરી રહ્યા છે.

સોવિયેત છોકરા-છોકરીની ચેતનામાંથી એવી લાગણી પણ ગેરહાજર હોય છે કે એના સમાજને એની જરૂર નથી અને સમાજને એની કશી જ પડી હોતી નથી. અન્ય સ્થળોએ કરોડો બાળકો અને કિશોરોને કમનસીબે આવું લાગ્યા કરતું હોય છે અને આવા બાળકો પોતાના જ સમાજોની ભીતરમાં શૂન્ય ભૂમિમાં જ જીવતાં હોય છે.

આથી ઊલટું, આ પુસ્તકે વારંવાર પ્રકટ કર્યા કર્યું છે તેમ તમામ વયના સોવિયેત બાળકોને તેમના વિકાસના તમામ તબક્કે મદદ કરવામાં આવે છે અને પદ્ધતિસર ઉત્તેજન આપવામાં આવે છે અને તેઓને એમ લાગતું હોય છે કે તેઓ એકીકૃત સમાજનો જ એક ભાગ છે, એવી જ રાષ્ટ્રીયતાઓ અને જાતિઓ એક-સાથમાં મજિયારા ધ્યેય ભણી આગળ વધી રહેલ છે. મુખ્યત્વે કરીને તો આ ધ્યેય સંતોષ શોધવાનો તથા અંગત સિદ્ધિઓ વાટે અને સામાજિક જવાબદારીઓ વાટે આ સંતોષ પ્રાપ્ત કરવાનું હોય છે. આખા દેશને આર્થિક રીતે અને સામાજિક રીતે અને સાંસ્કૃતિક રીતે આગળ લઈ જવાનો આ ઉદ્દેશ છે. આ આગેકૂચ શાંતિ અને બાકીની માનવજાત સાથેના સહયોગના પાયા ઉપર થવાની છે.

કેટકેટલાય લાભદાયી સંજોગો સોવિયેતોની માટીમાં ઉછેરને માટે જે પૂરા પાડવામાં આવે છે તેને ધ્યાનમાં લેતા એમાં કોઈ આશ્ચર્ય નથી કે આવો કિમતી "પાક" ઊભો કરવામાં આવ્યો છે. માળીઓ, વાલીઓ, શિક્ષકો, કેળવણીકારો, હિમાયતીઓ, કમ્યુનિસ્ટ નેતાગીરીના અગ્રતાક્રમના સિદ્ધાંતોથી સંચાલિત થઈને અને

Scanned with OKEN Scanner

પોતાની જ માનવીયતાથી પ્રેરાઈને જે કામ કરે છે તે બદલ તેઓ સૌના અભિ-નંદનને પાત્ર બને છે. જે જન્મદત્ત બાબતો જે સમાજવાદી સમાજના પ્રકાશમાં મૂલગત રીતે રહેલ છે તે એવું શક્ય બનાવે છે કે અને એવી રીતે જોગવાઈ પણ કરે છે કે પોતાના — સાત કરોડ છોકરા-છોકરીઓ યોગ્ય માન્યતાને પાત્ર ઠરે એ માટે લાભો અને તકો ઊભા કરવામાં આવે છે.

સોવિયેત સંઘ બાળકો માટેની પોતાની ચિંતાનો વિસ્તાર કરીને પોતાના સીમાડાઓની પાર લઈ જઈ રહેલ છે. જો કે તેઓ પૃથ્વીના છઠ્ઠા ભાગને આવરી લે છે. છતાં આ બધું આંતરરાષ્ટ્રીય બાળ-વર્ષ દરમ્યાન જોવા મળતું હતું (૧૯૭૯ માટે યુનાએ આ વર્ષ નક્કી કર્યું હતું). સોવિયેત સંઘે પોતાના હિસ્સા કરતાંયે વધારે આચરણ કરીને વિશ્વની સભાનતાને ઊંચી લાવીને આજના બાળકો તથા કિશોરોની જરૂરિયાત તરફ વાળી છે. આપણે જોઈ ગયા છીએ તેમ આ એક જ એવો દેશ છે જેણે તમામ બાળકોના સલામત અને શાંતિભર્યા ભાવિ માટે વિશ્વ પરિષદ બોલાવી હતી, આગેવાન યુનોના પ્રતિનિધિઓ અને બીજી વિભૂતિઓનું આગમન થયું હતું અને એ જ પ્રમાણે ૧૦૩ દેશોના [તમામ ખંડોમાંથી] ૭૦૦ જેટલા પ્રતિનિધિઓ પણ આવ્યા હતા. એના એક પ્રતિનિધિ તરીકે મેં પાંચ દિવસ સુધી આ સમારંભના આવેશયુક્ત ઉદ્બોધનોને પણ સાંભળ્યા હતા, જેમાં કરોડો અને કરોડો અને બાળકો માટે ટકાઉ શાંતિની આવશ્યકતા ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.

યુવાનો માટેની સાર્વત્રિક ચિંતા હૃદયસ્પર્શી રીતે લિઓનીદ બ્રેઝનેવે આ સમારંભમાં વ્યક્ત કરી હતી, એમણે તમામ માનવજાતના નામથી એવી ઘોષણા કરી હતી કે બાળકો જ આપણો પ્રેમ, આપણી આશા અને આપણું ભાવિ છે. તેઓને જ મોટી પેઢીએ બધું જ સુપરત કરવાનું છે. આમાં માનવ જાતની બુદ્ધિ, પ્રતિભા તથા શ્રમ દ્વારા જે કાંઇ સર્જાયું છે તે બધાનો સમાવેશ થાય છે કે જેથી કરીને તેઓ પોતાના સર્જક પ્રયાસ ચાલુ રાખી શકે. આપણાં જીવનનું પ્રત્યેક વરસ બાળકનું જ વર્ષ બની રહેવું જોઇએ !

સોવિયેત સંઘમાં પ્રત્યેક વરસ બાળ વર્ષ બની ગયેલ છે. ૧૯૧૭ના આ રાષ્ટ્રના જન્મની સાથે જ આવું બનતું રહ્યું છે કારણ કે આ સમાજે બાળકોને અને શાંતિને પોતાની વચનબદ્ધતા આપી છે અને દરેક વરસ બાળ વરસ બનવાનું ચાલુ જ રહેશે અને નિ:શસ્ત્રીકરણ તથા શાંતિની સ્થાપના સુધી તમામ બાળકો માટે શાંતિમય અને સલામત ભાવિ ખુદનસીબી ભરેલી વાસ્તવિકતા બની રહેશે. ☐

Scanned with OKEN Scanner